સાંજના ગુજરાતી અખબારોમાં સૌથી વધુ નકલોનો ફેલાવો ધરાવતું...

# સાંજ સમાચાર

વૈશાખ વદ-૪ | પાના : ૧૮ | રૂા. ૪.૦૦ સ્થાપક:- બાબુભાઈ શાહ તા. ૨૭-૫-૨૦૨૪ - સોમવાર | રાજકોટ (સીટી)

વર્ષ : ૩૮ અંક : ૨૩૬ RNI Reg.No 46322/86. Reg.No Rajkot/266/2023 PST:RMS-RJT તંત્રી : પ્રદિપભાઈ નરોત્તમદાસ શાહ sanjsamachar@gmail.com | sanjsamachar.net | SANJ SAMACHAR - RAJKOT

## હજુ કેટલી દુર્ઘટના થવાની રાહ જુઓ છો? સરકારે હવે આબરૂ બચાવવાની નોબત

## અગ્નિકાંડના જવાબદારો સામે માત્ર તપાસ નહીં, સજા કરવાની ગેરંટી આપવાની હિંમત દેખાડો..

રાજકોટના નાના મવા રોડ પર સયાજી હોટલ પાસે આવેલા ટીઆરપી ગેમ ઝોનમાં તા.૨૫ના શનિવારે બપોર બાદ સર્જાયેલા અગ્નિકાંડના પડઘા પૂરા ગુજરાતમાં પડયા છે. નવથી વધુ બાળકો સહિત ૨૮થી વધુ લોકો આ આગમાં એટલી હદે ભડથુ થઇને મૃત્યુ પામ્યા કે તેમની ઓળખાણ માટે ડીએનએ ટેસ્ટની વ્યવસ્થા કરવી પડી છે. આ કરૂણ ઘટનાએ વધુ એક વખત રાજય સરકારની સિસ્ટમ, મહાપાલિકા, પોલીસ, કલેકટર, વીજ તંત્ર સહિતના વિભાગોની ઘોર બેદરકારી અને નિયમના પાલનમાં ઉપેક્ષાને ખુલ્લી પાડી દીધી છે. ગુજરાતમાં છેલ્લા પાંચ વર્ષમાં આવી અર્ધો ડઝન જેટલી ઘટના બની છે. પરંતુ આવા બનાવોનું પુનરાવર્તન ન થાય તેવી કોઇ ગેરંટી સરકારની તપાસ કે પોલીસની કાર્યવાહી આપી શકી નથી ત્યારે આવા પરિવારજનોની 'હાય'થી પણ કર્તાહર્તાઓએ ડરવાનો વખત આવી ગયો છે.

**આજની વાત**

રાજયમાં ૨૦૧૯માં સુરતમાં આવેલા તક્ષશીલા બિલ્ડીંગમાં કોચિંગ કલાસમાં લાગેલી આગમાં વિદ્યાર્થીઓ સહિત ૨૨ના મૃત્યુ થયા હતા. બિલ્ડીંગ ઉપરથી જીવ બચાવવા છાત્રો કૂદતા જોવા મળ્યા હતા. ૨૦૨૨માં દિવાળી બાદ મોરબીનો ઐતિહાસિક ઝુલતો પુલ મચ્છુ નદીમાં ખાબકતા ૧૪૧ જીવ ગયા હતા. જાન્યુઆરી મહિનામાં જ વડોદરા નજીકના જ હરણી તળાવમાં શાળાના વિદ્યાર્થીઓની પીકનીક બોટ ડૂબતા ૧૨ બાળકો અને બે શિક્ષકના મૃત્યુ થયા હતા. ૨૦૨૦માં અમદાવાદની શ્રેય હોસ્પિટલમાં આગથી ૮ લોકોના મોત નિપજયા હતા. કોરોના કાળમાં રાજકોટની ગોકુલ હોસ્પિટલમાં લાગેલી આગમાં કોરોનાના દર્દી ભડથુ થઇ ગયાની ઘટના બની હતી. પાંચ વર્ષમાં આટલી ઘટના છતાં જાહેર સ્થળો, મોલ, કોમ્પ્લેક્ષ, થિયેટર, રાજકોટ જેવા ગેમ ઝોનમાં સલામતીના પગલા કે નિયમોની અમલવારી માટે કાગળ પર પણ કડક કાર્યવાહી ચાલતી હોવાનું લાગ્યું નથી. તેનો સૌથી મોટો પુરાવો પુરા રાજયને હચમચાવનારો ટીઆરપી ગેમ ઝોનનો અગ્નિકાંડ છે.

રાજય સરકારે ગઇકાલની કરૂણ દુર્ઘટના બાદ તુરંત 'સીટ'ની રચના કરી છે. અધિકારીઓએ રાજકોટ આવીને તપાસ પણ શરૂ કરી દીધી છે. મુખ્યમંત્રી અને ગૃહમંત્રીની હાજરીમાં શરૂ થયેલી તપાસનો રીપોર્ટ હવે જયારે આવે ત્યારે, પરંતુ મુખ્યપ્રધાન અને ગૃહપ્રધાને કોઇ જવાબદારને છોડવામાં નહીં આવે તેવી કરેલી જાહેરાત અગાઉની જેમ જ પાણીમાં ડૂબી ન જાય કે આગમાં ભસ્મ ન થઇ જાય તેવી અપેક્ષા માત્ર રાજકોટ નહીં પરંતુ પુરા ગુજરાતની જનતાની છે. ગેમ ઝોનમાં બાળકો અને મોટેરાને જે રીતનું મોત મળ્યું તેના માટે આ પરિવારો તો જવાબદાર ન જ હતા. પરંતુ હવે ચાલી રહેલી તપાસમાં જે રીતે ફાયર, મનોરંજન, લાયસન્સ, વિજ કનેકશન, જમીન પર ફેબ્રીકિશન જેવા બાંધકામમાં નિયમોનો કચ્ચરઘાણ કાઢી નાખવાથી જ આ દુર્ઘટના બની છે તેવું ચોકકસ લાગે છે. જયારે જયારે સૌરાષ્ટ્ર-ગુજરાતમાં આવી કરૂણાંતિકા સર્જાય છે ત્યારે સરકાર તપાસ કરાવે છે.. તપાસ સમિતિઓ બને છે.. પરંતુ પરિવારોને ન્યાય મળવાનું તો ઠીક, બેજવાબદાર તંત્રના અધિકારીઓ સામે સબકરૂપ પગલા લેવાયા હોય તેવું કયારેય બનતું નથી. જેમની બેદરકારી ન હોય તેમને બલીના (અનુસંધાન ૧૨ મા પાને)




**અગ્નિકાંડ... ગેમઝોનનુ હાડપિંજરઃ** રાજકોટ માટે શનિવારની સાંજ હાહાકાર સર્જનારી બની હતી. કાલાવાડ રોડ પરના ટીઆરપી ગેમઝોનમાં લાગેલી આગથી ૨૮થી વધુ લોકો જીવતા સળગી ગયા હતા. કલાકો સુધીની જહેમત બાદ આગમાં ભુંજાયેલા માનવશરીરો બહાર કાઢવામાં આવ્યા હતા જે ઓળખાવા પણ અશકય હતા. અગ્નિકાંડના બીજા દિવસે ગેમઝોનના હાડપિંજર સમો કાટમાળ ખડકાયેલો હતો. તંત્ર દ્વારા તે સાફ કરવાનું ઓપરેશન હાથ ધરાયું હતું. (તસ્વીર: દેવેન અમરેલીયા)

# રાજકોટના અગ્નિકાંડનો પડઘો : સાત અધિકારી સસ્પેન્ડ

**નિર્દોષ લોકોના જીવ લેવામાં ઘોર બેદરકારી બદલ ડીજી વિકાસ સહાય, મ્યુનિ. કમિશ્નર આનંદ પટેલ, આર એન્ડ બીના હિતેષ પટેલના હુકમો..**

**બે પોલીસ ઈન્સ્પેકટર, મનપાના એટીપી અને આસી. ઈજનેર, ફાયર સ્ટેશન ઓફિસર, માર્ગ-મકાન વિભાગના બે ના.કા.ઈજનેરને ફરજ મોકુફ કરી દેવાતા ખળભળાટ : હજુ વધુ પગલા તોળાઈ રહ્યાનો નિર્દેશ**

રાજકોટ, તા. ૨૭

રાજકોટમાં સર્જાયેલા ગેમ ઝોનના અગ્નિકાંડની પ્રાથમિક તપાસના આધારે સરકારે ધડાધડ લાગુ અધિકારીઓ પર પગલા લેવાનું શરૂ કરી દીધું છે. આ ટીઆરપી ગેમ ઝોન જે વિસ્તારમાં આવતો હતો, જે જે વિભાગની મંજૂરીની જરૂરીયાત હતી તે તમામ લાગુ વિભાગો ઉપર કાર્યવાહી શરૂ થતા આજે સવારે પોલીસ, મહાપાલિકા અને રાજય સરકારના માર્ગ-મકાન વિભાગના સાત અધિકારીને સસ્પેન્ડ કરી દેવાતા ખળભળાટ મચી ગયો છે.

લાયસન્સ સહિતની (અનુસંધાન ૧૨ મા પાને)

### કોણ કોણ સસ્પેન્ડ

(૧) પીઆઇ એન.આઇ.રાઠોડ ગાંધીગ્રામ-૨ (યુનિ.)
(૨) પીઆઇ વી.આર.પટેલ, રીડર શાખા રાજકોટ
(૩) મનપા આસી. ટાઉન પ્લાનર ગૌતમ જોશી
(૪) મનપા આસી. એન્જીનીયર જયદીપ ચૌધરી (વોર્ડ-૧૦)
(૫) ફાયર સ્ટેશન ઓફિસર રોહિત વિગોરા, કાલાવડ રોડ
(૬) ના.કા.ઈજનેર માર્ગ-મકાન વિભાગ એમ.આર.સુમા
(૭) ના.કા. ઈજનેર માર્ગ-મકાન વિભાગ પારસ એમ.કોઠીયા

**ન્યુઝ ફલેશ**

## અગ્નિકાંડ મુદ્દે હાઈકોર્ટ આકરાપાણીએ : કોર્પોરેશનના કમિશ્નરને સસ્પેન્ડ કરવાના હતા પણ કરતા નથી : એફીડેવિટ કરવા આદેશ

**અગ્નિકાંડ બાદ ૩૨ લાપત્તાનું લીસ્ટ હતું તેમાંથી ૫ સુરક્ષિત મળી**

**TRP અગ્નિકાંડ: ૨૭ના મોત; કલેકટરનો રાજય સરકારને રીપોર્ટ** ૧૮

રાજકોટમાં જે દુર્ઘટના બની તેમાં તમામ સદ્ગત આત્માને શાંતિ મળે એવી શ્રી લાલબાપુની શ્રદ્ધાંજલિ



રાજકોટ તા.૨૭/૫/૨૦૨૪, રાજકોટમાં જે દુર્ઘટના બની તે તમામ દિવ્ય આત્માને શાંતિ અને સદ્ગતિ મળે તે નિમિત્તે ગાયત્રી આશ્રમ ગધેથડના શ્રી લાલબાપુ ૨૪૦૦૦ ગાયત્રી મંત્ર કરી દિવ્ય આત્માના શાંતિ માટે અનુષ્ઠાન અર્પણ કરશે

SURENDRANAGAR UNIVERSITY
Established Under The Gujarat State Private University Act 2009
વિદ્યા પરમં બલમ્
આર્ટસ | કોમર્સ | સાયન્સ | મેનેજમેન્ટ | કોમ્પ્યુટર | નર્સિંગ
UG | PG | Ph.d ADMISSION OPEN
B.A, B.Com, B.Sc, B.C.A, B.Sc.IT., B.B.A, B.S.W, B.Voc, B.Design, B.Lib, B.Sc Nursing
M.A, M.Com, M.Sc, M.C.A, M.Sc.IT, M.B.A, M.S.W, M.Design, M.Lib
DHSI, P.G.D.C.A, PGDMLT, P.G.D.H.R, GNM, Fire & Sefety
• Computer Engineering
• I.T Engineering
• Mechanical Engineering
• Civil Engineering
• Electrical Engineering
DIPLOMA | B.E | M.E
Award Winning Best University in District
રેગ્યુલર અને નિયમિત વિદ્યાર્થીઓ માટે વિશેષ સ્કોલરશીપ યોજના
ફ્રી શીપ કાર્ડ ધરાવતા વિદ્યાર્થીઓને 100% સ્કોલરશીપ
સરકાર દ્વારા આપવામાં આવતી સ્કોલરશીપ યોજનાનો લાભ સુરેન્દ્રનગર યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને મળવાપાત્ર
NTDNT | SC | ST | SEBC(OBC) | General | EBC | Minority | MYSY | SHODH | Pragati
99095 03000 | 99095 04000 www.suni.ac.in info@suni.ac.in
Campus : Wadhwan Kothariya Road, Nr. 66KW GETCO Sub Station, Wadhwan, Surendranagar
Admin Office Euro Kids Campus, Jai Hind Society Corner, Derasar Chowk, Jintan Road, Surendranagar

BEST TATTOO REMOVAL BY LASER
97142 70700
86909 92113
BEST CORPORATE HOTEL IN RAJKOT
RPJ HOTEL
0281-6167777

प्रिमियम पत्ती चाय
सी.सोमाभाई व्हामां सर्वोत्तम


૧ કિલો ગ્રામ પેક સાથે VARMORA WATER BOTTLE મફત*
નં.૧૧, નારંગી અને ઉદય ગોલ્ડ બ્રાન્ડનાં ૧ કિલોના પેક ઉપર પણ આ સ્કીમ ઉપલબ્ધ છે.
Somabhai Tea Processors Pvt. Ltd.
Ph.: 9898597421 70466 51651 | www.csomabhaitea.com

# સાંજ સમાચાર

## દેશ - વિદેશના સચોટ સમાચાર
## ઝડપથી વાંચવા માટે
## આજે જ ડાઉનલોડ કરો
## સાંજ સમાચાર મોબાઈલ એપ

GET IT ON Google Play

Download on the App Store

( એપ ડાઉનલોડ કરવા માટે ગુગલ પ્લે સ્ટોર અથવા એપલ એપ સ્ટોરના આઇકોન પર ક્લિક કરો )

TWITTER
@sanj_news

FACEBOOK
@Sanj Samachar

YOUTUBE
SanjSamachar Video News

INSTAGRAM
@sanjsamachar

TELEGRAM
Sanj Samachar

WEBSITE
www.sanjsamachar.net

( સોશિયલ મીડિયા પર 'સાંજ સમાચાર' ફોલો કરવા આઇકોન પર ક્લિક કરો )

96622 96699

( વોટસએપ પર સમાચાર વાંચવા માટે ઉપર આપેલ નંબર પર અત્યારે જ "Hi" મેસેજ કરો )

# અટલ સરોવર, ફન વર્લ્ડ, ડઝન ગેમઝોન બંધ : માત્ર એક સ્થળે NOC મળ્યું

## કોઈ જગ્યાએ ફાયર એનઓસી જેવી મંજૂરી લેવાની તસ્દી ન દેખાઈ : સલામતી માટે મેળાની રાઈડસ પણ બંધ કરી દેવાઈ : નવી સૂચના સુધી કોઈ સ્થળ ખોલવા ન દેવા સરકારની પણ સૂચના

રાજકોટ, તા. ૨૭

રાજકોટના નાના મવા રોડ પર સયાજી હોટલ પાસે આવેલા ટીઆરપી ગેમ ઝોનમાં શનિવારે સાંજે સર્જાયેલા અગ્નિકાંડે આવા જાહેર સ્થળો પર કાયમી ધોરણે રહેલા જોખમ પર મોટો પ્રકાશ ફેંકયો છે. શનિવારે રાત્રે જ શહેરમાં આવેલા ગેમ ઝોન, મેળા જેવા ફરવાના સ્થળ, મનપા દ્વારા નવનિર્મિત અટલ સરોવર સહિતના ડઝન સ્થળને મહાપાલિકાએ બંધ કરાવી દીધા છે. હવે નવી સૂચના ન મળે ત્યાં સુધી મેળા સહિતના કોઈ સ્થળો લોકો માટે ખુલશે નહીં તેવું જાહેર કરવામાં આવ્યું છે.

રાજકોટમાં ૧૨ સ્થળે કરવામાં આવેલી તપાસમાં માત્ર ફનવર્લ્ડ પાસે ફાયર એનઓસી મળ્યું છે. તો મોલમાં રહેલા ગેમ ઝોનના સર્ટીફીકિટ પૂરા બિલ્ડીંગ સાથે જોડેલા દેખાડવામાં આવ્યા છે. છતાં આ સ્થળે પોલીસે મનોરંજન માટેના પર્ફોમન્સ લાયસન્સ આપ્યા છે? આપ્યા હોય તો કયા આધારે આપ્યા છે તે અલગ તપાસનો વિષય બની ગયો છે.

શનિવારે સાંજે આગની ઘટના બનતા મનપા ફાયર તંત્ર અને પોલીસ વિભાગ રાતથી ચેકીંગમાં નીકળી ગયા હતા. બીજા દિવસે એટલે કે રવિવાર સવારથી આવા સ્થળોએ ચેકીંગ કરીને જગ્યા બંધ કરવા સૂચના આપી દીધી હતી. આગ લાગી ત્યારથી ઘટના સ્થળે પૂરી ટીમ સાથે સૌથી મોટા રેસ્કયુ ઓપરેશનમાં જોખમ વચ્ચે પણ અડીખમ રહેલા ચીફ ફાયર ઓફિસર ઈલેશ ખેરે જણાવ્યું હતું કે રાજકોટમાં આવા ૧૨ સ્થળોએ તપાસ કરવામાં આવી હતી. તેમાં એક માત્ર ફન વર્લ્ડ પાસે આ સર્ટીફીકિટ મળ્યું છે. આમ છતાં અન્ય ઝોન અને મેળાની જેમ ફન વર્લ્ડને પણ જગ્યા બંધ કરવા સૂચના અપાઈ છે.

જયાં સુધી લાયસન્સ, ફાયર સેફટી, સાધનો સહિતના નિયમોનું પાલન ન થાય ત્યાં સુધી આ જગ્યા પર મનોરંજનના સાધનો શરૂ કરવા દેવામાં નહીં આવે.




રાજકોટના જુદા જુદા વિસ્તારમાં આવેલા અને ઉનાળામાં ખુબ ભીડ જમાવતા ખાનગી મેળા, રાઈડસ સહિતના ફરવાના સ્થળ, ગેમ ઝોનથી માંડી ફરવાના નવા લોકપ્રિય સ્થળ અટલ સરોવરને પણ સલામતી ખાતર બંધ કરી દેવામાં આવ્યું છે. મેળાઓમાં રાઈડસ બંધ કરી દેવામાં આવી છે. (તસ્વીર : પંકજ શીશાંગીયા)

રાજકોટ શહેર ઉપરાંત જિલ્લામાં પણ આવા ઘણા ગેમ ઝોન અને મનોરંજનના સ્થળ, રીસોર્ટ, વોટર પાર્ક સહિતની જગ્યા આવેલી છે ત્યારે જિલ્લા તંત્ર શું કાર્યવાહી કરશે તેના પર મીટ મંડાયેલી છે.

શહેરના કાલાવડ રોડ પર આવેલા ક્રિસ્ટલ મોલ, ૧૫૦ ફુટ રોડ પર આવેલા રિલાયન્સ મોલમાં પણ ગેમ ઝોન ધમધમી રહ્યા છે. પરંતુ આ તમામ બિલ્ડીંગના ફાયર એનઓસી છે. ત્યાં બચાવના સાધનો પણ મૂકવામાં આવ્યા છે. આથી બિલ્ડીંગ સાથે આ ગેમ ઝોનના એનઓસી જોડાયેલા છે. જોકે અલગથી પોલીસ કે આર એન્ડ બીમાં કોઈ કાર્યવાહી થઈ છે કે કેમ તે તપાસ જિલ્લા તંત્રએ કરાવવા જેવી છે.

રાજકોટની ભાગોળે નવા રીંગ રોડ પર સ્માર્ટ સીટી વિસ્તારમાં તા. ૧ મેના રોજ ખુલ્લુ મુકવામાં આવેલુ અને પહેલેથી લોકોનું પ્રિય બનેલુ અટલ સરોવર પણ કોર્પોરેશને બંધ કરાવી દીધુ છે. આ જગ્યાએ પહેલા દિવસથી લોકોની ભીડ જામી રહી છે. જોકે બોટીંગ, ફેરીસ વ્હીલ, ટોય ટ્રેન સહિતના આકર્ષણો કલીયરન્સ સર્ટીફીકિટના વાંકે હજુ શરૂ થયા નથી. હવે આ કરૂણ દુર્ઘટના બનતા એમ્યુઝમેન્ટની પ્રવૃતિ હજુ વહેલી શરૂ થાય તેવું લાગતું નથી.

વધુમાં આ તમામ કાર્યવાહીના રીપોર્ટ સીધા સરકારને મોકલવામાં આવી રહ્યા છે. આથી આવા સ્થળો ફરી કયારે ખુલશે તે નવી સૂચના પર આધાર રાખે છે. હાલ તો લોકો ફરવાના સ્થળે વધુ એકત્ર ન થાય તેવી સૂચનાઓ આપી દેવામાં આવી છે.

### કયા કયા ગેમ ઝોન બંધ

- રીલાયન્સ મોલ
- ક્રિસ્ટલ મોલ
- બોમ્બે સુપર
- વુફી ગેમ ઝોન
- વેસ્ટર્ન ગેમ ઝોન
- નોકઆઉટ
- ઈન્ફીનીટી
- વાઉ
- ફન બ્લાસ્ટ
- ફન વર્લ્ડ
- બાલભવન
- રેસકોર્સ મેળો

# પાંચ મૃતદેહના ડીએનએ સેમ્પલ મેચ થયા, ચારને મૃતદેહ સોંપ્યો

### રમેશ નામનો વ્યક્તિ મિસ હતો તે મોરબીથી મળી આવ્યો...!!



સ્વજનો અને પોલીસ વચ્ચે સિવિલ હોસ્પિટલમાં ઘર્ષણ થયેલું

રાજકોટ, તા.૨૭

ટીઆરપી ગેમઝોન આગની દુર્ઘટનામાં ૨૭ ડીએનએ સેમ્પલ મોકલાયા હતા. જેમાંથી આજ બપોર સુધીમાં પાંચ સેમ્પલ મેચ થયા છે. તેવું પોલીસ સૂત્રો માંથી જાણવા મળે છે. આ ઉપરાંત મિસિંગ લિસ્ટમાં રમેશ નાસ્તારામ (રહે. બાડમેર, રાજસ્થાન)ને મિસિંગ બતાવવામાં આવી રહ્યો હતો રમેશ મોરબી હોવાની અને સલામત હોવાની માહિતી તેમના પરિવારને મળી જતા પરિવારને હાંશકારો થયો હતો.

આ તરફ ગાંધીનગર લેબોરેટરીમાં ૨૭ મૃતદેહના સેમ્પલ એર એબ્યુલન્સ મારફત મોકલાયા હતા. જેમાંથી ગઈકાલે રાત્રે ચાર સેમ્પલ મેચ થઈ ગયા હોવાનું સામે આવતા સ્વજનોને જાણ કરી દેવાઈ હતી. આ જે ચાર બોડી સવારે સોંપવામાં આવ્યા તેમાં સત્યપાલસિંહ જાડેજા, સુનિલ હસમુખલાલ સિદ્ધપુરા, સ્મિત મનીષ વાળા અને જીજ્ઞેશ કાળુભાઈ ગઢવીનો સમાવેશ થાય છે. હજુ એક સેમ્પલ મેચ થયું છે પણ બપોર સુધીમાં તેનું નામ જાહેર કરાયું નથી.

એક બાદ એક મૃતદેહ આપવાનું શરૂ થતાં અન્ય લોકો પણ સિવિલ હોસ્પિટલમાં પીએમ રૂમ બહાર એકત્ર થયા હતા. આ લોકોએ ધીરજ ગુમાવી હોય તેમ પોલીસ સાથે રકઝક કરી હતી. પોલીસ પર રોષ વ્યકત કર્યો હતો. અમારા સ્વજનનું બોડી ક્યારે મળશે તેવો વલોપાત કર્યો હતો પણ પોલીસે ખાસ અનુરોધ કર્યો હતો કે, બપોર સુધીમાં ૪ નાગરીકોના ડીએનએ સેમ્પલના પરીણામ આવી ગયેલ છે. જેથી તેમની ઓળખ થઈ ગયેલ છે. તેમજ તેઓને ડોકટર દ્વારા મૃત જાહેર કરી મૃતદેહ તેમના સ્વજનોને સોંપવામાં આવેલ છે. અન્યના ડીએનએ સેમ્પલ મેચ કરવાની કાર્યવાહી એફએસએલ, ગાંધીનગર દ્વારા કરવામાં આવી રહી છે. જેટલું શકય બને એટલું જલ્દી આ કામગીરી પૂર્ણ કરવા માટે સ્થાનિક તંત્ર સંકલન કરી રહ્યું છે. તમામને વિનંતી કરાઈ હતી કે જ્યારે સેમ્પલના પરીણામ આવશે એટલે તુરંત જ પોલીસ વિભાગ દ્વારા પરીવારજનોનો સંપર્ક કરી તેઓને જાણ કરવામાં આવશે. જેથી તમામને સહકાર આપવા વિનંતી કરી હતી.

# NDRFનું સ્થળ પર સર્ચ: શરીરના વિવિધ અંગોના બે પોટલા ભર્યા : ૨૭ મૃતદેહ પૈકીના ટુકડા હોવાનું તારણ

## શનિવારે જે મૃતદેહો મળ્યા તેમાના ઘણાના અંગો મિસિંગ હતા, એનડીઆરએફની ૫૭ સભ્યોની ટીમે સ્નીફર ડોગની મદદથી આખું મેદાન ખૂંદી લીધું





રાજકોટ, તા.૨૭

ટીઆરપી આગ દુર્ઘટના પછી, ગઈકાલે સાંજે એનડીઆરએફએ ઘટનાસ્થળ પર સર્ચ કર્યું હતું. અને શરીરના વિવિધ અંગોના બે પોટલા ભર્યા હતા. જે અંગો ૨૭ મૃતદેહ પૈકીના જ ટુકડા હોવાનું તારણ છે. શનિવારે જે મૃતદેહો મળ્યા તેમાના ઘણાના અંગો મિસિંગ હતા. એનડીઆરએફ ટીમે સ્નેપ ડોગની મદદથી આખું મેદાન ખૂંદી લીધું હતું.

તંત્ર તરફથી મળતી વિગત મુજબ, રાજકોટના ગેમઝોન ખાતે સર્જાયેલી કરુણ આગ દુર્ઘટના બાદ મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલે સ્વયં ઘટનાસ્થળની મુલાકાત લઈ રાહત બચાવ કામગીરીની સમીક્ષા કરતા ઉચ્ચ અધિકારીઓને જવાબદારો સામે કડક કાર્યવાહી કરવા જરૂરી સૂચના આપી હતી. ત્યારબાદ બનાવ સ્થળ પર વડોદરા ખાતેથી એનડીઆરએફની ટીમ નં.૬ રાજકોટ આવી પહોંચી હતી. એનડીઆરએફની ટીમને દુર્ઘટનાગસ્ત ગેમઝોન પરના કાટમાળને હટાવી સર્ચ ઓપરેશન હાથ ધરવા જણાવાયું હતું. ૭ થી ૮ કલાક દરમિયાન ચાલેલા આ સર્ચ ઓપરેશનમાં એનડીઆરએફના ૫૭ જવાનો જોડાયા હતા અને તમામ કાટમાળ હટાવી રૂબરૂ તેમજ સ્નીફર ડોગ દ્વારા પણ સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું.

આ પછી સૂત્રોએ આપેલી વિગત મુજબ, શનિવારે જે ૨૭ મૃતદેહો મળ્યા હતા તેમાં મોટા ભાગના મૃતદેહોમાં કેટલા ભાગો મિસિંગ હતા. ઘણા અધૂરા શરીરો હતા. એનડીઆરએફના સર્ચમાં બે પોટલા ભરાઈ તેટલા અંગો મળ્યા હતા. જોકે પીએમ માટે આ અંગો ખસેડતા ડોકટરોએ તારણ કાઢ્યું હતું કે જે મૃતદેહો અધૂરા મળ્યા હતા. આ સર્ચ દરમિયાન મળેલ અંગોના ટુકડા આ મૃતદેહોના જ ભાગ છે.

### એક - એક ટુકડાનો ડીએનએ ટેસ્ટ થશે

એનડીઆરએફના સર્ચમાં મળેલા શરીરના ટુકડા ફોરેન્સિક પીએમ માટે મોકલી દેવાયા હતા. આ તમામ શરીરના ટુકડાઓના સેમ્પલ લેવાયા હતા. તમામ ટુકડાના સેમ્પલ ડીએનએ ટેસ્ટ કરાવવા માટે ગાંધીનગર લેબમાં મોકલાશે.

# રાજકોટની મુખ્ય બજારના વેપારીઓએ બંધ પાળી મૃતકોને શ્રધ્ધાંજલી પાઠવી




તસ્વીર: પંકજ શીશાંગીયા

રાજકોટ તા.૨૭

શનિવારે રાજકોટમાં ઘટેલ ગોઝારી ઘટનાએ લોકોને હચમચાવી નાખ્યા છે. આ હૃદયદ્રાવક ઘટનાએ સંપૂર્ણ રાજકોટવાસીઓને ભાવુક કરી દીધા છે. આ ઘટનામાં યુવાનો સહિત બાળકોની જીંદગી હોમાય છે. આ ઘટનાને લઈ સંવેદના દાખવવા રાજકોટની વિવિધ એસોસીએશન અને વેપારી સંગઠને દુઃખ વ્યકત કરવા આજે બપોર સુધી દુકાનો બંધ રાખવાનો નિર્ણય કરાયો છે.

ટીઆરપી ગેમ ઝોનમાં બનેલ અગ્નિકાંડમાં મૃત્યુ પામેલ તમામ મૃતકોને રાજકોટના વેપારીઓ દ્વારા ભાવપૂર્વક શ્રધ્ધાંજલી આપવામાં આવેલ. જેમાં રાજકોટ હોલસેલ ટેકસટાઈલ મર્ચન્ટ એસોસીએશન, રાજકોટ રીટેલ રેડીમેઈડ એસોસીએશન, ધર્મેન્દ્ર રોડ વેપારી એસોસીએશન, લાખાજીરાજ રોડ વેપારી એસોસીએશન, ગુંદાવાડી ઓલ મર્ચન્ટ એસો. તેમજ દાણાપીઠ વેપારી એસો. અને સોનીબજારના તમામ વેપારીઓ આજે બપોરે ૧ વાગ્યા સુધી દુકાનો બંધ રાખવામાં આવેલ. તમામ દુકાનો બંધ રાખી મૌન રાખી મૃત આત્માઓને શ્રધ્ધાંજલી આપી શોક વ્યકત કરવામાં આવેલ. તેમજ ઈજાગ્રસ્તો તુરંત સ્વસ્થ થાય તે માટે પ્રાર્થના કરવામાં આવેલ. આ સંદર્ભે આજે સવારે ૧૧ વાગ્યે લાખાજીરાજ રોડ અને ગુંદાવાડી મેઈન રોડ ખાતે શોકસભાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પહોળી સંખ્યામાં વેપારીઓ ઉપસ્થિત રહ્યા હતા અને શ્રધ્ધાંજલી પાઠવી હતી. ધી રાજકોટ હોલસેલ ટેકસટાઈલ મર્ચન્ટ એસોસીએશનના પ્રમુખ હિતેશભાઈ અનડકટે જાણાવેલ કે તમામ વેપારીઓ તરફથી મૃતકોને શ્રધ્ધાંજલી પાઠવું છું. મૃતકોના પરિવારજનો સાથે અમારી સાંત્વના રહેશે.

આજે બપોરે વિવિધ એસોસીએશનના વેપારીઓ બહોળી સંખ્યામાં ગુંદાવાડી ચોક અને લાખાજીરાજ રોડ પર એકત્ર થયા હતા અને દિવંગતોને પુષ્પાંજલી અર્પણ કરી હતી. વેપારીઓએ સવારથી જ દુકાનો બંધ રાખી હતી અને શોક વ્યકત કર્યો હતો. બજારો સુમસામ બની હતી. જાણે બજારની શાંતી પણ દિવંગતોને શ્રધ્ધાંજલી આપી રહી હોય આ ઘટનાએ લોકોને હચમચાવી નાખ્યા છે.

મૃતકોના પરિવારોને દુઃખ સહન કરવાની શકિત આપે અને મૃતકોની આત્માની શાંતિ માટે પ્રાર્થના કરાઈ હતી. બપોરે ૧ વાગ્યા સુધી તમામ બજારો સ્વૈચ્છાએ બંધ રહી હતી. ત્યારબાદ વેપારીઓએ વેપાર ધંધાની શરૂઆત કરી હતી.

# એક પછી એક દુર્ઘટના બને, એકશન એકસરખા-માત્ર CM-અધિકારીના નામ-ચહેરા બદલાય, મોતના તાંડવમાં કોઈ ફેર નથી

## વિચારો, ૪૪ ડિગ્રી તાપમાનમાં બાળકોને બહાર લઈ જતા નથી અને આ તો ૮૦૦ ડિગ્રી તાપમાનમાં ભુંજાયા: મૃતકોની ઓળખ માટે ડીએનએ કરાવવા પડે તેવી સ્થિતિ સર્જાઈ છે

રાજકોટ તા.૨૭

રાજકોટમાં ટીઆરપી ગેમઝોનમાં સર્જાયેલા અગ્નિકાંડના પડઘા પુરા ગુજરાતમાં પડયા છે. છેલ્લા પાંચ વર્ષ દરમ્યાન વડોદરા, સુરત, મોરબીમાં આવી હૃદયદ્રાવક ઘટનાઓ બની અને ગત શનિવારે રાજકોટમાં કરૂણાંતિકા સર્જાઈ. સરકારે સીટની રચના કરી છે અને તેમાં સુભાષ ત્રિવેદીની નિમણુંક કરી છે.

દરવખતે સ્તરની રચનામાં નામો બદલાય છે. આ વખતે ભુપેન્દ્રભાઈ પટેલ મુખ્યમંત્રી છે. પહેલા સંવેદનશીલ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી હતા. ગૃહમંત્રીઓ બદલાયા છે. સ્થળ પર મુખ્યમંત્રી વગેરે જતા હોય છે અને તપાસના હુકમો અપાય છે. આ ઘટનામાં સંડોવાયેલા અધિકારીઓને સસ્પેન્ડ કરાશે પણ ડિસમીસ કરાતા નથી આવો જ ક્રમ ચાલશે.

વિચારો ૪૪ ડીગ્રી તાપમાનમાં આપણે બાળકોને લઈને બહાર જઈ શકતા નથી ત્યારે ૮૦૦ ડીગ્રી તાપમાનમાં બાળકો અન્યો ભુંજાઈ ગયા છે. અરેરાટી જન્માવે તેવી ઘટના બની હોવા છતાં સંવેદના જાણ્યે ક્ષીણ થઈ ગઈ હોય તેમ લાગે છે. મૃતકોની ઓળખ માટે ડીએનએ કરાવવા પડે તેવી કરૂણતા સર્જાઈ છે.

ગુજરાતમાં છેલ્લા પાંચ વર્ષ દરમ્યાન જે કરૂણાંતિકા સર્જાઈ છે તેની તપાસના કારણો હજુ સુધી જાણવા મળ્યા નથી તેમ રાજકોટના અગ્નિકાંડની પણ તપાસમાં સસ્પેન્ડ ઓર્ડર અપાશે. પંદર-વીસ દિવસ પસાર થયા પછી ઘટના અભેરાઈ પર ચડી જશે. રસ્તા પર બાળકોના મોત થઈ રહ્યાં છે છતાં બધુ બરાબર છે તેમ તંત્ર જણાવી રહ્યું છે.

દરેક ઘટનામાં એક સરખી પદ્ધતિ છે અને પદ્ધતિ એમજ રહેવાની છે. ઘટનાઓમાં અધિકારીઓના એડ્રેસ બદલાતા જોવા મળે છે પરંતુ કોઈ અધિકારી જવાબદાર સાબીત નહી થાય. તંત્ર સખ્ત પગલા ભરશે તેવો ભ્રમ તૂટી ગયો છે.

પ્રજા પણ આવી ઘટનાઓને સ્વીકારતા થયા છે. વિચારો, નાના બાળકોની અર્થી ઉઠશે ત્યારે આપણું હૃદય કેમ કંપી ઉઠતુ નથી? સંવેદના કયા મરી પરવારી છે?

# તરઘડિયા ગામના ઓવરબ્રિજ પાસે ટ્રકે બાઈકને હડફેટે લીધું : ૧૯ વર્ષીય જયદીપ ખસીયાનું મોત

## નવાગામ આણંદપરનો યુવક ખાખરાવાડી મેલડીમાના મંદિરે તાવાની માનતા પૂરી કરીને ઘરે પરત ફરતો હતો ત્યારે અકસ્માત સર્જાયો

રાજકોટ, તા.૨૭

ગઈકાલે બપોરે તરઘડિયા ગામના ઓવરબ્રિજ પાસે ટ્રકે બાઇકને હડફેટે લીધું હતું. જેમાં ૧૯ વર્ષીય જયદીપ ખસીયાનું મોત થયું હતું. નવાગામ આણંદપરનો યુવક ખાખરાવાડી મેલડીમાના મંદિરે તાવાની માનતા પૂરી કરીને ઘરે પરત ફરતો હતો ત્યારે અકસ્માત સર્જાયો હતો.

ફરિયાદી રાજેશભાઇ જેન્તીભાઇ ખસીયા (ઉ.વ.૪૨, રહે. નવાગામ આણંદપર ખોડીયાર પાર્ક શેરી નં.-૩)એ ફરિયાદમાં જણાવ્યું કે, મારી પાસે મારી પોતાની માલિકીનો છકડો રીક્ષા હોય જે હું ચલાવું છું. અમે ત્રણ ભાઈઓ હતા. જેમાં સૌથી મોટા હસમુખભાઈ છે તેનાથી નાનો હું છું અને સૌથી નાનો ભાઈ પરેશભાઈ છે. જેનું ત્રણેક વર્ષ પહેલાં અવસાન થયું હતું. તા.૨૬-૫-૨૦૨૪ના રોજ બપોરના આશરે બે વાગ્યાની આસપાસ હું મારા ઘરે સૂતો હતો ત્યારે મને મારા ભાણેજ સંજયભાઈ પરમારનો ફોન આવેલ અને વાત કરેલ કે, તમારા ભત્રીજા જયદીપભાઈ ખસિયાનું અમદાવાદ હાઈવે રોડ ઉપર તરઘડીયા ગામના ઓવરબ્રિજ ઉપર એકસીડન્ટ થયેલનું મેં મોબાઈલમાં જોયેલ છે. તો તમે ત્યાં જઈને તપાસ કરો તો શું થયેલ છે. જેથી આવી વાત કરતા હું તુરંત જ મારા ઘરેથી નીકળીને અમદાવાદ હાઈવે રોડ ઉપર તરઘડીયા ગામના ઓવરબીજ ઉપર જઈને જોયેલ તો કુવાડવા ગામથી રાજકોટ તરફ જતા હાઈવે રોડ ઉપર તરઘડીયા ગામના ઓવરબ્રિજ ઉપર એકસીડન્ટ થયેલુ મેં જોયેલ અને ત્યાં રોડ ઉપર એક કપડું ઓઢાડેલ લાશ પડેલ હતી જે મેં જોતા મારા ભત્રીજા જયદીપભાઈ હસમુખભાઈ ખસિયા (ઉંમર વર્ષ ૧૯, રહે. નવાગામ આણંદપર)ની હતી અને તેને આખા શરીરે ગંભીર ઈજા થયેલી હતી ત્યાં હાજર ૧૦૮ ના ઇ.એમ.ટી એ મારા ભત્રીજા જયદીપને મૃત જાહેર કરેલ. ત્યાં મારા ભત્રીજાનું હીરો સ્પેલન્ડર બાઈક નંબર જીજે -૦૩- એમએસ -૯૮૮૪ વાળું એકસીડન્ટ થયેલા હાલતમાં પડેલ હતું. તેનાથી થોડા અંતરે એક ટ્રક નં- જીજે-૧૦- ટી - ૯૮૫૮ પડેલ હતો. મને જાણવા મળેલ છે કે મારો ભત્રીજો જયદીપની માનતા હોય, જેપુર ગામ તા.વાંકાનેર ખાતે ખાખરાવાડી મેલડીમાના મંદિરે તાવાની માનતા પૂરી કરીને ઘરે જવા નીકળેલ હતો ત્યારે બપોરના આશરે દોઢેક વાગ્યે કુવાડવાથી રાજકોટ તરફના હાઈવે રોડ ઉપર તરઘડીયા ગામના ઓવરબ્રીજ ઉપર ટ્રકના ચાલકે મારા ભત્રીજાને બાઈક સહિત હડફેટમાં લેતા અકસ્માત સર્જાયો હતો.કુવાડવા રોડ પોલીસે ટ્રક ચાલક સામે ગુનો દાખલ કરી તેની ધરપકડ કરવા તજવીજ હાથ ધરવામાં આવી હતી.



### જયદીપ બે બહેનોનો એકનો એક ભાઈ હતો

જયદીપના પરિવારજનોએ જયદીપ આરઓપ્લાન્ટની ઘરે -ઘરે જઈ સર્વિસનું કામ કરતો હતો તે બહેનોનો એકનોએક ભાઈ હતો.તેમના પિતા ડાઈવિંગ કામ કરે છે પુત્રના મોતથી પરિવારમાં શોક છવાયો છે.

# ત્રંબા ગામના રિક્ષા ચાલકે ઝેરી દવા પી જીવન ટુંકાવ્યું

રાજકોટ તા.૨૭

ત્રંબા ગામના રિક્ષા ચાલકે ઝેરી દવા પી જીવન ટુંકાવ્યું હતું. બનાવ અંગે સિવિલ ચોકીના સ્ટાફે થોરાળા પોલીસને જાણ કરી હતી.

બનાવની વિગત મુજબ ત્રંબા ગામમાં રહેતાં લાખાભાઈ વાલાભાઈ સુસરા (ઉ.વ.૪૦) તેઓએ ગઈ કાલે સવારે દસેક વાગ્યાની આસપાસ આજી જીઆઈડીસી બાલાજી વેફર્સ પાસે ઉંદર મારવાની દવા પી જતાં તાકીદે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં સારવારમાં દમ તોડી દિધો હતો. તેઓનાં પરિવારજનોએ જણાવ્યું કે લાખાભાઈ માનસીક બીમાર હતાં. રિક્ષા ચલાવતાં હતાં. મૃતકને સંતાનમાં બે દીકરી અને એક દીકરો છે. બનાવ અંગે મૃતકના પરિવારમાં ગમગીની છવાઈ ગઈ છે.

# સંસ્કાર ઈન્ડસ્ટ્રીઝમાં કારખાનામાં થયેલ ચોરીનો ભેદ ઉકેલાયોઃ ભાગીદાર જ ચોર નીકળ્યો

## ફોટોગ્રાફીના શોખીન અનિલ સોલંકીએ સેલ્ફ ડ્રાઈવમાં લાવેલ કાર અથડાતાં રૂા.૯૦ હજારની નુકશાની આવી હતી: જે ભરપાઈ કરવાં ચોરીને અંજામ આપ્યો 'તો: થોરાળા પોલીસે અમૂલ સર્કલ પાસેથી કારમાં ચોરી કરેલ માલ વેંચવા નીકળેલા શખ્સને પકડી રૂા.૬.૧૦ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો

રાજકોટ. તા.૨૭

સંસ્કાર ઈન્ડસ્ટ્રીઝમાં કારખાનામાં થયેલ ચોરીનો ભેદ થોરાળા પોલીસે ઉકેલી નાંખી કારમાં ચોરી કરેલ મુદ્દામાલ વેંચવા નીકળેલા અનિલ સોલંકીને ઝડપી પાડી કુલ રૂા.૬.૧૦ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. આરોપી ફોટોગ્રાફીના શોખીન હોવાથી સેલ્ફ ડ્રાઈવમાં લયાવેલ કાર અથડાતાં રૂા.૯૦ હજારની નુકશાની આવી હતી. જે ભરપાઈ કરવાં ચોરીને અંજામ આપ્યો હોવાની કબૂલાત આપી હતી.

બનાવ અંગે કોઠારીયા રોડ પર શિવમપાર્કમાં રહેતાં નિર્ભયભાઇ ઉર્ફે નિભુ પરેશભાઇ તોગડીયાએ નોંધાવેલ ફરીયાદમાં જણાવ્યું હતું કે, તેઓ સંસ્કાર ઇન્ડસ્ટ્રીઝ શેરી નં.૦૩/૦૬ ના ખુણે સરદાર ચોક પાસે ભાડેથી ખોડીયાર એન્ટરપ્રાઇઝ નામનુ જોબવર્કનુ કામ કરે છે. ગઇ તા.૨૩/૦૫ ના તેઓ કારખાને ગયેલ ત્યારે જોયેલ તો કારખાનાના દરવાજાનુ તાળુ તુટેલી હાલતમાં હતુ અને કારખાનામાં મજુરી કામ કરતો ત્રીપાલ સોલંકી ત્યાં આવેલ અને બંને કારખાનાની અંદર ગયેલ તો જાણવા મળેલ કે, કારખાનામાં એલ્યુમીનીયમ તથા મેરેબલનો જથ્થો કારખાનામાં કોઇ જગ્યાએ જોવા મળેલ ન હતો.





જેથી આજુ-બાજુમાં તપાસ કરી તો એલ્યુમીનીયમ અને મેરેબલનો જથ્થો જોવા ન મળતા ચોરી થયાનું સામે આવ્યું હતું. જેથી કોઈ અજાણ્યાં શખ્સો કરખાનામાં ઘુસી એલ્યુમીનિયમ ૮૦ કિલો અને મેરેબલ ૨૮૬ કિલો મળી કુલ રૂ.૧.૧૦ લાખનો મુદ્દામાલની ચોરી થઈ હતી.

બનાવ અંગેની ફરીયાદ પરથી થોરાળા પોલીસ મથકના પીઆઈ એન.જી.વાઘેલાની રાહબરીમાં પીએસઆઈ જે.એમ.પરમાર અને એમ.એસ.મહેશ્વરી સ્ટાફ સાથે તપાસમાં હતાં ત્યારે એ.એસ.આઇ. રાજેશ મેર, હેડ કોન્સ્ટેબલ જયદિપસિંહ જાડેજા, હસમુખ નિનામાને એક શંકાસ્પદ શખ્સ ચોરીમાં ગયેલ એલ્યુમિનીયમ તથા મેરેબલના કાચા માલને વેચવા માટે બલેનો કારમાં અમુલ સર્કલથી આજીડેમ ચોકડી તરફ નિકળવાનો છે તેવી ચોક્કસ બાતમીના આધારે સ્ટાફ અમુલ સર્કલ પાસે વોચમાં હતો ત્યારે બલેનો કાર પસાર થતા તેને અટકાવી કારમાં ચેક કરતા પાછળની શીટ ઉપર તથા નીચેના ભાગે અલગ અલગ પ્લાસ્ટીકના બાચકા જોવામા આવતા કાર ચાલકનું નામ પૂછતાં અનિલ વિનોદ સોલંકી (ઉ.વ.૨૧),(રહે. નકલંગ પાર્ક શેરી નં.૦૨, આજીડેમ ચોકડી પાસે) નું જણાવતાં તેની ધરપકડ કરી રૂા.૬.૧૦ લાખનો મુદ્દામાલ કબ્જે કરી પૂછપરછ કરતાં તેને બે દિવસ પહેલા સંસ્કાર ઈન્ડસ્ટ્રીઝમાં આવેલ કારખાનામાંથી ચોરી કરેલ હોવાનુ જણાવ્યું હતું.

વધુમાં આરોપીએ આપેલ કબુલાતમાં જણાવ્યું હતું કે, તે ચોરી કરેલ કારખાનામાં પોતે પણ ભાગીદાર હતો અને તેમને કારમાં ફોટોગ્રાફીનું વધું શોખ હતો. જે માટે તે મોંઘી કાર ભાડે લઈ આવી ફોટોગ્રાફી કરતો હતો. દરમિયાન એક વાર તે સેલ્ફ કાર લઈ આવી બાદ બહાર જતો હતો ત્યારે કાર અથડાઈ હતી અને તેમાં રૂા.૯૦ હજારની નુકશાની આવી હતી. જે નુકશાની ભરપાઈ કરવાં માટે તેને પોતાની પાસે રહેલ ચાવીથી મોડી રાતે કારખાનામાંથી ચોરી કરી હતી.

# સોરઠીયાવાડી સર્કલ પાસે પેટ્રોલપંપે સામે જોવા મામલે માથાકૂટઃ સામસામી મારામારીમાં બે ઘવાયા

## પેટ્રોલ પુરાવા આવેલ અકરમ અને તેના ભાઈ પર છરીથી હુમલો કર્યો: સામાપક્ષે ટ્રક ચાલક અને તેના મિત્ર પર ગેસના બાટલાના ઘા કર્યા: ભક્તિનગર પોલીસ મથકમાં ફરીયાદ નોંધાઈ

રાજકોટ. તા.૨૭

સોરઠીયાવાડી સર્કલ પાસે પેટ્રોલપંપે સામું જોવા મામલે માથાકૂટ થતાં થયેલ સામસામી મારામારીમાં બે યુવાનો ઘવાયા હતાં. બનાવ અંગે ભક્તિનગર પોલીસ મથકમાં ફરીયાદ નોંધાઈ હતી.

બનાવ અંગે જંગલેશ્વર શેરી નં.૧૧ માં રહેતાં અકરમ મહેબુબભાઈ પઠાણ (ઉ.વ.૨૨) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે જલુ યાદવ અને એક અજાણ્યાંનું નામ આપી જણાવ્યું હતું કે, તે ગાયત્રીનગર મેઈન રોડ ઉપર કુંદન હોસ્પીટલના મેડીકલમાં છેલ્લા પાંચ વર્ષથી નોકરી કરે છે.ગઈ રાત્રીના એકાદ વાગ્યાની આસપાસ તે ઘરેથી નોકરી ઉપર કુંદન હોસ્પીટલ ખાતે જતો હતો ત્યારે તેના મોટાભાઇ શાહનવાઝ પાસે રહેલ એકસેસમાં પેટ્રોલ ન હોય જેથી તેને કહેલ કે, હું પેટ્રોલ પુરાવી આવુ જેથી તે એક્સેસમાં તેના ભાઈને બેસાડી અને એક અન્ય એક્સેસમાં તેના ભાઈનો મિત્ર સાથે સોરઠીયાવાડી સર્કલ પાસે આવેલ નટરાજ પેટ્રોલપંપે પેટ્રોલ પુરાવા માટે ગયેલ ત્યારે ત્યાં જયુ યાદવ પણ બાઇકમાં પેટ્રોલ પુરાવા માટે ત્યા આવેલ અને તેની પાછળ એક વ્યકિત બેઠેલ હતો. દરમિયાન જયુ યાદવએ તેમની સામું જોતો હોય જેથી તેને સામું શા માટે જોવે છે તેમ કહેતા તે ઉશ્કેરાઇ જઈ ગાળ આપતાં તેને એક ફડાકો ઝીંકી દિધો હતો. ત્યારે આરોપીએ છરી કાઢી મારવા જતા છાતીના ભાગે અને હાથમાં છરકો પડેલ હતો. બાદમાં ત્યાથી ભાગવા જતા જયુ યાદવની સાથે રહેલ શખ્સે છરી કાઢી પાછળ દોડેલ ત્યારે તેમનો મોટો ભાઈ શાહનવાઝ વચ્ચે પડતા તેને પણ બંને શખ્સે છરી ફેરવવા લાગતાં ઈજા પહોંચી હતી. જે બાદ ફરિયાદીના ભાઈએ ત્યા પડેલ ગેસનો બાટલો ઉપાડી ઘા કરતા બંન્ને શખ્સો ત્યાથી ભાગી ગયેલ હતાં. બાદમાં ફરિયાદીને ઈજાગ્રસ્ત હાલતમાં સારવારમાં ખસેડવામાં આવેલ હતો.

બનાવ અંગે રૈયારોડ પર વૈશાલીનગરમાં રહેતાં જયરાજભાઈ કાળુભાઇ મંઢ (ઉ.વ.૨૨) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે અકરમ મહેબૂબ પઠાણ અને શાહનવાઝ મહેબૂબ પઠાણનું નામ આપી જણાવ્યું હતું કે, તે ટ્રક ડ્રાઈવીંગ કરે છે. ગઈ રાત્રીના એકાદ વાગ્યાની આસપાસ તેઓ નોકરી પુરી કરી ગ્રીનલેન્ડ ચોકડીએથી તેના મિત્ર હર્ષ રાઠોડ સાથે ઘરે જતો હતો ત્યારે એકટીવામાં પેટ્રોલ ન હોય જેથી સોરઠીયાવાડી સર્કલ પાસે આવેલ નટરાજ પેટ્રોલ પંપએ પેટ્રોલ પુરાવા માટે ગયેલ ત્યારે ત્યાં અકરમ પણ એકટીવા લઇ પેટ્રોલ પુરાવા માટે ત્યા આવેલ અને તેની પાછળ તેનો ભાઈ શાહનવાઝ બેઠેલ હતો અને તેઓ ત્યાથી પેટ્રોલ પુરાવી ને જતા રહેલ અને જયરાજને બીજા મિત્ર મળી જતા મિત્રો સાથે વાતો કરતો હતો.

દરમિયાન આરોપી બંન્ને ભાઈઓ ઘસી આવેલ અને કહેલ કે, કેમ મારી સામુ જોવે છે જેથી તેને તમારી સામે જોયેલ નથી તેમ છતા જો મારાથી તમારી સામું જોવાઇ ગયુ હોય તો હું તમારી માફી માંગુ છુ તેમ કહેત અકરમ ઉશ્કેશઈ ગયેલ અને ગાળ આપી એક ફડાકો ઝીંકી દેતાં તેને પણ સામે ફડાકો ઝીંકી દિધો હતો. દરમિયાન શાહનવાઝે છરી કાઢી ઘા ઝીંક્યો હતો. ત્યારે તેને પણ છરી કાઢી ઝીંકી દિધી હતી. બાદમાં ઇજાગ્રસ્તને સારવારમાં ખસેડાયા હતાં.

બનાવ અંગેની સામસામી ફરીયાદ પરથી ભક્તિનગર પોલીસે મારામારીની કલમ હેઠળ ગુનો નોંધી આરોપીને પકડવા ચક્રો ગતિમાન કર્યા હતાં.

# અવસાન નોંધ

**ગોંડલઃ** ઠા. નંદલાલભાઈ ધારશીભાઈ પોપટ (હોટલ ગંગાસાગર વાળા)ના જમાઈ કલકતા નિવાસી દિનેશકુમાર એન. ઓંધીયા (ઉ.૭૮) તે ખ્યાતીબેન તથા ભાવિકભાઈના પિતાશ્રી, નીલાબેનના પતિ, સ્વ. હરેશભાઈ, રાજુભાઈ પોપટના બનેવી, વિવેક, તરંગના ફુવા,નું તા.૨૫ના શ્રીજીચરણ પામેલ છે. પીયર પક્ષની સાદડી તા.૨૭ના સાંજે ૫થી ૬ રામેશ્વર મંદિર મહાદેવવાડી ગોંડલ રાખેલ છે.

**રાજકોટઃ** સ્વ. પ્રદ્યુમનભાઈ મુગટરાય વૈદ્યના પત્ની ભારતીબેન વૈદ્ય (ઉ.૯૨) તે સ્વ. મનોજ, મનીષ વૈદ્યના માતુશ્રીનું તા.૨૪ના અવસાન થયું છે. પ્રાર્થનાસભા તા.૨૮ના સાંજે ૫-૩૦થી ૭ સ્વસ્તીક હોલ, ડ્રાઈવઈન સિનેમા પાસે ડ્રાઈવઈન રોડ થલતેજ અમદાવાદ રાખેલ છે.

**ગોંડલઃ** રસીક ભુવન અંબાજી મંદિર ગોંડલ વાળા સ્વ. ગાંડુભાઈ દેવરાજભાઈ કુંજડીયાના પત્ની સ્વ. ઉજીબેન ગાંડુભાઈ કુંજડીયા (ઉ.૮૭) તે દિનાબેન વૃજલાલ વાડોદરીયા, ઉષાબેન પ્રવિણભાઈ ડોબરીયા, તૃપ્તીબેન શાંતીલાલ સોજીત્રા, સ્વ. મોહનભાઈ, સ્વ. કનુભાઈ, સ્વ. કાંતીભાઈ, સ્વ. નારણભાઈના ભાભીનું તા.૨૬ના અવસાન થયેલ છે. બેસણું તા.૨૭ના સાંજે ૪થી ૬ તેમના નિવાસ મહાદેવ વાડી રસીક ભુવન અંબાજી મંદિર પાસે ગોંડલ રાખેલ છે.

**વેરાવળઃ** ઔ.ગ. માનખેત્રા વિભાગ આદ્રી નિવાસી લલીતપ્રસાદ હરીલાલ ભટ્ટના પત્ની લીલાવંતીબેન (ઉ.૭૮) તે સ્વ. કાંતિલાલ ભગવાનજીભાઈ શાસ્ત્રીના મોટા દીકરી, સ્વ. હસમુખભાઈ, સ્વ. હરગોવિંદભાઈના ભાભી, શાસ્ત્રી રાજેશભાઈ, અતુલભાઈના માતુશ્રી, હર્ષ, અખીલ, સોનક, વેદાંતના દાદી, મનીષભાઈ, રાકેશભાઈ, જગદીશભાઈના ભાભુનું તા.૨૫ના અવસાન થયું છે. બેસણુ તથા પીયરપક્ષની સાદડી તા.૨૭ના ૪થી ૬ મું. આદ્રી ગામે તેમના નિવાસની સામે વાછરાદાદાના મંદિરે બસ સ્ટેન્ડ પાસે રાખેલ છે.

**બાબરાઃ** બ્રહ્મક્ષત્રીય સ્વ. અનિલકાંતભાઈ હરિદાસભાઈ છાટબારના પુત્ર દેવેન્દ્રભાઈ (ઉ.૫૯) તે ઉમંગભાઈ, ચંદ્રકાંતભાઈ, સ્વ. જગદીશભાઈ, પ્રભાકરભાઈના ભત્રીજા, શરદભાઈ, જીતેન્દ્રભાઈ, પંકજભાઈના ભાઈ, મહેશભાઈ, પીયુષભાઈ, યોગેશભાઈના પીત્રાયભાઈ, હર્ષિતના કાકા, નીકુંજ, સાગરના દાદાનું તા.૨૫ના અવસાન થયું છે. ઉઠમણું તા.૨૭ના ૪થી ૬ બ્રહ્મક્ષત્રિય જ્ઞાતીની વાડી બાબરા રાખેલ છે.

**રાજકોટઃ** સંદિપભાઈ પ્રવિણભાઈ સેદાણી તે પ્રવિણભાઈ તથા ચંદાબેન સેદાણીના મોટા પુત્ર, શ્રધ્ધાબેન સેદાણીના પતિ, ખુશી તથા ખુશના પિતાશ્રી, ધૈવતભાઈના મોટાભાઈ તથા હેતશ્રીબેનના જેઠ તેમજ મહિમ્ન અને આધ્યાના મોટાબાપુ, મહેન્દ્રભાઈ પાલેજા (ભૂજ)ના જમાઈ તથા સુમિતભાઈના બનેવીનું તા.૨૫ના રોજ અવસાન થયેલ છે. તેમની પ્રાર્થનાસભા તા.૨૭ને સોમવારે જાગનાથ મંદિરમાં સાંજે ૪થી ૬ રાખેલ છે. બન્ને પક્ષની પ્રાર્થનાસભા સાથે રાખેલ છે.

**રાજકોટઃ** અમદાવાદ નિવાસી અ.સૌ. સુશિલાબેન એન. કાનાણી તે નરોતમભાઈ કાનાણીના ધર્મપત્નિ, જયેશભાઈ કાનાણી, સંજયભાઈ કાનાણીના માતુશ્રી તા.૨૪ના અવસાન પામેલ છે.

**રાજકોટઃ** અ.સૌ. પ્રતિભાબેન દિલીપભાઈ શેઠ (ઉ.૭૧) તે દિલીપભાઈ પ્રભુદાસભાઈ શેઠના પત્ની, કૌશીક, રાધાબેન દર્પણકુમાર ધોળકીયાના માતુશ્રી, અશોકભાઈ, અનીલભાઈ, દિનેશભાઈ, મુકેશભાઈ શેઠના બેન, રાજુભાઈ, હરેશભાઈ, કીરીટભાઈ ગોંડલ વાળાના ભાભીનું તા.૨૫ના શ્રીજીચરણ પામેલ છે.

**રાજકોટઃ** રાજકોટ નિવાસી સ્વ. ભગવાનજીભાઈ નથુભાઈ તંતીના પુત્ર મહેશભાઈ (ઉ.૫૦) તે જગદીશભાઈ, રણછોડભાઈ, કિશોરભાઈ, શાંતિલાલ, શૈલેષભાઈ, રાજેશભાઈ, ગીરીશભાઈના ભાઈ, આશીષ, દુર્ગેશ, સાવન, સાગરના કાકાનું તા.૨૪ના અવસાન થયું છે. બેસણું તા.૩૦ના સાંજે ૫થી ૭ નિવાસસ્થાન અંજલી પાર્ક-૧ શેરી નં.૨, પરીન ફર્નીચર પાછળ, ગોંડલ રોડ, આવકાર સીટીની પાછળ, રાજકોટ રાખેલ છે.

**રાજકોટઃ** ઔ.ઝા. બ્રાહ્મણ મુળ ગામ રામોદ નિવાસી હાલ રાજકોટના રહેવાસી ડી.એચ. કોલેજ રાજકોટના નિવૃત પ્રો. પ્રતાપરાય હરખજીભાઈ દવે તે સ્વ. મહેન્દ્રભાઈ, દિનકરભાઈ, સ્વ. હેમંતભાઈ, સ્વ. પ્રવીણભાઈ, મૃદુલાબેન, ઉર્મિબેનના ભાઈ, ગ.સ્વ. મંજુલાબેનના પતિ, હિનાબેન, શિતલબેન, ઉજાસભાઈના પિતાનું તા.૨૫ના અવસાન થયું છે. બેસણુ તા.૨૭ના ૫થી ૬ તેમના નિવાસે રાખેલ છે.

**રાજકોટઃ** રાજકોટ નિવાસી સ્વ. અનિલકુમાર ધીરજલાલ દેસાઈ તે ઈન્દુબેનના પતિ, જયંતભાઈ, મણીકાંતભાઈના ભાઈ, સ્વ. બિમલભાઈ, સમીરભાઈ, શિતલ નિરજ શાહના પિતા તથા અંજલી, મિલીંદ, ક્રિશ, પલક, જાનવી, હેત્વીના દાદા, સ્વ. મુલચંદ પ્રેમચંદ કુંભાણીના જમાઈનું તા.૨૬ના અવસાન થયું છે. બેસણું તા.૨૭ના સાંજે ૫-૩૦થી ૬-૩૦ યોગી સભા ગૃહ, બીએપીએસ સ્વામીનારાયણ મંદિર, કાલાવડ રોડ, રાજકોટ રાખેલ છે. (સમીરભાઈ મો.૯૮૨૫૬ ૦૯૦૫૦).

**અમરેલીઃ** અમરેલી નિવાસી રંજનબેન વિજયભાઈ ખીમાણી (ઉ.૫૮) તે હર્ષદરાય મોહનભાઈ ખીમાણીના પુત્રવધુ, વિજયભાઈ (લાલભાઈ) ખીમાણીના પત્ની, અતુલભાઈ, માલાબેન, બકુબેન, બીનાબેનના ભાભી, હિમા, કરણના માતુશ્રી તા.૨૬ના શ્રીજીચરણ પામેલ છે.

**રાજકોટઃ** સ્વ.માનુભાઈ દેવાભાઈ ઝાલા (ઉ.વ.૫૫)નું તા.૨૪ને શુક્રવારના રોજ અવસાન થયેલ છે.સદ્ગતનું બેસણું તા.૨૭ને સોમવારના રોજ રાખેલ છે. (નિલેશ માનુભાઈ ઝાલા)મો.૯૭૨૬૪ ૫૦૨૬૦)

**રાજકોટઃ** રાજકોટ નિવાસી વિનોદરાય મુળજીભાઈ જોધપુરા (સુખાભાઈ) (ઉ.વ.૭૪) તે ગો.વા. વર્ષાબેનના પતિ અને પરેશભાઈ, રાજેશભાઈના પિતાશ્રી તથા સ્વ. જીતેન્દ્રભાઈ, સ્વ. બીપીનભાઈ, ઉષાબેન તથા નલિનીબેનના ભાઈ અને પારસ, કુશલ અને નિયતીના દાદા તા.૨૫ના રોજ શ્રીજીચરણ પામેલ છે. ઉઠમણું તા.૨૭ને સોમવારના રોજ સાંજે ૬ કલાકે ભાવસાર જ્ઞાતીની વાડી, ચંપકનગર શેરી નં.૬, સંતકબીર રોડ, રાજકોટ ખાતે રાખેલ છે.


તેરમી પુણ્યતિથીએ શ્રધ્ધાંજલી-ધોરાજી



સ્વ. ગોરધનભાઈ ભાણજીભાઈ સોજીત્રા
સ્વ. તા. ૨૭–૫–૧૧, ધોરાજી

સુખ દુઃખના સાથની વાત થાય ને તમે યાદ આવશો,
લાગણીભર્યા સ્વભાવની વાત થાય ને તમે યાદ આવશો,
સપનાઓને સાકર કરવાની વાત થાય ને તમે યાદ આવશો,
મન–વચન–કર્મની પવિત્રતાની વાત થાય ને તમે યાદ આવશો.
પ્રભુ તમારા દિવ્ય આત્માને શાંતિ આપે એ જ પ્રાર્થના...

લી.
ગં. સ્વ. લાભુબેન ગોરધનભાઈ સોજીત્રા
ભરત ગોરધનભાઈ સોજીત્રા
યશ ભરતભાઈ સોજીત્રા
જીતેન્દ્ર ગોરધનભાઈ સોજીત્રા
મનોજ ગોરધનભાઈ સોજીત્રા
BGP INFRA PVT. LTD. (અમદાવાદ) | STELLARISE GROUP. (અમદાવાદ)
તથા સોજીત્રા પરિવારના જય શ્રી કૃષ્ણ...
સાગર સોલંકી-ધોરાજી, જુનાગઢ - ૯૦૩૩૪ ૫૩૩૦૪



દુઃખદ અવસાન / બેસણું - ધોરાજી



સ્વ. નંદુબેન રણછોડભાઈ માવાણી
સ્વ.તા. ૨૫-૦૫-૨૦૨૪
(ઉ.વ. ૭૬)

અમારા માતૃશ્રી નંદુબેન રણછોડભાઈ માવાણી (ઉ.વ. ૭૬) તા. ૨૫-૦૫-૨૦૨૪ ને શનિવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. પ્રભુ તેમના દિવ્ય આત્માને શાંતિ આપે એ જ પ્રાર્થના...

સદ્ગતનું બેસણું : તા. ૨૭-૦૫-૨૦૨૪ ને સોમવારના રોજ સાંજે ૫ થી ૭ કલાકે વૈષ્ણવ વાડી, ગોકુલ પાન વાડી ગલી, ધોરાજી ખાતે રાખેલ છે.

લી. સ્વ. રણછોડભાઈ આંબાભાઈ માવાણી
ચંદુભાઈ રણછોડભાઈ માવાણી
દિનેશચંદ્ર રણછોડભાઈ માવાણી
સ્વ. જયસુખભાઈ રણછોડભાઈ માવાણી
નીરવ, જય, વર્ધન, વિરલ, ઓમ ના જયશ્રી કૃષ્ણ



દુઃખદ અવસાન



સ્વ.માનુભાઈ
દેવાભાઈ ઝાલા
જન્મ તા. ૦૪-૦૩-૧૯૬૮
સ્વ.તા. ૨૪-૦૫-૨૦૨૪, શુક્રવાર

દિલગીરી સાથ જણાવવાનું કે અમારા પિતાશ્રી સ્વ. માનુભાઈ દેવાભાઈ ઝાલા (ઉ.વ.૫૬)નું તા. ૨૪–૫–૨૪ને શુક્રવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. ભગવાન તેમના દિવ્ય આત્માને પરમ શાંતિ આપે એ જ પ્રાર્થના.

બેસણુ : તા. ૨૭-૫-૨૪ સોમવારના રોજ રાખેલ છે.

લી.
નિલેશ માનુભાઈ ઝાલા
મો. ૯૭૨૬૪ ૫૦૨૬૦



ચોથી પુણ્યતિથિએ શ્રધ્ધાંજલી



સ્વ. દિલીપ જટાશંકર સંઘાણી
સ્વ. તા. ૨૭/૦૫/૨૦૨૦

कभी अभिमान तो कभी स्वाभिमान है पिता...
कभी धरती तो कभी आसमान है पिता...
जन्म दिया है अगर माँ ने
जानेगा जिससे जग वो पहचान है पिता...
कभी कंधे पे बिठाकर मेला दिखाता है पिता...
कभी बनके घोड़ा घुमाता है पिता...
माँ अगर पैरों पे चलना सिखाती है
तो पैरों पे खड़ा होना सिखाता है पिता...
Love You Dad...

વાસંતી દિલીપ સંઘાણી
લાડકી પુત્રીઓ
• હેતલ રાજીવ શાહ • અનુજા અંકુર શાહ • ડૉ. ફાલ્ગુની જય દોશી


સાંજ પબ્લિકેશન્સ વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક, અને માલીક : પ્રદિપભાઈ નરોત્તમદાસ શાહ ; મુદ્રણ સ્થાનઃ સાંજ મીડીયા, સાંજ સમાચાર હાઉસ, કસ્તુરબા રોડ, રાજકોટ, ફોનઃ ન્યુઝ રૂમઃ ૨૪૭૩૯૧૧/ ૧૨, જાહેરખબરઃ ૨૪૭૩૯૧૫/૧૬, સર્ક્યુલેશનઃ ૨૪૭૩૯૧૮, ફેક્સઃ ૦૨૮૧–૨૪૭૩૯૨૫ sanjsamachar@gmail.com

# તે રાતે સિવિલનું ચિત્ર : મૃતદેહના થપ્પા : સ્વજનોનું આક્રંદ : એમ્બ્યુલન્સની ચીસો : સેવાની સુવાસ

## ડોક્ટર્સ, નર્સિંગ, પેરા મેડિકલ સ્ટાફ ખડેપગે હતો, તો આ તરફ સેવાભાવી લોકો તમામ નાગરિકોને પાણી પીવડાવી ગમગીનીના વાતાવરણમાં સેવાની સોડમ ફેલાવતા હતા

### કોવિડ બિલ્ડીંગ તરીકે ઓળખાતી ઈમારતમાં પ્રથમ માળે મિસિંગ લોકોના માતા-પિતા કે ભાઈ-બહેનના ડીએનએ સેમ્પલો લેવાયા

### એક બાદ એક ફટાફટ પોસ્ટમોર્ટમ થયા, તમામ બોડીના સેમ્પલો ડીએનએ ટેસ્ટ માટે મોકલાયા : સગા સંબંધીઓને પીએમ રૂમથી દૂર ખસેડવા માઈક પર જાહેરાતો કરાઈ

રાજકોટ, તા.૨૭

ટીઆરપી ગેમ ઝોનમાં બનેલી ગોઝારી ઘટનાથી લોકોમાં રોષ ઉપરાંત ગમગીની છવાઈ છે. નાના બાળકો, યુવાનો, વડીલો, મહિલાઓની જીંદગી આ અગ્નિકાંડમાં હોમાઈ ગઈ છે. રાતે સિવિલ હોસ્પિટલનું ચિત્રવર્ણન કરીએ તો મૃતદેહના થપ્પા સાથે સ્વજનોનું આક્રંદ અને એમ્બ્યુલન્સોનું સાયરન જાણે ચીસો પાડતું હતું. ડોક્ટર્સ, નર્સિંગ સ્ટાફ, પેરા મેડિકલ ખડેપગે હતો. તો આ તરફ સેવાભાવી લોકો તમામ નાગરિકોને પાણી પીવડાવી ગમગીનીના વાતાવરણમાં સેવાની સુવાસ ફેલાવતા હતા.

**ભડથું થયેલા મૃતદેહ ઔપચારિક ક્રિયા માટે ઈમરજન્સી રૂમમાં લવાતા હતા, ત્યાંથી એમ્બ્યુલન્સમાં જ પીએમ રૂમમાં ખસેડાતા હતા**

૧૦૮ની એમ્બ્યુલન્સો, સિવિલ હોસ્પિટલની એમ્બ્યુલન્સો, ખાનગી હોસ્પિટલની એમ્બ્યુલન્સો, ખાનગી એમ્બ્યુલન્સો કામગીરીમાં લાગી ગઈ હતી. ઘટના સ્થળેથી લવાતા ભડથું થયેલા મૃતદેહ ઔપચારિક ક્રિયા માટે સિવિલ હોસ્પિટલના ઈમરજન્સી રૂમમાં લવાતા હતા. ત્યાંથી એમ્બ્યુલન્સમાં જ પીએમમાં રૂમ ખસેડાતા હતા. અહીં મૃતદેહોની રાહ જોતા હોય તેમ સ્ટ્રેચરની લાઈનો કરી દેવાઈ હતી. એક બાદ એક ફટાફટ પોસ્ટમોર્ટમ થયા હતા. અગાઉથી કાર્યરત પીએમ રૂમમાં જગ્યા ઘટતા નવો પીએમ રૂમ જે બંધ હાલતમાં હતો તે ખોલવામાં આવેલ. તેમાં પણ ઘણા મૃતદેહના પીએમ થયા. તમામ મૃતદેહમાંથી જરૂરી સેમ્પલો ડીએનએ ટેસ્ટ માટે લેવાયા હતા. પછી આ સેમ્પલો ડીએનએ ટેસ્ટ માટે મોકલાયા હતા.













(તસ્વીર : દેવેન અમરેલીયા, ભાવીન રાજગોર, પંકજ શીશાંગીયા)

પીએમ બાદ મૃતદેહો સિવિલના કોલ્ડ સ્ટોરેઝમાં મુકાયા હતા. ત્યાં પણ જગ્યા ખૂટી પડતા ૧૬ મૃતદેહ એઈમ્સ હોસ્પિટલના કોલ્ડ સ્ટોરેઝમાં ખસેડાયા હતા. આક્રંન્દ કરતા સ્વજનો સ્વભાવિક રીતે પીએમ રૂમ સુધી પહોંચી ગયા હતા. અહીં બેરીકેટ મૂકી દેવાયા હતા. પછી ઉચ્ચ અધિકારીઓ આવતા સગા સંબંધીઓને પીએમ રૂમથી દૂર ખદેડવા માઈક પર જાહેરાતો કરાઈ હતી. માઈક પર એવી જાહેરાત પણ કરાઈ હતી કે, જે લોકો મિસિંગ છે. તેમના માતા-પિતા અથવા ભાઈ બહેન ડીએનએ સેમ્પલ આપવા માટે સિવિલ હોસ્પિટલના નવા બિલ્ડીંગ, કોવિડ બિલ્ડીંગ તરીકે ઓળખાતી ઈમારતમાં પ્રથમ માળે જાય. અહીં પ્રથમ માળે સેમ્પલ લેવા પોલીસ સ્ટાફ કાગળ કાર્યવાહી કરતો હતો અને ડોક્ટરોની ટીમ સેમ્પલ કલેક્ટ કરતી હતી. આ તરફ આખા સિવિલ હોસ્પિટલ કેમ્પસમાં હજારો માણસો એકત્ર થયા હતા. કેટલાક લોકો મિસિંગ લોકોના સ્વજનો - પરિવારજનો હતા. તો મોટા ભાગના લોકો આ દ્રશ્યો જોવા આવ્યા હતા.

### દુઃખ ભરી આ ઘડીમાં પણ રાજકોટ પોતાના મૂળ સંસ્કાર ભુલ્યું નહીં

સેવા એ રાજકોટ વાસીઓના સંસ્કારમાં ઘડાયેલ છે. ટીઆરપી અગ્નિકાંડ બાદ હજારો લોકો સિવિલ હોસ્પિટલમાં એકત્ર થયા હતા. મિસિંગ લોકોના સ્વજનો - પરિવારજનો અને મોટા ભાગના લોકો આ દ્રશ્યો જોવા આવ્યા હતા. આ શોકમય વાતાવરણ અને દુઃખ ભરી આ ઘડીમાં પણ રાજકોટ પોતાના મૂળ સંસ્કાર ભુલ્યું નહીં. તાજેતરમાં કાળઝાળ તાપ બાદ રાતે પણ બફારો રહે છે. આ સ્થિતિમાં મૃતદેહો હોસ્પિટલે પહોંચ્યા અને લોકોના ટોળા એકત્ર થયાની મિનિટોમાં જ સેવાભાવી લોકોએ પીવાના પાણીની હજારો ઠંડી બોટલ હોસ્પિટલના મેદાનમાં ઠલવી દીધી હતી. તમામને આગ્રહ કરી પાણી પીવડાવવામાં આવતું હતું.

# કેન્ડલ માર્ચ દ્વારા દુર્ઘટનાના મૃતકોને શ્રધ્ધાંજલી પાઠવતુ ઈન્ડિયા ગઠબંધન

## કોંગ્રેસ પ્રમુખ શકિતસિંહ ગોહિલ, વિરોધ પક્ષના નેતા અમિતભાઈ ચાવડા, 'આપ'ના પ્રમુખ ગોપાલભાઈ ઈટાલિયા કેન્ડલ માર્ચમાં જોડાયા








રાજકોટ,તા.૨૭

રાજકોટ શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખ અતુલ રાજાણી અને આમ આદમી પાર્ટીના પ્રમુખ દિનેશભાઈ જોશીએ રાજકોટના કાલાવડ રોડ પર તંત્ર વાહકોની ઘોર બેદરકારી અને અક્ષમ્ય લાપરવાહીને પગલે સયાજી હોટલ પાછળ આવેલ ટીઆરપી ગેમ ઝોનમાં આગ લાગવાની સર્જાયેલી દુર્ભાગ્યપૂર્ણ દુર્ઘટનાને લઈ ઇન્ડિયા ગઠબંધન દ્વારા તમામ મૃતકોને ભાવભરી શ્રદ્ધાંજલિ પાઠવવામાં આવી હતી.

દુર્ઘટનામાં મૃત્યુ પામેલા દિવંગતોના આત્માને ઈશ્વર શાંતિ અર્પે એ માટે રાજકોટના રેસકોર્સ ના બહુમાળી ભવન પાસેના સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમા પાસે ઈન્ડિયા ગઠબંધનના તમામ કાર્યકર અને આગેવાન, રાજકોટ શહેરના નગરજનો દ્વારા કેન્ડલ માર્ચનો કાર્યક્રમ યોજવામાં આવેલ હતો.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ દ્વારા યોજાયેલા આજના કેન્ડલ માર્ચના કાર્યક્રમમાં ગુજરાત પ્રેસ કોંગ્રેસ સમિતિના પ્રમુખ શક્તિસિંહજી ગોહિલ, વિધાનસભા વિરોધ પક્ષના નેતા અમિતભાઈ ચાવડા, આમ આદમી પાર્ટીના પ્રદેશ પ્રમુખ ગોપાલભાઈ ઇટાલીયા, હવે કોંગ્રેસ પ્રમુખ અતુલ રાજાણી, આમ આદમી પાર્ટીના પ્રમુખ દિનેશભાઈ જોશી, ધારાસભ્ય હેમંતભાઈ ખવા, રાજકોટ લોકસભા ના ઇન્ડિયા ગઠબંધન ઉમેદવાર પરેશભાઈ ધાનાણી, પૂર્વ ધારાસભ્ય હિંમતસિંહ પટેલ, ઈન્દ્રનીલ રાજગુરુ, રાજકોટના પ્રભારી ભીખુભાઈ વારોતરીયા અને બિપેન્દ્રસિંહ જાડેજા, લલીતભાઈ વસોયા, ઋત્વિકભાઈ મકવાણા, લલીતભાઈ કગથરા, હીરાભાઈ જોધવા, હિતેશભાઈ વોરા, ગાયત્રીબા વાઘેલા, મહેશભાઈ રાજપુત, અજીતભાઈ લોખિલ, નિદતભાઈ બારોટ, દિલીપભાઈ આસવાણી, ઇન્દુભા રાઓલ, દિલીપભાઈ આસવાણી, પરેશભાઈ શિંગાળા, પ્રભાતભાઈ ડાંગર, કેશવજી પરમાર, મીનાબેન જાદવ, ઈમરાન કામદાર, હિરલબેન રાઠોડ, કૌશિક ભાઈ મકવાણા, પ્રફુલાબેન ચૌહાણ, નારણભાઈ ખેર, ગીરીશભાઈ પટેલ, આર.કે બાબરીયા, અશોકસિંહ વાઘેલા, સંજયભાઈ અજુડીયા, દિલીપભાઈ પરમાર, કેતનભાઇ તાળા, વિજયસિંહ જાડેજા, કનકસિંહ જાડેજા, યૂનુસભાઇ જુણેજા, અમિતભાઈ કટારીયા, જય કારિયા, જીતુભાઈ ઠાકર, ગજેન્દ્રસિંહ ઝાલા સહિતના આગેવાનો રાજકીય સામાજિક કાર્યકરો અને શહેરની જનતા બહોળી સંખ્યામાં કેન્ડલ માર્ચમાં ઉપસ્થિત રહી હતી.

# ગેમઝોનની દુર્ઘટનામાં જવાબદાર અધિકારીઓને બરતરફ કરી જેલ ભેગા કરો:લોક સંસદ વિચારમંચ

## મૃતકોને શ્રદ્ધાંજલિ પાઠવતુ લોક સંસદ વિચાર મંચ અને જિલ્લા નારી સુરક્ષા સમિતિ

લોક સંસદ વિચાર મંચના મોભી અને વોર્ડ નંબર ૩ના પૂર્વ કોર્પોરેટર દિલીપભાઈ આસવાણી, એડવોકેટ ઈન્દુભા રાઓલ, ગજુભા જાડેજા, પૂર્વ ફૌજી નટુભા ઝાલા, જિલ્લા નારી સુરક્ષા સમિતિના સરલાબેન પાટડીયા, એડવોકેટ ભાવનાબેન વાઘેલા, પ્રફુલાબેન ચૌહાણ, જસુબા વાંક, નિશાબેન સોલંકીએ જણાવ્યું કે રાજકોટના કાલાવડ રોડ પર ની ઘટના તંત્ર વાહકોની ઘોર બેદરકારી અને અક્ષમ્ય લાપરવાહીને પગલે બનવા પામી છે. રાજકોટના સયાજી હોટલ પાછળ આવેલ ગેમ ઝોનમાં આગ લાગવાથી સર્જાયેલી દુર્ભાગ્યપૂર્ણ ઘટનાને લઈ ઉપરોક્ત સામાજિક સંસ્થાના આગેવાનો દ્વારા તમામ મૃતકોને ભાવભરી શ્રદ્ધાંજલિ પાઠવવામાં આવી છે દુર્ઘટનામાં મૃત્યુ પામેલા દિવંગતોના આત્માને ઈશ્વર શાંતિ અર્પે એવી પરમ કૃપાળુ પરમાત્મા પાસે પ્રાર્થના.

રાજકોટમાં ટીઆરપી માં બનેલી આગ ની દુર્ઘટનામાં બાળકો સાથે પરિવારો હોમાયા છે. આ ગેમ ઝોનએ છેલ્લા ત્રણ ચાર વર્ષથી ધમ ધમતું હતું. જે અંગે રાજકોટ મહાનગરપાલિકાનું ભ્રષ્ટ તંત્ર પૂરી રીતે વાકેફ હતું અને સોશિયલ મીડિયામાં રાજકોટ મહાનગરપાલિકા અને પોલીસ અધિકારીઓના આ ગેમ ઝોનની તત્કાલીન સમયે મુલાકાતના ફોટાઓ પણ જ્યારે વાયરલ થયા છે ત્યારે આ ગેમ ઝોનમાં ફાયર નું એનઓસી લેવામાં આવેલ નથી એટલું જ નહીં રાજકોટ પોલીસ કમિશનરનું જાહેરનામું છે કે પેટ્રોલ પંપ પરથી બોટલમાં પણ પેટ્રોલ ભરવું નહીં ત્યારે આ ગેમ ઝોનમાં પેટ્રોલના બેરલો ભરેલ હોય એ ક્યાંથી મેળવેલ હતા તપાસનો વિષય છે. જવાબદાર અધિકારીઓને સસ્પેન્ડ નહીં પરંતુ બરતરફ કરી જેલ ભેગા કરી દાખલા રૂપ સજા મળવી જોઈએ.

# ટીઆરપી અગ્નિકાંડમાં પ્રથમ અંતિમ યાત્રા નીકળી, કર્મચારી સુનિલ સિધ્ધપુરાના ડીએનએ મેચ થયા'તા







### ૧૦ વર્ષની બાળકી પપ્પાની રાહ જોતી રહી અને જોઈ પણ ન શકાય તેવો મૃતદેહ ઘરે પહોંચ્યો

રાજકોટ, તા.૨૭

ટીઆરપી અગ્નિકાંડમાં પ્રથમ અંતિમ યાત્રા નીકળી હતી. રાજકોટના એરપોર્ટ રોડ પર રહેતા અને કર્મચારી સુનિલ સિધ્ધપુરાના ડીએનએ મેચ થયા હતા તેમના પરિવારને રાત્રે જ જાણ કરી દેવાઈ હતી. વહેલી સવારે મૃતદેહ સોંપતા અંતિમ યાત્રા નીકળી હતી. તેની ૧૦ વર્ષની બાળકી પપ્પાની રાહ જોતી રહી અને જોઈ પણ ન શકાય તેવો મૃતદેહ ઘરે પહોંચ્યો હતો.

સુનીલભાઈ હસમુખભાઈ સિધ્ધપુરા (ઉ.વ.૪૫, રહે. જુનો એરપોર્ટ રોડ ગેટ પાસે) નામનો યુવક ટીઆરપી ગેમ ઝોનમાં કામ કરતો હતો અને ગેમ ઝોનની દુર્ઘટના બાદ મળી આવેલ નહોતો. જે અંગે તેઓનાં ભાઈએ જણાવ્યું કે, સુનીલભાઈ ગત ૧/૫/૨૦૨૪ ના રોજ ટીઆરપી ગેમ ઝોનમાં નોકરી પર લાગ્યાં હતાં. તેઓને બપોરના ૨ વગ્યાથી રાત્રિના ૨ વાગ્યાં સુધીની નોકરી હતી. તેઓ બે ભાઈ અને બે બહેનમાં નાના અને તેમને સંતાનમાં એક દિકરી છે. વધુમાં તેમનાં ભાઈએ જણાવ્યું કે ગેમ ઝોનમાં આગ લાગી હોવાનું જાણ થતાં તુરંત સુનિલભાઈને ફોન કરતાં તેઓનો ફોન સ્વીચ ઓફ આવ્યો હતો.


**:: જાહેર નોટીસ ::**

આથી જાણ કરવામાં આવે છે કે, ગુજરાત રાજયના રાજકોટ જીલ્લાના રાજકોટ શહેરમાં સમાવેશ કરવામાં આવેલ ગામ રૈયાના રે.સ.નં.૧૨૦ પૈકીના બીનખેડવાણ અને ઈમારત બાંધવાની મંજુરીવાળી જમીન કે જે ''દર્શન પાર્ક''તરીકે ઓળખાતા વિસ્તારનાં પ્લોટો પૈકી પ્લોટ નં.૩૩ ના સબ-પ્લોટ નં.૩૩/બીની જમીન ચો.મી.આ.૪૫-૦૦ જેના ચો.વા.આ.૫૩-૮૨ સહીતના બાંધકામવાળા મકાન (૧) શ્રી મારૂ શ્વેતા ઈશ્વરલાલ (૨) રાઠોડ મનોજકુમાર ચુનીલાલએ શ્રીમતી વંદના શૈલેષકુમાર શુકલ પાસેથી રજી.વે.દ.અનુ.નં.૪૧૬૨, તારીખ ૧૧/૦૬/૨૦૧૮ ના રોજથી ખરીદ કરેલ છે. ત્યારથી સદરહું મિલકત (૧) શ્રી મારૂ શ્વેતા ઈશ્વરલાલ (૨) રાઠોડ મનોજકુમાર ચુનીલાલની માલીકી અને કબજા ભોગવટાની આવેલ છે. સદરહું મકાન મારા અસીલ તેઓની પાસેથી ખરીદ કરવા માંગે છે.

સદરહું દુકાન પરત્વે કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હિત, હિસ્સો, દર દાવો, ભરણ પોષણનો હકક, લીયન, ચાર્જ, ગીરો-બોજો, ટાઈટલ, અગ્રહકક કે સરકારી કે અર્ધ સરકારી બેંક, પ્રાઈવેટ પેઢી, મંડળી ફાઈનાન્સ કે કોઈ અન્ય વ્યકિતનો કોઈપણ જાતનો વાંધો કે તકરાર હોય તો દિવસ-૧૦ માં અમોને લેખીત આધાર પુરાવા સાથે જાણ કરવી. સદરહું મુદત વિત્યા બાદ કોઈનો વાંધો તકરાર કે હકક હિસ્સો નથી અથવા હોય તો જતો (Waive)કરેલ છે.તેમ માની મારા અસીલ રજી. વેંચાણ દસ્તાવેજ કરવાની કાર્યવાહી હાથ ધરી રજી. વેંચાણ દસ્તાવેજથી સદરહું મિલકત ખરીદ કરશે.મુદત વિત્યા બાદ કોઈનો કોઈપણ જાતનો વાંધો કે તકરાર મારા અસીલને બંધનકારક રહેશે નહિં. જેની જાહેર જનતા તથા લાગતા વળગતાઓએ સ્પષ્ટ નોંધ લેવી.

સ્થળ: રાજકોટ તા. ૨૫/૦૫/૨૦૨૪ — અમારી જાણ તથા સુચના અનુસાર

**રાજેશ એચ.પટેલ એડવોકેટસ**
રાજેશ એચ.પટેલ
ઠે.૧૦૫-ઉમેશ કોમ્પલેકસ ચૌધરી હાઈસ્કુલ પાસે, રાજકોટ મો.નં.૯૯૯૮૩ ૫૬૫૪૪

**જાહેર નોટીસ**

આથી લાગતા વળગતા તથા જાહેર જનતાએ જાહેર નોટીસ આપી જાણ કરવામાં આવે છે કે ગુજરાત રાજયના રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ રાજકોટના સબ-ડીસ્ટ્રીકટ ઉપલેટાના ગામ જામ ટીંબડીના ખાતા નં.૬૮૫, રેવન્યુ સર્વે નં.૧૧૭ પૈકી ૧, હે.આરે.ચો.મી. ૨-૩૭-૭૫ તથા રે.સર્વે નં.૫૭૯/૩, હે.આરે.ચો.મી. ૦-૦૯-૧૧ વાળી જુની શરતની સીમ જમીન (૧) મંજુલાબેન કાળીદાસભાઈ માકડીયા (૨) યતીનભાઈ કાળીદાસ માકડીયા (૩) ધર્મિષ્ઠાબેન કાળીદાસભાઈ માકડીયાને વારસાઈ હકકની આવેલ છે. તે જમીન ઉપરોક્ત જમીન માલીક પાસેથી ઉપરોક્ત જણાવેલ ખેતીની જમીન મારા અસીલ ખરીદ કરવા માંગે છે.

સબબ ઉપરોક્ત વર્ણનવાળી મિલ્કત સંબંધે કે તેના વેચાણ, વ્યવહાર અંગે કે તેના ટાઈટલ ડીડઝ પરત્વે કોઈને કોઈપણ પ્રકારનો વાંધો, તકરાર, વારસાઈ લાગ-ભાગ, હકક, હિત, દાવો, કરજ, ગીરો, ભરણપોષણ કે અન્ય કોઈ હિત સંકળાયેલ હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિવસ-૭ (સાત)માં નીચેના સરનામે દસ્તાવેજી આધાર, પુરાવાઓ સાથે લેખીતમાં જાણ કરવી. મુદત દરમ્યાન કોઈના વાંધા-તકરાર નહી આવે તો કોઈને વાંધો-તકરાર નથી અને હોત તો જતો (WAIVE) કરેલ છે તેમ માની મારા અસીલ સદરહું મિલકત ખરીદવા અંગેની આગળની કાર્યવાહી પુરી કરશે અને ત્યારબાદ કોઈપણ જાતના વાંધા કે તકરાર મારા અસીલને બંધનકર્તા રહેશે નહી. જેની જાહેર જનતા તથા લાગતા-વળગતાઓએ નોંધ લેવી.

અસીલની સુચનાથી — **માકડીયા યતિન કાળીદાસ** અસીલની સહી

**હાર્દિકકુમાર ડી.મલ્લી. એડવોકેટ**
ટાવર ચોક, મામલતદાર ઓફીસ પાસે, ઉપલેટા, જી.રાજકોટ.
મો. ૯૯૭૮૪ ૮૬૯૮૨, ૮૨૦૦૫ ૮૦૦13

**SMFG ઈન્ડિયા ક્રેડિટ કંપની લિમિટેડ**
(અગાઉનું ફુલર્ટન ઈન્ડિયા ક્રેડિટ કંપની લિમિટેડ)
કોર્પોરેટ ઓફિસ: ૧૦મો માળ, ઓફિસ નંબર ૧૦૧,૧૦૨ અને ૧૦૩, ૨ નોર્થ એવન્યુ, મેકર મેક્સિટી, બાંદ્રા કુર્લા કોમ્પ્લેક્સ, બાંદ્રા (ઈ), મુંબઈ - ૪૦૦૦૫૧

**સ્થાવર મિલકતોના વેચાણ માટે વેચાણની સૂચના**

સિક્યોરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ હેઠળ સ્થાવર સંપત્તિ (ઓ)ના વેચાણ માટે ૧૫ દિવસની ઇ-ઓક્શન સેલ નોટિસ, સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ના નિયમ ૮ અને ૯ની જોગવાઈ સાથે વાંચવામાં આવી છે. આથી જાહેર જનતાને સામાન્ય રીતે અને ખાસ કરીને ઋણ લેનાર(ઓ) અને બાહેંધરી આપનાર(ઓ)ને સૂચના આપવામાં આવે છે કે નીચે વર્ણવેલ સ્થાવર મિલકતો સિક્યોર્ડ ક્રેડિટર પાસે ગીરો/ચાર્જ કરેલ છે, જેનો કબજો **SMFG ના અધિકૃત અધિકારી દ્વારા લેવામાં આવ્યો છે. ઇન્ડિયા ક્રેડિટ કો. લિ. (અગાઉ ફુલર્ટન ઇન્ડિયા ક્રેડિટ કો. લિ.) સિક્યોર્ડ ક્રેડિટર,** અહીં દર્શાવેલ તારીખ અને સમય પર ''જેમ છે ત્યાં'', ''જેમ છે તેમ'' અને ''જે છે તે'' પર વેચવામાં આવશે. ફુલર્ટન ઈન્ડિયા ક્રેડિટ કંપની લિમિટેડ/સુરક્ષિત લેણદારને લીધે, અહીં નીચે દર્શાવેલ બાકી રકમની વસૂલાત માટે અને તેના પરના વધુ વ્યાજ અને અન્ય ખર્ચાઓ, અહીં નીચે દર્શાવેલ અનામત કિંમત, અર્નેસ્ટ મની ડિપોઝિટ (EMD) અને EMD ડિપોઝિટની છેલ્લી તારીખ પણ અહીં નીચે દર્શાવેલ છે:

| ઉધાર લેનાર/જામીનદાર/લોન ખાતું | ડિમાન્ડ નોટિસ તારીખ, રકમ અને કબજાનો પ્રકાર | સ્થાવર મિલકતનું વર્ણન | અનામત કિંમત, EMD અને EMD સબમિટ કરવાની છેલ્લી તારીખ | ઈ-ઓકશનની તારીખ અને સમય |
|---|---|---|---|---|
| ૧) જીજ્ઞેશ મનહરલાલ પટેલ ૨) ભારતીબેન જીજ્ઞેશભાઈ ચોવટીયા | ૨૮.૦૮.૨૦૨૧ રૂ. ૨,૧૪,૪૯,૯૧૯/- (રૂપિયા બે કરોડ ચૌદ લાખ ઓગણપચાસ હજાર નવસો ઓગણીસ માત્ર) ૮મી જાન્યુઆરી, ૨૦૨૩ | સિક્યોર્ડ એસેટ ૨: - જમીનનો તમામ ભાગ અને પાર્સલ/ ફ્લેટ/ બેરિંગ પ્લોટ/ બિન-કૃષિ ફ્રીહોલ્ડ બાંધવામાં આવેલી વાણિજ્યિક મિલકત જેમાં ઓફિસ નં - ૩૦૭ કાર્પેટ ૪૨-૭૫ કાર્મેટ સાથે છે. ''હેમ આર્કેડ'' ના ત્રીજા માળે ૪૯૨-૭૧ SQ MTR માં લેન પર બાંધવામાં આવ્યું છે. સીટી સર્વે નંબર -૨૦૬૭ પી, રાજકોટનો સીટી સર્વે વોર્ડ નંબર - ૧૪. બાઉન્ડેડ: - ઉત્તર - લિફ્ટ, - પેસેજ અને સીડી, દક્ષિણ - ખુલ્લી જગ્યા પછી રોડ, પૂર્વ - ઓફિસ નંબર ૩૦૬ અને પશ્ચિમ - અન્ય મિલકત. | અનામત કિંમત: રૂ. ૨૪,૦૦,૦૦૦/- (માત્ર ચોવીસ લાખ રૂપિયા) EMD: રૂ. ૨,૪૦,૦૦૦/- (રૂપિયા બે લાખ ચાલીસ હજાર માત્ર) EMD જમા કરવાની છેલ્લી તારીખ: ૧૨/૦૬/૨૦૨૪ | તારીખ: ૧૩/૦૬/૨૦૨૪ સમય: ૧૧:૦૦ am થી ૦૨:૦૦ pm (દરેક ૫ મિનિટના અમર્યાદિત એક્સટેન્શન સાથે) |

વેચાણના વિગતવાર નિયમો અને શરતો માટે, કૃપા કરીને સંપર્ક કરો (૧) શ્રી સાગર સોલંકી +૯૧૯૯૧૩૪૦૧૯૭૨ (૨) શ્રી વીરેન્દ્ર સિંહ ચુંડાવત +૯૧૯૭૨૭૭૬૦૧૫૩ અથવા ફુલર્ટન ઇન્ડિયા ક્રેડિટ કંપની લિમિટેડ/સિક્યોર્ડ ક્રેડિટર્સની વેબસાઈટ : www.smfgindiacredit.com
તારીખ: ૨૭/૦૫/૨૦૨૪. — SD/-, અધિકૃત અધિકારી-
સ્થળ: રાજકોટ — SMFG ઈન્ડિયા ક્રેડિટ કંપની લિમિટેડ (અગાઉ ફુલર્ટન ઇન્ડિયા ક્રેડિટ કંપની લિમિટેડ)

નં.એમ.એ.જી.જન્મ-મરણ/રજી.કેસ નં.૯૮/૨૦૨૪
**જાહેર નોટીસ**

અરજદાર
(૧) અશ્વિનભાઈ હરિભાઈ ભુવા
મુ.લુણાગરા તા.જેતપુર
વિરૂદ્ધ
(૨) રજીસ્ટ્રારશ્રી, જન્મ-મરણ નોંધણી અધિકારી અને તલાટી કમ-મંત્રીશ્રી લુણાગરા ગ્રામ પંચાયત કચેરી, તા.જેતપુર જી.રાજકોટ
સામાવાળા

વિષય: જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩ (૩) હેઠળની નોટિસ

આ જાહેર નોટીસથી લાગતા-વળગતાઓને જાણ કરવામાં આવે છે કે, અરજદારશ્રીના માતુશ્રી કડવીબેન હરિભાઈ ભુવાનું અવસાન તા.૨૫/૦૩/૧૯૯૭ ના રોજ લુણાગરા મુકામે થતાં તેમના અવસાનની નોંધ જે તે વખતે સામાવાળાના અવસાન રજીસ્ટરે થઈ શકેલ ન હોય જેથી તેની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં તે અંગે હુકમ મળવા અરજ કરેલ છે. સદરહું હુકમ થવા સામે જે કોઈને વાંધો-તકરાર હોય તેઓએ અત્રેની કોર્ટ સમક્ષ જરૂરી આધાર-પુરાવા સાથે તા.૧૩/૦૬/૨૦૨૪ ના રોજ ૧૧-૦૦ કલાકે પ્રાંત કચેરી 'તાલુકા સેવા સદન' ૨૧-સ્ટેશન પ્લોટ ગોંડલ ખાતે હાજર રહેવા મુદત મુકરર કરવામાં આવેલ છે. આ મુદતે અરજદાર/તમો સામાવાળા જે કોઈ આધાર-પુરાવા રજુ કરવા માંગતા હોય તે જાતે અથવા કાયદેસરના મુખત્યાર મારફત રજુ કરવા હાજર રહેશો.મુદતે હાજર રહેવામાં કસુર કરશો તો તમારે આ બાબતે કાંઈ કહેવાનું નથી તેમ માની આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જે જાણશો.

આજ તા.૧૬/૦૫/૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટની મહોર સાથે નોટીસ બહાર પાડવામાં આવેલ.

કોર્ટનો સીકકો — સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટ ગોંડલ

**જાહેર નોટીસ**

રાજકોટ શહેરમાં રામકૃષ્ણ આશ્રમની પશ્ચિમ તરફ આવેલ રામકૃષ્ણનગર શેરી નં.૧માં આવેલ લેખ નં. ૧૨૫/૨૦૨૪ તા.૧૩/૦૧/૧૯૪૮ માંહેથી પ્લોટ નં.૧૮ પૈકીની ઉત્તર તરફની જમીન કે જેના સીટી સર્વે વોર્ડ નં.૧૫, સીટી સર્વે નં.૨૪૧૩ પૈકીની જમીન ચો.વા.આ. ૩૫૦-૦-૦ ચો.મી. ૨૯૨.૬૫ સહિતના ઉભા ઈમલાવાળા મકાન શ્રીમતી ભાનુબેન ત્રિભોવનદાસ પાંઉએ ૧ નંબરની બુકનાં નં.૩૭૮૬ તા.૨૫/૦૯/૧૯૭૮ થી નોંધાયેલ વેચાણ દસ્તાવેજથી ખરીદ કરતા સદરહુ મિલકત તેમની માલિકી, કબ્જા, ભોગવટાની થયેલ છે. મારા અસીલો સદરહુ મિલકત શ્રીમતી ભાનુબેન ત્રિભોવનદાસ પાંઉ પાસેથી ખરીદ કરવા ઈચ્છે છે.

સદરહુ મિલકતની માલિકી, ટાઈટલ કે કબ્જા પરત્વે જે કોઈના કોઈપણ પ્રકારના હકક, હિત, હિસ્સા, અધિકાર, ભાગલાગ, દરદાવા, ભરણપોષણ હકક, વારસાઈ હકક કે અન્ય કોઈપણ પ્રકારનું લેણું, કરજ, બોજો કે અન્ય કોઈપણ પ્રકારના વાંધા-તકરાર હોય તેમણે આ નોટીસ પ્રસિધ્ધ થયાની તારીખથી દિવસ-દસમાં અમારી ઓફિસે લેખિત રજુઆત કરવી. મુદત વિત્યા બાદ અમારા અસીલ સદરહુ મિલકત પરત્વેના વેચાણ વ્યવહારો પૂર્ણ કરશે અને ત્યારબાદ કોઈના કોઈપણ પ્રકારના વાંધા-તકરારો અમારા અસીલને શુધ્ધબુધ્ધિના ખરીદનાર તરીકે બંધનકર્તા રહેશે નહી તેની લાગતા વળગતાઓએ સ્પષ્ટ નોંધ લેવી.

રાજકોટ. તા.૨૫/૦૫/૨૦૨૪

**ઉદયન ર. દેવમુરારિ / અભય એસ.બારડ એડવોકેટસ**
ઠે. ''રમણીક હાઉસ'', ડો. યાજ્ઞિક રોડ, રાજદુત હોટલવાળી શેરી, રાજકોટ.
મો.નં.૯૪૨૬૩ ૨૬૨૬૮, ૯૯૦૯૪ ૯૯૮૭૬

**જાહેર નોટીસ**

આથી લાગતા વળગતા તથા જાહેર જનતાને આ જાહેર નોટીસ આપી જાણ કરવામાં આવે છે કે:-

ગુજરાત રાજયના રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ રાજકોટના સબ-ડીસ્ટ્રીકટ જસદણના ગામ મકળાપુરના ખાતા નં.૪૦૬ના રેવન્યુ સર્વે નં. ૮૯૧ પૈકી ૧ની જુની શરતની જરાયત પ્રકારની ખેતીની જમીન હે.આરે.ચો.મી. ૦-૮૯-૦૩ કે જે 'મદાવાની કેડીનું ખેતર' તરીકે ઓળખાય છે. જે ભરતભાઇ જેરામભાઇ દુધરેજીયા વિગેરેના નામે હકકપત્રક નં.૬માં નોંધ નં. ૩૬૦૩થી આવેલ છે. તે જમીન ઉપરોકત જમીન માલીક પાસેથી ઉપરોકત જણાવેલ ખેતીની જમીન મારા અસીલ ખરીદ કરવા માંગે છે.

સબબ ઉપરોકત વર્ણનવાળી મિલ્કત સબંધે કે તેના વેચાણ, વ્યવહાર અંગે કે તેના ટાઇટલ ડીડઝ પરત્વે કોઇને કોઇપણ પ્રકારનો વાંધો, તકરાર, વારસાઇ લાગ-ભાગ, હકક, હિત, દાવો, કરજ, ગીરો, ભરણ-પોષણ કે અન્ય કોઇ હિત સંકળાયેલ હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિવસ-૭(સાત)માં નીચેના સરનામે દસ્તાવેજી આધાર, પુરાવાઓ સાથે લેખીતમાં જાણ કરવી મુદત દરમ્યાન કોઇના વાંધા-તકરાર નહીં આવે તો કોઇને વાંધો-તકરાર નથી અને હોય તો જતો (WAIVE) કરેલ છે. તેમ માની મારા અસીલ સદરહું મિલ્કત ખરીદવા અંગેની આગળની કાર્યવાહી પુરી કરશે અને ત્યારબાદ કોઇપણ જાતના વાંધા કે તકરાર મારા અસીલને બંધનકર્તા રહેશે નહી, જેની જાહેર જનતા તથા લાગતા-વળગતાઓએ નોંધ લેવી.

સ્થળ : રાજકોટ. તા. ૨૭/૦૫/૨૦૨૪

**કલ્પેશ એલ. સાકરીયા (એડવોકેટ)**
ઠે. ઓફીસ નં.૧, પહેલો માળ, બ્રહ્માણી કોમ્પલેક્ષ, ગુજરાત ટ્રાવેલ્સની બાજુમાં, આજીડેમ ચોકડી, રાજકોટ. મો. નં. ૭૭૭૭૯ ૯૯૩૦૨

# પોલીસ અને મીડિયાની ભૂલ અને નિર્દોષ વ્યક્તિ 'આરોપી' બની ગયો : દેશભરમાંથી ફોન આવ્યા

## અંકુર સંખાલા નામના વ્યક્તિને TRP ગેમઝોનમાં માલિક અને આરોપી યુવરાજસિંહ તરીકે દર્શાવતા યુવાન હેરાન પરેશાન થયો




રાજકોટ : ગઈકાલે શહેરના નાના મૌવા પાસે મોકાજી સર્કલ પાસે આવેલ ટી.આર.પી ગેમ ઝોનમાં ભયાનક આગ લાગી હતી. ભીષણ આગ લાગવાના સમાચાર ફટાફટ ફેલાતા અનેક લોકો ત્યાં પહોંચ્યા હતા. કોઈ તેના સ્વજન માટે, કોઈ મિત્ર માટે. એ જ રીતે અંકુર સંખાલા નામનો યુવાન જે ટી.આર.પી ગેમ ઝોન પર પહોંચ્યો હતો કારણ કે તેના મિત્ર અંદર હતા. સ્વાભાવિક છે કે આગ એટલી વિકરાળ હતી કે કોઈને અંદર જવાની મનાઈ હતી અને પોલીસ અને ફાયર ફાઈટર રેસ્ક્યુની પૂરી જહેમત ઉઠાવી રહ્યા હતા. તે સમયે આ યુવાન અંકુરને ક્રાઈમ બ્રાન્ચનાં પી.આઈ. ગોંડલિયા દ્વારા બહાર કાઢવામાં આવ્યા હતા અને રકઝક થઈ હતી. પોલીસને પ્રાથમિક રીતે થયું કે અંકુર સ્થળનો માલિક છે પરંતુ તમામ પુરાવા આપ્યા અને તેને જવા દેવામાં આવ્યો હતો. આ રકઝક થઈ તે અમુક મીડિયા દ્વારા કેમેરામાં કેદ કરવામાં આવી હતી. અને અંકુરને ટી.આર.પી ગેમ ઝોનના માલિક અને હવે આરોપી યુવરાજસિંહ સોલંકી તરીકે ફોટો અને સમાચાર વાયરલ થઈ ગયા હતા. આ વ્યક્તિ તો ત્યારબાદ ઘરે જતો રહ્યો હતો પરંતુ શનિવાર રાતથી તે સૂઈ નથી શક્યો. એક તો આગના બનાવનું દુ:ખ અને બીજું અસંખ્ય ફોન કોલ આવ્યા. આ ઉપરાંત અનેક અખબાર અને મીડિયા ચેનલ દ્વારા તેનો ચેહરો આરોપી તરીકે દર્શાવતા પરિવારજનો અને મિત્રોના ફોન કોલ આવવાનો સિલસિલો ચાલુ રહ્યો. પરંતુ આ વ્યક્તિ કાપડનો વેપારી છે અને તે આરોપી નથી, તેવું તેને જણાવ્યું હતું.

# ડેડબોડીની સંખ્યા વધતા યુધ્ધનાં ધોરણે નવા બંધ પી.એમ. રૂમની સાફસફાઈ કરી કાર્યરત કરાયો

## હાલનો પી.એમ. રૂમ મૃતદેહોથી ફુલ થઇ જતા થોડી કલાકો સુધી ડેડબોડીને બહાર રાખવી પડી હતી




રાજકોટ, તા. ૨૭

રાજકોટમાં ટીઆરપી ગેમ ઝોનની દુર્ઘટનાના પગલે સિવિલ હોસ્પિટલમાં રાત્રે મૃતદેહો મોટી સંખ્યામાં પી.એમ. માટે લાવવામાં આવતા પી.એમ. રૂમમાં જગ્યા ટુંકી પડતા યુધ્ધનાં ધોરણે પી.એમ. રૂમની બાજુમાં નવો પી.એમ. રૂમ હોય જે બંધ હાલતમાં હોવાથી તેને યુધ્ધનાં ધોરણે સાફ કરી કાર્યરત કરવામાંઆવ્યો હતો અને બહાર રખાયેલા મૃતદેહોને નવા પી.એમ.રૂમમાં રાખવાની વ્યવસ્થા કરવામાં આવી હતી.

શનિવારે ટીઆરપી ગેમ ઝોન જોતજોતામાં સળગી ઉઠતા બાળકો સહિત અનેક નાના-મોટા વ્યકિતઓ આગમાં ભડથુ થતા મોટી સંખ્યામાં મૃતદેહોને સિવિલ હોસ્પિટલમાં લાવવામાં આવતા હાલના હયાત પી.એમ. રૂમમાં અંદાજે ૧૦-૧૨ ડેડબોડી રહી શકે તેવી સુવિધા હોય પરંતુ ડેડબોડીની એકી સાથે સંખ્યામાં વધારો થતા યુધ્ધના ધોરણે પી.એમ.ની બાજુમાં જ નવો પી.એમ.બંધ હોય જે ખોલીને તાત્કાલીક સાફ સફાઇ સાથે છત ઉપર પાણીની ટાંકીઓ ભરી નવા પી.એમ. રૂમને પાણીથી ધોઇ સાફ કરવામાં આવ્યો હતો. આ કામગીરી દરમિયાન આવેલા મૃતદેહોને પી.એમ. રૂમની બહાર રાખવામાં આવ્યા હતા તેને નવા પી.એમ. રૂમમાં રાખવામાં આવ્યા હતા.સિવિલ હોસ્પિટલ તંત્રને નવા બંધ પી.એમ.ને ખોલવાની ફરજ પડી હતી.

# સિવિલના કોલ્ડ સ્ટોરેઝમાં જગ્યા ખૂટી પડતા ૧૬ મૃતદેહ એઈમ્સમાં મોકલાયા

## રાજકોટ એઈમ્સના ડોક્ટરો પણ મદદ માટે સિવિલ હોસ્પિટલમાં દોડી આવ્યા, એડમીન સ્ટાફ પણ જોડાયો

રાજકોટ, તા.૨૭

ટીઆરપી અગ્નિકાંડ બાદ રાજકોટ સિવિલ હોસ્પિટલમાં મૃતદેહના થપ્પા લાગ્યા હતા. અહીં તમામ મૃતદેહના પોસ્ટ મોર્ટમ થયા હતા. બોડીના સેમ્પલ ડીએનએ ટેસ્ટ માટે મોકલાયા હતા. એક પણ મૃતદેહની ઓળખ થઈ શકે એમ ન હોવાથી ફરજિયાત ડીએનએ ટેસ્ટના રિપોર્ટની રાહ જોવી પડે એવી સ્થિતિનું નિર્માણ થયું હતું. આ દરમિયાન મૃતદેહો ફરજિયાત કોલ્ડ સ્ટોરેઝમાં રાખવા પડે એમ હોવાથી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં મર્યાદિત કોલ્ડ સ્ટોરેઝ છે. એટલે ૧૬ જેટલા મૃતદેહ એઇમ્સ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. આ ઉપરાંત રાજકોટ એઇમ્સ હોસ્પિટલના કેટલાક ડોક્ટર્સ પણ રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ફાળવવામાં આવ્યા હતા. ડોક્ટરો મદદે દોડ્યા એ ઉપરાંત એડમીન સ્ટાફ પણ કામગીરીમાં સિવિલ હોસ્પિટલ ખાતે જોડાયો હતો.

# સિવીલ હોસ્પીટલમાં એક તરફ મૃતકોનાં પરિવારજનો બિચારા હવાતીયા મારતા હતા તો પોલીસ મહાનુભાવોની ચાપલુસી કરતી હતી

## જશ ખાટવા આવી ગયેલા મહાનુભાવો માટે પોલીસ ખુરશીની વ્યવસ્થામાં પડી ગઈ!!

રાજકોટ તા.૨૭

ટીઆરપી ગેમઝોનની કરૂણાંતિકામાં મોતને ભેટનાર લોકોની લાશો ફાયર બ્રિગેડ મહામહેનતે એકત્ર કરી સિવીલ હોસ્પીટલે ખસેડતી હતી. ત્યારે સિવીલ હોસ્પીટલમાં માનવતા શરમાય તેવા દ્રશ્યો નજરે પડયા હતા.

મૃતકોનાં પરિવારજનો એક તરફ હોસ્પીટલમાં હેરાનગતિ ભોગવતા હતા તો બીજી તરફ સિવીલ હોસ્પીટલમાં જશ ખાટવા ઉમટી પડેલા મહાનુભાવોની ચાપલુસી કરતી પોલીસ નજરે પડતી હતી.

એક તરફ મૃતકોનાં પરિવારજનો હવાતીયા મારતા હતા ત્યારે પોલીસ સિવીલ હોસ્પીટલમાં મહાનુભાવોને બેસવા માટે ખુરશીની વ્યવસ્થા કરવામાં પડી ગઈ હતી!

# આરોપી પક્ષે કોઈ વકીલ નહીં રોકાય : રાજકોટ બારનો નિર્ણય



રાજકોટ : ટીઆરપી અગ્નીકાંડમાં સંચાલકોની બેદરકારી અંગે ગુનો દાખલ થયો છે. આ અંગે રાજકોટ બાર એસો.એ ઠરાવ કર્યો છે. નિર્દોષ લોકોના જીવ ગયા છે ત્યારે આ ગુનાના આરોપીઓ પક્ષે કોઈ વકીલ નહીં રોકાય તેવો નિર્ણય રાજકોટ બાર એસો.એ લીધો છે.

રાજકોટ બારના ઉપપ્રમુખ સુરેશભાઈ ફળદુએ જણાવ્યા મુજબ ઠરાવ કરાયો છે કે, શનિવારે રાજકોટમાં ટીઆરપી ગેમ ઝોનમાં આગ લાગવાથી અનેક લોકોના મૃત્યુ થયાના સમાચાર વર્તમાન પત્ર તથા ટીવી માધ્યમો દ્વારા જાણવા મળેલ છે. રાજકોટ બાર એસોસિએશન આ દુ:ખદ ઘટનાને અનુસંધાને જવાબદાર લોકોને સખત શબ્દોમાં વખોડે છે. તથા અવસાન પામેલા તમામ મૃતકોને તેઓના આત્માને શાંતિ માટે શ્રદ્ધાંજલિ આપે છે. ઉપરાંત આ ઘટનામાં તમામ જવાબદાર લોકો સામે સખત કાર્યવાહી થાય તેવું ઈચ્છે છે, આ ઘટનામાં તમામ જવાબદાર લોકો તરફે સામાજિક નૈતિક જવાબદારી સમજીને કોઈપણ વકીલોએ વકીલ તરીકે રોકાવું નહીં. તેવી રાજકોટ બાર એસોસિએશન તરફથી વિનંતી કરવામાં આવી છે.

# ટીઆરપી ગેમઝોન દુર્ઘટના સ્થળનું ગૃહ રાજયમંત્રી હર્ષ સંઘવીએ નિરીક્ષણ કર્યુ

## ઘટનાના જવાબદારો સામે કડક પગલા લેવાના નિર્દેશો આપ્યા




રાજકોટ, તા. ૨૭

ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ મોડી રાત્રે રાજકોટ આવીને ટી.આર. પી. ગેમ ઝોન દુર્ઘટના સ્થળની મુલાકાત લઈ આ ઘટના અંગેની તમામ વિગતો મેળવી હતી. મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલે આ દુર્ઘટના અંગે દુ:ખ વ્યક્ત કરી તપાસ અર્થે તાત્કાલિક 'સીટ'નું ગઠન કરી વહેલામાં વહેલી તકે જવાબદાર વ્યક્તિઓ વિરૂધ્ધ પગલાં લેવા માટે જણાવ્યું હોવાનું શ્રી હર્ષ સંઘવીએ પત્રકારો સાથે વાતચીત કરતાં જણાવ્યું હતું.

ઊંડા ખેદની લાગણી વ્યક્ત કરતા ગૃહમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, સરકારની સંવેદના આ દુર્ઘટનામાં જીવ ગુમાવનારા લોકોના પરિવારજનો સાથે છે. પોલીસ વિભાગ દ્વારા ત્વરિત કામગીરી કરી ઘટનાના થોડા સમયમાં જ ગેમ ઝોનના માલીક સહીત જવાબદાર લોકોને ઝડપી લેવામાં આવ્યાં છે, તેમજ સંલગ્ન અન્ય જવાબદાર લોકોને પણ વહેલી તકે પકડી લેવામાં આવશે.

હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, આગનું સ્વરૂપ અત્યંત વિકરાળ હતું, અને થોડી મીનીટોમાં જ આગ ચોતરફ પ્રસરી ગઈ હતી. ઘટના બની તેની થોડી મિનિટોમાં જ ફાયર ફાઈટરની ટીમ દ્વારા આગ ઓલવવાની કામગીરી શરુ કરી દેવામાં આવી હતી. તેમજ બચાવ કાર્ય શરુ કરી દેવામાં આવ્યું હતું. દુર્ઘટના માટે જવાબદાર એવા તમામ લોકો સામે કડક કાર્યવાહી કરવામાં આવશે તેવો વિશ્વાસ મંત્રીએ અપાવ્યો હતો. મંત્રી હર્ષ સંઘવી રાજકોટ ખાતે જ રોકાઈ ઉચ્ચ અધિકારીશ્રીઓએ સાથે રહી કામગીરી પર વોચ રાખી રહ્યા છે.

ગૃહમંત્રીએ ટીઆરપી ગેમિંગ ઝોન, દરબાર ચૌક, નાના મૌવા ખાતે આવેલા ઘટનાસ્થળની મુલાકાત લઈ પોલીસ કમિશનર શ્રી રાજુ ભાર્ગવ, મ્યુનિસિપલ કમિશનર આનંદ પટેલ, નાયબ મ્યુનસિપલ કમિશનર સ્વપિનલ ખરે, ચીફ ફાયર ઓફિસર ઈલેશ ખેર સહિતના વરિષ્ઠ અધિકારીઓ પાસેથી દુર્ઘટના અંગેના કારણો, તંત્ર દ્વારા કરવામાં આવેલી બચાવ કામગીરી વગેરેની માહિતી મેળવી હતી.

મુલાકાત બાદ ગૃહ રાજ્યમંત્રીએ રાજકોટ કલેકટર કચેરી ખાતે કલેકટર તેમજ ઉચ્ચ પોલીસ અધિકારીઓ સાથે બેઠક કરી આ ઘટનામાં જવાબદારો સામે કડક પગલાના નિર્દેશો આપ્યા હતા. મંત્રીની સ્થળ મુલાકાત સમયે સચિવ રાજકુમાર બેનીવાલ, મેયર નયનાબેન પેઢડીયા, સાંસદ રામભાઈ મોકરીયા, ધારાસભ્ય દર્શિતાબેન શાહ, ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા, અગ્રણી મુકેશભાઈ દોશી, માધવ ભટ્ટ, વિરેન્દ્રસિંહ ઝાલા, રાજુભાઈ ધ્રુવ સાથે રહ્યા હતા.

# મંજૂરી આપનારા અને જવાબદારીથી દુર ભાગનારા બધા જવાબદાર છે

## આગની ઘટના અંગે શોક સાથે નારાજગી પણ વ્યકત કરતા વજુભાઈ વાળા



રાજકોટ, તા. ૨૭

શહેરના ટીઆરપી ગેમ ઝોનમાં સર્જાયેલા અગ્નિકાંડથી તમામ નગરજનો દુ:ખી છે. લોકોમાં ભારે આક્રોશ પણ છે ત્યારે કર્ણાટકના પૂર્વ રાજયપાલ અને રાજયના પૂર્વ નાણામંત્રી વજુભાઇ વાળાએ પણ તીખી પ્રતિક્રિયા આપી છે.

એક વાતચીતમાં તેઓએ જણાવ્યું હતું કે આ ગેમ ઝોન માટે જે વિભાગે મંજૂરી આપી છે તે, જેને મંજૂરી આપી નથી છતાં તપાસ જેવી જવાબદારી નિભાવી નથી તે તમામ વિભાગો આ ઘટના માટે જવાબદાર છે. કોર્પોરેશનની નિષ્કાળજી હોય તો તંત્રએ જવાબદારી સ્વીકારવી જોઇએ. નીચેના અધિકારીઓએ કમિશ્નરને સાચુ રીપોર્ટીંગ કરવાની ફરજ હોય છે. જો આવું કર્યુ ન હોય તો તમામ સામે કાર્યવાહી સાથે પગલા લેવા જોઇએ.

કોઇ પણ પ્રકારનુ સ્ટ્રકચર હોય કોર્પોરેશનની મંજૂરી જરૂરી છે. આવી ભૂલનું પુનરાવર્તન ન થાય તેવા પગલા લેવા જોઇએ. આ રીતે વજુભાઇએ આ ઘટના અંગે ઉંડા દુ:ખ સાથે શોકની લાગણી પણ વ્યકત કરી હતી.

# વિજયભાઈ રૂપાણીએ વિડીયોકોલ દ્વારા સંપૂર્ણ ઘટનાનો ચિતાર મેળવ્યો



## પૂર્વ સી.એમની સંવેદનશીલતા ફરી નજરે પડી

રાજકોટ તા.૨૭

ગુજરાતમાં સંવેદનશીલ મુખ્યમંત્રી તરીકે જાણીતા બનેલા પુર્વ સી.એમ.અને રાજકોટનાં રહીશ એવા વિજયભાઈ રૂપાણીની શનિવારની ગેમઝોનની કરૂણાંતિકા વખતે પણ સંવેદનશીલતા નજર પડી હતી. અને આગ વખતે તેઓએ ઉપરોકત વિસ્તારનાં ભા.જ.પ.નાં એક કાર્યકર સાથે વિડીયો કોલથી જોડાઈ અને આગની ઘટના અંગેનો સંપુર્ણ ચિતાર મેળવેલ હતો. તેમજ વિડીયો કોલ મારફતે આગ કઈ કઈ જગ્યાએ કેવી રીતે પ્રસરી તેનુ પણ ખાસ નિરિક્ષણ કર્યુ હતું.

# ઘટના સ્થળ છોડતા નહિ તમારો ડી.એન.એ ટેસ્ટ કરવાનો છે

## મૃતકોનાં પરિવારજનોને પોલીસ સતત અપીલ કરતી રહી



રાજકોટ તા.૨૭

ગત શનિવારે બપોરે ટીઆરપી ગેમઝોનમાં જે આગની કરૂણાંતિકા સર્જાઈ ત્યારે આગમાં હોમાયેલા લોકોનાં પરિવારજનો તેના સ્વજનને શોધવા માટે આમથી તેમ ભટકી રહ્યા હતા. ત્યારે આ તકે પોલીસે તેઓને સાંત્વના પાઠવી અને આગનો જે લોકો ભોગ બન્યા છે તેનાં પરિવારજનોને સ્થળ નહિં છોડવા અને તેનો ડી.એન.એ ટેસ્ટ કરવાનો છે તેવી સતત અપીલ કરી હતી. પોલીસે આ ભયંકર આગમાં જે લોકો હોમાયા છે. તેની ઓળખ મુશ્કેલ હોય મૃતકોનાં પરિવારજનોને ખાસ અપીલ કરી હતી કે તેઓના ડીએનએ ટેસ્ટ કરવાનાં હોય તેઓ ઘટના સ્થળ છોડે નહિં.

# વહેલી સવારે મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઇ પટેલે ટીઆરપી ગેમઝોન દુર્ઘટના સ્થળનું જાત નિરીક્ષણ કર્યુ : સૂચનો કર્યા

## મુખ્યમંત્રી સાથે ગૃહમંત્રી સંઘવી, મુખ્ય અગ્રસચિવ કૈલાસનાથન, મુખ્ય સચિવ રાજકુમાર, પોલીસ મહાનિર્દેશક વિકાસ સહાયની ઉપસ્થિતિ




રાજકોટ, તા. ૨૭

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ રાજકોટમાં ગેમ ઝોનમાં લાગેલી આગને કારણે સર્જાયેલી કમનસીબ દુર્ઘટનાની જાત માહિતી મેળવવા રવિવારે વહેલી સવારે રાજકોટ પહોંચ્યા હતા.

મુખ્યમંત્રીએ ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી, મુખ્યમંત્રીના મુખ્ય અગ્ર સચિવ કૈલાસનાથન, મુખ્ય સચિવ રાજકુમાર, પોલીસ મહાનિર્દેશક વિકાસ સહાય, મહેસુલ વિભાગના અધિક મુખ્ય સચિવ એમ.કે. દાસ સહિત રાજ્ય સરકારના વરીષ્ઠ અધિકારીઓ, શહેર તથા જિલ્લા વહીવટી તંત્રના વરિષ્ઠ અધિકારીઓ સાથે દુર્ઘટના સ્થળનું જાત નિરીક્ષણ કર્યું હતું.

સમગ્ર મુલાકાત દરમિયાન મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સાથે રહેલા ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ પણ શનિવારની મોડી રાતે ઘટના સ્થળે પહોંચીને જે વિગતો મેળવી હતી, તેનાથી મુખ્યમંત્રીને વાકેફ કર્યા હતા.

મુખ્યમંત્રીએ રાજકોટમાં એઈમ્સ તથા અન્ય હોસ્પિટલ, જયાં ઈજાગ્રસ્તોને સારવાર અપાઈ રહી છે, તેની મુલાકાત લીધી હતી. ઈજાગ્રસ્તો અને તેમના પરિવારજનો સાથે વાતચીત કરીને મુખ્યમંત્રીએ તેમને અપાઈ રહેલી સારવારની વિગતો મેળવી હતી અને ખબર-અંતર પૂછ્યા હતા.

મુખ્યમંત્રીએ આ દુર્ઘટનામાં જાન ગુમાવનારા નિર્દોષ વ્યકિતઓના પરિવારોને મળીને હૃદયપૂર્વક સાંત્વના પાઠવી હતી અને શોકસંતપ્ત પરિવારોના દુ:ખમાં સહભાગી થયા હતા. રાજ્ય સરકાર આ કપરી વેળાએ આપદગ્રસ્તોની પડખે ઊભી છે, એવો વિશ્વાસ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આપ્યો હતો.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ દુર્ઘટના સંદર્ભમાં સ્થાનિક તંત્ર દ્વારા લેવાયેલા બચાવ, રાહતના પગલાં, ઈજાગ્રસ્તોની સારવારનો ત્વરિત પ્રબંધ, વગેરે અંગે રાજકોટના હીરાસર એરપોર્ટ ખાતે ઉચ્ચ સ્તરીય સમીક્ષા બેઠક યોજીને યોગ્ય માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

મુખ્યમંત્રીએ આ સમગ્ર દુર્ઘટનાની તલસ્પર્શી તપાસ કરીને દુર્ઘટનામાં જવાબદારો સામે કડક શિક્ષાત્મક કાર્યવાહી હાથ ધરવા પણ સ્પષ્ટ સૂચનાઓ આ બેઠકમાં આપી હતી.

આ સમીક્ષા બેઠકમાં જણાવવામાં આવ્યું કે આગની ઘટનાની ખબર મળતાં જ રાજકોટ મહાપાલિકાની ફાયર ટીમો અને પોલીસ તંત્રએ સ્થળ પર પહોંચી બચાવ-રાહતની કામગીરી ત્વરાએ હાથ ધરી હતી. ઘાયલ લોકોને હોસ્પિટલમાં ખસેડવા તથા આ આગમાંથી લોકોને બચાવવાને અગ્રતા આપીને કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

મુખ્યમંત્રીના દિશાનિર્દેશ અનુસાર રાજ્ય સરકારે એર એમ્બ્યુલન્સની સેવાઓ પણ આ દુર્ઘટનામાં લીધી છે અને તમામ મૃત દેહોની ઓળખ માટે તેમના ડી.એન.એ. સેમ્પલ અને પરિવારજનોના રેફરલ સેમ્પલ એર એમ્બ્યુલન્સ દ્વારા ગાંધીનગર એફ.એસ.એલ.માં પહોંચાડવામાં આવ્યા છે, તેનું પરીક્ષણ યુદ્ધના ધોરણે ચાલુ છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ સમગ્ર ઘટનાના કારણોની તપાસ માટે રચેલી એસ.આઈ.ટી.ના વડા અધિક પોલીસ મહાનિદેશક સુભાષ ત્રિવેદી અને સભ્યો પણ શનિવારે મોડી રાત્રે જ રાજકોટ પહોંચ્યા હતા તથા ઘટનાના કારણોની તપાસ કરી તેનો પ્રાથમિક અહેવાલ ત્રણ દિવસમાં રાજ્ય સરકારને સોંપશે.

રાજકોટ શહેર પોલીસ તંત્રએ અગમચેતીનાં પગલાં રૂપે શહેરના તમામ ગેમઝોન બંધ કરવાનો આદેશ કર્યો છે, તેમ જ ફાયર સેફ્ટી સહિતના સલામતી પગલાંઓની ચકાસણી કરવામાં આવી રહી છે, તેમ પણ બેઠકમાં મુખ્યમંત્રીશ્રીને જણાવવામાં આવ્યું હતું.

આ ટીમોએ પણ કામગીરી શરૂ કરી છે અને પોતાના વિસ્તારોમાં તાત્કાલિક ચકાસણી કરીને ફાયર એન.ઓ.સી. કે અન્ય કોઈ પણ સંબંધિત પરવાનગી વિના ચાલતા ગેમઝોન સામે તાત્કાલિક શિક્ષાત્મક કાર્યવાહી કરીને ઝોન બંધ કરવામાં આવશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સાથે આ સમગ્ર મુલાકાતમાં રાજકોટ શહેરના ધારાસભ્યો, પદાધિકારીઓ તથા શહેર અને જિલ્લા વહીવટી તંત્રના અધિકારીઓ જોડાયા હતા.

# મૃતક બાળકોને ન્યાય અપાવવા નિષ્ઠા અને ઈમાનદારીથી કામ કરીશું : સુભાષ ત્રિવેદી (તપાસ કમિટી સીટના વડા)

**કેવી રીતે ઘટના બની, ક્યાં ભૂલ રહી ગઈ, અને ભવિષ્યમાં આવા બનાવો ન બને તે માટે શું પગલા લઈ શકાય તેનો રિપોર્ટ કરીશું : રાતે જ આખી ટીમ રાજકોટ પહોંચી ગઈ**

**પાંચ સભ્યોની કમિટીમાં પોલીસ અધિકારી, ફાયર અધિકારી, પીડબલ્યુડીના અધિકારી, ટેક્નિકલ એજ્યુકેશન અધિકારી અને ફોરેન્સિક વિભાગના સિનિયર ઓફિસરોની નિમણુંક**




રાજકોટ, તા.૨૭

ટીઆરપી ગેમ ઝોનમાં આગ લાગતા સરકારે તુરંત જ સ્પેશિયલ ઇન્વેસ્ટિગેશન ટીમ (એસઆઈટી)ની રચના કરી છે. આ તપાસ કમિટી સીટના અધ્યક્ષ સુભાષ ત્રિવેદી (આઇપીએસ)છે. પાંચ સભ્યોની કમિટીમાં પોલીસ અધિકારી, ફાયર અધિકારી, પીડબ્લ્યુડીના અધિકારી, ટેક્નિકલ એજ્યુકેશન અધિકારી અને ફોરેન્સિક વિભાગના સિનિયર ઓફિસરોની નિમણુંક કરવામાં આવી છે. અડધી રાતે ૩ વાગ્યા પહેલા જ આખી ટીમ રાજકોટ પહોંચી હતી.

સુભાષ ત્રિવેદીએ મીડિયાને જણાવ્યું કે, તેમના સહિત પાંચ લોકોની આ ઘટના અંગેની તપાસ કમિટીમાં સરકારે નિમણુંક કરી છે. આ ખૂબ દુ:ખદ ઘટના છે. અમે મૃતક બાળકોને ન્યાય અપાવવા નિષ્ઠા અને ઈમાનદારીથી કામ કરીશું. અમે કેવી રીતે આખી ઘટના બની અને અગાઉ ક્યાં વિભાગમાં શું શું કાગળો આ સ્થળના થયા. જુદા જુદા વિભાગોની ક્યાં પ્રકારની કામગીરી રહી છે. તે બાબતે પણ તપાસ કરવામાં આવશે. કોણ જવાબદાર અને કોની બેદરકારી વગેરે અહેવાલ સરકારને સોંપીશું. ઉપરાંત ભવિષ્યમાં આવા બનાવો ન બને તે માટે શું પગલાં લઈ શકાય તેનો રિપોર્ટ પણ કરીશું. સુભાષ ત્રિવેદી ગત મોડી રાતે રાજકોટ સિવિલ હોસ્પિટલની મુલાકાત લીધી હતી. પીએમ રૂમ ખાતે મુલાકાત લીધી હતી.

# ટીઆરપી ગેમઝોન કાંડમાં સંચાલકો સહિત છ શખ્સો સામે સદોષ મનુષ્ય વધની કલમ હેઠળ ગુનો નોંધાયો

**ગેમ ઝોનમાં આગ લાગવાની ઘટના બને તો ફાયરની કોઈ સુવિધા ન હતીઃ તેમજ ફાયર વિભાગમાં એનઓસી માટે આજ સુધી અરજી સુધ્ધા પણ નથી કરવામાં આવી અને મોતનો માંચડો ખડકી દીધો હતો**

## જે.એસ.પાર્ટી પ્લોટ અને આશુતોષ પાર્ટી પ્લોટમાં ધવલ ઠક્કર, રેસ-વે એન્ટરપ્રાઈઝના અશોકસિંહ જાડેજા, કીરીટસિંહ જાડેજા, પ્રકાશચંદ હીરન, યુવરાજસિંહ સોલંકી અને રાહુલ રાઠોડએ ભાગીદારો સાથે મળી ટી.આર.પી.ગેમઝોન બનાવ્યો હતો

**તાલુકા પોલીસ મથકમાં આરોપીઓ વિરૂધ્ધ આઈપીસી ૩૦૪,૩૩૭,૩૩૮,૧૧૪ હેઠળ ગુનો નોંધાયોઃ યુવરાજસિંહ સોલંકી અને નિતીન જૈનની ક્રાઈમ બ્રાન્ચે ધરપકડ કરી**

રાજકોટ. તા.૨૭

રાજકોટ સહિત ગુજરાત ભરને હચમચાવી નાંખનાર ટીઆરપી ગેમ ઝોન આગ કાંડમાં સંચાલકો સહિત છ શખ્સો સામે સદોષ મનુષ્ય વધ સહિતની કલમ હેઠળ ગુનો નોંધાયો હતો. પોલીસે ફરીયાદમાં નોંધ્યા મુજબ, જે.એસ.પાર્ટી પ્લોટ અને આશુતોષ પાર્ટી પ્લોટમાં ધવલ ઠક્કર, રેસ-વે એન્ટરપ્રાઇઝના અશોકસિંહ જાડેજા, કીરીટસિંહ જાડેજા, પ્રકાશચંદ હીરન, યુવરાજસિંહ સોલંકી અને રાહુલ રાઠોડ ભાગીદારો સાથે મળી ટી.આર.પી.ગેમ ઝોન બનાવી તેમાં આગ લાગવાની ઘટના બને તો ફાયરની કોઈ સુવિધા ન હતી. તેમજ ફાયર વિભાગમાં એનઓસી માટે આજ સુધી અરજી સુધ્ધા પણ નથી કરવામાં આવી ન હતી અને મોતનો માચળો ખડકી દિધો હતો. તાલુકા પોલીસે ધવલ ઠક્કર, રેસ-વે એન્ટરપ્રાઇઝના અશોકસિંહ જાડેજા, કીરીટસિંહ જાડેજા, પ્રકાશચંદ હીરન, યુવરાજસિંહ સોલંકી અને રાહુલ રાઠોડ અને તપાસમાં ખુલ્લે તે તમામ વિરૂધ્ધ ગુનો નોંધી યુવરાજસિંહ સોલંકી અને નીતિન જૈન નામના શખ્સની ધરપકડ કરી અન્યની શોધખોળ હાથ ધરી હતી.

બનાવ અંગે તાલુકા પોલીસ મથકમાં સર્વેલન્સ સ્ટાફમાં પીએસઆઈ તરીકે ફરજ બજાવતાં પ્રજ્ઞેશકુમાર ભીખાભાઈ ત્રાજીયાએ નોંધાવેલ ફરિયાદમાં આરોપી તરીકે ધવલ ભરત ઠક્કર, અશોકસિંહ જગદીશસિંહ જાડેજા, કીરીટસિંહ જગદીશસિંહ જાડેજા, પ્રકાશચંદ કનૈયાલાલ હીરન, યુવરાજસિંહ હરીસિંહ સોલંકી, રાહુલ લલીત રાઠોડ અને તપાસમાં ખુલે તે તમામના નામ આપતાં પોલીસે આઇપીસી કલમ ૩૦૪,૩૩૭,૩૩૮,૧૧૪ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

વધુમાં ફરિયાદીએ જણાવ્યું હતું કે, ગઈ તા.૨૫ ના સાંજના ૫.૪૭ વાગ્યે પોલીસ મથકે હાજર હતાં ત્યારે પી.સી.આર.૨૨ ના કોન્સ્ટેબલ મહાવીરસિંહએ ટેલીફોનીક જાણ કરેલ કે પોલીસ મથક વિસ્તારમાં સયાજી હોટલ પાછળ આવેલ ટી.આર.પી.ગેમ ઝોનમાં આગ લાગેલ હોવાની જાણ કરતા તેઓ સ્ટાફ સાથે બનાવ વાળી જગ્યા

સયાજી હોટલ પાછળ આવેલ ટી.આર.પી. ગેમ ઝોન પર પહોચી ગયેલ અને આગને કાબુમાં લેવા ફાયરની ટીમ કાર્યરત હતી. પોલીસ દ્વારા ભીડ અને ટ્રાફિક નિયંત્રણની કાર્યવાહી ચાલુ હતી. તેઓએ તાત્કાલિક પોલીસ કંટ્રોલ રુમને જાણ કરેલ હતી.

બનાવ સ્થળે જોતા જે.એસ.પાર્ટી પ્લોટ અને આશુતોષ પાર્ટી પ્લોટ પર સંયુકતપણે ધવલ કોર્પોરેશનના પ્રોપરાઇટર ધવલ ઠક્કર તથા રેસ-વે એન્ટરપ્રાઇઝના ભાગીદારો અશોકસિંહ જાડેજા, કીરીટસિંહ જાડેજા, પ્રકાશચંદ હીરન, યુવરાજસિંહ સોલંકી અને રાહુલ રાઠોડ ભાગીદારો સાથે મળી ટી.આર.પી.ગેમ ઝોન તરીકે ઉપયોગ લઇ ઇન્ડોર આઉટડોર ગેમીંગની પ્રવૃતી ચલાવે છે. જેમાં ઇન્ડોર ગેમ ઝોનનો વિભાગ બે થી ત્રણ માળ જેટલુ ઉંચુ અને આશરે ૬૦ મીટર લાંબુ તેમજ ૫૦ મીટર પહોળુ ફેબ્રીકિશનના સ્ટ્રકચર પર ચારેબાજુ પતરાથી કવર કરી બનાવવામાં આવેલ જેના બહારના ખુલ્લા ભાગે ગો-કાર્ડીંગ વિગેરે અર્થેનુ મેદાન બનાવી જરૂરી સાધનો સાથે સમગ્ર જગ્યાને ટી.આર.પી.ગેમ ઝોન તરીકે ઉપયોગમાં લેવામાં આવે છે. તે સમગ્ર ફેબ્રીકિશનનુ આખુ સ્ટ્રકચર આગની લપેટમાં આવેલ અને ફાયર વિભાગ દ્વારા પાણીનો છંટકાવ કરી આગને કાબુમાં લેવા જે ભાગમાં આગ કાબુમાં આવેલ તે જગ્યાએથી પ્રવેશ કરી ફાયર વિભાગના માણસો દ્વારા આગથી બળેલા માનવ શરીરો બહાર કાઢેલ અને ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા સીવીલ હોસ્પિટલ ખાતે મોકલી આપવામાં આવેલ હતા.

દરમિયાન પોલીસ સ્ટેશનના પી.એસ.ઓ. દ્વારા હોસ્પિટલ તરફથી મળેલ એ.ડી. બાબતે પાંચ પુરુષ અને એક સ્ત્રીના મૃતદેહ બાબતે જણાવતાં એ.ડી.ની તપાસ સંભાળી સીવીલ હોસ્પિટલે આગળની તપાસ અર્થે ગયેલ હતાં. દરમિયાન બનાવ વાળી જગ્યાએથી ૧૦૮ દ્વારા સિવિલ હોસ્પિટલમાં કુલ ૧૮ અજાણ્યાં પુરૂષ, ૬ અજાણી સ્ત્રી અને ચારની ઓળખાણ ન થઈ શકે તેવા મળી ૨૮ માનવ શરીરના અંગો ખસેડવામાં આવેલ હતાં. જેમની પી.એમ.ની કાર્યવાહી કરવામાં આવેલ હતાં. તેમજ ગીરીરાજ હોસ્પીટલમાં ધુમીતભાઈ કુજડીયા (ઉ.વ.૧૦), મનીષભાઇ ખીમસુરીયા (ઉ.વ.૨૧) અને જીજ્ઞાબા જાડેજા (ઉ.વ.૪૧) ને ઇજાગ્રસ્ત હાલતમાં સારવારમાં ખસેડેલ હતાં.

ઘટનામાં આગ બુજાવવાની કામગીરીમાં રોકાયેલ ફાયર અધિકારી બી.જે. ઠેબાનું નિવેદન લેતાં જણાવેલ કે, ટી.આર.પી.ગેમ ઝોન સંપુર્ણ ફેબ્રીકિશનના સ્ટ્રકચર પર બનેલ જણાઇ છે જેમાં બેઝ તરીકે લોખંડની એન્ગલો તેમજ ગેલ્વેનાઇઝના પતરાનો ઉપયોગ કરી બનાવેલ છે. જેમાં અંદર અલગ અલગ વિભાગોમાં ગેમ ઝોન બનાવેલી હતી. જેમાં ખુબજ મોટા પ્રમાણમાં ઇલેકટ્રીક વાયરીંગ તેમજ એ.સી.ના વેન્ટ લાગેલ હતા. જો આ ગેમ ઝોનમાં આગ લાગવાની ઘટના બને તો તેને પહોંચી વળી રોકી શકાય કે મનુષ્ય જીવનને બચાવી શકાય તેવા કોઇ ખાસ અસરકારક ફાયર સાધનો જણાઈ આવેલ ન હતા. ઉપરાંત ટી.આર.પી.ગેમ ઝોન દ્વારા ક્યારેય ફાયર એન.ઓ.સી. અમારા વિભાગમાં અરજી ઇન્વર્ડ કરેલ નથી કે ફાયર એન.ઓ.સી. મેળવેલ નથી. જેથી કોઇપણ પ્રકારની આગની ઘટનાને કાબુમાં લેવા માટેની સાધન સામગ્રીની વ્યવસ્થા ગેમ ઝોનના સંચાલકોએ રાખેલ ન હોવાનુ પ્રાથમીક રીતે જણાઈ આવેલ છે. સમગ્ર બનાવમાં ધવલ કોર્પોરેશનના પ્રોપરાઇટર ધવલ ઠક્કર, રેસ-વે એન્ટરપ્રાઇઝના ભાગીદારો અશોકસિંહ જાડેજા, કીરીટસિંહ જાડેજા, પ્રકાશચંદ હીરન યુવરાજસિંહ સોલંકી અને રાહુલ રાઠોડે ટી.આર.પી. ગેમ ઝોનમાં કોઇપણ આગજનીને પહોંચી વળવાના પર્યાપ્ત સાધનો કે અગ્નિ સમન વિભાગની જરૂરી મંજૂરી એન.ઓ.સી. મેળવ્યા વગર માનવ જીવન જોખમાય અને આગનો બનાવ બન્યે મનુષ્યના જીવ જાય તેવી જાણકારી હોવા છતા ગેમ ઝોનને બનાવી જોખમી રીતે ચાલુ રાખવાને લીધે બનાવ બન્યાનું સામે આવ્યું હતું.

બનાવ અંગેની ફરીયાદ પરથી તાલુકા પોલીસે ગુનો નોંધી આરોપીને પકડવા ક્રાઈમ બ્રાન્ચની અલગ અલગ ટીમોએ ચક્રો ગતિમાન કર્યા હતાં.

### ચાર માનવ શરીરોના અંગ જ ન મળ્યાંઃ સ્ત્રી કે પુરૂષ તે પણ જાણી ન શકાયું

રાજકોટ. તા.૨૭

હૈયું હચમચાતી ટીઆરપી ગેમ ઝોન આગની ઘટનામાં આગ એટલી હદે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું કે, ગેમ ઝોનમાં રહેલ લોકોના શરીર એટલી હદે સળગી ગયાં હતાં કે તેમની ઓળખાણ પણ થઈ શકી ન હતી અને તેમની ઓળખાણ મેળવવા માટે ડીએનએ રિપોર્ટ કરાવવા પડ્યાં હતાં. જ્યારે ચાર મૃતદેહ તો એટલી હદે સળગી ગયાં હતાં કે, તે પુરુષના મૃતદેહ છે કે સ્ત્રીના તે પણ તાગ મેળવી શકાયો ન હતો.

### આરોપીઓ વિદેશ ભાગી ન જાય તે માટે લુકઆઉટ નોટીસ

રાજકોટ. તા.૨૭

ટીઆરપી ગેમ ઝોન કાંડના આરોપીઓમાંથી બે શખ્સોની ક્રાઈમ બ્રાન્ચે ધરપકડ કરી હતી. જ્યારે અન્ય આરોપી ભગવામાં સફળ થયાં હતાં. આરોપીઓ વિદેશ ભાગી ન જાય તે માટે લુકઆઉટ નોટીસ જાહેર કરી શોધખોળ હાથ ધરી હતી.



# હોસ્પિટલ પોલીસ કિલ્લો બની ગઈ, ઘટના સ્થળે પણ પહેરો : નાગરિકો અને મીડિયા સાથે રકઝક પણ થઈ

## ઠેકઠેકાણે બેરીકેટ મૂકી દેવાયા : પીએમ રૂમ નજીક જવા માટે અધિકારીની પરમિશન લેવી પડે તેવી સ્થિતિ ઉભી કરાઈ

**પીએમ રૂમ ખાતે બંદોબસ્ત વ્યવસ્થા અને મૃતદેહ અંગેની જવાબદારી એસપી જયપાલસિંહ રાઠોડને સોંપાઈ : રેન્જ આઈજી અશોકકુમાર યાદવે કામગીરીનું નિરીક્ષણ કર્યું હતું**

**બનાવ બાદ કાટમાળ દૂર થઈ જતા ઘટના સ્થળે હથિયાર બંધ એસઆરપી જવાનો ગોઠવાયા હતા**

રાજકોટ, તા.૨૭

ટીઆરપી અગ્નિકાંડની ઘટના પછી સિવિલ હોસ્પિટલ પોલીસ કિલ્લો બની ગઈ હતી. ઘટના સ્થળે પણ પોલીસ પહેરો સતત રહ્યો. પોલીસની નાગરિકો અને મીડિયા સાથે રકઝક પણ થઈ હતી. હોસ્પિટલમાં ઠેકઠેકાણે બેરીકેટ મૂકી દેવાયા હતા. પીએમ રૂમ નજીક જવા માટે અધિકારીની પરમિશન લેવી પડે તેવી સ્થિતિ ઉભી કરાઈ હતી. આ તરફ પીએમ રૂમ ખાતે બંદોબસ્ત વ્યવસ્થા અને મૃતદેહ અંગેની જવાબદારી એસપી જયપાલસિંહ રાઠોડને સોંપાઈ હતી. રેન્જ આઈજી અશોકકુમાર યાદવે કામગીરીની નિરીક્ષણ કર્યું હતું.

ઘટના બની ત્યારે પોલીસ કમિશનર રાજુ ભાર્ગવ, ડીસીપી ક્રાઇમ ડો.પાર્થરાજસિંહ ગોહિલ, ડીસીપી ઝોન ૨ સુધીરકુમાર દેસાઈ સહિતના અધિકારીઓ, ક્રાઈમ બ્રાંચ, એસઓજી પીઆઈ અને તેમની ટીમો. સંબંધિત એસીપી સહિતનો કાફલો ઘટના સ્થળે દોડી આવ્યો હતો. ટીઆરપી ગેમ ઝોન રાજકોટ તાલુકા પોલીસ મથક વિસ્તારમાં આવે છે. જેથી તાલુકા પોલીસ ઉપરાંતના અન્ય પોલીસ મથકનો સ્ટાફ પણ અહીં બંદોબસ્ત માટે ગોઠવી દેવાયો હતો. ઘટના બાદ કાટમાળ દૂર થઈ જતા આ જગ્યાએ હથિયાર બંધ એસઆરપી જવાનો ગોઠવાયા હતા.

શનિવારની રાત્રે પોલીસે ઘટના સ્થળે લોકોની ભીડ ખદેડવા, મિસિંગ લોકોની યાદી તૈયાર કરવા, મૃતદેહો પીએમ અર્થે ખસેડવા, ગુનો નોંધવા, આરોપીઓને પકડવા, હોસ્પિટલમાં જોવા માટે ભેગા થતા લોકોને ખદેડવા, ડીએનએ ટેસ્ટ માટે કાગળો તૈયાર કરવા, ઘટના સ્થળે આવતા વીઆઇપી અને ઉચ્ચ અધિકારીઓને સુરક્ષા પુરી પાડવા, રવિવારે હોસ્પિટલમાં બંદોબસ્ત ઉપરાંત ડીએનએ મેચ થયા હોય તેવા મૃતકના પરિવારને હોસ્પિટલે બોલાવવા, તેમને બોડી સોંપતા પહેલા જરૂરી કાગળ કાર્યવાહી કરવા સહિતની કામગીરી કરી હતી.

### અધિકારીઓ સામે હાય... હાય... ના નારા લાગ્યા

ટીઆરપી ગેમ ઝોનની મંજૂરીને લઈ સવાલો ઉઠી રહ્યા છે. ત્યારે જ રાજકોટના ઉચ્ચ અધિકારીઓ ગેમ ઝોનમાં અગાઉ ગયા હતા તેના ફોટો વાઈરલ થયા છે. જેને લઈ લોકોનો રોષ વધ્યો છે. એવાં શનિવારે રાત્રે સિવિલ હોસ્પિટલના પીએમ રૂમ પાસે લોકો મોટી સંખ્યામાં એકત્ર થયા હતા. પોલીસે ભીડને હટાવવા પ્રયાસ કર્યા હતા ત્યાં જ જ્યાં અધિકારીઓ સામે હાય... હાય...ના નારા લાગ્યા હતા.

### ટીઆરપીના કર્મચારીને પોલીસે લાફા ઝીંકી દીધાનો ગંભીર આક્ષેપ

રાજકોટઃ પોલીસ કર્મીઓ અવારનવાર કાયદો હાથમાં લઈ લેતા હોય છે, સમયાંતરે પોલીસે માર માર્યો તેવા આક્ષેપો વાળા કિસ્સા સામે આવતા રહે છે. દરમિયાન ગઈકાલે ટીઆરપી ગેમ ઝોનમાં આગ લાગી ત્યારે પણ અમુક પોલીસ કર્મી સ્થિતિ મુજબ વર્તન કરી શક્યા નહોતા. અનેક લોકોના મોતથી સ્થિતિ નાજુક હતી. વાતાવરણ ગમગીન હતું પણ અમુક પોલીસ કર્મીઓ રૂઆબમાં ફરતા હોવાનો આક્ષેપ થતા ખળભળાટ મચી ગયો હતો. સંતોષ નામનો કર્મચારી જે ટીઆરપી ગેમ ઝોનમાં પેઇન્ટ બોલ નામની ગેમ સંભાળતો હતો. સંતોષ તેમની પત્ની અને એક ત્રણ વર્ષના પુત્ર સાથે ટીઆરપી ગેમ ઝોનના સંકુલમાં જ રહેતો હતો. આગ લાગી ત્યારે સંતોષ તેની પત્ની અને પુત્રને શોધવા દોડાદોડી કરતો હતો. ૩ કલાકે તેની પત્ની અને પુત્ર સલામત મળી આવ્યા હતા. આ



પછી જે થયું તે અંગે સંતોષે જણાવ્યું કે, તે પુત્રના કપડાં લેવા અને તેના માટે પાણી લેવા પોતાની રૂમમાં ગયો. રૂમનો લોક તોડી પોલીસ વાળા તેના રૂમમાં જતા હતા. સંતોષ આવતા તેને બે લાફા ઝીંકી દીધા અને ગેમ ઝોનના માલિક અંગે પૂછવા લાગ્યા. સંતોષએ તમામ માલિકના નામ આપી દીધા છતાં પોલીસે પેટમાં ઘુસ્સા માર્યા.

# કેનેડાથી આવી ૪ દિવસ પહેલા જ અક્ષય ઢોલરિયાએ ખ્યાતિ સાવલિયા સાથે લગ્ન કર્યા'તા

## અક્ષયનો પરિવાર અમેરિકા રહે છે, માતા-પિતા રાજકોટ પહોંચે પછી ડીએનએ ટેસ્ટ માટે સેમ્પલ લેવાશે

રાજકોટ, તા.૨૭

ટીઆરપી અગ્નિકાંડમાં નવ યુગલ લાપતા છે. કેનેડા રહેતો અક્ષય કિશોરભાઈ ઢોલરિયા (ઉ.વ.૨૪) અને રાજકોટમાં રહેતી ખ્યાતિ સાવલિયા (ઉ.વ.૨૦)એ હજુ ચાર દિવસ પહેલાં જ કોર્ટમાં મેરેજ કર્યા. અનેક સપનાઓ સાથે નવ દંપતિએ નવા જીવનની શરૂઆત કરી હતી.



શનિવારે ચારેક વાગ્યે અક્ષય, ખ્યાતિ, સાથે ખ્યાતિની બહેન હરિતા સાવલિયા (ઉ.વ.૨૪) ટીઆરપી ગેમ ઝોનમાં ગયા હતા. અહીં આગની દુર્ઘટના બાદ ત્રણેય મળી આવેલ નથી. પરિજનોએ જણાવ્યું કે, અક્ષય એક અઠવાડિયા પહેલા કેનેડાથી રાજકોટ લગ્ન કરવા આવ્યો હતો. અને ચારેક દીવસ પહેલા ખ્યાતિ સાથે કોર્ટે મેરેજ કરેલ. અક્ષય એક ભાઈ અને એક બહેનમાં નાનો છે. અક્ષયનો પરિવાર અમેરિકા રહે છે. બનાવ બાદ ખ્યાતિ અને હરિતાના પરિજનોએ ડીએનએ સેમ્પલ આપી દીધા છે. પણ અક્ષયના માતા - પિતાને અમેરિકા જાણ કરાઈ છે. તેઓ તુરંત રવાના થયા છે. માતા-પિતા રાજકોટ પહોંચે પછી ડીએનએ ટેસ્ટ માટે સેમ્પલ લેવાશે.

# આગ લાગતા બાળકોને બચાવવા ગયેલા ભાવનગરના યુવા એડવોકેટ ઓમદેવસિંહ ગોહિલ પણ લાપતા

ટીઆરપી ગેમ ઝોન બનાવમાં વિરેન્દ્રસિંહ નિર્મળસિંહ જાડેજા (ઉ.વ.૪૪, રહે. જામનગર રોડ ઘંટેશ્વર પરોઠા હાઉસની સામે, ગંગા જમુના એપાર્ટમેન્ટ, રાજકોટ) તેઓના સાળા ઓમદેવસિંહ ગોહીલ અને તેમનાં સાસુ ભાવનગરથી વિરેન્દ્રસિંહના ઘરે આવ્યા હતા. ગત શનિવારે વિરેન્દ્રસિંહ અને તેમની પત્ની, તેમનો પુત્ર ધર્મરાજસિંહ વિરેન્દ્રસિંહ જાડેજા (ઉ.વ.૧૫), પુત્રી દેવર્ષિબા વિરેન્દ્રસિંહ જાડેજા અને ભત્રીજી દેવાંશીબા હિતેન્દ્રસિંહ જાડેજા (ઉ.વ.૧૫) તેમજ તેમના સાળા ઓમદેવસિંહ ગોહીલ(રહે. ભાવનગર) અને તેમના સાસુ ટીઆરપી ગેમ ઝોનમાં ગયા હતા. ત્યારે વિરેન્દ્રસિંહ અને તેના સાળા ઓમદેવસિંહ ગોહીલ ગેમ ઝોનમાં નિચે ઉભા હતા. ત્યારે ગેમ ઝોનમાં અચાનક આગ



લાગતાં તેઓ તેમના પરિવારજનોને બચાવવા ગેમ ઝોનમાં ઉપરના માળે ગયા હતા બાદ ત્યાથી બહાર નીકળી શક્યા ન હતા. જે દુર્ઘટનામાં વીરેન્દ્રસિંહના પુત્ર, તેમની ભત્રીજી સહિત સાળા ઓમદેવસિંહની હજુ સુધી ભાળ મળી નથી. જે ઘટનામાં દેવર્ષિબાને ઈજા થતાં ગિરિરાજ હોસ્પિટલમાં દાખલ કરેલ છે. જ્યારે તેમની પત્ની અને સાસુનો બચાવ થયો છે.

વિરેન્દ્રસિંહ બે ભાઈમાં નાના અને જીટીપીએલ કેબલ કનેક્શનનું કામ કરતાં હોવાનું જાણવા મળ્યું છે. આ સાથે ભાવનગરથી આવેલા ઓમદેવસિંહ ગોહિલ એડવોકેટ છે. તેઓ ભાવનગરમાં રેવન્યુ સહિતની પ્રેકિટસ કરતા હોવાનું જાણવા મળે છે.

### મેનેજર બહાર નીકળી શક્યા તો સ્ટાફ અને અન્ય લોકો કેમ બહાર ન નિકળી શકે

રાજકોટઃ આશા ચંદુભાઈ રાઠોડ (ઉ.વ.૨૦) તેઓ ટીઆરપી ગેમ ઝોનમાં થયેલ દૂર્ઘટના બાદ મળી આવેલ નથી. આ અંગે તેમનાં મોટા બહેન સંતોકબેને રડતી આંખે જણાવ્યું કે, ગેમ ઝોનમાં આગ લાગી હોવાનું જાણ થતાં અમે તુરંત ત્યાં દોડી ગયા હતા. ત્યાં મેનેજરને પૂછ્યું પણ તેમને યોગ્ય જવાબ આપેલ નહી. મેનેજર બહાર નીકળી શકે તો સ્ટાફ અને અન્ય લોકો કેમ બહાર ન નિકળી શકે. વધુમાં જણાવ્યું કે, જો આશાનું આ દૂર્ઘટનામાં મોત થયું હશે. તો જ્યાં સુધી ન્યાય નહીં મળે ત્યાં સુધી મૃતદેહને સ્વીકારીશું નહિ.



આ ઉપરાંત મોનુ કેશવ ગોરે (ઉ.વ.૧૭) ગેમ ઝોનમાં ગ્રાઉન્ડ ફ્લોરમાં કલીનિંગમાં કામ કરતો હતો. તે પણ લાપતા છે.

### ગેમઝોનમાં બોલિંગ વિભાગમાં નોકરીઃ બે કર્મચારીની કોઈ ભાળ મળી નથી

કલ્પેશ પ્રવિણભાઈ બગડા (ઉ.વ.૨૦, રહે.આંબેડકર નગર, ૧૫૦ ફૂટ રીંગ રોડ, મૂળ- સાવરકુંડલાના રબારિકા ગામ) તેઓ એક વર્ષથી ટીઆરપી ગેમ ઝોનમાં બોલિંગ વિભાગમાં નોકરી કરે છે. યુવક શનિવારે નોકરી પર હતો ત્યારે ગેમ ઝોનમાં અચાનક આગ ફાટી નીકળ્યા બાદ મળી આવેલ નથી. આ દૂર્ઘટના સમયે તેમના ભાઈ દિવ્યેશે તેમને ફોન કરતાં ફોન સ્વીચ ઓફ આવ્યો હતો. બાદ તેઓનાં પરિવારમાં ચિંતાની લાગણી પ્રસરી છે. તેઓ બે ભાઈ અને એક બહેનમાં સૌથી નાનોહોવાનું તેઓનાં પરિવારજનોએ જણાવ્યું હતું. જ્યારે જીજ્ઞેશ ગઢવી (ઉ.વ.૩૨, રહે. વામ્બે આવાસ, કાલાવડ રોડ, રાજકોટ) ટીઆરપી ગેમ ઝોનમાં વિસેક દિવસ પહેલાં બોલિંગ વિભાગમાં નોકરીમાં લાગેલ. ગેમ ઝોનની દૂર્ઘટના બાદ મળી આવેલ નથી. જીજ્ઞેશ ચાર બહેનોનો એકનો એક ભાઈ છે અને ૧૫ સભ્યોના પરિવારનો એક માત્ર આધાર હતો.



# વિશ્વરાજસિંહનો નોકરીનો પ્રથમ દિવસ જ હતો, ધ્રોલનો યુવાન પણ આગ ઘટનામાં લાપતા

વિશ્વરાજસિંહ જાડેજા (ઉ.વ.૨૩, રહે. જૂની કલેકટર કચેરી પાસે) તેઓનો ટીઆરપી ગેમ ઝોનમાં નોકરીનો પહેલો દિવસ હતો. અને બપોરના ૧ થી રાત્રિના ૧ સુધીની શિફ્ટમાં પ્રથમ દિવસે જ ગેમ ઝોન અચાનક આગ ફાટી નીકળી હતી. પછી તે લાપતા છે. સાતેક વાગ્યાની આસપાસ તેમના ભાઈ રવિરાજસિંહએ દૂર્ઘટનાના સમાચાર જોતા તુરંત તેમનાં ભાઈ વિશ્વરાજસિંહને ફોન કર્યો હતો. પણ તેઓને ફોન સ્વીચ ઓફ આવતાં તેઓ તુરંત ઘટના સ્થળે દોડી ગયા હતા. પરિવારજનોનું કહેવું છે કે, વિશ્વરાજસિંહ



દાઝી ગયેલ. તેને ૧૦૮ મારફત રાજકોટની એઈમ્સ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ. પણ પ્રશાસન અમને માહિતી આપતી નથી. જોકે, ઉલ્લેખનીય છેકે, એઈમ્સ હોસ્પિટલમાં ગેમ ઝોન આગ કાંડનો કોઈ દર્દી દાખલ નથી. નમ્રજીતસિંહ જયપાલસિંહ જાડેજા (ઉ.વ.૨૩, રહે. ધ્રોલ) નામનો યુવક રાજકોટમાં ખાનગી નોકરી કરતો હતો. અને દરરોજ ધ્રોલથી અપડાઉન કરતો હતો. તેઓનાં પિતા ખેતીકામ કરે છે. એકનો એક પુત્ર ગેમઝોન દુર્ઘટના બાદ ન મળતા તેઓના પરિવારમાં ચિંતાની લાગણી પ્રસરી છે.

### આગ લાગવાની જાણ થતાં મારા ભાઈને તુરંત ફોન કર્યો, પણ મોબાઈલ સ્વીચ ઓફ બતાવતા હતા

સુનીલભાઈ હસમુખભાઈ સિધ્ધપુરા (ઉ.વ.૪૫, રહે. જુનો એરપોર્ટ રોડ ગેટ પાસે) નામનો યુવક ટીઆરપી ગેમ ઝોનમાં કામ કરતો હતો અને ગેમ ઝોનની દુર્ઘટના બાદ મળી આવેલ નથી. જે અંગે તેઓનાં ભાઈએ જણાવ્યું કે સુનીલભાઈ ગત ૧/૫/૨૦૨૪ ના રોજ ટીઆરપી ગેમ ઝોનમાં નોકરી પર લાગ્યાં હતાં. તેઓને બપોરના ૨ વગ્યાથી રાત્રિના ૨ વાગ્યાં સુધીની નોકરી હતી. તેઓ બે ભાઈ અને બે બહેનમાં નાના અને તેમને સંતાનમાં એક દિકરી છે. વધુમાં તેમનાં ભાઈએ જણાવ્યું કે ગેમ ઝોનમાં આગ લાગી હોવાનું જાણ થતાં તુરંત સુનિલભાઈને ફોન કરતાં તેઓનો ફોન સ્વીચ ઓફ આવ્યો હતો.

# કેવી કરૂણતાઃ સ્વજનનું મોઢું જોવુ પણ નસીબ ન થયુંઃ ૪૦-૪૦ કલાકથી રાજકોટની હોસ્પીટલોમાં વલોપાત કરતા કુટુંબીજનોનાં ટોળા

રાજકોટના ટીઆરપી ગેમીંગ ઝોનનાં અગ્નિકાંડે ભલભલા કઠણ કાળજાના માનવીને પણ હચમચાવી નાખ્યા છે. ઘેરથી હસતા મોંઢે રમવા-મનોરંજન કરવા નિકળેલા સંતાન-ભાઈ કે સ્વજન પાછા નહિં આવે એવુ કોણે વિચાર્યુ હશે? અરે...મૃતદેહનાં મોઢા પણ જોવા નહિં મળેતેવી કરૂણતા તો કદાચ બીજી કોઈ હોઈ જ ન શકે. અગ્નિકાંડથી સર્જાયેલા મોતના તાંડવમાં ભોગ બનેલા લોકોના શરીર એટલી હદે સળગી ગયા છે કે તેની ઓળખ કરવા માટે પણ ડીએનએ ટેસ્ટ કરવાની ફરજ પડી છે. પતરા-લોખંડના કામચલાઉ સ્ટ્રકચરમાં ઉભા કરાયેલા સ્ટ્રકચરની તમામ ધાતુ આખી પીગળી ગઈ છે. ત્યારે માનવ શરીરની શું વિસાત? તબીબોનાં કહેવા પ્રમાણે સામાન્ય રીતે કોઈપણ દુઘર્ટનામાં હતભાગી લોકોએ પહેરેલા કપડા કે દાગીના અથવા તો શરીરનાં કોઈપણ નિશાનનાં આધારે ઓળખ થઈ જતી હોય છે. પરંતુ લાક્ષાગૃહ જેવી આગની આ ઘટનામાં મોતને ભેટેલા લોકોની કોઈ નિશાની જ રહી નથી. કેટલાંક મૃતદેહો તો કપડામાં 'ભરવા' પડયા હતા. કેટલાંક અત્યંત કાળમીંઢ સમા હતા જેની ઓળખ જ શકય રહી નથી. અમુક પરિવારોને તો સ્વજન ગુમાવ્યાની જાણ પણ ઘણી મોડી થઈ હતી. સંપર્ક થવાનું બંધ થયુ કે મોબાઈલ બંધ કરવા આવવા લાગ્યો ત્યારે સફાળા ફાફળા કુટુંબીજનો તપાસ કરવા દોડયા હતા. લાપતા લોકોનાં લીસ્ટ પાછળનું કારણ આજ છે. કરૂણતા કહો કે કમનસીબી પરંતુ મૃતદેહ મળશે તો તે પ્રિયજનનો હશે કે કેમ તે પણ સવાલ સર્જાય રહ્યો છે. મૃતદેહ કે ઓળખ વિશે કોઈ માહિતી મેળવવા માટે લાપતા લોકોનાં કુટુંબીઓ-સ્વજનોનાં ટોળા હોસ્પીટલોમાં ખડકાયેલા છે. લોકોની સંખ્યા વધતી જ રહી છે.લોકોનાં રૂદન, ડુસ્કા અને વલોપાત ગમે તેવા માણસોને હલબલાવી નાંખનારો છે. સરકારી તંત્ર સામે આક્રોશ છે. તમામ મૃતદેહોનાં પોસ્ટમોર્ટમ કરવામાં આવ્યા હતા. લોકો ત્યાં સુધી ઘસી ન જાય તે માટે સુરક્ષા તંત્રે બેરીકેડ નાખવા પડયા હતા.




# ટીઆરપી ગેમઝોન અગ્નિકાંડમાં ૧૦થી વધુ વ્યકિતઓની જીંદગી બચાવતો ધોરાજીનો દક્ષ કુંજડીયા

## સ્ટીલની શીટ તોડી માનવ જીંદગી બચાવાઈ

ધોરાજી તા.૨૭

રાજકોટના ટીઆરપી ગેમ ઝોનના અગ્નીકાંડમાં ધોરાજીના દક્ષ કેતનભાઈ કુંજડીયાએ ૧૦થી વધુ વ્યકિતઓની જીંદગી બચાવી છે.



અગ્નીકાંડની આ ઘટના બનેલ ત્યારે દક્ષ કુંજડીયા અને તેનો ભાઈ પણ ગેમ ઝોનમાં અંદર હતા. આ દરમ્યાન દક્ષ કુંજડીયાએ જણાવેલ કે તેઓએ પતરૂ તોડી ૧૦થી વધારે લોકોને તે પગરામાંથી બહાર કાઢયા હતા.

દક્ષ કુંજડીયાએ સમગ્ર ઘટના વિશે જણાવ્યું હતું કે હું અને મારો કઝીન ભાઈ બોલીંગ કરવા માટે ગેમ ઝોનમાં ગયેલ હતા. બોલીંગ કરી રહ્યા હતા ત્યારે આગ લાગી હતી. ત્યારબાદ ત્યાંનો સ્ટાફ અમને ઈમરજન્સી એકઝીટ પાસે લઈ ગયો હતો અને આગ જયા લાગેલી હતી. ઈમરજન્સી માટે કોઈ ઓપ્શન જ ન હતો છેલ્લે તેઓએ કોર્નરમાં જોયું તો સ્ટીલની સીટ તોડીને બહાર નીકળી શકાય તેમ હોય ૨૦થી ૨૫ લોકો હતા અને બોલીંગમાં બોલીંગનું બોકસ ફુલ થઈ ગયેલ હતું. કોઈ એન્ટ્રી કે એકઝીટનો રસ્તો ન હતો.

ત્યારબાદ સ્ટીલની સીટ તોડીને ૧૦થી વધારે વ્યકિતઓ બહાર નીકળી ગયેલ હતા આ આગ ગ્રાઉન્ડ ફલોરમાં લાગેલ હતી ત્યાં પેટ્રોલ, ડીઝલ્સના કેન પડેલ હતા અને બીજી ગેમ્સ માટે કન્સ્ટ્રકશનનું કામ કરતા નજરે પડેલ હતા. તેવું દક્ષ કુંજડીયાએ જણાવેલ હતું.

# સીપી પર સવાલનો મારો : જવાબ આપવાનું ટાળ્યું : પ્રેસ કોન્ફરન્સ છોડીને જતા રહ્યા

## પોલીસે મંજૂરી આપી હોવાનું સ્વીકારતા જ પત્રકારોએ પ્રશ્નો વરસાવ્યા : લોકોના મોત માટે જવાબદાર કોણ? કોની બેદરકારી?

રાજકોટ, તા.૨૭

રાજકોટના અગ્નિકાંડ બાદ ગુનો દાખલ થયા પછી રાજકોટ શહેર પોલીસ કમિશનર રાજુ ભાર્ગવે પ્રેસ કોન્ફરન્સ યોજી પત્રકારોને માહિતી આપતા જણાવ્યું હતું કે, પોલીસ વિભાગે જ્યાં ઘટના બની ત્યાં મંજૂરી આપી હતી. જે પછી સીપી પર સવાલોનો મારો શરૂ થયો હતો એટલે પોલીસ કમિશનર પ્રેસ કોન્ફરન્સ છોડીને જતા રહ્યા હતા




ગઈકાલે બપોરે પોલીસ કમિશનર રાજુ ભાર્ગવે ટીઆરપી ગેમ ઝોનની ઘટનામાં નોંધાયેલ ગુના અંગે પત્રકાર પરિષદ સંબોધી હતી. તેમણે જણાવ્યું હતું કે આગના બનાવમાં ગઈકાલે સ્થળ પરથી ૨૭ ડેડબોડી રીકવર થઈ હતી મૃતદેહોની સિવિલ હોસ્પિટલમાં ડીએનએની કામગીરી કરી ડીએનએ મેચિંગની કામગીરી ગાંધીનગર એફએસએલ ખાતે ચાલી રહી છે આ બનાવ સંદર્ભે છ આરોપી વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો છે જે પૈકી બે આરોપી યુવરાજસિંહ સોલંકી અને નીતિન જૈનની ધરપકડ કરી લેવાઈ છે. ક્રાઈમ બ્રાંચની જુદી જુદી ૪ ટીમો બનાવવામાં આવી છે.

એડી. સીપી વિધિ ચૌધરીની અધ્યક્ષતામાં તપાસ કમિટી નિમયી છે. તેમાં ડીસીપી ઝોન ૨ સુધીરકુમાર દેસાઈ, ડીસીપી ક્રાઈમ ડો.પાર્થરાજસિંહ ગોહિલ વગેરે છે. બીજા ચાર આરોપીને પકડવા ક્રાઈમ બ્રાંચની ૪ ટીમો કાર્યરત છે અને ઝડપથી આરોપી પકડાઈ જાય તે માટે તમામ પ્રયાસો રાજકોટ પોલીસ દ્વારા કરવામાં આવી રહ્યા છે. ઝડપથી ગુનાની તપાસ પૂર્ણ કરી ચાર્જશીટ ફાઈલ કરી શકીએ તેવા પ્રયત્નો પોલીસ કરી રહી છે. આ ગેમ ઝોનને નવેમ્બર ૨૦૨૩માં બુકિંગ લાયસન્સ આપવામાં આવેલું છે અને પછી ૧-૧-૨૦૨૪થી ૩૧-૧૨- ૨૦૨૪ સુધી રીન્યુલ આપવામાં આવેલું છે. આ અંગે આર એન્ડ બી માંથી અને યાંત્રિક વિભાગમાંથી પરવાનગી મેળવી હતી ફાયર સેફ્ટીના સાધનો મુકવામાં આવેલા છે. તેની ફાયર એનઓસી માટે કાર્યવાહી ચાલુ હતી. જે કાર્યવાહી પૂર્ણ થયેલ નથી અત્યારે સીટની રચના કરવામાં આવી છે. બધા મુદ્દાઓ પર તપાસ થશે. ફાયર સેફ્ટીના બીલ રજુ કર્યા છે પણ ઇન્સ્ટોલેશનની કાર્યવાહી થઈ ન હોવાથી આ દુર્ઘટનાને કંટ્રોલ કરી શકી નથી. બધા પાર્ટનરને આરોપી ગણવામાં આવ્યા છે. આ પછી સીપી પર કોની જવાબદારી, કોણ જવાબદાર છે? અન્ય વિભાગમાંથી કોઈ મંજૂરી નહોતી તો પોલીસે કેમ મંજૂરી આપી વગેરે સવાલોનો મારો થતા સીપી જવાબ આપ્યા વગર ઉભા થઇ જતા રહ્યા હતા.

## ભસ્મ થયેલા ગેમઝોનમાં વીઆઈપીની તસ્વીરો સોશ્યલ મીડિયામાં આગની જેમ વાયરલ!

# આમાં કાયદાથી કોણ ડરે? ટીઆરપી ગેમઝોનમાં પૂર્વ કલેકટર, કમિશ્નર, પૂર્વ એસપી સહિતના વર્ગ-૧ના અધિકારીઓની મહેમાનગતિ

## એક વખત પૂર્વ કલેકટર જગદીશનએ મ્યુઝીકલ નાઈટમાં ઉપસ્થિત રહી સ્થળ પર જ મનોરંજન કર ચોરીની રેડ પાડીને દાખલો બેસાડયો હતો..

રાજકોટ, તા. ૨૭

રાજકોટના ટીઆરપી ગેમ ઝોનમાં નિયમોનું પાલન થતું નહીં હોવાથી સરકારી બાબુઓ અજાણ હોવાની વાતો કરી રહ્યા છે પરંતુ સોશ્યલ મીડિયામાં બે વર્ષ પહેલાનો ગેમ ઝોનના સંચાલકોએ જ અપલોડ કરેલો કલાસ-૧ અને ટોપ અધિકારીઓનો એક ફોટો વાયરલ થયો છે. તેમાં આઇપીએસ અને આઇએએસ અધિકારીઓ મહેમાન તરીકે હાજર હોવાનું દેખાઇ રહ્યું છે.

સરકારના ટોચના અધિકારીઓ જયાં મહેમાન બન્યા હોય તે જગ્યાના માલિકોને કાયદાનો ડર કયાંથી હોય તેવી ટીકા ઇન્સ્ટાગ્રામ, વોટસએપ, ફેસબુકમાં થવા લાગી છે. મોટા સાહેબો સાથે નાના અધિકારીઓ પણ રહ્યા હોય તેમાં બેમત નથી. આથી મોટા સાહેબોની બદલી બાદ નાના અધિકારીઓના 'કાયમી સંબંધ' બંધાયા હોય તેમાં બેમત નથી.

ગેમઝોનના બાંધકામ વિશે જાણકારી ન હોવાની વાત ખોટી લાગે છે. આઇપીએસ અને આઇએએસ કક્ષાના અધિકારીઓએ ગેમિંગ ઝોનની મુલાકાત લીધી હોવાનું ખુલ્યું છે. તત્કાલીન કલેકટર અરૂણ મહેશ બાબુ અને તત્કાલિન મ્યુનિસિપલ કમિશનર અમિત અરોરાએ પણ આ ગેમિંગ ઝોનની મુલાકાત લીધી હતી. આ ઉપરાંત તત્કાલિન ડિસીપી પ્રવિણ મીણા, તત્કાલિન જિલ્લા પોલીસ વડા બલરામ મીણાના ફોટા પણ સામે આવ્યા છે.

પૂર્વ જિલ્લા વિકાસ અધિકારી દેવ ચૌધરી સહિત અધિકારીઓએ આ ગેમઝોનની મુલાકાત લીધી હોવાના ફોટા




અપલોડ થયા છે. ઉચ્ચ અધિકારીઓની હાજરીથી નિયમના પાલનમાં કોની બેદરકારી એ સવાલ ઉઠયા છે.

આઇપીએસ અને આઇએએસ કક્ષાના અધિકારીઓ ગેમ ઝોનની મુલાકાત લેતા હોય અને તંત્રને બાંધકામ વિશે જાણકારી ન હોય એ વાત ગળે ઉતરતી નથી. મોટા સાહેબોની મુલાકાત બાદ ગેમ ઝોનના માલિકો કાયદાથી ઉપર હોવાનું માનવા લાગ્યા હોય તો જ આટલો મોટો ખડકલો કર્યો હોય તેવું જાણકારો કહે છે. હાલ સોશ્યલ મીડિયામાં આ ફોટો આગની જેમ ફેલાઇ ગયો છે.

કોર્પો.ના એક અધિકારી અહીં કાર રેસનો શોખ પૂરો કરવા આવતા હોવાનું સ્થળ પરથી જાણવા મળ્યું હતું. ઉપરોકત ફોટા પરથી સાડા ત્રણ દાયકા પહેલાનો એક કિસ્સો અધિકારીઓને યાદ આવ્યો છે જયારે પૂર્વ કલેકટર એસ.જગદીશનને એક મ્યુઝીકલ નાઇટમાં આયોજકોએ મહેમાન તરીકે બોલાવ્યા હતા અને તેમણે મનોરંજન કર ચોરી બદલ સ્થળ પર જ રેડ પાડીને મોટો કેસ દાખલ કરતા સન્નાટો મચી ગયો હતો!

# ફાયર સાધનો માત્ર 'દેખાવ' પુરતા જ હતા

## સ્ટોર રૂમમાં રાખવાના હોય તેમ 'પેટીપેક' હાલતમાં મળ્યા



રાજકોટ તા.૨૭

રાજકોટમાં શનિવારે સર્જાયેલા ગેમ ઝોનનાં અગ્નિકાંડમાં ૨૮ જેટલી માનવ જીંદગી હોમાઈ ચુકી છે. ત્યારે તપાસનીસ ટીમોની પ્રાથમીક તપાસમાં જ આ ગેમ ઝોનમાં ફાયર સેફ્ટીની કોઈ સુવિધા નહોતી. ફાયર સેફ્ટીનાં સાધનો માત્ર દેખાવ પુરતા જ હતા.સ્ટોર રૂમમાં સાચવવાના હોય તેમ 'પેટીપેક' હાલતમાં મળ્યા હતા. ફાયર સેફ્ટી સાધનો જો ફીટ કરાયા હોત તો કદાચ મોટી દુર્ઘટના નિવારી શકાય હોત.

ટીઆરપી ગેમઝોનનાં સંચાલકોએ લોખંડની એંગલો પતરાની મદદથી અલગ અલગ વિભાગો પાડી ગેમ ઝોન બે થી ત્રણ માળ જેટલો ઉંચો લીધો હતો. અકસ્માત આગજની માટે ફાયર સેફ્ટીનાં કોઈ સાધનો ફીટ કર્યા ન હતા. માત્ર દેખાવ માટે સ્ટોર રૂમમાં સાધનો રાખવામાં આવ્યા હતા જે કોઈ ઉપયોગમાં આવ્યા નહોતા.

અગ્નિકાંડ બાદ તપાસ દરમ્યાન ગેમઝોનમાં ફાયર સેફ્ટી વોટર પાઈપ લાઈન પાણીનો મારો ચલાવી શકાય તેવી કોઈ વોટર સીસ્ટમ હતી જ નહિં જે કારણે આગને કાબુમાં લેવી જ નહિં જે કારણે આગને કાબુમાં લેવી મુશ્કેલ બનતી ગેમ ઝોન જોતજોતામાં પતાની માફક સળગી જઈ ખાખ થતા અનેક માનવ જીંદગી જીવતી ભુંજાઈ હતી.

ગેમઝોન સ્થળે આગ કાબુમાં આવ્યા બાદ તપાસ દરમ્યાન એક સ્ટોર રૂમમાં ફાયર સેફ્ટીનાં સાધનો પેકીંગ કરેલી હાલતમાં મળી આવ્યા હતા.

# ગેમઝોનમાં ફાયર એકઝીટ, આલાર્મ સિસ્ટમ જેવું કંઈ જ હતું નહીં એટલે જ ભયંકર દુર્ઘટના બની!

## સરકારી તંત્રની પણ પુરી લાપરવાહી જવાબદારઃ ઘટનાના સાક્ષી પ્રિતાબાની 'સાંજ સમાચાર' સાથે વાતચીત



રાજકોટ તા.૨૭

શનિવારે શહેરનાં કાલાવડ રોડ ઉપર નાનામવાનાં સર્વે નંબરમાં ટીઆરપી ગેમઝોનની જે દર્દનાક આગની ઘટના બની તે ઘટનાના સાક્ષી એવા પ્રિતાબા જાડેજાએ 'સાંજ સમાચાર'સાથેની વાતચીતમાં જણાવેલ હતું કે આ આગની ઘટના બની ત્યારે તેઓ અને તેના પરિવારનાં ૧૦ લોકો નીચે હતા. ત્યારે બપોરે બે વાગ્યા આસપાસ ઉપરના માળે આગ લાગી હોવાની જાણ થઈ. શરૂઆતમાં તો આગ થોડીક લાગી હતી. પરંતુ આ સ્થળે ફાયર એકઝીટ આલાર્મ સિસ્ટમ વગેરે કંઈ જ હતું નહિં આથી તુરંત જ આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધુ હતું અને ગેમઝોનમાં અંદર રહેલા લોકોને જીવ બચાવવાની કોઈ તક જ રહી નહીં.



પ્રિતાબાએ વધુમાં જણાવેલ હતું કે ગેમઝોન નજીક ચાલી રહેલા વેલ્ડીંગ કામમાં તણખલાથી જ આગ પ્રસરી હતી અને આ અંગેની જાણ થતા અમો સૌ જીવ બચાવીને ભાગ્યા હતા.

પ્રિતાબાએ એવુ પણ જણાવેલ હતું કે ૨૮ લોકોના જીવ જવા માટે જવાબદાર લોકોનો પણ જીવ જ જવો જોઈએ.પ્રિતાબાએ એવો આક્રોશ પણ ઠાલવેલ હતો કે આ ઘટના પાછળ તંત્રની લાપરવાહી પણ પુરી જવાબદાર છે.

# ૨૭ પરિજનોના સેમ્પલ ડીએનએ માટે ગાંધીનગર એફએસએલમાં મોકલાયા



## ચાર સેમ્પલના ડીએનએ મેચ થતાં પરિવારજનોને જાણ કરાઇ

રાજકોટ, તા.૨૭

મોકાજી સર્કલ પાસે આવેલ ટીઆરપી ગેમ ઝોનમાં ભયાનક ભીષણ આગ લાગ્યા બાદ બાળકો, યુવાનો અને મહિલાઓ અનેક લોકો જીવતા ભૂંજાય ગયાં હતાં. આગ એટલી વિકરાળ હતી કે, ક્ષણ ભરમાતો ગેમઝોનની અંદર મોજ માણી રહેલાં લોકો કાંઈ વિચારે તે પહેલાં જ આગનો ભોગ બન્યા હતાં. જેમાં ભોગ બનનાર લોકો એટલી હદે સળગ્યા હતાં કે તેમની ઓળખ કરવી પણ મુશ્કેલ હતી. કોઈપણ હતભાગીની ઓળખ થઈ શકી ન હતી અને તમામ સળગેલા મૃતદેહને સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતાં. ત્યારે પોતાનો વ્હાલસોયો કે વ્હાલસોયી ગુમાવનાર પરિવારે કાળો કલ્પાંત મચાવ્યો હતો અને પોતાના વ્યક્તિની ભાળ મેળવવા દોડધામ મચાવી હતી. જે બાદ મૃતકની ઓળખ મેળવવા સિવિલ તંત્રએ તાત્કાલિક મૃતદેહ અને પોતાનો પરિવારજન ગુમ છે તેવી ફરીયાદ લઈ આવનાર લોકોના સેમ્પલ લઈ મૃતકની ઓળખ મેળવવા સેમ્પલને ડીએનએ ટેસ્ટ માટે ગાંધીનગર એફએસએલમાં મોકલવામાં આવ્યાં હતાં. જેમાંથી ચાર સેમ્પલ મેચ થતા પરિવારજનોને રાત્રે જ જાણ કરાઇ હતી. ૨૭ જેટલા સેમ્પલ ડીએનએ ટેસ્ટ માટે મોકલવામાં આવ્યા હતાં. ગુજરાતમાં પ્રથમવાર એવો બનાવ બન્યો હશે કે, આગ લાગ્યાં બાદ મૃતદેહની પણ ઓળખ થઈ શકતી નથી તેના પરથી જ તાળ મળી શકે

## ડીએનએ બાબતે આખો દિવસ અલગ અલગ ખોટા સમાચારો વહેતાં થતાં પોલીસે ખુલાસો કરવો પડ્યો

ટીઆરપી ગેમઝોન આગ કાંડ બાદ મૃતકોની ઓળખ મેળવવા ૨૭ જેટલા પરિવારજનોના ડીએનએ લેવામાં આવ્યા હતાં. જે બાબતે અલગ અલગ માધ્યમો દ્વારા નામ જોગ ખોટા સમાચારો વહેતાં થયાં હતાં. જે ડીએનએના રિપોર્ટ ન આવ્યાં બાબતે ખુદ પોલીસને મેદાનમાં આવવું પડ્યું હતું અને આવી કોઈ વાત સામે આવી નથી અને ભ્રામક વાતમાં આવવું નહિ તેવી ચોખવટ કરવી પડી હતી.

## જીજ્ઞેશ ગઢવી અને સુનિલ સિદ્ધપુરાના ડીએનએ મેચ થતાં પરિવાર સિવિલે આવ્યો

ગત રાત્રે ચાર ડીએનએ સેમ્પલ મૃતદેહના સેમ્પલ સાથે મેચ થઇ ગયાની જાણકારી મળી હતી. જેમાં જીજ્ઞેશ ગઢવી અને સુનિલ સિધ્ધપુરાના પરિવારજનોને પોલીસે જાણ કરતા મૃતદેહ લેવા તે લોકો હોસ્પિટલે પહોંચ્યા હતા. આ ઉપરાંત એક સગીરાના ડીએનએ પણ મેચ થયા હતા.

# ટીઆરપી ગેમઝોનમાં ગોકાર્ટ બિલ્ડીંગની ઓફિસમાંથી બિયરનો જથ્થો મળી આવ્યો

રાજકોટ, તા.૨૭

ટીઆરપી ગેમ ઝોન આગ કાંડ બાદ સંચાલકોની નવી નવી કારતૂતો પણ બહાર આવી રહી છે. ત્યારે ગઈકાલે ગેમ ઝોનમાં ગોકાર્ટ બિલ્ડીંગની ઓફિસમાંથી બિયરનો જથ્થો હોવાનું ટીવી માધ્યમોએ શોધી કાઢ્યા બાદ તાલુકા પોલીસ દોડતી થઈ હતી અને આઠ બિયરના ટીન કબ્જે કરી સંચાલક સામે ગુનો નોંધાયો હતો.

પ્રાપ્ત વિગત મુજબ, તાલુકા પોલીસ મથકના કોન્સ્ટેબલ પૃથ્વીરાજસિંહ મંગળસિંહે નોંધાવેલ ફરીયાદ મુજબ, ગઈ તા.૨૫-૦૫ ના નાનામવા મેઈન રોડ સયાજી હોટલની પાછળ ટીઆરપી ગેમ ઝોનમાં આગ લાગવાનો બનાવ બનેલ હોય જેથી તેઓ ગઈકાલે બંદોબસ્તમાં હતાં ત્યારે તે જગ્યાએ આગ લાગવાના કારણે કાટમાળ ખસેડવાની



## ટીવી માધ્યમોમાં સમાચાર વહેતા થયાં બાદ પોલીસ દોડીઃ ૮ બિયરના ટીન કબ્જે કરી સંચાલક સામે ગુનો નોંધ્યો

કામગીરી ચાલુ હોય તે દરમ્યાન ટીવી માધ્યમોમાં ટીઆરપી ગેમ ઝોનમાં મેઈન ગેટની સામેના ભાગે આવેલ ગોકાર્ટ બિલ્ડીંગના પહેલા માળે સીડી ચડતા ડાબી બાજુએ આવેલ ઓફીસમાં બીયરના ટીન મળી આવેલ હોય જેથી સ્ટાફે જગ્યાએ જોતા એક કાળા કલરના ખોખામાં બીયરના ૦૮ ટીન જોવામાં આવતાં બિયરના ટીન કુલ રૂ.૧૬૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી પોલીસ મથકે લઈ જવામાં આવ્યો હતો.

જેથી ટીઆરપી ગેમ ઝોનમાં આવેલ ગોકાર્ટ બિલ્ડીંગના પહેલા માળે આવેલ ઓફિસના સંચાલકે પોતાના કબ્જામાં પરમીટ વગર બિયર રાખતાં ગુનો નોંધવામાં આવ્યો હતો. આરોપીને શોધવા ચક્રો ગતિમાન કર્યા હતાં.

# ફાયર-ટીપીના અધિકારીઓએ આંખ પર પાટા બાંધી રાખ્યા : ઘોર બેદરકારી બદલ સસ્પેન્ડ

## કમિશ્નર આનંદ પટેલના હુકમમાં ગંભીર બેજવાબદારીનો ઉલ્લેખ : ફાયરની ટીમે કયારેય ચેકીંગ ન કર્યુ : ટાઉન પ્લાનીંગ વિભાગે સ્ટ્રકચર સામે કોઇ પગલા ન લીધા : હવે કોનો વારો? મનપામાં સોંપો

રાજકોટ, તા. ૨૭

શહેરના નાના મવા રોડ પરના ટીઆરપી ગેમ ઝોનમાં સર્જાયેલા અગ્નિકાંડના પગલે હવે મુખ્ય જવાબદારી મહાપાલિકા અને પોલીસ તંત્ર પર આવી રહી છે. તેવામાં સીટની તપાસ વચ્ચે મનપાના ત્રણ અધિકારીઓને સસ્પેન્ડ કરી દેવામાં આવતા મનપામાં સોંપો પડી ગયો છે. આ હુકમ સાથે કમિશ્નર આનંદ પટેલે ત્રણે અધિકારીઓએ ફરજમાં ગંભીર બેદરકારી દાખવ્યાની નોંધ કરી છે. ફાયર શાખાના અધિકારીના વિસ્તારમાં આ જોખમી મનોરંજન સ્થળ હતું તો વોર્ડ નં.૧૦ જે અધિકારીમાં આવતો હતો તે એટીપી અને એન્જીનીયરને પણ બેજવાબદારી બદલ સજા આપવામાં આવી છે.

કમિશ્નરે કરેલા હુકમમાં જણાવ્યું છે કે મહાપાલિકાની ફાયર એન્ડ ઇમરજન્સી શાખામાં કાલાવડ રોડ પર સ્ટેશન ઓફિસર તરીકે ફરજ બજાવતા રોહિત વિગોરાને સુપરવિઝન તથા ફાયર એનઓસી અંતર્ગત સ્થળ તપાસ અંગેની જવાબદારી સોંપવામાં આવેલ છે. વોર્ડ નં.૧૦માં નાના મવા રોડ પર સયાજી હોટલ પાસે આવેલ ટીઆરપી મોલ ખાતેના ગેમીંગ ઝોનમાં તા.૨૫ના રોજ આગ લાગતા મોટા પ્રમાણમાં જાનહાની થઇ છે. નાના મવા ગામના સર્વે નં. ૪૯, ટીપી સ્કીમ નં. ૨૦, પ્લોટ નં.૨માં ટીઆરપી મોલ ખાતે બનવવામાં આવેલ સ્ટ્રકચર અંગે ગેમીંગ ઝોન દ્વારા ફાયર એનઓસી લેવામાં આવ્યું નથી. લાંબા સમયથી આ સ્ટ્રકચર હોવા છતાં કોઇ કાર્યવાહી ન કરાતા સ્ટેશન ઓફિસરની બેદરકારી સ્પષ્ટ જણાય છે. આ પ્રકારની ગેરજવાબદારી કોઇ સંજોગોમાં ચલાવી શકાય તેમ નથી. આથી તેઓને સસ્પેન્ડ કરવામાં આવે છે.

ટીપી શાખાના એટીપીના સસ્પેન્ડ હુકમમાં કમિશ્નરે જણાવ્યું છે કે વોર્ડ નં.૧૦ અને ૧૨ની જવાબદારી આસી. ટાઉન પ્લાનર ગૌતમ જોશીની છે. આ વિસ્તારમાં બનતા બાંધકામ અન્વયેની વિકાસ પરવાનગી તથા ભોગવટા પરવાનગી આપવાની અને અનઅધિકૃત બાંધકામો પર નિયંત્રણ રાખવાની કાર્યવાહી, ટીપી સ્કીમ, ગૂડા વગેરેની કામગીરી તેમના હસ્તક છે. વોર્ડ નં.૧૦ના ટીઆરપી ગેમ ઝોનમાં શનિવારે ગંભીર ઘટના બની છે. અહીં બનાવવામાં આવેલા સ્ટ્રકચરની મંજૂરી ટાઉન પ્લાનીંગ શાખામાંથી લેવામાં આવી નથી. આ સ્ટ્રકચર સામે કોઇ કાર્યવાહી થઇ નથી. આથી તેમની બેદરકારી ગણીને કમિશ્નરે એટીપીને તાત્કાલીક અસરથી સસ્પેન્ડ કરવા હુકમ કર્યો છે.

ટીપી શાખાના આસી.એન્જીનીયર જયદીપ ચૌધરીને વોર્ડ નં.૧૦માં બનાવવામાં આવતા બાંધકામ, સ્ટ્રકચર અંતર્ગતની વિકાસ પરવાનગીઓ, ભોગવટા પરવાનગી આપવા, અનઅધિકૃત બાંધકામો પર નિયંત્રણ રાખવાની ટીપી શાખા હસ્તકની કામગીરી સોંપવામાં આવેલ છે. આ મંજૂરી વગરના બાંધકામ અંગે ઇજનેર કક્ષાએ પણ કોઇ ચકાસણી કે પગલાની કાર્યવાહી થઇ ન હોય, સ્પષ્ટ બેદરકારી દેખાય છે. આ ગેરજવાબદારી બદલ તેઓને ફરજ પરથી તાત્કાલીક સસ્પેન્ડ કરવાનો હુકમ કરાયો છે.

આમ મનપામાં શરૂ થયેલા સસ્પેન્સના હુકમોથી કર્મચારી અને અધિકારી વર્ગમાં ફફડાટ ફેલાયો છે અને હવે કોનો વારો આવશે તેની ચર્ચા ગંભીર બની ગઇ છે.

## ટીઆરપી ગેમઝોન જેવા જોખમી સ્થળે મોકડ્રીલ જ થઇ નથી!

### એનઓસી વગરના ફાયર સેફટી સાધનોની શું કિંમત? સ્ટાફ પૂરા શહેરમાં ફરતો રહ્યો અને ખતરનાક જગ્યા બાકાત રહી ગઇ

રાજકોટ, તા. ૨૭

રાજકોટ મહાપાલિકાની ફાયર એન્ડ ઇમરજન્સી શાખાએ તકેદારીના ભાગરૂપે ફાયર સેફટી માટે પૂરા શહેરમાં જનજાગૃતિની નમુનારૂપ કામગીરી કરી છે. પરંતુ ટીઆરપી ગેમ ઝોન જેવી જગ્યાએ આવી કોઇ મોકડ્રીલ કરવામાં આવી નહીં હોવાનું બહાર આવ્યું છે. આ સહિતની બેદરકારીના કારણે પણ ફાયર શાખા પર ગાજ વરસી છે.

રાજકોટ સહિતના શહેરોમાં આગ દુર્ઘટના બાદ કોરોના સમયથી રાજય સરકાર અને હાઇકોર્ટના આદેશથી શહેરની લગભગ તમામ સોસાયટી અને વોર્ડમાં ફાયર શાખા કોઇ બ્રેક લીધા વગર નિયમિતપણે ફાયર સેફટી માટે મોકડ્રીલ કરે છે. શહેરની લગભગ તમામ હોસ્પિટલ, મોલ, સોસાયટી, નાના મોટા એપાર્ટમેન્ટમાં લોકોને અને સ્ટાફને સલામતીના પગલા માટે તાલીમ આપી છે. હવે શનિવારે જયાં આ ઘટના બની તે ટીઆરપી ગેમ ઝોનમાં ફાયર સેફટીના સાધનો તો હતા, બનાવના બે દિવસ પહેલા કંપનીના ફાયરના કર્મચારીઓ ફીટીંગ પણ કરતા હતા. પરંતુ મનપામાં આ ઝોન અંગે કોઇ નોંધ ન હોય, અહીં ફાયર મોકડ્રીલ કયારેય કરાઇ નથી.

વધુમાં આવા જે સ્થળો ફાયર એનઓસી લેતા નથી તે તપાસમાં બહાર આવે ત્યારે પગલા લેવામાં આવે છે. પરંતુ જયાં સર્ટીફીકેટ ઇસ્યુ થયું ન હોય ત્યાં તંત્ર કોઇ રેકોર્ડ ન હોવાથી મોકડ્રીલ માટે જતું નથી. આથી આવા ઘણા જાહેર અને જોખમી સ્થળો મોકડ્રીલમાંથી બાકાત રહી જાય છે. ફાયર શાખાએ છેલ્લા સમયમાં જુદી જુદી સોસાયટીમાં અને હોસ્પિટલ, શાળા જેવા સ્થળે બે લાખથી વધુ લોકોને ફાયર સેફટીની તાલીમ આપી છે પરંતુ આ સ્થળો શોધીને મોકડ્રીલ નહીં તો નિયમ ભંગ બદલ કાર્યવાહી કરવાની જરૂર હોવાનો મત છે.

# મંજૂરી અપાઇ ત્યારે પીઆઇ પટેલ પાસે તાલુકા પોલીસની જવાબદારી હતી, પીઆઇ રાઠોડ લાયસન્સ શાખામાં હતા

## જાણો શા કારણે બંને પીઆઇને સસ્પેન્ડ કરી બદલી કરી દેવાઇ

રાજકોટ, તા.૨૭

ટીઆરપી અગ્નિ કાંડમાં સરકારે આકરા પગલાં લેવા આદેશ કરતા ડીજીપી વિકાસ સહાયે બે પીઆઇને સસ્પેન્ડ કરવા આદેશ કર્યો છે. એટલું જ નહીં. તેઓની બદલી ડાંગ અને દાહોદ હેડ ક્વાર્ટરમાં બદલી કરી દેવાઇ છે.

હાલ રાજકોટ શહેર પોલીસની રીડર શાખામાં ફરજ બજાવતા પીઆઇ વી.આર.પટેલના ફરજ મોકૂફીના આદેશમાં જણાવાયું છે કે, પીઆઇ વી.આર. પટેલ વર્ષ-૨૦૨૩માં રાજકોટ તાલુકા પોલીસ સ્ટેશનમાં થાણા ઈન્ચાર્જ તરીકેની ફરજ દરમ્યાન અરજદાર રેસ-વે એન્ટરપ્રાઇઝની એમ્યુઝમેન્ટ પાર્ક ચાલુ કરવા અંગે બુકીંગ લાયસન્સ આપવા અંગેની અરજી પોલીસ કમિશનરને તા.૧૧/૦૮/૨૦૨૩ના રોજ કરેલ. પીઆઇ પટેલને આ અરજી તપાસ અર્થે મોકલાઇ અને વિગતવારની તપાસ કરી અભિપ્રાય મોકલવા સારૂ મોકલેલ, જે અનુસંધાને પીઆઇ પટેલે રાજકોટ તાલુકા પોલીસ સ્ટેશનના તા.૧૭/૧૧/૨૦૨૩ના પત્રથી અભિપ્રાય સાથે પ્રકરણ પોલીસ કમિશનને મોકલેલ જેમાં અરજદાર પાસેથી ફાયર વિભાગની એન.ઓ.સી. પ્રમાણપત્ર તેમજ પી.જી.વી.સી.એલ.નું એન.ઓ.સી. મેળવેલ ન હોવા છતાં લાયસન્સ આપવા પોઝીટીવ અભિપ્રાય આપી ફરજમાં ગંભીર બેદરકારી દાખવેલ હોવાનું પ્રાથમિક દ્રષ્ટીએ જણાય છે. પીઆઇ પટેલ પોલીસ અધિકારી તરીકે તેમના કર્તવ્યથી વિમુખ થયેલ છે. તેમની આ બાબત ગંભીર ગેરવર્તણુંક તરીકે ગણી શકાય તેમ હોય, તેઓને હાલના હોદ્દામાં સક્રિય સેવાઓમાં ચાલુ રાખવાનું જાહેરહિતમાં યોગ્ય જણાતું ન હોવાથી, તેમને તાત્કાલીક અસરથી ફરજમોકુફી હેઠળ મુકવાનો આદેશ કરવામાં આવ્યો છે. તેઓનું ફરજમોકુફીના સમયનું મુખ્ય મથક પોલીસ અધિક્ષક, ડાંગ જિલ્લાનું પોલીસ હેડ ક્વાર્ટર નક્કી કરવામાં આવ્યું છે.

બીજા પીઆઇને સસ્પેન્ડ કરાયાના આદેશમાં રાજ્ય પોલીસ વડાએ જણાવ્યું કે, પીઆઇ એન.આઇ.રાઠોડ, જેઓ હાલ રાજકોટના યુનિવર્સિટી પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવે છે. તેઓ. વર્ષ-૨૦૨૩માં લાયસન્સ શાખામાં પોલીસ ઈન્સ્પેકટર તરીકેના વધારાના ચાર્જમાં હતા. તે દરમિયાન અરજદાર રેસ-વે એન્ટરપ્રાઇઝની એમ્યુઝમેન્ટ પાર્ક ચાલુ કરવા અંગે બુકીંગ લાયસન્સ આપવા અંગેની અરજી પોલીસ કમિશનરને આપતા તેઓ દ્વારા તા.૧૧/૦૮/૨૦૨૩ના રોજ રાજકોટ તાલુકા, પોલીસ સ્ટેશન ખાતે તપાસ અર્થે મોકલેલ અને વિગતવારની તપાસ કરી અભિપ્રાય મોકલવા સારૂ રાજકોટ તાલુકા પોલીસ સ્ટેશન ખાતે મોકલેલ, જે અનુસંધાને રાજકોટ તાલુકા પોલીસ સ્ટેશનના પીઆઇએ તેઓના તા.૧૭/૧૧/૨૦૨૩ના રોજ અભિપ્રાય સાથે પ્રકરણ પોલીસ કમિશનરને મોકલેલ જેમાં અરજદાર પાસેથી ફાયર વિભાગની એન.ઓ.સી. પ્રમાણપત્ર તેમજ પી.જી.વી.સી.એલ.નું એન.ઓ.સી. મેળવેલ ન હોવા છતાં લાયસન્સ આપવા પોઝીટીવ અભિપ્રાય આપવા બાબતેનો અહેવાલ આવતા તેઓ પાસે ટેબલ કલાર્ક દ્વારા નોટીંગ મુકતા, કોઈ પણ જાતની ચકાસણી કર્યા વિના જ ફાઈલ રજુ કર્યાનું પ્રાથમિક દ્રષ્ટીએ જણાય છે. તેમને ફરજમોકુફી હેઠળ મુકવાનો આદેશ કરવામાં આવે છે તથા તેઓનું ફરજમોકુફીના સમયનું મુખ્ય મથક પોલીસ અધિક્ષક દાહોદ જિલ્લાનું પોલીસ હેડ ક્વાર્ટર નક્કી કરવામાં આવ્યું છે.

# ગેમઝોન દુર્ઘટનામાં વિલનરૂપ શહેર માર્ગ-મકાન વિભાગમાં સન્નાટો !

### મોટાભાગના ઉચ્ચ અધિકારીઓ ગાયબઃ કોઇ ફોન પણ ઉપાડતા નથી કે કચેરીમાં હાજર પણ નથી! માર્ગ-મકાન વિભાગના નાયબ કાર્યપાલક ઇજનેરોને પ્રાથમિક રીતે જવાબદાર ઠેરવી સસ્પેન્ડ કરાયાનું સેક્રેટરી એ.કે. પટેલનું કથનઃ હજુ પણ જે જવાબદાર ઠરશે તેની સામે કડક કાર્યવાહી કરાશેઃ એ.કે. પટેલની 'સાંજ સમાચાર' સાથે ખાસ વાચતીત

રાજકોટ, તા.૨૭

ગત શનિવારે રાજકોટ શહેરમાં કાલાવડ રોડ ઉપર આવેલ ટીઆરપી ગેમઝોનમાં આગની જે ગંભીર દુર્ઘટના સર્જાઇ તેમાં મુખ્યત્વે રાજકોટ શહેર માર્ગ મકાન વિભાગના અધિકારીઓની બેદરકારી પણ છતી થઇ છે અને આ અંગે ગાંધીનગરથી માર્ગ-મકાન વિભાગ દ્વારા તાત્કાલીક અસરે રાજકોટના બે નાયબ ઇજનેરોને સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા છે. જો કે આ ઘટનામાં જે મુખ્યત્વે જવાબદાર મનાય છે તેવા કાર્યપાલક ઇજનેર સહિત અધિકારીઓ હાલમાં ગાયબ થઇ ગયા હોવાનો ઘાટ સર્જાયો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે કાર્યપાલક ઇજનેરની સૂચના છતાં પ્લાન પ્રમાણેની કોઇ પણ પ્રકારની સ્થળ તપાસ કરાઇ વગર પ્રાથમિક બાંધકામ કરવાની શરતે ગેમઝોન અંગે રિપોર્ટ આપનાર તથા ફરજમાં ગંભીર બેદરકારી દાખવનાર રાજકોટ માર્ગ-મકાન વિભાગના બાંધકામ અને મકાન પેટા વિભાગના નાયબ કાર્યપાલક ઇજનેર એમ.આર. સુમા તથા જે તે વખતે શહેર માર્ગ-મકાન વિભાગમાં ફરજ બજાવનાર અને હાલમાં માર્ગ-મકાન વિભાગના પંચાયત ડીવીઝનમાં ફરજ બજાવતા નાયબ કાર્યપાલક ઇજનેર પારસભાઇ એમ. કોઠીયાને રાજયના માર્ગ-મકાન વિભાગના નાયબ સચિવ હિતેષ પટેલે તાત્કાલીક અસરથી સસ્પેન્ડ કરી દીધા છે.

દરમ્યાન આ ઘટના અંગે રાજ્યના માર્ગ-મકાન વિભાગના સેક્રેટરી એ.કે. પટેલનો સંપર્ક સાધતા તેઓએ 'સાંજ સમાચાર' સાથેની વાતચીત દરમ્યાન જણાવેલ હતું કે ગેમઝોનની ઘટનામાં પ્રાથમિક રીતે નાયબ કાર્યપાલક ઇજનેર એમ.આર. સુમા અને પારસ કોઠીયા જવાબદાર ઠર્યા છે. આથી તેઓને સસ્પેન્ડ કરવાનો હુકમ કરવામાં આવેલ છે.

શ્રી પટેલે વધુમાં એમ જણાવેલ હતું કે આ ઘટનામાં હાલ માર્ગ-મકાન વિભાગે ખાતાકીય તપાસ શરુ કરી દીધી છે અને આ ઘટના માટે રચાયેલી સીટની તપાસ દરમ્યાન માર્ગ-મકાન વિભાગના અન્ય કોઇ અધિકારી જવાબદાર ઠરશે તો તેઓની સામે પણ કડક પગલા લેવામાં આવશે. અત્રે ઉલ્લેખનીય છે કે રાજકોટની ઘટના માટે શહેર માર્ગ-મકાન વિભાગના જે અધિકારી સામે આંગળી ચિંધાઇ રહી છે તેવા કાર્યપાલક ઇજનેર શ્રી જાની સહિતના અધિકારીઓ કચેરીમાં હાજર મળી આવ્યા ન હતા જ્યારે અનેક ફોન કર્યા બાદ શ્રી જાનીએ ટુંકમાં એવો જવાબ આપેલ હતો કે તેઓ કલેકટર ઓફિસમાં મીટીંગમાં છે. જો કે તેઓએ અન્ય કોઇ બાબતનો ઉલ્લેખ કર્યો ન હતો. માર્ગ-મકાન વિભાગની કચેરી ખાતે પણ રૂબરૂ તપાસ હાથ ધરતાં મોટા ભાગના ઉચ્ચ અધિકારીઓ ગાયબ થઇ ગયા હોવાનું દેખાયું હતું.

### ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પ્રમુખ શક્તિસિંહ ગોહિલે 'સાંજ સમાચાર' કોર્પોરેટ હાઉસની લીધી મુલાકાત

# ઉચ્ચ અધિકારીઓ સામે પણ FIR દાખલ કરોઃ શક્તિસિંહ ગોહિલ

### TRP અગ્નિકાંડ જેવી દુર્ઘટનાઓની રાજ્યમાં પરંપરા સર્જાઇ રહી છેઃ હાઇકોર્ટ-સુપ્રિમ કોર્ટના જજ મારફતે તપાસ કરવી જરૂરીઃ ફાયર NOC સહિતના મુદ્દે ભ્રષ્ટાચારનો ભોરીંગઃ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઇ પટેલ બેકસીટ ડ્રાઇવર છે




તસ્વીરઃ પંકજ શીશાંગીયા

રાજકોટ, તા.૨૭

શહેરના નાનામવા રોડ પર ટીઆરપી ગેમઝોનના અગ્નિકાંડમાં ૨૭ લોકોએ જાન ગુમાવતા રાજકોટ સહિત સૌરાષ્ટ્ર ગુજરાતમાં આ ઘટનાએ ભારે હાહાકાર સર્જી દીધો છે. આ ઘટનાને પગલે રાજકોટ દોડી આવેલા ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પ્રમુખ શક્તિસિંહ ગોહિલે આ ઘટનામાં જવાબદાર ઉચ્ચ અધિકારીઓ સામે પોલીસ ફરિયાદ દાખલ કરવા માંગણી ઉઠાવી હતી.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પ્રમુખ શક્તિસિંહ ગોહિલે ધારાસભ્ય લલીત વસોયા, પૂર્વ ધારાસભ્ય ઇન્દ્રનીલ રાજ્યગુરૂ, રાજકોટ શહેર કોંગ્રેસના પ્રમુખ અતુલ રાજાણી સાથે આજે 'સાંજ સમાચાર' કોર્પોરેટ હાઉસની લીધેલી મુલાકાત દરમ્યાન 'સાંજ સમાચાર'ના તંત્રી શ્રી પ્રદિપભાઇ શાહ સાથે આ દુર્ઘટના અને રાજ્યની વર્તમાન સ્થિતિ અંગે ચર્ચા કરી હતી.

શક્તિસિંહ ગોહિલે જણાવ્યું હતું કે રાજકોટનો ટીઆરપી અગ્નિકાંડ એ એક દુર્ઘટના નથી પરંતુ રાજ્યમાં આવી દુર્ઘટનાઓની પરંપરા સર્જાવાનું શરૂ રહ્યું છે. અગાઉ વડોદરામાં બોટ દુર્ઘટના સર્જાયેલ હતી. ત્યારબાદ સુરતમાં તક્ષશીલા દુર્ઘટના તેમજ પાલનપુર બ્રીજની દુર્ઘટના અગાઉ સર્જાઇ ચુકી છે. આવી દુર્ઘટનાઓમાં એક પણ ઉચ્ચ અધિકારીઓના નામ પોલીસ ફરિયાદમાં દાખલ કરવામાં આવેલ નથી.

જેથી ટીઆરપી અગ્નિકાંડ જેવી દુર્ઘટનાઓમાં જવાબદાર ઉચ્ચ અધિકારીઓ સામે પોલીસ ફરિયાદ દાખલ કરવામાં આવે તો આવી ઘટનાઓ પર રોક લાવી શકાય અને આવી ઘટનાઓ ન બને તે માટે અધિકારીઓ પણ ગંભીરતા દાખવી શકે. આવી ઘટનાઓની હાઇકોર્ટ અને સુપ્રિમ કોર્ટના જજ મારફત તપાસ કરવી જોઇએ તેમ પણ શક્તિસિંહ ગોહિલે જણાવ્યું હતું.

શક્તિસિંહ ગોહિલે વહીવટી તંત્રમાં પેસેલા ભ્રષ્ટાચારના સડા પર પ્રકાશ ફેંકી જણાવ્યું હતું કે ફાયર એનઓસી સહિતના મુદ્દે જો મંજુરી લેવી હોય તો પણ નાણાં ઉચ્ચ અધિકારીઓને ધરવા પડે છે અને ફાયર એનઓસી વગર અનઅધિકૃત રીતે જો આવા ગેમઝોન ચલાવવા હોય તો અધિકારીઓને નિવેદ ધરવામાં આવે છે. તેઓએ સિસ્ટમમાં પેસેલા ભ્રષ્ટાચાર પર પ્રકાશ ફેંક્યો હતો.

આ ઉપરાંત શક્તિસિંહ ગોહિલે તેમ પણ જણાવેલ હતું કે રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ એ બેકસીટ ડ્રાઇવર છે, ભાજપના ટોચના મોવડી મંડળના માર્ગદર્શન વગર તેઓ કોઇપણ નિર્ણય લેવા અસમર્થ છે. અહીં એ પણ ઉલ્લેખનીય છે કે આ રાજકોટની અગ્નિકાંડ દુર્ઘટનાના મામલે શહેર કોંગ્રેસ દ્વારા પત્રકાર પરિષદ પણ યોજવામાં આવી હતી. જેમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પ્રમુખ શક્તિસિંહ ગોહિલ તેમજ અમીતભાઇ ચાવડા ઉપરાંત રાજકોટ લોકસભા બેઠકના ઉમેદવાર પરેશ ધાનાણીએ સંબોધન કર્યું હતું. આ તકે શક્તિસિંહ ગોહિલે એવું પણ જણાવ્યું હતું કે રાજકોટમાં નાનુ એવું બાંધકામ પણ મંજુરી વગર ચાલે તો સમજી શકાય પરંતુ આ પ્રકારે છડે ચોક ચાર-ચાર વર્ષથી બાંધકામ ગેરકાયદેસર ગેમઝોન ચાલે છે છતાં પણ તંત્ર ઘોરનિંદ્રામાં રહ્યું તે કેટલે અંશે વ્યાજબી છે. આ ગેમઝોન તમામ નિયમોનું છડે ચોક ઉલ્લંઘન થયું છે. આ ઘટનામાં રાજ્ય સરકાર દ્વારા માત્ર નાના અધિકારીઓ પર પગલા લેવામાં આવે છે જ્યારે મેયર, મ્યુ. કમિશ્નર અને પોલીસ અધિકારીઓના ફોટા સોશ્યલ મીડિયામાં વહેતા થયા હોય નાના અધિકારીઓને સસ્પેન્ડ કરવાના બદલે મોટા અધિકારીઓ અને ઉચ્ચ અધિકારીઓની પણ જવાબદારી બનતી હોય તેની સામે પણ ગુનો દાખલ કરવો અતિ આવશ્યક છે. વર્ષ ૨૦૨૨માં ધારાસભ્ય અરવિંદ રૈયાણી, કિશોર રાઠોડ અને ભાજપની ટીમ આ જગ્યાએ જાય છે, કલેકટર, મ્યુનિ. કમિશનર અને પોલીસ અધિકારીઓ જે ટ્રેકમાં ફોટાઓ પડાવ્યા છે તેની બાજુની બિલ્ડીંગ સળગ્યું છે. સરકારનું તેના તરફ હજુ ધ્યાન ખેંચાયું નથી. રાજયમાં જાન-માલનું રક્ષણ કરવું જોઇએ અને રાજનીતિઓને બંધ કરવી જોઇએ.


## સીવીલ કોર્ટ નોટીસ

રાજકોટના મહે. ૧૭માં સીની. સીવીલ **જજશ્રી પી.જે. કાયસ્થ** સાહેબની કોર્ટમાં દિ.પ.અ.નં. ૧૨૧૦/૨૦૨૪, અરજદાર **(૧) શ્રી ભુવનેશ્વરી ઘનશ્યામભાઇ ટાંક (૨) શ્રી આશકા ઘનશ્યામભાઇ ટાંક (૩) શ્રી શ્રધ્ધા ઘનશ્યામભાઇ ટાંક (૪) સગીર મિશરી ઘનશ્યામભાઇ ટાંક**ના વાલી દરજ્જે **ભુવનેશ્વરી ઘનશ્યામ ટાંક**એ **ગુજ. ઘનશ્યામભાઇ પ્રેમજીભાઇ ટાંકની સ્થાવર મીલકતનું** કે જે

**(A)** રાજકોટ શહેરમાં ભક્તિનગર સોસાયટીની પૂર્વ તરફ અને લક્ષ્મીવાડીથી દક્ષિણ આવેલ સરવે નં. ૩૪૧ પૈકીની બીન ખેડવાણ અને ઈમારત બાંધવાના મંજુરીવાળા જમીનના પ્લોટસ પૈકી **(પૂજારા પ્લોટ શેરી નં.૨** તરીકે ઓળખાતા વિસ્તારના) (સીટી સર્વે વોર્ડ નં.૧૦, સીટી સર્વે નં. ૧૨૯૯/ક મુજબ ક્ષેત્રફળ ચો.મી. ૧૧૩-૬) પ્લોટ નં. ૧૬/એ/૧ પૈકીની જમીન ચો.વા.આ. ૧૩૪-૪-૦ બરાબર ચો.મી.આ. ૧૧૨-૩૭ ઉપર આવેલ રહેણાંક મકાન, રાજકોટના મહે. ૬ઠા એડીશનલ સીનીયર સીવીલ જજ સાહેબ-રાજકોટના દિ.પ.અ. નં. ૧૦૫૮/૨૦૦૭ તા.૦૬-૧૧-૨૦૦૭થી **ગુજ. ઘનશ્યામભાઇ પ્રેમજીભાઇ ટાંક**એ નામદાર કોર્ટમાંથી હેરશીપ સર્ટીફીકેટ મેળવેલ છે. (આ મીલકતને લાગુ અસલ દસ્તાવેજો (૧) રાજકોટના મહે. ૬ઠા એડીશનલ સીનીયર સીવીલ જજ સાહેબ-રાજકોટના દિ.પ.અ. નં. ૧૦૫૮/૨૦૦૭ તા.૦૬-૧૧-૨૦૦૭થી **ગુજ. ઘનશ્યામભાઇ પ્રેમજીભાઇ ટાંક**એ નામદાર કોર્ટમાંથી હેરશીપ સર્ટીફીકેટ અસલ. (૨) દ.અનું. નં. ૨૮૮૬ તા.૦૮-૧૨-૧૯૭૬થી **પ્રેમજી ભવાનભાઇ જોગ મનસુખલાલ પુંજાભાઇ વેગડ**એ કરી આપેલ વેચાણ દસ્તાવેજ તથા રજી. પહોંચ બંને અસલ. (૩) દ.અનું. નં. ૧૬૫૩ તા.૧૦-૬-૧૯૭૪થી **મનસુખલાલ પુંજાભાઇ વેગડ તથા મોહનભાઇ નારણભાઇ કાચા** વચ્ચે થયેલ વહેંચણી દસ્તાવેજ તથા રજી. પહોંચ બંને અસલ. (૪) દ.અનું. નં. ૧૬૪૭ તા.૧૦-૬-૧૯૭૪થી **મનસુખલાલ પુંજાભાઇ વેગડ તથા મોહનભાઇ નારણભાઇ કાચા જોગ રસીકલાલ અમૃતલાલ પુજારા**એ કરી આપેલ વેચાણ દસ્તાવેજ તથા રજી. પહોંચ બંને અસલ, ચારેય અસલ ડોક્યુમેન્ટસ ખોવાયેલ હોય તેવું કોર્ટ સમક્ષ જાહેર કરેલ છે. અને તેની ખરી નકલ રજુ કરેલ છે) ત્યારથી આ મીલકત ગુજરનારની માલીકી તથા કબ્જા, ભોગવટાની આવેલ હતી.

**(B)** ગુજરાત રાજ્યના રાજકોટ જીલ્લાના રાજકોટ શહેરમાં ડો. યાજ્ઞિક રોડ ઉપરના રાજકોટના સર્વે નં. ૪૦૫/૨ પૈકી પ્લોટ નં.-૨ પૈકી સીટી સર્વે વોર્ડ નં.-૧૫, શીટ નં. ૧૧૮, સીટી સર્વે નં. ૧૦૩૯ની જમીન ચો.મી.આ. ૧૮૩-૦૦ તથા સીટી સર્વે નં. ૧૦૪૦ની કુલ જમીન ચો.મી.આ. ૧૮૪-૨૫નું એકત્રીકરણ થતા સીટી સર્વે નં. ૧૦૩૯ની કુલ જમીન ચો.મી.આ. ૩૬૭-૨૫ હીતના **'ઉન્નતી'**ના નામથી ઓળખાતા બિલ્ડીંગના ગ્રાઉન્ડ ફ્લોરમાં આવેલ દુકાન નં. ૩,૪ તથા ૫ મળીને કુલ બિલ્ટઅપ ચો.મી. ૪૭-૦૫, રાજકોટના મહે. ૪ થા એડીશનલ સીનીયર સીવીલ જજ સાહેબ, રાજકોટના દિ.પ.અ. નં. ૧૦૬૦/૨૦૦૭ તા.૧૦-૧૨-૨૦૦૭થી **ગુજ. ઘનશ્યામભાઇ પ્રેમજીભાઇ ટાંક**એ નામદાર કોર્ટમાંથી હેરશીપ સર્ટીફીકેટ મેળવેલ, ત્યારથી આ મીલકત ગુજરનારની માલીકી તથા કબ્જા, ભોગવટાની આવેલ હતી.

**(C)** ગુજરાત રાજ્યના રાજકોટ જીલ્લાના રાજકોટ શહેરમાં ડો. યાજ્ઞિક રોડ ઉપરના રાજકોટના સર્વે નં. ૪૦૫/૨ પૈકી પ્લોટ નં. ૨ પૈકી સીટી સર્વે વોર્ડ નં.૧૫, શીટ નં. ૧૧૮, સીટી સર્વે નં. ૧૦૩૯ની જમીન ચો.મી.આ. ૧૮૩-૦૦ તથા સીટી સર્વે નં. ૧૦૪૦ની કુલ જમીન ચો.મી.આ. ૧૮૪-૨૫નું એકત્રીકરણ થતાં સીટી સર્વે નં. ૧૦૩૯ની કુલ જમીન ચો.મી.આ. ૩૬૭-૨૫ સહિતના **'ઉન્નતી'**ના નામથી ઓળખાતા બિલ્ડીંગના સેકન્ડ ફ્લોરમાં આવેલ ઓફિસ નં. ૨૦૧ની બિલ્ટઅપ ચો.મી. ૪૧-૫૯, દ.અનું. નં. ૫૭૨૨ તા.૨૯-૦૫-૨૦૦૬થી **ગુજ. ઘનશ્યામભાઇ પ્રેમજીભાઇ ટાંક** તથા અમો અરજદાર નં.-૧ના **ભુવનેશ્વરી ઘનશ્યામભાઇ ટાંક**એ સંયુક્ત ખરીદ કરેલ છે ત્યારથી આ ઓફિસમાં ગુજરનારનો **૫૦% ટકા અવિભાજ્ય હિસ્સાના** માલીકી તથા કબ્જા, ભોગવટો આવેલ હતાં.

**(D)** ગુજરાત રાજ્યના રાજકોટ જીલ્લાના રાજકોટ શહેરમાં ડો. યાજ્ઞિક રોડ ઉપરના રાજકોટના સર્વે નં. ૪૦૫/૨ પૈકી પ્લોટ નં. ૨ પૈકી સીટી સર્વે વોર્ડ નં. ૧૫, શીટ નં. ૧૧૮, સીટી સર્વે નં. ૧૦૩૯ની જમીન ચો.મી.આ. ૧૮૩-૦૦ તથા સીટી સર્વે નં. ૧૦૪૦ની કુલ જમીન ચો.મી.આ. ૧૮૪-૨૫નું એકત્રીકરણ થતાં સીટી સર્વે નં. ૧૦૩૯ની કુલ જમીન ચો.મી.આ. ૩૬૭-૨૫ સહિતનાં **'ઉન્નતી'**ના નામથી ઓળખાતા બિલ્ડીંગના સેકન્ડ ફ્લોરમાં આવેલ ઓફિસ નં. ૨૦૧ની બાજુમાં આવેલ **ખુલ્લી અગાસી ચો.મી.આ. ૧૮૮-૦૩,** દ.અનું.નં. ૫૫૫૪ તા.૨૩-૦૮-૨૦૧૬થી **ગુજ. ઘનશ્યામભાઇ પ્રેમજીભાઇ ટાંક**એ ખરીદ કરેલ હતી ત્યારથી આ મીલકત ગુજરનારની માલીકી તથા કબ્જા, ભોગવટાની આવેલ હતી.

**(E)** મોરબી જીલ્લાના માળીયા તાલુકાના ગામ માળીયાની સીમના રેવન્યુ સર્વે નં. ૧૬૦૬ પૈકી ૨ ની જુની શરતની **'અભળાટ'** તરીકે ઓળખાતી જીરાયત પ્રકારની ખેડવાણ જમીન હે.આ. ચો.મી. ૦-૫૨-૬૧ બરાબર એકર ગુંઠા ૧-૧૨, દ.અનું.નં. ૧૭૫, તા.૨૨-૦૩-૨૦૧૮થી **ગુજ. ઘનશ્યામભાઇ પ્રેમજીભાઇ ટાંક**એ ખરીદ કરેલ હતી ત્યારથી આ મીલકત ગુજરનારની માલીકી તથા કબ્જા, ભોગવટાની આવેલ હતી.

સદરહું ઉપરોક્ત મીલકતનું હેરશીપ/વારસા સર્ટીફીકેટ મેળવવા માટે તેમના **વકીલશ્રી એસ.કે. પરમાર, રશ્મીત શુદ્ર-એડવોકેટ, કૃણાલ હાંસલીયા-એડવોકેટ, કે.એચ. ઝાલા-એડવોકેટ, વિજય ડી. સોજીત્રા-એડવોકેટ એન્ડ નોટરી, પ્રવિણ સી. ઝરીયા-એડવોકેટ, અભિષેક પી. જાડેજા-એડવોકેટ, તથા મહેન્દ્ર શ્રીમાળી-એડવોકેટ** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી દિવાની પરચુરણ અરજી દાખલ કરેલ છે. તે સંબંધે જે કોઇ વ્યકિતને વાંધા, તકરાર તેમને મુદત તારીખઃ- ૧૮-૦૬-૨૪ના રોજ સવારે ૧૧-૦૦ કલાકે અત્રેની કોર્ટમાં રજુ કરવા, ગેરહાજર રહ્યે યોગ્ય હુકમ કરવામાં આવશે જેની સ્પષ્ટ નોંધ લેશો.

આજ તારીખઃ- ૨૩ માંહે મે સને ૨૦૨૪ના રોજ મારી સહી તથા કોર્ટના સીક્કા કરી આપ્યું.

તૈયાર કરનાર (પી.એમ. પરમાર) આસીસ્ટન્ટ — કોર્ટનો સીક્કો — હુકમથી (સહી અવાચ્ય) ઇ/ચા. રજીસ્ટ્રાર


# સૌ ચૂપ રહેજો

### ભાજપે ચૂંટાયેલા લોકો-હોદ્દેદારોને સૂચના આપી દીધી

રાજકોટ, તા. ૨૭


રાજકોટમાં પૂરા રાજ્ય અને સરકારને પણ ધ્રુજાવી દેતો અગ્નિકાંડ સર્જાયો છે. આ સંજોગોમાં શાસક પક્ષના કોઇ ચૂંટાયેલા પ્રતિનિધિઓ કે હોદ્દેદારો ભુલથી પણ કંઇ આડુ અવળુ ન બોલે તે માટે પાર્ટીએ સૌને અનિવાર્ય સંજોગો સિવાય ચુપ રહેવા આદેશ આપ્યાનું જાણવા મળ્યું છે.

આ ઘટના બાદ પ્રથમ દિવસે જ સાંસદ રામભાઇ મોકરીયાએ તંત્ર પર રોષ ઠાલવ્યો હતો. શનિવારે સાંજે ઘણા નેતાઓ, ચૂંટાયેલા લોકો પ્રતિક્રિયા આપતા હતા. ભાજપના ધારાસભ્ય રમેશભાઇ ટીલાળા તો હસતા મોંઢે જોવા મળતા ટીકાનો વરસાદ વરસ્યો હતો. આ બાદ ભાજપના નેતાઓને મીડિયા સામે કે સોશ્યલ મીડિયામાં પણ મોઢુ બંધ રાખવા સૂચના અપાઇ છે.

સાંસદને જ સૌના મોઢા બંધ રહે તેવી જવાબદારી સોંપવામાં આવ્યાનું પક્ષે કહ્યું છે. આમ એકંદરે સંવેદનશીલ ઘટનામાં સૌને વિવાદ ન થાય તે રીતે વર્તવા કહેવામાં આવ્યું છે.

## રાજકોટના બજાર ભાવ

| તેલ (૧૫ કિલો) | ભાવ |
|---|---|
| સીંગતેલ તેલ (નવા ડબ્બા) | ૨૫૪૦-૨૫૯૦ |
| સીંગતેલ (જૂના ડબ્બા) | ૨૪૯૦-૨૫૪૦ |
| કપાસીયા તેલ (નવા ડબ્બા) | ૧૭૧૦-૧૭૪૦ |
| કપાસીયા તેલ (જૂના ડબ્બા) | ૧૬૬૦-૧૬૯૦ |
| પામોલીયન તેલ | ૧૪૯૦-૧૪૯૫ |
| મસ્ટર્ડ તેલ | ૧૭૪૦-૧૭૬૦ |
| સનફ્લાવર તેલ | ૧૫૪૦-૧૫૬૦ |
| મકાઇ તેલ | ૧૫૨૦-૧૫૪૦ |
| વનસ્પતિ ઘી | ૧૬૫૦-૧૬૯૦ |
| કોપરેલ | ૨૪૩૦-૨૪૮૦ |
| દિવેલ | ૨૦૦૦-૨૦૨૦ |



**સોનુ-ચાંદી**

| સોનુ (૧૦ ગ્રામ) |
|---|
| ૭૪૫૦૦(+૪૦૦) |

| ચાંદી |
|---|
| ૯૩૯૦૦(+૧૬૫૦) |

# હવે ઉત્તરકાશીમાં અગ્નિતાંડવઃ અર્ધોડઝન ઘર સાફઃ વાયુસેનાની મદદ મંગાઈ

ઉત્તરકાશી, તા ૨૭

ઉત્તરકાશીના મોરી તહસીલના સલરા ગામમાં અડધો ડઝન ઈમારતો આગની લપેટમાં આવી ગઈ છે.આ બનાવથી ગામમાં ચકચાર મચી જવા પામી છે. ગ્રામજનોએ વહીવટીતંત્રને હેલિકોપ્ટર દ્વારા આગ ઓલવવાની માંગ કરી છે. પુરોલા અને મોરીથી પોલીસ અને SDRFની ટીમો સલાઈ પહોંચી ગઈ છે. આ ગામ સડક માર્ગે લગભગ ત્રણ કિલોમીટરના અંતરે છે. આ ગામમાં પાણીનો સ્ત્રોત પણ અડધો કિલોમીટર દૂર છે. ગામમાં ૭૦-૭૫ પરિવારો (ઘરો) છે. ઘટના સોમવારે સવારે સાડા અગિયાર વાગ્યાની આસપાસ બની છે. ડિસ્ટ્રિક્ટ ડિઝાસ્ટર મેનેજમેન્ટના જણાવ્યા અનુસાર ચાર ઘર આગની લપેટમાં આવ્યા છે.આગની માહિતી મળતાની સાથે જ પુરોલાના ધારાસભ્ય દુર્ગેશ્વર લાલ આગ ઓલવવા માટે રાજ્ય સરકાર પાસે હેલિકોપ્ટરની માંગ કરી રહ્યા છે.જિલ્લા મેજિસ્ટ્રેટ ડો. મેહરબાન સિંઘ બિષ્ટને સબ-ડિસ્ટ્રિક્ટ મેજિસ્ટ્રેટ પુરોલા અને તહસીલદાર મોરી પાસેથી ઘટનાની માહિતી પ્રાપ્ત કરતા સ્થળ પર ઝડપથી બચાવ અને રાહત કામગીરી હાથ ધરવા સૂચના આપવામાં આવી છે. જિલ્લા મેજિસ્ટ્રેટે કહ્યું કે બચાવ અને રાહત કામગીરીમાં મદદ માટે હેલિકોપ્ટર મોકલવા એરફોર્સને કહેવામા આવ્યું છે. વહીવટી તંત્ર ગામના પ્રધાન અને અન્ય ગ્રામજનો સાથે સંપર્ક જાળવી રહ્યાં છે.

ગામના પ્રધાન સાલેએ આ સંદર્ભમાં માહિતી આપ્યા પછી તરત જ, SDRF, પોલીસ અને મહેસૂલની ટીમો ઘટનાસ્થળે રવાના કરવામાં આવી હતી. મોરીથી ફાયર બ્રિગેડની ટીમ પણ ઘટનાસ્થળે રવાના કરવામાં આવી છે. મેડિકલ ટીમ, વન વિભાગ અને વેટરનરી ટીમને પણ ઘટનાસ્થળે રવાના કરવામાં આવી છે.

# રાજકોટમાં બપોરે ૩૪ કી.મી.ની ઝડપે ગરમા-ગરમ લૂ ફૂંકાઈ

### ૩૯.૮ ડિગ્રી તાપમાન સાથે ગરમીમાં થોડી રાહત

રાજકોટ તા.૨૭

રાજકોટવાસીઓને છેલ્લા બે દિવસથી કાળઝાળ ગરમીમાં થોડી રાહત મળી છે જો કે બપોરના સમયે તેજ અને આગઝરતી લુંનો માર યથાવત રહેવા પામ્યો છે.

સ્થાનિક હવામાન કચેરી અનુસાર આજે બપોરે ૨-૩૦ કલાકે પણ આગઝરતી લૂં યથાવત રહી હતી, જો કે તાપમાનમાં સામાન્ય રાહત રહેવા પામી હતી. બપોરે ૨-૩૦ કલાકે રાજકોટનું તાપમાન ૩૯.૮ ડિગ્રી નોંધાયું હતું. જોકે ૪૫ કી.મી.ની ઝડપે ગરમ લૂં ફુંકાઈ હતી. તથા બપોરે હવામાં ભેજ ૨૮ ટકા રહ્યો હતો. આ ઉપરાંત આજે સવારે ૮-૩૦ કલાકે તાપમાન ૩૧ ડિગ્રી અને લઘુતમ તાપમાન ૨૬.૨ ડિગ્રી રહ્યું હતું. તથા સવારે હવામાં ભેજ ૬૮ ટકા રહ્યો હતો અને પવનની સરેરાશ ઝડપ ૧૦ કી.મી. રહેવા પામી હતી.

# સોના-ચાંદીના ભાવમાં ફરી વધારો

રાજકોટ તા.૨૭

આજે ફરી સોના-ચાંદીના ભાવમાં ચળકાટ જોવા મળી છે. સોનામાં રૂા.૪૦૦ અને ચાંદીમાં રૂા.૧૬૦૦નો વધારો નોંધાયો છે. છેલ્લા સપ્તાહથી ભાવ નીચે સરી રહ્યા હતા. પરંતુ આજે ફરી બજારમાં તેજીનો માહોલ છે. રૂા.૪૦૦ના વધારા સાથે સોનુ ૭૪,૫૦૦ અને ચાંદીમાં ૧૬૦૦ના વધારા સાથે રૂા.૯૩,૯૦૦એ પહોંચ્યું છે. વૈશ્વિક બજારમાં મોટી ઉથલપાથલ મચી છે. હાલ તેજીના પગલે સોના ચાંદીના ભાવમાં મોટી અસર પડી છે. શનિવારે સોના ચાંદીના ભાવમાં ગીરાવટ જોવા મળી હતી. પરંતુ આજે સોમવારે ખુલતી બજારોએ નોંધપાત્ર વધારો થયો છે. આથી વૈશ્વિક હિલચાલને પગલે સોનામાં રૂા.૪૦૦ અને ચાંદીમાં રૂા.૧૬૦૦ વધ્યા છે.

### રજાના દિવસે સુઓમોટો લેનાર વડીઅદાલતમાં લાંબી વિશેષ સુનાવણી

# અગ્નિકાંડ મુદ્દે હાઈકોર્ટ આકરાપાણીએઃ મ્યુનિ.કમિશ્નરને સસ્પેન્ડ કરવાના હતા પણ કરતા નથીઃ સરકાર-તંત્ર પર હવે ભરોસો રહ્યો નથી

**અધિકારીઓના આંખ નીચે ૪-૪ વર્ષથી કાયદાભંગ સાથે ગેમઝોન ધમધમ્યુ છતાં કોઈને કેમ દેખાયુ નથીઃ પોલીસ કમિશ્નર પણ એફીડેવિટ કરે**

**આરોપીઓ ભાગી ગયા હોય તો લુકઆઉટ સરક્યુલર ઈસ્યુ કેમ ન થાય? મુખ્યમંત્રીની મુલાકાત પછી જ એફઆઈઆર દાખલ થવાની નોંધ**

**અદાલતના આદેશોનું પાલન નહીં થતુ હોવાની ગંભીર નોંધઃ કોર્ટનો તિરસ્કાર ગણાયઃ હવે ૬ જુને વધુ સુનાવણી**

અમદાવાદ તા.૨૭

રાજકોટના માનવસર્જીત અગ્નિકાંડ મુદ્દે સુઓમોટો દાખલ કરીને સુનાવણી કરનાર હાઈકોર્ટે અત્યંત આકરૂ વલણ અપનાવ્યુ હતું. સરકાર કે તંત્ર પર હવે ભરોસો રહ્યો નથી, ફાયર એનઓસી વિશે અદાલતોના આદેશોનું પણ પાલન થયુ નથી. મ્યુનીસીપલ કમીશ્નરને સસ્પેન્ડ કરવાના હતા પણ કરતા નથી. હવે તમામ કોર્પોરેશન હાઈકોર્ટમાં એફીડેવીટ દાખલ કરે અને ૬ જુને તેની રેગ્યુલર સુનાવણી કરાશે.

હાઈકોર્ટ એડવોકેટ એસોસીએશનના પ્રમુખ બ્રિજેશ ત્રિવેદી તથા એડવોકેટ અમીત પંચાલ દ્વારા જોરદાર દલીલો કરવામાં આવી હતી. હાઈકોર્ટના સ્પેશ્યલ જજ બીરેન વૈષ્ણવ તથા દેવેન દેસાઈની બેંચે ગઈકાલે રવિવારની રજાના દિવસે પણ સુઓમોટો અરજી સ્વીકારીને આજે સુનાવણી રાખી હતી જે દરમ્યાન હાઈકોર્ટે અત્યંત આકરી ટકકર કરી હતી.

રાજકોટ પોલીસ કમીશ્નરે ટીઆરપી ગેમઝોનને કઇ રીતે પરમીશન આપી હતી તેનો ખુલાસો કરતી એફીડેવીટ કરવાનો આદેશ કર્યો હતો. ઉપરાંત મ્યુનીસીપલ કમિશ્નર તરફથી રજુઆત થતા હાઈકોર્ટે એમ કહ્યું કે તેમને તો સસ્પેન્ડ કરવાનો આદેશ કરવાના હતા પણ કરતા નથી. અમે અત્યારે ઓફીસરોને સસ્પેન્ડ કરતા રોકીએ છીએ. જીડીસીઆરના નિયમ પાલન માટે શુ કર્યુ હતું? આવી જગ્યાઓ પર નિયમિત ચેકીંગ કરવાનું હોય છે. કોર્પોરેશનના ચીફ ફાયર ઓફીસરને પણ એફીડેવીટ ફાઈલ કરવાનું રહેશે.

હાઈકોર્ટે એમ કહ્યું કે ફાયર સેફટીની જાહેર હિતની અરજી વખતે ખુદ અદાલતે નિર્દેશો કર્યા હતા છતાં તેનું પાલન થયુ ન હતુ તે બાબતનો પણ ખુલાસો કરવા તાકીદ કરીને એમ કહ્યું કે તંત્રે કોઈ નિરીક્ષણ કર્યુ ન હતું અને ગેમઝોન ચાલતો રહ્યો છે. પરિણામે નિર્દોષ લોકો મોતને ભેટયા હતા. આગને લગતી પીઆઈએલ આદેશનું પાલન ન થયાની હકીકત અદાલતના તિરસ્કારરૂપ છે.

અદાલતે કહ્યું કે અગ્નિકાંડ આંખ ઉઘાડનારો છે. સરકારે દરવખતની જેમ સીટની રચના કરી છે. ગેમઝોન પાસે અનિવાર્ય મંજુરી ન હતી. કોર્પોરેશનના અધિકારીઓની આંખ નીચે ઝોન ધમધમતો હતો. અધિકારીઓ મુલાકાત લેતા હતા પરંતુ કાયદેસરતા કોઈએ ચકાસી ન હતી.

મીડીયા રિપોર્ટને ટાંકીને હાઈકોર્ટે એમ કહ્યું કે રાજયમાં આ સાતમી ભયાનક દુર્ઘટના છે.

અરજદાર બ્રિજેશ ત્રિવેદીએ એમ કહ્યું કે ગેમઝોનમાં રહેલા પેટ્રોલ-ડિઝલનો એફઆઈઆરમાં ઉલ્લેખ નથી એટલુ જ નહીં, પુરાવાઓનો નાશ કરવા ઘટનાસ્થળ પર બુલડોઝર ફેરવીને સફાઈ પણ કરી દેવામાં આવી છે.

હાઈકોર્ટે એમ પણ કહ્યું છે કે આ ઘટનાથી દરેક કમિશ્નરોની જવાબદારી નકકી કરવી પડે. અદાલતી આદેશનું પાલન થયુ નથી. મુખ્યમંત્રીની મુલાકાત બાદ એફઆઈઆર દાખલ કરવામાં આવી હતી.

અદાલતે એમ પણ કહ્યું કે ફાયર એનઓસી એ અન્ય કોઈ પરવાનગી ન હતી.

એડવોકેટ અમીત પંચાલે મ્યુ. કમિશ્નરને સસ્પેન્ડ કરવાની માંગ કરી હતી. ચાર વર્ષથી કાયદાભંગ સાથે ગેમઝોન ધમધમતુ હોય ત્યારે કમિશ્નરને જવાબદાર ગણવા જોઈએ.

ગેમઝોનના સંચાલકોની ધરપકડ મામલે પણ ઉધડો લીધો હતો. એકની ધરપકડ થયાના સરકારી વકીલના જવાબ પછી હાઈકોર્ટે એવો સવાલ કર્યો કે બાકીના ભાગી ગયા છે? લુકઆઉટ સર્ક્યુલર જાહેર કરવો જોઈએ.

હાઈકોર્ટે વિવિધ મુદ્દાઓ પર ખુલાસા માંગીને એફીડેવીટ દાખલ કરવાનો આદેશ કર્યો હતો અને ૬ જૂને સુનાવણી રાખી છે.

## ટીઆરપી અગ્નિકાંડ બાદ ૧૯ જગ્યા પર અધિક કલેકટર સહિતના અધિકારીઓની ટીમો ત્રાટકીઃ તપાસનો ધમધમાટ

**ફાયર એનઓસી સહિતના મુદ્દે રીપોર્ટ તૈયારઃ અનેકને કલેકટર કચેરીનું તેડું**

રાજકોટ તા.૨૭

ટીઆરપી ગેમ ઝોનના અગ્નિકાંડના પગલે રાજકોટ સહિત સૌરાષ્ટ્ર-ગુજરાતની જનતા હચમચી ઉઠી છે. આ ઘટના બાદ રાજયના મુખ્યમંત્રી અને ગૃહમંત્રીએ રાજકોટ તાબડતોબ દોડી આવી સ્થળ તપાસ કરી હતી. આ પ્રકરણમાં એસઆઈટીની પણ રચના કરી રાજય સરકાર દ્વારા પગલા લેવાનું શરૂ કરી દેવામાં આવેલ છે.

તેની સાથોસાથ ૧૯ જગ્યાઓ પર અધિક કલેકટર ચેતન ગાંધી સહિતના અધિકારીઓની ટીમો ત્રાટકી આ મામલે તપાસ કરવામાં આવી હતી. આ તપાસ કામગીરીમાં પીજીવીસીએલ, આર એન્ડ બી સહિતના અધિકારીઓ જોડાયા હતા. આ તપાસ દરમ્યાન ફાયર એનઓસી મંજુરી સહિતના મુદ્દે રીપોર્ટ તૈયાર કરી દેવામાં આવેલ છે. તેમજ અનેકને પુરાવો લઈ કલેકટર કચેરી પર હાજર થવા ફરમાન કરી દેવામાં આવેલ છે.

અહીં એ પણ ઉલ્લેખનીય છે કે આ અગ્નિકાંડમાં અત્યાર સુધીમાં ૭ જેટલા અધિકારીઓ સામે ફરજ મોકૂફીની કાર્યવાહી કરવામાં આવી છે. ટીઆરપી ગેમ ઝોનના આ અગ્નિકાંડમાં મ્યુનિસિપલ કોર્પોરેશન અને પોલીસના અધિકારીઓની બેદરકારી પણ ખુલ્લી પડી છે. ત્યારે આ મામલે તપાસ શરૂ કરવામાં આવી છે.

## ટીઆરપી અગ્નિકાંડના મૃતકોને ૪-૪ લાખની સહાય ચુકવવા કલેકટર કચેરીને રૂા.૧ કરોડથી વધુની રકમની ફાળવણી

**શહેરના મોટાભાગના પાર્ટીપ્લોટો, રહેણાંક હેતુ માટેના પ્લોટ ઉપર ધમધમતા હોવાનું ખુલ્યુ**

રાજકોટ તા.૨૭

ટીઆરપી અગ્નિકાંડમાં ૨૭ લોકોના મોત થયા છે. જયારે ૯ વ્યકિતઓને ઈજા પહોંચ્યાનો આંકડો બહાર આવ્યો છે ત્યારે આ અગ્નિકાંડના મૃતકોના પરિવારજનો માટે રૂા. ૪-૪ લાખ અને ઈજાગ્રસ્તોને રૂા.૫૦-૫૦ હજારની સહાય આપવાનું રાજય સરકાર દ્વારા જાહેર કરાયેલ છે.

જે અંતર્ગત કલેકટર કચેરીને રૂા.૧ કરોડથી વધુની રકમ રાજય સરકાર દ્વારા ફાળવી દેવામાં આવી છે. મૃતકના પરિવારજનોને રૂા.૪-૪ લાખની રકમનું ચુકવણું કલેકટર કચેરી દ્વારા શરૂ કરી દેવામાં આવેલ છે. મૃતકોના જરૂરી આધાર પુરાવાઓ રજુ કરતા કલેકટર કચેરી દ્વારા આ સહાય ચુકવવાની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે.

અહીં એ ઉલ્લેખનીય છે કે નાનામવા રોડ પર બે પાર્ટીપ્લોટની જમીન ઉપર આ ટીઆરપી ગેમ ઝોન ધમધમતું કરાયું હતું. આ બાબતે વહીવટી તંત્ર દ્વારા કરાયેલી તપાસ દરમ્યાન શહેરમાં જે પાર્ટીપ્લોટો આવેલ છે તેમાં મોટાભાગના પાર્ટી પ્લોટો રહેણાંકના હેતુના પ્લોટ ઉપર ધમધમતા હોવાનું ખુલવા પામેલ છે.

## ગત રાત્રે ટીઆરપી ગેમઝોનમાં બાટલો લીક થયો, ફાયર બ્રિગેડ તાબડતોબ દોડયું

**જયારે વિકરાળ આગ લાગી ત્યારે અંદરથી અનેક બાટલા નીકળ્યા હતા, જેને બહાર મુકાયા હતા, તે પૈકી એક સિલિન્ડર બહાર હતું તેમાં રાત્રે લીક થાય તેવો અવાજ આવતા ફાયર બ્રિગેડને કોલ થયો હતો**

રાજકોટ, તા.૨૭

શનિવારે સાંજે ૫.૧૫ વાગ્યા આસપાસ જયાં આગ ફાટી નીકળી હતી અને અનેક લોકોના મોત થયા હતા તે ટીઆરપી ગેમ ઝોન ખાતે ગઈકાલે રાત્રે ૧૧.૨૦ વાગ્યા આસપાસ બાટલો લીક થતા ફાયર બ્રિગેડ તાબડતોબ દોડયું હતું. મવડી ફાયર સ્ટેશનેથી એસટીઓ યોગેશ જાની સહિતનો સ્ટાફ તુરંત જ સ્થળ પર પહોંચી ગયો હતો. હજુ આગની ઘટના તાજી જ હતી એટલે ફાયરબ્રિગેડ કોઈ કચાસ રાખવા ન માંગતું હોય તેમ જવાનો આવી પહોંચ્યા હતા.

અહીં પહોંચતા ખ્યાલ આવ્યો કે, જયારે ટીઆરપી ગેમ ઝોનમાં વિકરાળ આગ લાગી ત્યારે ગેમ ઝોનના વિશાલ ડોમની અંદરથી અનેક બાટલા નીકળ્યા હતા, જેને બહાર મુકાયા હતા, તે પૈકી એક સિલિન્ડર બહાર હતું તેમાં રાત્રે લીક થાય તેવો અવાજ આવતા ફાયર બ્રિગેડને કોલ થયો હતો. અહીં ગેમઝોન ખાતે જયાં અગ્નિ કાંડનું બનાવ સ્થળ છે ત્યા હાલ હથિયાર ધારી પોલીસ બંદોબસ્ત ગોઠવાયો છે. રાત્રે ૧૧.૨૦ આસપાસ ટીઆરપી ઝોનની દીવાલ પાસે રાખેલ બાટલો લીક થવા લાગ્યો હતો. તેનો મોટો અવાજ આવતા હાજર પોલીસ સ્ટાફે તુરંત ફાયરબ્રિગેડને કોલ કર્યો હતો. મવડી ફાયર



સ્ટેશનથી એસટીઓ સહિતનો કાફલો દોડી આવ્યો હતો. અહીં પહોંચી તાબડતોબ બાટલો બંધ કરાયો હતો. પછી કોઈ જોખમ નથી તેમ જણાતા બાટલો ખાલી કરવામાં આવ્યો હતો. ફાયર બ્રિગેડના સૂત્રોએ જણાવ્યું કે, આ નાઇટ્રોજન ગેસનો બાટલો હતો. તેનો ટીઆરપી ગેમ ઝોનમાં શુ ઉપયોગ લેવાતો હશે તેનો કોઈ ખ્યાલ નથી. જોકે આ બાટલો લીક થવાની ઘટના સામાન્ય હતી પણ હજુ શનિવારે જ અગ્નિકાંડ થયો હોય, સામાન્ય બાબતમાં પણ ફાયર જવાનો ગંભીર જોવા મળ્યા હતા.

## મેં માત્ર TRP ઝોનમાં આયોજીત ઓટો એક્સ્પોની મુલાકાત લીધી હતીઃ ડો.પ્રદિપ ડવ

**આગ દુર્ઘટના બાદ વાયરલ થયેલ ફોટા અંગે પૂર્વ મેયરનો ખુલાસો**

રાજકોટ,તા.૨૭

રાજકોટની TRP ઝોનને ઘટનાએ લોકોને હરામચાવી દીધા છે ૨૮ થી વધુ જીંદગીઓ આ આગમાં હોમાય છે ત્યારે આ ઘટના બાદ અનેક ખુલાસાઓ સામે આવી રહ્યા છે.જેમાં પૂર્વ મેયર ડો.પ્રદિપ ડવનો ફોટો વાયરલ થઈ રહ્યો છે. જેમાં તેઓ TRP ઝોનની મુલાકાતે પહોચ્યા



હોવા જણાય રહ્યો છે. આ ફોટો વાયરલ થયા બાદ અને તર્કવિતકો થઈ રહ્યા છે. હવે આ ઘટનાનો ડો.પ્રદિપ ડવે મિડિયા સમક્ષ ખુલાસો કર્યો છે.પૂર્વ મેયર ડો.પ્રદિપ ડવ જણાવે છે કે જે ફોટો વાયરલ એકસ્પોનો છે થોડા વર્ષ પૂર્વ TRP ઝોનમાં આ ઓટો એકસ્પો યોજાયો હતો આ સમયે તેઓ અતિથિ વિશેષ તરીકે આ કાર્યક્રમમાં હાજરી આપવા ગયા હતા.જેમાં ઓટો એકસ્પોના સ્ટોલની મુલાકાત લીધી હતી.TRP ગેમ ઝોનમાં કયારેય ગયો જ નથી તેમજ આ ગેમઝોનના સંચાલકો સાથે કોઈ સંબંધ નથી.મારા આ ફોટાને ખોટી રીતે લોકો સમક્ષ રજુ કરાયો છે મે માગ મેયર તરીકે TRP ઝોનના ગ્રાઉન્ડમાં આયોજીત ઓટો એકસ્પોની મુલાકાત લીધી હતી.આ દુ:ખદ ઘટનામાં મારી સંવેદના હજુ કરૂ છુ પરંતુ TRP ઝોનના કોઈ સંચાલકો સાથે મારે કોઈ સબંધ નથી.

## વોરા સોસાયટીમાં બંધ બારણે ચાલતી દારૂની મહેફીલમાં દરોડોઃ પીધેલા આઠ ઝબ્બે

**અબ્બાસ ભારમલના મકાનમાં દારૂની મહેફીલ ચાલતી હતી અને પોલીસ ત્રાટકીઃ બાઈટીંગ સહીતનો મુદ્દામાલ કબ્જે કરી ગુનો નોંધ્યો**

રાજકોટ તા.૨૭

વોરા સોસાયટી પાછળ આવેલ બ્લોકમાં બંધ બારણે ચાલતી દારૂની મહેફીલમાં દરોડો પાડી ગાંધીગ્રામ પોલીસે નશાની હાલતમાં આઠ શખ્સોને દબોચી ગુનો નોંધ્યો હતો.

દરોડાની વિગત મુજબ ગાંધીગ્રામ પોલીસ મથકના પીએસઆઈ એન.વી. હરીયાળી ટીમ સાથે પેટ્રોલીંગમાં હતા ત્યારે સાથેના હે.કો. મસરીભાઈ ભેટારીયા સહીતના સ્ટાફને મળેલ ચોકકસ બાતમીના આધારે કૃષ્ણનગર મેઈન રોડ પર વોરા સોસાયટી પાછળ બ્લોક નં.૫માં રહેતો અબ્બાસ સૈફુદીન ભારમલના મકાનમાં ચાલતી દારૂની મહેફીલમાં દરોડો પાડી પીધેલી હાલતમાં અબ્બાસ સૈફુદીન ભારમલ, પ્રવિણ જાદવરાય પારેખ, ધર્મેશ બાબુ ભાલુ, નુરમહમદ સમસુદ્દીન લાખવા, હિતેન્દ્રસિંહ ઉર્ફે હિતુ વિક્રમસિંહ રાણા, ધનરાજ ધનવંતરા વિઠલા, મોહસીન ઉર્ફે મોન્ટુ આરીફ જુણેજા અને કિશોરસિંહ દિલાવરસિંહ ઝાલાને પકડી મહેફીલમાંથી દારૂ અને બાયટીંગ કબ્જે કરી ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

## અગાઉનો ઝઘડાનો ખાર રાખી યુવક પર પિતા, પુત્રનો હુમલો

**વિનાયકા વાટીકામાં રહેતાં મહેંદ્રસિંહ વાઘેલાને અગાઉ બુલેટ પાર્ક કરવા બાબતે માથાકુટ થઈ હતીઃ જેનો ખાર રાખી અલ્લારખા અને તેના પુત્ર બિલાલે છરી વડે હુમલો કર્યો**

રાજકોટ તા.૨૭

જામનગર રોડ વિનાયકા વાટીકામાં રહેતાં મહેંદ્રસિંહ વાઘેલાને બુલેટ પાર્ક કરવા બાબતે અગાઉ માથાકુટ થઈ હતી. જેનો ખાર રાખી પિતા પુત્રએ છરી વડે યુવક પર હુમલો કર્યો હતો.

પ્રાપ્ત વિગત અનુસાર ફરીયાદી મહેંદ્રસિંહ હમીરસિંહ વાઘેલા (ઉ.વ.૩૫, રહે. વિનાયકા વાટીકા શેરી નં.૦૨ જામનગર રોડ, રાજકોટ, જામનગર રોડ, રાજકોટ, મુળ ગામ-ગેડી તા.રાપર જી. કચ્છ ભુજ) એ ફરિયાદમાં જણાવ્યું કે આશરે પંદર દિવસ પહેલા હું બુલેટ લઇને જામનગર રોડ પર આવેલ બજરંગવાડી પોલીસ ચોકીની સામેની હોટલમાં સવારે ચા પીવા ગયેલ. ત્યારે બુલેટ કનૈયા ચાની દુકાનની સામે આવેલ લીંબડાના ઝાડ પાસે રાખેલ. તે વખતે કનૈયા ચાની બાજુની પંચરની દુકાનવાડા અલ્લારખાભાઈએ મને જણાવેલ કે અહીથી તમારુ બુલેટ લઇ લો જેથી મે અલ્લારખાભાઈને જણાવેલ કે આ જગ્યા તમારી નથી જાહેર રોડ છે. જેથી અલ્લારખાભાઇ ગુસ્સે થઇ ગયેલ અને મારી જોડે બોલાચાલી કરવા લાગેલ. અને અપશબ્દો આપવાં લાગેલ. જેથી હું મારુ બુલેટ લઇને ઘરે જતો રહેલ. બાદ ગત તા. ૨૫/૦૫/૨૦૨૪ના રોજ સવારે દસેક વાગ્યે હું મારી સ્કોર્પીયો લઈને જામનગર રોડ પર આવેલ કનૈયા ચાની દુકાને ચા પીવા ગયેલ. ત્યારે મે સ્કોર્પીયો કનૈયા દુકાનની સામે રોડ પર પાર્ક કરીને હું ચા પીતો હતો. તે વખતે પંચરની દુકાનવાડા અલ્લારખાભાઇ તથા તેમનો દિકરો બિલાલ મારી પાસે આવીને બન્ને જણા અમારી સાથે પંદર દિવસ પહેલા પાર્કીંગ બાબતે બોલાચાલી થયેલ તેનો ખાર રાખી મારી જોડે ઝઘડો કરવા લાગેલ. અલ્લારખાભાઇ ઢીક્કા માર મારવા લાગેલ અને તેનો દિકરો બિલાલ લાકડાનો ધોકો મારવા લાગેલ. ત્યારબાદ બિલાલે તેના નેફામાથી છરી કાઢીને મોઢામાં ડાબી બાજુ છરી મારી દિધેલ. જેથી મોઢામાંથી લોહી નીકળવા લાગેલ. જેથી હું ત્યાથી મારી સ્કોર્પીયો લઇને નિકળી ગયેલ. બાદ ઈજા ગ્રસ્ત હાલતમા સીનર્જી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. બનાવ અંગે ગાંધીગ્રામ પોલીસે અલ્લારખા અને તેમના દિકરા બિલાલ સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

## કેરળમાં લેપ્ટોસ્પાયરોસિસ નામના ચેપી રોગથી ૪૧થી વધુ લોકોના મોત

**દર વર્ષે સમગ્ર વિશ્વમાં ૧૦ લાખથી વધુ લોકો આ રોગનો ભોગ બને, અત્યાર સુધીમાં ૬૦ હજારથી વધુના મૃત્યુ**

કેરળ, તા.૨૭

કેરળ આ દિવસોમાં ગંભીર ચેપી રોગની ઝપેટમાં છે. છેલ્લા કેટલાક દિવસોથી ચાલી રહેલા વરસાદ અને જળબંબાકારના કારણે જનજીવનને માઠી અસર પહોંચી છે. ભારતીય હવામાન વિભાગ (IMD) એ રવિવાર-સોમવારે કેરળના ઘણા જિલ્લાઓમાં વરસાદને લઈને 'યલો એલર્ટ' જાહેર કર્યું છે. બુધવાર સુધી વરસાદ ચાલુ રહેવાની સંભાવના છે.

ચોમાસા પહેલાના વરસાદ અને પાણી ભરાવાના કારણે સ્થાનિક લોકો માટે આરોગ્યના અનેક પડકારો પણ સર્જાયા છે. આ જ કારણ છે કે રાજ્યના ઘણા જિલ્લાઓમાં લેપ્ટોસ્પાયરોસિસ નામના ચેપી રોગના કેસોમાં વધારો જોવા મળી રહ્યો છે. રાજ્યમાં અત્યાર સુધીમાં લેપ્ટોસ્પાયરોસિસના કારણે ૪૧થી વધુ લોકોના મોત થયા છે.

મળતી માહિતી અનુસાર, દૂષિત પાણીના સંપર્કને કારણે આ ચેપી રોગ ફેલાવવાનું જોખમ વધારે જોવા મળે છે. તાવ અને માથાનો દુખાવો સાથે શરૂ થતા આ સંક્રમણના લક્ષણો સમય જતાં ગંભીર થઈ જાય છે, જેના કારણે જીવલેણ સમસ્યાઓનું જોખમ રહે છે. કેરળમાં જ્યાં વરસાદ ચાલુ છે ત્યાં લોકોને ખાસ સાવચેતી રાખવાની સલાહ આપવામાં આવી છે.

**લેપ્ટોસ્પાયરોસીસ બની શકે છે જીવલેણ**

અહેવાલ મુજબ, ઈન્ડિયન મેડિકલ એસોસિએશનના કેરળ એકમના ડો. રાજીવ જયદેવન કહે છે કે, લેપ્ટોસ્પાયરોસિસથી સંક્રમિત લોકોમાંથી ૧૦ ટકા મૃત્યુ પામે છે. તેથી, જે લોકોમાં ચેપના લક્ષણો દેખાઈ રહ્યા છે તેમના માટે સમયસર ડોક્ટરની સલાહ લેવી અને સારવાર લેવી મહત્વપૂર્ણ છે. આ સિવાય દૂષિત પાણીના સંપર્કમાં આવવાનું ટાળવું જોઈએ. નબળા રોગપ્રતિકારક શક્તિ ધરાવતા લોકોને ખાસ સાવચેતી રાખવાની સલાહ આપવામાં આવે છે.

**લેપ્ટોસ્પાયરોસિસ રોગ શું છે?**

લેપ્ટોસ્પાયરોસિસ એ લેપ્ટોસ્પાયરા બેક્ટેરિયાથી થતો રોગ છે. આ રોગ દૂષિત પાણી તમારા નાક, મોં, આંખોમાં જવાથી અથવા ત્વચાના કોઈપણ ઘા સાથે તેના સંપર્કને કારણે થઈ શકે છે. તે એક ઝૂનોટિક રોગ માનવામાં આવે છે, જેનો અર્થ છે કે તે મનુષ્યો અને પ્રાણીઓ વચ્ચે ફેલાતો રોગ છે. દર વર્ષે સમગ્ર વિશ્વમાં ૧૦ લાખથી વધુ લોકો આ ચેપી રોગનો શિકાર બને છે, જેમાંથી ૬૦ હજારથી વધુ લોકો મૃત્યુ પામે છે.

## ગેમઝોન

(છેલ્લા પાનાનું ચાલું)

છે. જેથી ૪ વાગ્યામાં જ લોકો આવવા લાગ્યા હતા. બનાવ બન્યો તે પહેલાં ૫૨ લોકોએ એન્ટ્રી લીધી હતી અને ગેમ ઝોનમાં ગયા હતા. આ અગાઉ જ ગેમ ઝોનના ડોમમાં ૩૦ કર્મીઓ હતા. એમ મળી બનાવ વખતે અંદાજે ૮૨ જેટલા લોકો ગેમ ઝોનમાં હાજર હતા.

જે સીસીટીવી ફુટેજ અને જુદ જુદા વીડિયો જોઇએ તો ખ્યાલ આવે છે કે, આ ૮૨માંથી નીચેના ફ્લોર પર માત્ર વીસેક લોકો જોવા મળે છે. એના પરથી એ પણ તારણ નીકળે કે, બાકીના ૬૦ જેટલા લોકો બનાવ વખતે ઉપર હતા. જેમાંથી જે તે સમયે ૨૫થી ૩૦ જેટલા લોકોને બચાવી લેવાયા હોવાનું ચર્ચાઈ રહ્યું છે. આમ, સમગ્ર બનાવમાં હાલ સત્તાવાર રીતે ૨૭ મૃતદેહ મળ્યાનો દાવો છે.

## ઈમ્પેકટ

(છેલ્લા પાનાનું ચાલું)

છે. સદભાગ્યે આ અરજી સ્વીકારવામાં આવી ન હતી.

**ફૂડ લાયસન્સ**

દરમ્યાન આ ગેમ ઝોનમાં કેન્ટીન પણ હતી. વેફર, બિસ્કીટ, કોલ્ડ્રીંકસ જેવી વસ્તુઓ મળતી હતી અને ગરમ નાસ્તો બહારથી મંગાવવામાં આવતો હતો. આમ કિચન ધમધમતું ન હોવા છતાં કેન્ટીનના રૂપમાં સુવિધા તો હતી છતાં આ જગ્યાએ ફૂડ લાયસન્સ લેવા માટે પણ કોઇ કાર્યવાહી થઇ ન હતી.

આ રીતે મનપાના ફાયર, ટીપી, બાંધકામ, ફૂડ સહિતના વિભાગોના નિયમોનો કચ્ચરઘાણ કાઢવામાં આવ્યો હતો તેવી છાપ ઉપસી છે. આ ઘટનામાં હજુ ઘણા ફણગા ફૂટે તેવું લાગી રહ્યું છે.

## સજા કરવાની ગેરંટી

(પહેલા પાનાનું ચાલું)

બકરા ન બનાવવામાં આવે, પરંતુ જેમની જવાબદારી હોય તેવા અધિકારીઓને છોડવામાં પણ ન આવે તે જરૂરી છે.

આ કેસમાં સરકાર એવી દાખલારૂપ કાર્યવાહી કરે કે આંખ આડા કાન કરનારા, મીઠી નજર રાખનારા કે પ્રજાના કરવેરાની આવકમાંથી પગાર લઇને પ્રમાણિકતાથી ફરજ નહીં બજાવનારા ધ્રૂજી ઉઠવા જોઇએ. લોકોની અવરજવરવાળા જાહેર સ્થળે સલામતીમાં બેદરકારી કયારેય ચલાવી શકાય નહીં. સરકાર બધુ જાણે જ છે. સિસ્ટમ સાથે જોડાયેલા અધિકારીઓને બધી ખબર છે. ચૂંટાયેલા પ્રતિનિધિઓના મોઢા સિવાઇ ગયા છે. તપાસ થશે અને પગલા લેવાશે તેવા ફિલ્મી ડાયલોગ બોલીને અર્ધ સત્ય ઓકતા હોય તેવું લાગે છે. આ સ્થિતિમાં હવે સરકારની આબરૂનો સવાલ આવીને ઉભો થઇ ગયો છે. એટલે જ તાબડતોબ ઉચ્ચ અધિકારીઓની સ્પેશ્યલ ઇન્વેસ્ટીગેશન ટીમ બનાવીને તપાસ શરૂ કરાવી છે. આ ટીમ માત્ર ઘટનાની અને તેના કારણોની તપાસ કરીને ચાલી ન જાય અને લાગુ વિભાગના અધિકારીઓની ભૂમિકા પણ ચકાસે તે જરૂરી છે.

ગુજરાતમાં છેલ્લા પાંચ વર્ષમાં બનેલી આ છ દુર્ઘટના સિવાય પણ ઘણા કરૂણ બનાવો બન્યા છે. અદાલત સુધી કેસ ગયા છે. આ ઘટનામાં પણ સુઓમોટો દાખલ થઇ છે. પરંતુ સરકાર કક્ષાએ દાખલો બેસે અને જવાબદારોને સજા થાય એવી કાર્યવાહી જનતા રાખે છે. જો આવી ઘટનામાં હતભાગીઓને ન્યાય ન મળે અને પગલા ન લેવાય તો ચૂંટણીઓ પર રાજકીય પક્ષોના ઉમેદવારો કે નેતાઓને મત માંગવા આવવાનો અધિકાર નથી તે પણ કાયમ માટે યાદ રાખવા જેવી વાત છે.

## સસ્પેન્ડ

(પહેલા પાનાનું ચાલું)

કાર્યવાહી સાથે જે તે સમયે જોડાયેલા બે પોલીસ ઇન્સ્પેકટર, દુર્ઘટનાનો વોર્ડ નં.૧૦ જેમના તાબામાં આવતો હતો તેવા મનપાના એટીપી સહિતના બે અધિકારી, કાલાવડ રોડ ફાયર સ્ટેશનના સ્ટેશન ઓફિસર અને એમ્યુઝમેન્ટ પાર્કની મંજૂરી આપવા સહિતની જવાબદારી જેનામાં આવે છે તે માર્ગ-મકાન વિભાગના બે ના.કા.ઇજનેરોને સરકારની સૂચનાથી વિભાગના વડાઓએ ફરજ મોકુફ કર્યા છે.

પૂરા રાજયમાં રોષ અને શોકનું વાતાવરણ સર્જી દેનાર આ અગ્નિકાંડની તપાસ માટે રાજય સરકારે સીટની રચના કરતા તાબડતોબ તપાસ શરૂ થઇ ગઇ છે. મુખ્યમંત્રી અને ગૃહમંત્રીએ ખુદ રાજકોટ આવીને જરૂરી માહિતી લઇ અધિકારીઓને કડકમાં કડક પગલા લેવા સૂચના આપી હતી. આજે સવારથી આ પગલા લેવાનું શરૂ થયું છે અને હજુ કડક પગલા તોળાઇ રહ્યાનું ઉચ્ચ વર્તુળોમાંથી જાણવા મળ્યું છે.

રાજયના ડીજી વિકાસ સહાયે આજે એક મોટો હુકમ કર્યો હતો. હાલ ગાંધીગ્રામ-૨(યુનિ.) પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા બિનહથીયારધારી પોલીસ ઇન્સ્પેકટર એન.આઇ.રાઠોડ ૨૦૨૩માં લાયસન્સ શાખામાં ફરજ પર હતા. તે દરમ્યાન અરજદાર રેસ-વે એન્ટરપ્રાઇઝની એમ્યુઝમેન્ટ પાર્ક ચાલુ કરવાની અરજી તાલુકા પોલીસની ચકાસણી માટે મોકલી હતી. ફાયર કે પીજીવીસીએલનું એનઓસી ન હોવા છતાં લાયસન્સ આપવાનો અભિપ્રાય આપતા કોઇ ચકાસણી વગર ફાઇલ રજૂ કર્યાનું લાગ્યું છે. આ ગંભીર વર્તણુક હોય તેમને ફરજ મોકુફ કરી દેવાયા છે. તેઓને દાહોદ જિલ્લા હવાલે કરાયા છે.

આ જ રીતે રીડર શાખાના પીઆઇ અને ૨૦૨૩માં તાલુકા પોલીસમાં બિનહથિયારધારી પીઆઇ તરીકે ફરજ બજાવતા વી.આર.પટેલે પણ અભિપ્રાય મોકલ્યો હતો. એનઓસી ન હોવા છતાં લાયસન્સ આપવાનો અભિપ્રાય આપતા ફરજ મોકુફ કરી ડાંગ પોલીસ હેડ કવાર્ટર હવાલે કરાયા છે.

**મહાપાલિકા**

રાજકોટ મ્યુનિ. કમિશ્નર આનંદ પટેલે ટીપી શાખામાં એટીપી તરીકે ફરજ બજાવતા અને વેસ્ટ ઝોનના વોર્ડ નં. ૧૦, ૧૧, ૧૨નો હવાલો સંભાળતા ગૌતમ ડી.જોશીને તાત્કાલીક અસરથી સસ્પેન્ડ કરવાનો હુકમ કર્યો છે. વોર્ડ નં.૧૦માં નાના મવા રોડ પર ટીઆરપી ગેમ ઝોનમાં બનાવાયેલ સ્ટ્રકચરની મંજૂરી ટીપી શાખામાંથી મેળવાઇ ન હોવા છતાં કોઇ કાર્યવાહી ન કરીને બેદરકારી દાખવવામાં આવી છે. આથી તેમની સામે પગલા લેવાયા છે.

આ જ રીતે વોર્ડ નં.૧૦ના ટીપી શાખાના આસી. ઇજનેર જયદીપ ચૌધરીએ પણ સ્ટ્રકચરની મંજૂરી, ચકાસણી સહિતની સુપરવિઝનની કાર્યવાહીમાં બેદરકારી દાખવી હોય તેમને સસ્પેન્ડ કરી દીધા છે. તો ફાયર એન્ડ ઇમરજન્સી સર્વિસીસ શાખામાં સ્ટેશન ઓફિસર તરીકે ફરજ બજાવતા રોહિત વિગોરાને પણ બેજવાબદારી બદલ ફરજ મોકુફ કરવાનો હુકમ કરવામાં આવ્યો છે.

**માર્ગ-મકાન વિભાગ**

રાજયના માર્ગ-મકાન વિભાગના નાયબ સચિવ હિતેશ પટેલે તત્કા. મદદનીશ ઇજનેર અને હાલ નાયબ કાર્યપાલક ઇજનેર તરીકે વર્ગ-૨માં ફરજ બજાવતા પારસ એમ. કોઠિયાને રેસ-વે એન્ટરપ્રાઇઝની એમ્યુઝમેન્ટ પાર્ક ચાલુ કરવા, બુકીંગ લાયસન્સ આપવા અંગેની અરજી પરથી સ્થળ તપાસ ન કરી, ખુલ્લા પ્લોટનો નકશો રજૂ થયેલ હોવા છતાં કાગળ પર કાર્યવાહી કરી ગંભીર બેદરકારી દાખવતા ફરજ મોકુફ કરી દેવાયા છે.

આ જ રીતે ના.કા. ઇજનેર એમ.આર.સુમાએ અરજીની ચકાસણી ખરાઇ કર્યા વગર બાંધકામ કરવાની શરતે રીપોર્ટ આપી ફરજમાં ગંભીર બેદરકારી દાખવ્યાનું સાબિત થયું છે. આથી તેમને પણ હોદ્દા પરથી સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા છે.

મુખ્યમંત્રી, ગૃહમંત્રી, પોલીસવડા સહિતની હાજરીમાં ઉચ્ચસ્તરીય બેઠક

# અગ્નિકાંડના લબકારા ગાંધીનગરમાં: મોટા એકશનની તૈયારી

## સાતના સસ્પેન્શન બાદ કોર્પોરેશન-પોલીસના વધુ સીનીયર અધિકારીઓ સામે તોળાતા પગલા

રાજકોટ તા.૨૭

રાજકોટમાં સરકારી તંત્રની બેદરકારી-લાપરવાહીને કારણે કાલાવડ રોડ પર આવેલા ટીઆરપી ગેમઝોનમાં અગ્નિકાંડથી સર્જાયેલા મોતના તાંડવે માત્ર શહેરમાં જ નહી પરંતુ સમગ્ર ગુજરાતને હચમચાવી નાખ્યુ છે ત્યારે રાજય સરકાર હવે કોઈ મોટા અને અત્યંત ગંભીર એકશનમાં લેવાની તૈયારીમાં હોવાના નિર્દેશ છે. ગાંધીનગરમાં મુખ્યમંત્રીની હાજરીમાં ઉચ્ચસ્તરીય બેઠકમાં ગંભીર ચર્ચાનો દોર છે. ગેમઝોન જેવા ક્ષેત્ર માટે કડક કાયદા સાથેનો વટહુકમ બહાર પડવાની સંભાવના છે. સાત અધિકારીઓ ઉપરાંત અમુક સીનીયર અધિકારીઓ પણ ઝપટમાં ચડવાના એંધાણ છે.

આધારભૂત સુત્રોમાંથી પ્રાપ્ત માહિતી પ્રમાણે મોટા એકશનના મિજાજ સાથે પાટનગર ગાંધીનગરમાં બેઠકોનો દોર ચાલી રહ્યા છે. રાજયના ગૃહમંત્રી હર્ષ સંઘવીએ પોલીસવડા સાથે બેઠક કરી હતી. ઉપરાંત મુખ્યપ્રધાન ભુપેન્દ્ર પટેલના નિવાસસ્થાને પણ ઉચ્ચસ્તરીય બેઠક યોજવામાં આવી હતી તેમાં મુખ્ય સચિવ સહિતના અધિકારીઓ હાજર રહ્યા હતા.



સૂત્રોએ એવી માહિતી આપી હતી કે અગ્નિકાંડ મામલે બેદરકારી દાખવનારા કોર્પોરેશન, પોલીસ, ફાયરબ્રિગેડ તથા માર્ગમકાન વિભાગના સાત અધિકારીઓને સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા જ છે હવે તેનાથી પણ સીનીયર અધિકારીઓ સામે એકશનની વિચારણા છે. પોલીસ તથા કોર્પોરેશન તંત્રની લાપરવાહી સાબીત થઈ રહી છે ત્યારે બન્ને વિભાગના ટોચના સીનીયર અધિકારીઓ સામે પગલા તોળાય રહ્યા છે. જો કે, તેઓ સામેના એકશન બદલીના હોઈ શકે છે.

## ગેમીંગ ઝોન સહિતના ક્ષેત્રો માટે અત્યંત કડક કાયદા સાથેનો વટહુકમ જારી થવાના પણ નિર્દેશ

ગાંધીનગર ખાતેથી સરકારના સીનીયર સુત્રોએ એવી પણ માહિતી આપી છે કે ગુજરાતમાં છેલ્લા પાંચ વર્ષોમાં મનોરંજન-શિક્ષણના જાહેર સ્થળોએ અર્ધોડઝનથી વધુ દુર્ઘટનાઓ થઈ છે અને તેમાં ૨૦૦થી વધુ લોકોએ જાન ગુમાવ્યા છે ત્યારે આ પ્રકારના સ્થળો માટે ખાસ કાયદા માટેનો વટહુકમ તૈયાર કરવામાં આવી રહ્યો છે અને સાંજ સુધીમાં જ તે જાહેર થઈ શકે છે.

રાજકોટના અગ્નિકાંડે આખી રાજય સરકારને હચમચાવી નાખી જ છે અને લોક આક્રોશ કરવા માટે નિર્ણાયક કદમ ઉઠાવવા સિવાય હવે કોઈ વિકલ્પ રહ્યો ન હોવાની ચર્ચા છે અને તેના ભાગરૂપે જ બેઠકોનો દોર ચાલી રહ્યો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે રાજકોટના ગેમઝોનમાં શનિવારે લાગેલી આગમાં ૨૭ લોકો જીવતા ભડથુ થઈ ગયા છે અને તેના મૃતદેહો પણ ઓળખી શકાય તેવી સ્થિતિમાં રહ્યા નથી. ફાયર એનઓસી સહિતના નિયમોનો ઉઘાડો ભંગ હોવાનું જાહેર થયુ છે. ઉપરાંત પેટ્રોલ સહિતના અત્યંત જવલનશીલ પદાર્થો-વસ્તુઓ હોવાનું બહાર આવ્યુ હતું. ભારે ઉહાપોહ વચ્ચે સરકારે આજે ધડાધડ ૭ અધિકારીઓના સસ્પેન્શનના હુકમો જારી કર્યા હતા.





## સાંઢીયા પૂલ પર પોલીસ જ 'પોલીસનું ન માની': જવાન ઉશ્કેરાટમાં 'ટ્રાફિક ડયુટી' છોડી જતાં રહ્યા?

રાજકોટનો જામનગર રોડનો સાંઢિયા પુલ નવો બનાવવામાં આવી રહ્યો છે પરિણામે ટ્રાફિક નિયમનો લાગૂ કરવામાં આવ્યા છે. એન્ટ્રી-એક્ઝીટ માટે જાહેરનામુ બહાર પાડવામાં આવ્યું છે. ટ્રાફિકના સંચાલન માટે જવાનો તૈનાત કરવામાં આવ્યા છે. રોંગસાઇડમાં ઘુસવા માટે વારંવાર માથાકૂટ થતી રહે છે. પરંતુ આજે સવારે પોલીસ જ પોલીસનું ન માની હોવાનો કિસ્સો ચર્ચાસ્પદ બન્યો હતો. એમ કહેવાય છે કે ટીઆરબી જવાન ટ્રાફિક ડયુટીમાં હતા અને રોંગસાઇડમાં આવવા-જવાનો પ્રયત્ન કરતા વાહન ચાલકોને પાછા વળાવતા હતા. આ દરમ્યાન સીવીલ ડ્રેસમાં કાર સાથે નિકળેલી વ્યકિતએ પોતે પોલીસમાં હોવાનું જણાવીને રોંગસાઇડમાં જવા દેવા રકઝમ કરી હતી. ટીઆરબી જવાને પોલીસના સત્તાવાર સિવાયના વાહનને આવી છૂટ આપી ન શકાય તેમ કહીને તેને પરત વળવા કહ્યું હતું પરંતુ કહેવાતા 'પોલીસે' રકઝક કરીને 'મને રોકનાર તું કોણ?' કહીને કાર હંકારી મુકી હતી. કાળઝાળ ઉનાળામાં ટ્રાફિક ડ્યુટી બજાવતા જવાનને પણ ઉશ્કેરાયા હોય તેમ ઉચ્ચ અધિકારીઓને ફરિયાદ કરવાનું કહીને ડ્યુટી પરથી નીકળી ગયાની ચર્ચા છે. સામાન્ય વાહન ચાલકોને તો સબક પછી વાહન પાછા વાળવા પડે જ છે પરંતુ સીવીલ ડ્રેસમાં રૂઆબ છાંટનાર પોલીસ જ પોલીસનું માનતી ન હોવાનો કથિત કિસ્સો ગંભીર ગણી શકાય તેમ છે.

(તસ્વીર: પંકજ શીશાંગીયા)


# અમારો વાંક શું? ભૂલ વેલ્ડિંગ વાળાએ કરી હતી, અમે લોકોને બચાવ્યા : સંચાલકનો લુલો બચાવ

### હવે મગરના આંસુ સારતા આરોપીઓ: ગેમઝોનના સંચાલક યુવરાજસિંહ સોલંકી, મેનેજર નીતિન જૈનને પકડ્યા બાદ બીજો ભાગીદાર રાહુલ રાઠોડને ક્રાઈમ બ્રાન્ચે દબોચ્યો

### ત્રણેય આરોપીને ૧૪ દિવસના રિમાન્ડ માટે કોર્ટમાં રજૂ કરાયાઃ અન્ય ફરાર આરોપીના ઘર અને વ્યવસાયિક સ્થળો પર ક્રાઈમ બ્રાન્ચના દરોડા

રાજકોટ. તા.૨૭

શહેરમાં મોકાજી સર્કલ પાસે આવેલ ટીઆરપી ગેમઝોન આગકાંડ બાદ અનેક લોકોને સળગતા મૂકી સંચાલકો નાસી છૂટ્યા હતાં. જે બનાવમાં તાલુકા પોલીસ મથકમાં ગેમઝોનના સંચાલકો સહિત છ શખ્સો સામે સદોષ માનવવધની કલમ હેઠળ ગુનો નોંધાયા બાદ ક્રાઇમ બ્રાન્ચની ટીમે ગેમઝોનના સંચાલક યુવરાજસિંહ સોલંકી, મેનેજર નીતિન જૈનને પકડ્યા બાદ બીજો ભાગીદાર રાહુલ રાઠોડને પણ ઝડપી પાડ્યો હતો. આરોપીએ અમારો શું વાંક ? ભૂલ તો વેલ્ડીંગ કામ કરવાવાળાની હતી અમે તો લોકોને બચાવવાનો પ્રયાસ પણ કર્યો હતો તેમ લુલો બચાવ પોલીસ સામે કર્યો હતો.



યુવરાજસિંહ સોલંકી | નિતીન જૈન | રાહુલ રાઠોડ

ગઈ તા.૨૫ ની સાંજ પડતાં જ રાજકોટમાં કાલીમાં છવાઈ ગઈ હતી. રૂપિયાને જ મહત્વ આપતાં લોકો સામાન્ય પ્રજાના જીવ સાથે મોટી રમત રમતાં જરા પણ ખચકાતા નથી અને તેવો જ બનાવ મોકાજી સર્કલ પાસે આવેલ ટીઆરપી ગેમ ઝોનમાં બનવા પામ્યો હતો. ગેમઝોનના નીચેના ભાગે ચાલી રહેલ વેલ્ડીંગ કામમાંથી છૂટેલા તણખાથી ભીષણ આગ લાગી હતી અને ત્યાં રહેલ ગેરકાયદેસર પેટ્રોલ અને ડિઝલના કારણે આગ વિકરાળ સ્વરૂપમાં ફેરવાઈ ગઈ હતી. જોત જોતામાં ૨૮ લોકો જીવતા ભૂંજાય ગયાં હતાં. જે ઘટના બાદ તાલુકા પોલીસ મથકના પીએસઆઈ પી. બી.ત્રાજીયાએ ફરિયાદી બની સંચાલક ધવલ ભરત ઠકકર, અશોકસિંહ જગદીશસિંહ જાડેજા, કીરીટસિંહ જગદીશસિંહ જાડેજા, પ્રકાશચંદ કનૈયાલાલ હીરન, યુવરાજસિંહ હરીસિંહ સોલંકી, રાહુલ લલીત રાઠોડ અને તપાસમાં ખુલે તે તમામ વિરુદ્ધ માનવ સદોષ વધ સહિતની કલમ હેઠળ ગુનો નોંધ્યો હતો.

જે બાદ ઘટનાની ગંભીરતા સમજી પોલીસ કમિશનર રાજુ ભાર્ગવે બનાવની તપાસ ક્રાઇમ બ્રાન્ચની સોંપી દેતાં ડીસીપી ક્રાઇમ ડો. પાર્થરાજસિંહ ગોહિલના માર્ગદર્શન હેઠળ એસીપી ક્રાઇમ ભરત બસિયા અને પીઆઈ એમ.આર.ગોંડલીયાની રાહબરીમાં ટીમે ગઈકાલે આરોપી અને ગેમઝોનના સંચાલક યુવરાજસિંહ સોલંકી અને મેનેજર નીતિન જૈનની ધરપકડ કરી હતી. જ્યારે આજે સવારે ફરાર થયેલ રાહુલ રાઠોડને પણ દબોચી લીધો હતો.

પૂછપરછમાં આરોપીઓએ લુલો બચાવ કર્યો હતો કે, અમારો શું વાંક ? વાંક તો વેલ્ડીંગ કરવા વાળાનો કહેવાય અમે તો લોકોને બચાવવાનો પણ પ્રયાસ કર્યો હતો. ક્રાઈમ બ્રાન્ચની ટીમે આરોપીની વિશેષ પૂછપરછ માટે ૧૪ દિવસના રિમાન્ડ સાથે કોર્ટમાં રજુ કરવામાં આવ્યાં છે. તેમજ અન્ય ફરાર આરોપીની પકડવા તેમના ઘર તેમજ ધંધાના સ્થળ પર દરોડા પાડી શોધખોળ કરવામાં આવી રહી છે.

### પકડાયેલ રાહુલ રાઠોડ અને યુવરાજસિંહ ભાગીદારઃ નીતિન જૈન મેનેજર

ટીઆરપી ગેમઝોન આગકાંડમાં ક્રાઈમ બ્રાન્ચની ટીમે પકડેલાં ત્રણ આરોપીમાં યુવરાજસિંહ સોલંકી અને રાહુલ રાઠોડ ગેમઝોનમાં ભાગીદાર છે. જ્યારે નીતિન જૈન મેનેજર હોવાનું સામે આવ્યું છે. રાહુલ મૂળ ગોંડલનો વતની છે જ્યારે યુવરાજસિંહ જામનગર પંથકનો વતની હોવાનું પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું.

# શેરબજારમાં રેકોર્ડબ્રેક તેજીનો દોર ચાલુ: સેન્સેક્સ ૭૬૦૦૦, નિફટી ૨૩૦૦૦ને પાર

## બેન્કિંગ અને આઈટી શેરોમાં ધૂમ લેવાલીના લીધે માર્કેટ ઉચકાયુ: સ્મોલકેપ શેરોમાં અપર સર્કિટ

મુંબઈ,તા.૨૭

વૈશ્વિક અને સ્થાનિક સ્તરે પોઝિટીવ પરિબળો વચ્ચે શેરબજારમાં ધૂમ ખરીદી જોવા મળી છે. સેન્સેક્સ આજે બપોરના સેશનમાં ૭૬૦૦૦નું લેવલ ક્રોસ કરી ૭૬૦૦૯.૬૮ની ઐતિહાસિક ટોચે પહોંચ્યો હતો. ૧.૧૭ વાગ્યે ૪૮૪.૧૦ પોઈન્ટ ઉછાળા સાથે ૭૫૮૯૪.૪૯ પર ટ્રેડ થઈ રહ્યો હતો. સાર્વત્રિક તેજીના માહોલમાં રોકાણકારોની મૂડી ૧.૩૨ લાખ કરોડ વધી છે. નિફ્ટી૫૦એ પણ ૨૩૧૧૦.૮૦ની સર્વોચ્ચ ટોચ નોંધાવી ૧૨૧.૯૫ પોઈન્ટના ઉછાળા સાથે ૨૩૦૭૯.૦૫ પર ટ્રેડ થઈ રહ્યો હતો. બેન્કિંગ અને આઈટી શેરોમાં ધૂમ લેવાલીના સથવારે રેકોર્ડબ્રેક તેજી જોવા મળી છે. ઉછાળામાં એચડીએફસી બેન્ક, આઈસીઆઈસીઆઈ બેન્ક અને લાર્સન એન્ડ ટુબ્રોનું યોગદાન વધુ રહ્યું છે.

ચૂંટણી પરિણામો વચ્ચે વોલેટિલિટીનુ પ્રમાણ ઉંચુ હોવાનો સંકેત ઈન્ડિયા VIX આપી રહ્યો છે. આજે ઈન્ડિયા ટંઈડ ઈન્ડેક્સ ૫.૩ ટકા ઉછાળા સાથે ૨૨.૯ પર પહોંચ્યો હતો.

માર્કેટની આગામી ચાલ વિશે નિષ્ણાતોએ જણાવ્યું હતું કે, ૧ જૂન એક્ઝિટ પોલ તેમજ ૩૦ મેના રોજ FO એક્સપાયરી તેમજ ૩૦ અને ૩૧ મેના રોજ દેશના જીડીપી આંકડા આવવાના છે. તેમજ અમેરિકાનો PCE ફુગાવો પણ ૩૧ મેના રોજ જારી થશે. ત્યારબાદ ૧ જૂને ઓટો સેલ્સના આંકડાઓ જારી થશે. આ તમામ ઘટનાઓ પર માર્કેટની આ સપ્તાહની ચાલ નિર્ધારિત થશે.

નિફ્ટી માટે નવુ સપોર્ટ લેવલ ૨૨૯૦૦ અને ત્યારબાદ ૨૨૮૫૦-૨૮૦૦ આપવામાં આવ્યું છે. રેઝિસ્ટન્સ લેવલ ૨૩૧૦૦-૨૩૨૦૦ રહેશે. જો નિફ્ટી સપોર્ટ લેવલ જાળવશે તો તેમાં તેજીનો દોર જારી રહેવાની સંભાવના છે.

SP BSE Midcap ઈન્ડેક્સમાં સામેલ ૭૪ શેરોમાં ૩થી ૧૦ ટકા સુધીનો ઉછાળો નોંધાયો છે. IOB ૮.૯૫ ટકા, ગ્લેનમાર્ક ૭.૦૨ ટકા, યુકો બેન્ક ૬.૮૦ ટકા ઉછાળા સાથે ટ્રેડ થઈ રહ્યા છે. મીડકેપ શેરોમાં આકર્ષક ઉછાળાના કારણે ઈન્ડેક્સ આજે નવી રેકોર્ડ ૪૩૯૩૬.૭૨ની ટોચે પહોંચ્યો છે. જે ૪૩૧.૮૨ પોઈન્ટ ઉછાળા સાથે કારોબાર થઈ રહ્યો છે. ઘણા સ્મોલકેપ શેરોમાં ૨૦ ટકા સુધીની અપર સર્કિટ વાગી છે.

# રાજકોટમાં આજથી પાંચ દિવસ યેલોએલર્ટ જાહેર

## તાપમાન ૪૨ ડિગ્રી રહેશે : હિટવેવ વચ્ચે લોકોને પૂરતી તકેદારી રાખવા મહાપાલિકાની આરોગ્ય શાખાની અપીલ

રાજકોટ, તા. ૨૭

રાજકોટ મહાપાલિકાને હવામાન વિભાગ દ્વારા મળેલ માહિતી મુજબ આવનારા પાંચ દિવસનું રાજકોટ શહેરનું લઘુત્તમ તેમજ મહત્તમ તાપમાન નીચે મુજબ રહેવાની શક્યતા છે, જે મુજબ આજે તા.૨૭ થી ૩૦ સુધી યેલો એલર્ટ આપવામાં આવેલ છે. આગામી ૪ દિવસ રાજકોટમાં હીટ વેવની પરિસ્થિતિ રહેવાની તથા યેલો એલર્ટ જાહેર કરવામાં આવે છે.

અતિશય ગરમી હીટવેવ માટે રાજકોટ શહેરની જાહેર જનતાને આરોગ્ય વિભાગ દ્વારા ધ્યાને લેવા માટે આરોગ્યલક્ષી સલાહ આપવામાં આવે છે.

- હાઈડ્રેટેડ રહો, જ્યારે પણ શક્ય હોય ત્યારે પુરતું પાણી પીઓ.
- મુસાફરી કરતી વખતે પીવાનું પાણી સાથે રાખો.
- ઓરલ રીહાઈડ્રેશન સોલ્યુશનનો ઉપયોગ કરો અને લીંબુ પાણી, છાસલસ્સી જેવા ઘરે બનાવેલા પીણાઓનું સેવન કરો
- બપોરે બહાર હોય ત્યારે વધુ મહેનતવાળી પ્રવૃત્તિઓ ટાળો.
- ખુલ્લા પગે બહાર ન જાવ.
- દિવસના સૌથી ગરમ સમય દરમ્યાન રસોઈ કરવાનું ટાળો. તેમજ રસોઈ વિસ્તારમાં હવાની પુરતી અવરજવર થાય તે માટે દરવાજા અને બારીઓ ખુલ્લી રાખો.
- આલ્કોહોલ, ચા, કોફી અને કાર્બોનેટેડ સોફ્ટ ડ્રિંકસ અથવા વધુ પ્રમાણમાં ખાંડવાળા પીણાં ટાળો જે શરીરને વધુ પ્રવાહીની ખોટ તરફ દોરી જાય છે અથવા પેટમાં દુ:ખાવો થઈ શકે છે.
- વધુ પ્રોટીનવાળો ખોરાક ટાળો અને વાસી ખોરાક ન ખાઓ.
- પાર્ક કરેલા વાહનમાં બાળકો અથવા પાલતુ પ્રાણીઓને એકલા રાખશો નહીં. વાહનની અંદરનું તાપમાન જોખમી બની શકે છે.

### એલર્ટ માટે તાપમાનની માર્ગદર્શીકા

| તાપમાન | એલર્ટ |
|---|---|
| ૪૧.૧ થી ૪૩.૦ | યેલો એલર્ટ |
| ૪૩.૧ થી ૪૪.૯ | ઓરેન્જ એલર્ટ |
| ૪૫.૦ થી વધુ | રેડ એલર્ટ |

### આગામી દિવસોમાં કેવું તાપમાન રહેશે?

| તારીખ | સંભવિત મહતમ તાપમાન | સંભવિત લઘુત્તમ તાપમાન | રીમાર્કસ |
|---|---|---|---|
| તા.૨૭-૦૫ | ૪૨ | ૨૬ | યેલો એલર્ટ |
| તા.૨૮-૦ | ૪૨ | ૨૫ | યેલો એલર્ટ |
| તા.૨૯-૦૫ | ૪ ૨ | ૨૫ | યેલો એલર્ટ |
| તા.૩૦-૦૫ | ૪૨ | ૨૫ | યેલો એલર્ટ |
| તા.૩૧-૦૫ | ૪૧ | ૨૫ | - |

### અતિશય ગરમીના લીધે લુ લાગવાના લક્ષણો

- ખુબ પરસેવો થવો, અશક્તિ લાગવી અને સ્નાયુમાં દુ:ખાવો.
- માથાનો દુ:ખાવો, ચક્કર આવવા
- ચામડી લાલ - સુકી અને ગરમ થઈ જવી
- ઉબકા અને ઉલ્ટી થવી

# કુવાડવા અને શાપરમાં ચણાનાં બે ગોડાઉનમાં પુરવઠાની વિજીલન્સ ત્રાટકી

## એક જ પેઢીનાં બે ગોડાઉનમાંથી રૂા.૮૬ લાખથી, વધુનો જથ્થો સિઝ

રાજકોટ,તા.૨૭

ગત શનિવારનાં રોજ પૂરવઠાની સ્ટેટવિજીલન્સની, ટીમો રાજયનાં પુરવઠા નિયામક શ્રી ધોળકીયાની સુચના મુજબ કુવાડવા અને શાપરમાં આવેલા ચણાનાં બે ગોડાઉનમાં ત્રાટકી હતી.અને સ્થાનિક પૂરવઠા તંત્રને અંધારામાં રાખી રૂા.૮૬ લાખથી વધુનો ચણાનો જથ્થો સિઝ કરી દિધો હતો.આ અંગેની પ્રાપ્ત થતી વધુ વિગતો મુજબ ગત શનિવારે ગાંધીનગર પુરવઠા વિભાગની એન્ફોર્સમેન્ટ ટીમો ત્રાટકી હતી અને એક કુવાડવામાંથી સ્ટોક લિમિટ અંતર્ગત લાખ કિલો ચણા કિંમત રૂ. ૮૬ લાખ અને શાપરમાંથી ૧૦ હજાર કિલો કિંમત રૂ.૮૬૦૦૦નો જથ્થો પકડી પડી બધો માલ સિઝ કરી દીધો હતો સ્ટેટવિજીલન્સની ટીમોએ વીંગ્સ એગ્રો પ્રા.લિમિટેડ અને વીંગ્સ એગ્રીકલ્ચર પ્રાઈવેટ લિમિટેડ કે,જે એક જ માલિકીની બે પેઢી છે,તેના બે ગોડાઉન હતા તેમાં બાતમીના આધારે દરોડો પડયો હતો.આ તકે શાપરમાં કોટડા મામલતદાર અને કુવાડવામાં રાજકોટ તાલુકા મામલતદાર સાથે રહ્યા હતા.

### અવસાન નોંધ

**રાજકોટ:** ચા.મ. મોંઢ બ્રાહ્મણ, મૂળ - કાતડા, હાલ - રાજકોટ નિવાસી દુર્ગાબેન, તે જીતેન્દ્રભાઈ (દિનેશભાઇ), મુકેશભાઈ, કમલેશભાઈ, સંજયભાઈ, ચંદ્રિકાબેન(રામાબેન), વર્ષાબેનના માતા, અશોકકુમાર ડી. ત્રિવેદી, જીતેન્દ્રકુમાર ડી. અધ્યારૂના સાસુ, હાજનાળી વાળા ડાહ્યાલાલ વી. જોશી, હિંમતલાલ વી. જોશીના મોટાબેનનું અવસાન તા.૨૬ના રોજ થયેલ છે. બંને પક્ષનું બેસણું તા ૩૦ને ગુરુવારે સાંજે ૫ થી ૭, શિવધામ સોસાયટી શેરી નંબર ૧, શિવ મંદિર, વિમલ નગર મેઈન રોડ, પુસ્કર ધામ પાછળ, યુનિવર્સિટી રોડ રાજકોટ ખાતે રાખેલ છે.

# સામું કેમ જોઈશ કહી યુવક પર બાઈક ચડાવી દીધું

## અમન ફકીરે નજીવી બાબતે વિજય મેથાણીયા સાથે માથાકૂટ કરી ઈજા પહોંચાડી હતી: ગુનો નોંધાયો

રાજકોટ તા. ૨૭

સામું કેમ જોઈશ કહી યુવક પર બાઈક ચડાવી દીધું હતું. નજીવી બાબતે અમન ફકીરે માથાકૂટ કરી વિજય મેથાણીયાને ઈજા પહોંચાડી નાસી ગયો હતો.ઈજા થતાં યુવકને સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો.

પ્રાપ્ત વિગત અનુસાર ફરિયાદી વિજયભાઈ માવજીભાઈ મેથાણીયા (ઉ.વ.૪૮, રહે. ભીમા કોઠા ચાવાળી શેરી નં.૦૪ પાંજરાપોળ ભાવનગર રોડ રાજકોટ) એ ફરિયાદમાં જણાવ્યું કે ગઈકાલે સવારના સાડા અગીયારેક વાગ્યાની આસપાસ હું મારા ઘરેથી બહાર ચા પીવા માટે નીકળેલ ત્યારે શેરીના ખુણા પાસે પહોંચતા સામેથી અમન હરીભાઈ ફકીર (ઘોડાવાળા) આવેલ. અને મને કોઈ કારણ વગર કહેવા લાગેલ કે કેમ સામુ જોયશ. શા માટે કાતર મારશ તેમ કહી ઝગડો કરવા લાગેલ. તેમજ મને જેમ ફાવે તેમ અપશબ્દ બોલવા લાગેલ. અને તેની પાસે રહેલ એકસેસ બાઈક મારા પગ પર ચડાવી દીધેલ. તેમજ ત્યાં પડેલ ઈંટનો મારા હાથ પર ઘા કરેલ. બાદ ત્યાંથી નાસી ગયેલ. ઈજા પહોંચતા સારવાર અર્થે કે.જે.પટેલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે. બનાવ અંગે બી ડિવિઝન પોલીસે ગુનો નોંધી શોધખોળ હાથ ધરી છે.

# પુરષોતમ રૂપાલાના ભ્રામક વિડીયો અને ફોટા વાયરલ કરનાર સામે ગુનો નોંધાયો

## અલગ અલગ પાંચ ફેક આઈડી ધારકે મંત્રીની ઈમેજ પર અસર પહોંચે તેવાં વિડીયો વાયરલ કર્યા 'તાં: મંત્રીના પી.એ.એ અરજી કર્યા બાદ સાયબર ક્રાઈમે આઈટી એક્ટ હેઠળ કાર્યવાહી કરી તપાસ હાથ ધરી

રાજકોટ. તા.૨૭

પુરષોતમ રૂપાલાના ભ્રામક વિડીયો અને ફોટા વાયરલ કરી તેઓની રેપ્યુટશન ખરાબ કરનાર ઇન્સ્ટાગ્રામમાં ફેક આઈડી બનાવનાર અજાણ્યાં શખ્સો સામે સાયબર ક્રાઇમમાં ગુનો નોંધાયો હતો.

બનાવ અંગે રાજકોટમાં નાનામવા રોડ પર રહેતાં યોગેશભાઇ ચંદ્રકાંતભાઈ પાંચાણી (ઉ.વ.૪૩) એ નોંધાવેલ ફરિયાદમાં આરોપી તરીકે પાંચ ઈન્સ્ટાગ્રામ આઈડી ધારક અને તપાસમાં ખુલ્લે તે તમામનું નામ આપતાં સાયબર ક્રાઈમે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

વધુમાં ફરિયાદીએ જણાવ્યું હતું કે, તેઓ જમીન- મકાન વેચાણનું કામ કરે છે અને શહેર ભાજપમાં કન્વીનર તરીકે સેવા આપે છે. સાતેક દીવસ પહેલા ભાજપ કાર્યાલય ખાતે પક્ષના બધા કાર્યકર્તા બેઠેલ હોય ત્યારે જાણવા મળેલ કે, રાજકોટ શહેર સંસદીય મતદાર વિભાગના ઉમેદવાર પુરષોતમ રૂપાલાની રેપ્યુટેશન અને ઈમેજ ખરાબ થાય તેવા ભ્રામક વીડીયો/ફોટા સોશીયલ મીડીયામાં વાઇરલ કરવામા આવેલ હોય તેવુ જાણવા મેળેલ હતું.

જે બાબતે એડી. પીએ ટુ મિનિસ્ટર વિવેક ભટ્ટ પોલીસ કંટ્રોલ રૂમમાં ઈ-મેઇલ મારફતે તા.૧૩/૦૫ ના અરજી કરેલ હતી. જેમાં પુરષોતમ રૂપાલાના વિડીયો તથા ફોટા સોશીયલ મીડીયામાં ઈન્સ્ટાગ્રામની અલગ-અલગ ફેક આઇ.ડી. બનાવી વાયરલ કરેલ હતા. બનાવ અંગેની ફરીયાદ પરથી સાયબર ક્રાઈમે આઈટી એક્ટ સહિતની કલમ હેઠળ ગુનો નોંધી પીઆઈ એમ.જે.મકવાણા અને ટીમે તપાસ હાથ ધરી હતી.

# શાપર વેરાવળમાં કારમાંથી દારૂની ૧૧૪ બોટલ ઝડપાઈ

## શાપર પોલીસે કાર સહીત એકને દબોચી લીધો: બે ફરાર

રાજકોટ તા.૨૭

શાપર વેરાવળમાં કારમાંથી દારુની ૧૧૪ બોટલ ઝડપાઈ હતી. શાપર પોલીસે કાર સહીત રૂ.૪,૩૮,૪૭૫ મુદ્દામાલ કબ્જે કરી એકને દબોચી લીધો હતો.જ્યારે બે નાસી ગયા હતા.

પ્રાપ્ત વિગત મુજબ શાપર વેરાવળ પોલીસ મથકના હેડ કોન્સ્ટેબલ પ્રહલાદસિંહ રાઠોડ, ખીમજીભાઈ હુણ, ઉપેન્દ્રસિંહ ગોહીલ, મયુરસિંહ જાડેજા, પીયુશભાઈ અધેરા તથા કોન્સ્ટેબલ અલ્પેશભાઈ ડામસીયા પેટ્રોલિંગમાં હતાં દરમિયાન ખાનગી રાહે હકિકત મળેલ કે સ્વીફ્ટ કાર જેનાં નં-જીજે-૧૩-એઆર-૩૭૮૬ નંબરની કાર દારુના જથ્થા સાથે વેરાવળ જી.આઇ.ડી.સી. રોડ પર થઈ શાંતીધામ-૨ માં કીરણ કરીયાણા સ્ટોર પાસે આવવાની બાતમીના આધારે ત્યાં સ્થળે કીરણ કરીયાણા સ્ટોરથી થોડે આગળ સ્વીફ્ટ કાર પડેલ હોય જેને શંકાના આધારે તેમાં તપાસ કરતા દારુની ૧૧૪ બોટલ જપ્ત કરી હતી. કારમાંથી શૈલેષ ભગવાનભાઈ ડેરવાડીયા (ઉ.વ.૨૪, રહે.હાલ શાપર વેરાવળ શાંતીધામ-૨ તા.કોટડા સાંગાણી, મુળ રહે. વાંગધ્રા તા.વીછીયા) ને દબોચી લીધો હતો. જ્યારે આશીષ ઉર્ફે દુડી (રહે. શાપર વેરાવળ શાંતીધામ તા. કોટડા સાંગાણી), અને લક્કી (રહે.શાપર વેરાવળ) નાસી ગયેલ હતાં. શાપર પોલીસે કાર સહિત રૂ.૪,૩૮,૪૭૫ નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

# રાજકોટ, મોરબી, જુનાગઢ, ભાવનગર, સોમનાથમાં લોલમલોલ : મેળા-ગેમઝોન સીલ

## આગ દુર્ઘટના બાદ સૌરાષ્ટ્રભરમાં ચેકીંગમાં ઉતરતા કોર્પો., પાલિકા, પોલીસ, કલેકટર, વીજ તંત્રો : અનેક શહેરોમાં ધંધા માટે લોકોની સલામતી સાથે ખીલવાડ દેખાયો : પરવાનગીના નામનિશાન નહીં!





રાજકોટના જુદા જુદા વિસ્તારમાં આવેલા ગેમ ઝોન, ખાનગી મેળા સલામતીમાં બેદરકારી બદલ પોલીસે બંધ કરાવ્યા છે. તમામ સ્થળે સલામતીની ચકાસણીની સૌરાષ્ટ્રભરમાં શરૂ કરાઇ છે. (તસ્વીર : દેવેન અમરેલીયા)

રાજકોટ, તા. ૧૭

રાજકોટના ટીઆરપી ગેમ ઝોનમાં શનિવારે સાંજે સર્જાયેલા અગ્નિકાંડે ૨૮થી વધુ માનવ જિંદગી ભસ્મ કરી નાંખી છે. સૌરાષ્ટ્ર-ગુજરાતના ખુણે ખુણે હવે મંજુરી વગર આવા ગેમ ઝોન ફુટી નીકળ્યા હોય એવું ચિત્ર ખડુ થયું છે. અમદાવાદ જેવા મહાનગરમાં પણ સરકારી તંત્રોએ ગેમ ઝોન સહિતના જાહેર મનોરંજન સ્થળે દરોડા પાડયા છે. ત્યારે રાજકોટ સહિતના શહેરો, ગામોમાં ગેમ ઝોન, મેળા જેવી જગ્યાએ બંધ કરાવી દેવામાં આવી છે.

આ અગ્નિકાંડે સમગ્ર રાજય અને સરકારને ધ્રુજાવી દીધી છે. મૃતકના પરિવારજનો સહિત જનતામાં રોષનો જવાળામુખી ફાટી નીકળ્યો છે ત્યારે હવે મોતના માચડા જેવા આવા હાટડા સીલ કર્યા બાદ ભવિષ્યમાં કયારેય આવી બેદરકારી ન રહે તેવા સબકરૂપ પગલા સંચાલકો અને સરકારી બાબુઓ પર લેવાની જરૂર હોવાનો મત છે. ગઇકાલે રવિવારે રાજકોટ, મોરબી, જુનાગઢ, વેરાવળ, ભાવનગર સહિતના શહેરોમાં ફાયર સેફટી અંગે ચેકીંગ કરી આવા સ્થળોને ધડાધડ સીલ કરી દેવાયા છે.

### જુનાગઢ

રાજકોટમાં માનવ સર્જીત અગ્નિકાંડની દુર્ઘટના બાદ જુનાગઢ મહાનગરપાલિકા સફાળી જાગી ઉઠી છે. મનપાના કમિશ્નર ડો.ઓમપ્રકાશે વિવિધ વિભાગો સાથે બેઠક યોજી હતી અને ચેકીંગના આદેશો આપ્યા હતા જેમાં ચાર ગેમ ઝોનને સીલ કરી દેવામાં આવ્યા છે.

તે પૈકીના સુરજ ફનવર્લ્ડમાં ટોરા ટોરા, રાઇડસ ડીસ્મેન્ટલ કરી દુર કરાઇ છે. બાકીની ૧૩ રાઇડસ વી-ઇન્સ્પેકશન રીપોર્ટ રજુ કર્યા બાદ ચાલુ કરાશે. ફાયર સેફટીની મુદત પૂર્ણ થઇ છે. વ્યવસાય વેરામાં રજીસ્ટ્રેશન જ નથી. બિલ્ડીંગ સર્ટી અને સ્ટ્રકચર સ્ટેબીલીટી સર્ટી ન હોય તેથી સીલ લગાવી દીધુ છે. સુરજ ફનવર્લ્ડ સિને પ્લસમાં આવેલ ગેમ ઝોનમાં પણ એનઓસી ન હોય સુરત સીનેપ્લેકસ અને રોયલ ગેમ ઝોનનું રજીસ્ટ્રેશન જ થયું ન હોય, કલેકટર કચેરી પાસેથી ગેમ ઝોન ચલાવવાની મંજુરી ન હોય તેથી મનપા અને મામલતદાર દ્વારા સીલ કરી દેવાયેલ હોટલ ફર્નનું શોપ અને એસ્ટાબ્લીસ્મેન્ટ એકટ મુજબ રજીસ્ટ્રેશન ન હતું.

### કલેકટર

કલેકટર પાસેથી ગેમ ઝોન ચલાવવા સંચાલક દ્વારા પરવાનગી લેવામાં આવી ન હોય તેથી સીલ કરી દેવામાં આવેલ ગેમ્ર્સ પોઇન્ટ ઉપરકોટમાં ગેમ ઝોન કે ફાયર એનઓસી ન હતું. રજીસ્ટ્રેશન થયેલ ન હોય તેમજ કલેકટર કચેરીમાંથી ગેમ ઝોન ચલાવવા પરવાનો લેવાયો ન હોય તેથી સીલ કરી દેવામાં આવેલ છે.

રોયલ ગેમ ઝોનમાં ગઇકાલે ટીમોએ ચેકીંગ કરતા ક્ષતિઓ સામે આવી છે. અનેક જગ્યાએ વાયરો ખુલ્લા પડયા છે. વોકટેજ લોડ વધી જાય તો પણ આગ ન લાગે અને લાઇટ જતી રહે તે માટે એમસીબી સ્વીચ વાપરવાની હોય છે તેની સામે સામાન્ય સ્વીચ લગાડવામાં આપી હતી. તેમની પાસે લાયસન્સ જ નથી અત્યાર સુધીમાં મનપા દ્વારા આવું કોઇ ચેકીંગ જ કરવામાં આવ્યું ન હતું.

જુનાગઢ મનપાની ૫ ટીમો દ્વારા ચેકીંગ હાથ ધરાયું છે જે ફાયર ટીમ, ઇલેકટ્રીક ટીમ, ટાઉન પ્લાનર, અને બાંધકામ શાખાની ટીમ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી છે.

### વેરાવળ

રાજકોટ ખાતે ગેમઝોનમાં બનેલ ગોઝારા અગ્નિકાંડની ઘટના બાદ ગીર સોમનાથ જિલ્લાનું તંત્ર પણ સફાળું જાગ્યું છે. જીલ્લા મથક વેરાવળમાં ચાલતા બે ગેમઝોનને તાત્કાલિક અસરથી બંધ કરી દેવામાં આવ્યા છે. તો મલ્ટિપ્લેક્સ સિનેમા ઘરોમાં પણ ફાયર સેફ્ટીને લઈ તંત્ર દ્વારા ચેકિંગનો ધમધમાટ હાથ ધરવામાં આવ્યો છે.

ગીર સોમનાથ જિલ્લા કલેકટર દિગ્વિજયસિંહ જાડેજાની સીધી સૂચનાથી વેરાવળ શહેર તેમજ ગ્રામ્ય મામલતદાર ઉપરાંત ચીફ ઓફિસર, પીજીવીસીએલ, પોલીસ અને ફાયર વિભાગની સંયુક્ત ટીમ દ્વારા ચેકિંગનો ધમધમાટ હાથ ધરવામાં આવ્યો છે. જે અંગે પ્રાંત અધિકારી ભૂમિકાબેન વાટલીયાએ જણાવ્યું હતું કે, વેરાવળ શહેરમાં શક્તિ મોલ તેમજ સાચી મલ્ટિપ્લેકસમાં ચાલતા ગેમઝોનને કલોઝર નોટિસ ફટકારી બીજો હુકમ ના થાય ત્યાં સુધી બંધ કરી દેવા માટેના આદેશ કરવામાં આવ્યા છે. આ ઉપરાંત વેરાવળ શહેરમાં આવેલ આરાધના મલ્ટિપ્લેક્સ તેમજ વેરાવળ બાયપાસ પર આવેલ ફોનિક્સ મલ્ટિપ્લેક્સ સિનેમા તેમજ સાચી મલ્ટિપ્લેક્સ સિનેમામાં પણ ફાયર સેફ્ટી ને લઈ ચેકિંગ હાથ ધરવામાં આવ્યું છે. આ ઉપરાંત સોમનાથ ખાતે પણ ફાયર સેફ્ટી ને લઈ ચેકિંગના હાથ ધરવામાં આવનાર છે. હાલ રાજકોટની ગમખ્વાર ઘટના બાદ ગીર સોમનાથ જિલ્લાનું વહીવટી તંત્ર પણ સફાળું જાગ્યું છે અને ફાયર સેફ્ટી ને લઈ તપાસ હાથ ધરવામાં આવ્યો છે.

### ભાવનગર

ભાવનગરશહેરમાં મ્યુ. પાલિકા તંત્ર દ્વારા ચેકિંગ કરાયું તેમાં વરતેજ ચોકડી પાસેના રંગોલી ફન પાર્ક વરતેજ ગેમ ઝોનમાં સરકારી ધારાધોરણ મુજબ કામગીરી ન કરી હોય તેને સીલ કરેલ છે જ્યારે આર કે પોલો ફન બ્લાસ્ટ વરતેજ ફાયર સેફ્ટીના અભાવે સીલ કરેલ છે. આ ગેમ ઝોનમાં ફાયર સેફ્ટીની એનઓસી ન હતી. સાધનો તો હતા પણ ફાયર સેફ્ટીની એનઓસી ન હોવાનું ખુલ્યું હતુ. શહેરમાં સંસ્કાર મંડળ ચોકમાં ટેરર ગેમ ઝોન સીલ કરેલ છે. ફાયર વિભાગ, એઅસઓજી, ટાઉન પ્લાનિંગની ટીમે હિમાલયા મોલમાં આવેલા ગેમ ઝોનમાં ચેકિંગ કરતા સ્મોક ડિટેક્ટર બંધ હોય નોટિસ ઇસ્યુ કરી જ્યાં સુધી આ સુવિધા ન થાય ત્યાં સુધી આ ગેમ ઝોનને સીલ કરાયા હતા. આજે શહેરમાં કુલ નાના મોટા સાત જેટલી ગેમ ઝોનમાં ચકાસણી કરવામાં આવી હતી. જેમાં ખાસ તો અગ્નિશમનના ઉપકરણો, ફાયર એનઓસી, બાંધકામની તમામ પરવાનગી, મહેસુલી પરવાનગી, ઇલે. લોડ વિગેરેની ચકાસણી કરવામાં આવી હતી.

આ કાર્યવાહી અંગે ભાવનગર મ્યુ.ની ચીફ ફાયર ઓફિસર પ્રદ્યુમનસિંહે જણાવ્યું હતુ કે ભાવનગર શહેરમાં ૫ ગેમ ઝોન હતા તેમાં એક ગેમ ઝોન બંધ થઇ જતા ચાર અને બાડા વિસ્તારમાં ૨ મળીને કુલ ૬ ગેમ ઝોન કાર્યરત છે તેમાં ટીમ દ્વારા ચેકિંગ હાથ ધરવામાં આવ્યું જેમાં બાડા વિસ્તાર એટલે કે વરતેજ વિસ્તારમાં આવેલા રંગોલી ફન પાર્કમાં ફાયર સેફ્ટીના સાધનો તો હતા પણ ફાયર સેફ્ટી માટે જે નો ઓબ્જેકશન સર્ટિફિકેટ લેવાનું હોય તે ન હોવાને કારણે આ ગેમ ઝોનને સીલ કરાયું હતુ. આવી જ રીતે વરતેજ નજીકના આર કે પોલો ફન બ્લાસ્ટ ગેમ ઝોનને પણ સીલ મરાયું હતુ. આ ઉપરાંત શહેરી વિસ્તારમાં સંસ્કાર મંડળમાં આવેલા ટેટર ગેમ ઝોનને પણ અપૂરતી સુવિધાને લીધે સીલ મારવામાં આવ્યું હતુ. શહેરના એકિઝકયુટિવ મેજિસ્ટ્રેટ પીજીવીસીએલના કાર્યપાલક ઇજનેર મ્યુ. ટાઉન ડેવલપમેન્ટ ઓફિસર કે ટાઉન પ્લાનિંગ ઓફિસર એસોજીના પોલીસ ઇન્સ્પેકટર મ્યુ.ઈલેક્ટ્રિક મિકેનિકલ વિભાગના નાયબ કાર્યપાલક તેમજ ઈલેક્ટ્રિકલ ઇન્સ્પેક્ટર કચેરીના ઇન્સ્પેક્ટર સભ્ય પદે જે કમિટિ રચાઇ છે તેના દ્વારા આજે સોમવારથી હોટલ, મોલ, રેસ્ટોરન્ટ તથા બેન્કવેટ હોલ વિગેરે જેવા બિલ્ડિંગોની ચકાસણી કરી તેનો અહેવાલ ત્રણ દિવસમાં સુપ્રત કરવાનો રહેશે.

## અગ્નિકાંડમાં ભોગ બનેલા દિવ્યાંગોને માંધાતાસિંહજી દ્વારા શ્રધ્ધાસુમન અર્પણ



રાજકોટ તા.૨૭

શનિવારે બનેલા અગ્નિકાંડમાં ભોગ બનેલા દિવંગત આત્માઓને ઠાકોર માંધાતાસિંહજી જાડેજાએ શ્રધ્ધાસુમન અર્પણ કર્યા છે.

ટીઆરપી ગેઈમ ઝોનમાં સર્જાયેલા ગોઝારા અકસ્માતમાં નિર્દોષ બાળકો આગમાં હોમાઈ ગયા. આ શોકમગ્ન સમયે માંધાતાસિંહજી દ્વારા પરિવારજનો પ્રત્યે સંવેદના વ્યકત કરી દિવંગત આત્માને ઈશ્વર શાંતિ અર્પે તેમજ આ દુઃખની ઘડીમાં સહન કરવાની ઈશ્વર શકિત આપે એવી પ્રાર્થના કરી હતી અને મૃતકો તથા તેના પરિવારજનો પ્રત્યે સંપૂર્ણ સંવેદના વ્યકત કરી હતી.

## અગ્નિકાંડમાં ભોગ બનેલા લોકોને ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા શ્રદ્ધાંજલી અર્પણઃ ઘટનાને વખોડી

રાજકોટ, તા.૨૭

ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝના પ્રમુખ વી.પી. વૈષ્ણવ દ્વારા ટીઆરપી ગેમઝોનમાં બનેલ માનવસર્જીત આગની દુર્ઘટનાને સખ્ત શબ્દોમાં વખોડી કાઢી છે. તેમજ મૃતકો પ્રત્યે ઘેરા શોક અને દુઃખની લાગણી વ્યકત કરી શ્રધ્ધા સુમન અર્પણ કર્યા છે.

શનિવારે બનેલા ગોઝારા અકસ્માત અગ્નિકાંડ પ્રત્યે ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝના પ્રમુખ દ્વારા ઘેરા શોકની લાગણી વ્યકત કરી છે તેમજ મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ અને ગૃહમંત્રી હર્ષ સંઘવીને ખાસ રજૂઆત કરવામાં આવી છે કે આ બનેલ માનવસર્જિત અગ્નિકાંડમાં કડક કાર્યવાહી કરી કોઈને છોડવામાં ન આવે અને ફરી આવી ઘટના કયારેય ન બને તે માટે કાયદાના દાયરામાં રહી સખત કાર્યવાહી કરવામાં આવે તેવી રજૂઆત કરવામાં આવી છે. આ ઘટનામાં જે લોકોએ પોતાના સ્વજનો ગુમાવ્યા છે તેમના પ્રત્યે અત્યંત દુઃખની લાગણી વ્યકત કરી હતી.

## ટી.આર.પી. ગેમઝોનમાં મૃત્યુ પામેલને શ્રદ્ધાંજલી પાઠવતું ગ્રેટર રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ

# ભવિષ્યમાં આગની દુર્ઘટનાઓ ન બને તે માટે PPP ધોરણે વહિવટી તંત્ર સાથે જોડાવાની ગ્રેટર ચેમ્બરની તૈયારી

રાજકોટ, તા.૨૭

શહેરમાં શનિવારના રોજ ટી.આર.પી. ગેમઝોનમાં બનેલ આગ લાગવાની ઘટનામાં ઘણા હતભાગી લોકોએ તેમનો જીવ ગુમાવેલ તથા ઘણા લોકો ઇજાગ્રસ્ત થયેલ છે, આ દુઃખદ ઘટનાથી સૌરાષ્ટ્રવાસી સહિત સમગ્ર ગુજરાતના લોકોને આઘાત અને શોકની લાગણી થયેલ છે. ગ્રેટર રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીઝ પણ આ બનાવથી શોકમગ્ન થઇને મૃતકોને શ્રધ્ધાંજલી પાઠવે છે તથા આવા બનાવોને અનુલક્ષીને આગામી સમયમાં શું શું તકેદારી રાખવી જોઇએ અને કયાં પ્રકારની બેદરકારીથી લોકો સમક્ષ આવું જીવનું જોખમ ઉભું થાય તેના કારણો શોધી તેની સમીક્ષા કરીને નિરાકરણ અનુલક્ષી કામગીરી સંલગ્ન સરકારી કચેરીઓ સાથે મળીને કરવા માટેની તત્પરતા દાખવેલ છે.

જેમાં મુખ્યત્વે મુદ્દાઓને રાજકોટ જિલ્લા કલેકટર, રાજકોટ મહાનગરપાલિકા કમિશનર, રાજકોટ શહેર પોલીસ કમિશનર તથા ફાયર સેફ્ટી વિભાગના વડાને લેખીતમાં આવા આગના બનાવો વખતે રજુઆત કરી કપરા સમયમાં લોકહિતની ભાવના પ્રદર્શિત કરેલ છે. નાગરીકોમાં આગના બનાવોને અનુલક્ષીને જાગૃતિ અભિયાન ચલાવવામાં સંસ્થા ખભેખભો મિલાવીને કામ કરવા તૈયાર છે. તેમજ તાત્કાલિક ધોરણે આ સમસ્યાનો ઉકેલ લાવવા માટે સંસ્થા સરકારી તંત્ર સાથે PPP ધોરણે જોડાઇને કોકીંટ પગલાઓ લેવા સહયોગ આપવા તૈયાર છે. સરકારી તંત્રની અન્ય જવાબદારીઓ તથા મેનપાવર રીસોર્સીસની મર્યાદાઓ હોય જેથી પગલા ક્રમવાર લેવાનું ચેમ્બરનું સૂચન છે. જેમાં શહેરમાં બહોળા પ્રમાણમાં જ્યાં લોકોની અવરજવર હોય તેવા ગીચ સ્થળોએ અને બજારો, કોર્મશીયલ કોમ્પલેક્ષ અને ઇન્ડસ્ટ્રીયલ વગેરે વિસ્તારોમાં ફાયર સેફ્ટી ગયઈ અને સાધનોનું ફિઝીકલ વેરીફિકેશન કરવા માટે સરકારી તંત્ર સાથે ચેમ્બર જોડાઇને મદદરૂપ થશે. આ પછી બાકી રહેતા અન્ય સ્થળોએ ચેમ્બર જોડાઇને અવેરનેશ પગલા અને ફાયર સેફ્ટીના સાધનોની ટ્રેનીંગ આપવાની તૈયારી દર્શાવે છે.

**અવેરનેશ પગલા અને ફાયર સેફ્ટીના સાધનોની ટ્રેનીંગ આપવા તૈયાર**

ભવિષ્યમાં આ પ્રકારના બનાવો ન બને તે માટે ગ્રેટર ચેમ્બરના સૂચનો નવા બાંધકામની મંજૂરી અને ઓકયુપન્સી સર્ટિફિકેટ આપતા પહેલા ફાયર ગયઈ મેળવવાનું ફરજીયાત બનાવવામાં આવે. મંજુરી આપતી વખતે મંજુરી આપનાર અધિકારીનું પ્રમાણપત્ર આપવાનું ફરજીયાત બનાવવામાં આવે.વહિવટી તંત્રની અન્ય કામગીરીઓ અને મેનપાવર રીસોર્સની મર્યાદાઓ હોય ગ્રેટર ચેમ્બર વહિવટી તંત્ર સાથે PPP ધોરણે સહભાગી થવા તૈયારી દર્શાવે છે અને આ તોતીંગ કાર્યમાં સમગ્ર જનતાને પણ જોડાવા અપીલ કરે છે.

## ઉમેશ રાવના સ્વરમાં જુના ગીતો સાંભળી વડીલો મંત્રમુગ્ધઃ શાલ ઓઢાડી કરાયું સન્માન



રાજકોટ,તા.૨૭

ગત બુધવારએ 'ઈવનીંગ પોસ્ટ' સિનિયર સીટીઝન પાર્ક માં 'હસ્તે ગાતે, નગ્મે નચે પુરાને' માં વડીલો, આમંત્રિત મહેમાનોએ જુના ગીતોની ખુબજ મોજ માણી. તેમજ ઉમેશ રાવની હાસ્ય મીમીક્રી તેમજ ગીરીશ શર્માની ડાન્સ મીમીક્રી 'તેરે ચહેરે મે વો જાદુ હે...' ગીત પર રાજકપુર, દેવાનંદ તથા રાજેશ ખન્નાની આબેહુબ એકશનની રજુઆત કરી ઉમેશ રાવ દ્વારા વડીલોને મંત્રમુગ્ધ કર્યા હતા. ઉમેશરાવ દ્વારા ગ્રેટ શો મેન સ્વ. રાજકપૂર ને સ્મારાંણજલિ રૂપે ગેટઅપ સાથે 'કહેતા હે જોકર સારા જમાના' 'એ ભાઈ જરા દેખતે ચલો' તથા 'જીના યહાં મરના યહાં' ગીતો પર પરફોર્મન્સ રજુ કરેલ હતું. કાર્યક્રમને નિહાળવા માટે રંગીલા સીંગસ ગ્રુપના અનેક કલાકારો, ઈવનીંગ પોસ્ટના સદસ્યો તેમજ સંગીત પ્રેમીઓએ બહોળી સંખ્યામાં હાજરી આપી કાર્યક્રને સફળ બનાવ્યો હતો. દિપક ચાવડાએ ઉમેશ રાવનું શાલ ઓઢાડીને સન્માન કર્યુ હતું. આ તકે સોરઠીયા રજૂપત સમાજના અગ્રણી વિજયભાઈ ચૌહાણ, સંજયભાઈ સાગઠીયા, હરનેશભાઈ સોલંકી, મુકુન્દભાઈ રાઠોડ (પીન્ટુભાઈ), હેમંતસિંહ ડોડીયા, સંજયભાઈ ગોહેલ, વિજયભાઈ કારીયા, જયદેવભાઈ ઉપાધ્યાય, સુરેશભાઈ મારૂ અને એચ. પી. પટેલ સ્ટેજ ઉપસ્થિત રહ્યા હતા.

## સરકારી વકીલ રક્ષિત કલોલાનો આજે જન્મદિન



રાજકોટ ડીસ્ટ્રીકટ કોર્ટમાં મદદનીશ સરકારી વકીલ તરીકે ફરજ બજાવતા રક્ષિત વી. કલોલાનો આજરોજ જન્મદિવસ છે. તેઓએ ૪૫માં વર્ષમાં મંગલ પ્રવેશ કર્યા છે. નાનપણથી જ રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘ સાથે જોડાઈ સંઘની અનેકવિધ શાખાઓમાં કાર્યરત રહી અખીલ ભારતીય વિદ્યાર્થી પરિષદમાં વિદ્યાર્થીઓનું નેતૃત્વ કરી અને આંદોલનો કરી અનેક પ્રશ્નોને વાચ આપી છે. ભૂકંપ સમયે સેવા ભારતી સંસ્થામાં ત્રણ વર્ષ પુર્ણ સમય કામ કર્યુ છે. ભાજપમાં અલગ અલગ જવાબદારીઓ નિભાવી છે. હાલમાં હિન્દુ જાગરણ મંચમાં પ્રાંતમાં જવાબદારી નિભાવી રહ્યા છે. મદદનીશ સરકારી વકીલ તરીકે રાજકોટ ખાતે છેલ્લા ૧૨ વર્ષથી નિષ્ઠાપૂર્વકની ફરજ બજાવી રહ્યા છે. અનેક ચકચારી કેસોમાં આરોપીઓને સજા અપાવીને સરકાર તરફે ખૂબજ પ્રશંસનીય કામગીરી કરેલ છે. આજે તેમના જન્મદિવસ નિમિતે તમામ મિત્રો, સ્નેહીઓ, સગાવ્હાલાઓ તેમજ સામાજીક આગેવાનો ચોમેરથી તેમના મો.નં. ૯૪૨૬૨ ૬૮૬૮૫ ઉપર શુભેચ્છાઓ પાઠવી રહ્યા છે.

## બેડલા ગામે ગરીબ ખેડૂત પરિવારોની જમીન રેગ્યુલર કરીને શરત ફેર કરી આપવા માંગ

### ખેડૂત પરિવારોની રાજકોટ જિલ્લા તંત્રને આવેદન મારફત રજૂઆત

રાજકોટ,તા.૨૭

સમય સમયાંતરે અમારા ગામમાં ઈ.સ.૧૯૬૨ અને ઈ.સ.૧૯૬૪ ગામમાં વસતા ગરીબ પરિવારને ગુજરાત ચલાવવા માટે સરકાર શ્રી દ્વારા સાથણીમાં ત્રણ/ત્રણ/ચાર/ચાર એકવાર જમીન આપવામાં આવેલ આ તમામ પરિવારો અત્યંત ગરીબ અને અભણ હતા જે તે સમયે આવા ગરીબ પરિવારોને સરકાર દ્વારા જમીન ફાળવવામાં આવી ફાળવણીના સમયથી આજ સુધી આ તમામ પરિવારો અને તેમના વારસદારો આ જમીનનો કબ્જો અને ભોગવતો કરે છે. અને ખેતી કરી પોતાનું ગુજરાન ચલાવે છે. જે તે સમયે ગ્રામ પંચાયત કે મામલતદાર કચેરી રાજકોટ તરફથી રેકર્ડમાં નોંધ પાડવામાં આવી અને નોંધ પાડવામાં જે તે સમયે નોધ કરવામાં આવેલી જે તે રેવન્યુ સર્વે નંબરમાં ફાળવવામાં આવેલ જમીનનાં સર્વે નંબર ભૂલ કરેલ નોંધ કરવામાં આવેલ જેનો ભોગ અમો ગરીબ



અને નિર્દોષ ખેડૂતો બન્યા હતાં. અમારી ઉપર સરત ભંગનો કેસ દાખલ કરવામાં આવેલ હતો. અમો ગરીબ ખેડૂત પરિવારો પર જે સરતભંગનો કેસ થયેલ એમના પર અવલોકન કરી અમોને ન્યાય મળેલ તમામ ચકાસણી કરીને કેસ હટાવવામાં આવેલ હતો.જે તારીખ ૯મી ફેબ્રુઆરી ૨૦૧૭ના રોજ કેસ હટાવી નાયબ કલેકટર પી.આર.જાની દ્વારા જમીન રેગ્યુલર રાઈજ કરી આપવામાં સૂચના આપવામાં આવેલ પરંતુ આજ દિન સુધી કામો પુરા થયેલ નથી ખેડૂતોની જમીન સર્વે નંબર રેગ્યુલર રાઈજ કરીને અમો જે જગ્યાએ ખેતી કરી રહ્યા છીએ એ જ જગ્યાએ રેગ્યુલર કરીને નવી શરતમાંથી જૂની શરતમાં જમીન ફેરવવામાં આવે એવી અમારી માંગણી છે.

## નાના નિર્દોષ ભૂલકાં નિંભર શાસકોની ગંભીર બેદરકારીની વેદી પર બલિ બની ગયાઃ મુનિશ્રી મિત્રાનંદ સાગરજીમ.

રાજકોટ,તા.૨૭

યમરાજા પોતાના લાવલકર સાથે રાજકોટમાં આ રીતે ઊતરી આવશે એવું કોણે કલ્પ્યું હશે. મોરબી અને વડોદરા પછી રાજકોટમાં બનેલી આ એવી હૃદયવિદારક ઘટના છે, જેમાં નાનાં નિર્દોષ ભૂલકાં નિંભર શાસકોની ગંભીર બેદરકારીની વેદી પર બલિ બની ગયાં છે. અત્યારે ભીની આંખે ઝવેરચંદ મેઘાણીની કવિતા ''કોઈનો લાડકવાયો''ના આ શબ્દો યાદ આવે છે''વિખરેલી એ લાડકડાની સમારજો લટ ધીરે,એને ઓષ્ઠ-કપોલે-ભાલે ધરજો ચુંબન ધીરે 'સહુ માતા ને ભગિની રે! 'ગોદ લેજો ધીરે ધીરે...''અને-''ખાક પડી આંહીં 'કોઈના લાડકવાયાની.'' રાષ્ટ્રના સમગ્ર જૈન સમાજ વતી દુર્ઘટનાનો ભોગ બનેલ પ્રત્યેક બાળક બાળિકાને અશ્રુપૂરિત અંજલિ પાઠવું છું અને પોતાનું પ્રિય સ્વજન ગુમાવનાર પ્રત્યેક શોકસંતપ્ત પરિવાર માટે પ્રાર્થના કરૂં છું કે આવી પડેલી આ કપરી પળે તેઓ પોતાનું મનોબળ ટકાવી રાખીને આ વિકટ સંકટનો સામનો કરી શકે.અમદાવાદથી મુનિશ્રી મિત્રાનંદસાગરજી મહારાજે ભાવાંજલી પાઠવી છે.

## અતિ કરૂણ ઘટના : હતભાગીઓના પરિવારને નરેન્દ્રબાપુની સાંત્વના

રાજકોટ, તા. ૨૭

રાજકોટના ગેમ ઝોનમાં શનિવારે સાંજે સર્જાયેલી આગ દુર્ઘટનાથી પુરૂ શહેર દુઃખી થયું છે. મુખ્યમંત્રી અને ગૃહમંત્રી સહિતના જવાબદારો રાજકોટ આવી ચૂકયા છે ત્યારે આપા ગીગાના ઓટલાની જગ્યાના મહંત અને પૂર્વ ડે.મેયર નરેન્દ્રભાઈ સોલંકીએ આ બનાવ અંગે ઉંડા શોકની લાગણી વ્યકત કરી છે.

ભાજપના સીનીયર નેતા અને સમાજ તથા ધાર્મિક પ્રવૃતિમાં સતત જોડાયેલા રહેતા નરેન્દ્ર બાપુએ આ દુર્ઘટના અંગે ઉંડુ દુઃખ વ્યકત કર્યુ છે. આ ઘટનામાં માસુમ બાળકો સહિતના લોકો જે રીતે મોતને ભેટયા છે તે સંજોગો કલ્પના બહારના છે. શહેરના તમામ લોકોએ પોતાના આત્મીયજન ગુમાવ્યાનું દુઃખ અનુભવ્યું છે. આ સ્થિતિમાં તેઓ સહિતના શહેરીજનોની લાગણી પરિવાર સાથે છે. આ પરિવારજનોને આપા ગીગા શાંત્વના અને હિંમત આપે તેવી પ્રાર્થના નરેન્દ્ર બાપુએ કરી છે.

## ધમસાણીયા પરિવાર દ્વારા કાલે રકતદાન કેમ્પનું આયોજન



રાજકોટ તા.૨૭

ધમસાણીયા પરિવાર દ્વારા કાલે થેલેસેમીયા પીડિત બાળકોના લાભાર્થે બ્લડબેંકના સહયોગથી રવિરત્ન મેઈન રોડ, શેરી નં.૩ યુનિવર્સિટી રોડ ખાતે રકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. સરકારી પ્રાથમીક શાળાના શિક્ષક તરીકે ફરજ બજાવતા હસમુખભાઈ અને ભારતીબેન ધમસાણીયાના પુત્ર સ્વ. કિશન ધમસાણીયાની ચતુર્થ પુણ્યતિથિ નિમિતે રકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ કેમ્પને સફળ બનાવવા હસમુખભાઈ ધમસાણીયા, ભારતીબેન પટેલ, અનુપમ દોશી, રોનકભાઈ ધ્રાંગધરીયા, નિરાલીબેન ધમસાણીયા, હિંમતલાલ માલવીયા કાંતિભાઈ સાવલીયા, નરેન્દ્રભાઈ આરદેશણા સહિતના સમગ્ર ધમસાણીયા પરિવારે જહેમત ઉઠાવેલ છે. આ તકે તમામ રકતદાતાઓને સ્મૃતિ ભેટ આપવામાં આવશે.

## બહારના વ્યક્તિઓની હેરાનગતી બંધ કરાવોઃ સિવિલ હોસ્પિટલ કર્મચારીગણની જિલ્લા કલેકટરને રજુઆત

### લે ભાગુ તત્વોનું અવારનવાર હોસ્પિટલમાં દંગલથી કર્મચારીઓ ત્રસ્તઃ અધિકારીઓને પણ દબાવવાનો પ્રયાસ



રાજકોટ તા.૨૭


રાજકોટ પીડીયુ સિવિલ હોસ્પિટલમાં ફરજ બજાવતા કર્મચારીઓ બહારનાં લેભાગુ તત્વોથી બાજ આવી જતા આજે જિલ્લા કલેકટરને આવેદનપત્ર આપી આ બાબતે જરૂરી કાર્યવાહી કરવા માંગણી ઉઠાવી આવેદનપત્ર પાઠવ્યુ હતું.

સિવિલ હોસ્પિટલ વર્ગ-૪નાં કર્મચારીગણ દ્વારા કલેકટરને આપેલા આવેદનપત્રમાં જણાવ્યા પ્રમાણે રાજકોટ પીડીયુ હોસ્પિટલ ખાતે ઘણા વર્ષોથી ફરજ બજાવીએ છીએ. અમોને મળતી સવલતોમાં મીનીમમ વેજીસ પ્રમાણે પગાર, પીએફ, ઈએસઆઈસીનો લાભ મળે છે. માંદગી દરમ્યાન ઈએસઆઈસીનો લાભ પણ મળે છે તેમજ મૃત્યુ સમયે મળવાપાત્ર લાભો પણ મળે છે. અમારા નામ પર લે ભાગુ તત્વો બહારની બાજુથી હોસ્પિટલમાં આવી દંગલનું વાતાવરણ ઉભુ કરે છે તેમજ અમારા કર્મચારીઓના નામે ખોટી રીતે રજુઆત કરી અન્ય અધિકારીઓને દબાવવાના પ્રયત્ન કરે છે તો અમારી વિનંતી છે કે જયાં કયાંય પણ અમારા સ્ટાફની સાહેદીની જરૂર પડે અમે રજુઆત કરવા તૈયાર છીએ.

વધુમાં અમોને કોન્ટ્રાકટર કે અધિકારી દ્વારા કોઈ પણ પ્રકારની મુશ્કેલી નથી તેમ કર્મચારીગણના રૂકશાનાબેન રાઠોડ, મનોજભાઈ ચાવડા, ભારતીબેન બારૈયા, કૃષ્ણબેન વાઘેલા, અર્ચનાબેન વાઢેરે આવેદનપત્રમાં જણાવ્યું છે.

## એક સપ્તાહમાં મેલેરિયા-ચિકનગુનિયાનો એક એક કેસ નોંધાયો

### તાવ,શરદી, ઝાડા, ઉલ્ટી, સહિત ૧૫૩૧ કેસઃ ૬૪૧ ઘરોમાં ફોગીંગ કરાયું



રાજકોટ,તા.૨૭

રાજકોટ શહેરમાં ઉનાળાની કાળઝાળ ગરમીમાં શહેરીજનો ત્રાહીમામ પોકારી ઉઠ્યા છે તો બીજી તરફ રોગચાળો માથુ ઉચકતા મનપા આરોગ્ય શાખાએ રોગચાળાને નાથવા પગલા લેવામાં આવેલ છે.એક સપ્તાહમાં મેલેરિયા-ચિકનગુનિયાના ૧-૧ કેસ ઉપરાંત તાવ,શરદી, ઝાડા ઉલ્ટીનાં ૧૫૩૧ કેસ નોંધાયા હતાં. રાજકોટ મનપાની આરોગ્ય શાખા દ્વારા અટકાયતી પગલા લેવાની કાર્યવાહીમાં મેલેરિયા-૧ ચિકનગુનિયા-૧ શરદી-ઉધરસન ૭૩૨, સામાન્ય તાવના ૪૮૨, ઝાડા ઉલ્ટીના ૩૧૫, ટાઈફોઈડ તાવનાં-૨ કેસ મળી કુલ ૧૫૩૧ કેસ નોધાયા છે.આરોગ્ય શાખા દ્વારા કેન્દ્રના આશાવર્કર સહિત ૩૨૦ ટીમોએ ૧,૪૦,૮૪૦ ઘરોમાં પોરાનાશક કરવામાં આવેલ છે. સાથે ૬૪૧ ઘરોમાં ફોગીંગ કામગીરી કરેલ છે. વિવિધ વિસ્તારો મચ્છર ઉત્પતિ સબબ દરમિયાન ૪૦૦ રહેણાંક મકાનો અને ૫૭૫ કાર્યશીયલ આસામીઓને નોટીસ આપવામાં આવેલ છે.

## શીતલનાથ દાદાના જૈન દેરાસરનો અમૃત મહોત્સવ ઉજવાયો

શીતલનાથ દાદા ના જૈન દેરાસરની ઈ.સ.૧૯૫૦ માં પ્રતિષ્ઠા થયેલ હતી જે ૭૪ વર્ષ પૂર્ણ કરીને ૭૫ વર્ષના અમૃત મહોત્સવ વર્ષમાં પ્રવેશ કરેલ છે જે આ અમૃત મહોત્સવ પ્રસંગે મહાવીર સ્વામીના કેવલ જ્ઞાન કલ્યાણ ના દિવસે અનેરી ધ્વજા આરોહણ નો ઉત્સવ ઉજવાયેલ હતો જેમાં ધ્વજા આરોહણ સાથે સવારે નવકારશ્રી.. બપોરે સ્વામી વાત્સલ્ય અને સાંજે ચવ વિહારનો પ્રસંગ સંપન્ન થયેલ જેમાં મૂળનાયક શિખર ની ધ્વજાનો ચડાવો... રંગ મંડપ ના ઘુમ્મટ ની ધજા નો ચડાવો.. મણીભદ્ર દાદા ની ડેરીના ધજાનો ચડાવો... સૂર્ય દર્શન અને ચંદ્ર દર્શનનો ચડાવો તેમજ સાંજની ૧૦૮ દીવડાની મહા આરતી અને મંગલ દીવાનો ચડાવો થયેલો જેમાં જૈન સમાજના ભાગ્યશાળી પરિવારોએ લાભ લઈને ધન્યતા અનુભવી હતી તેમજ જૈન સમાજે સાથે મળીને ભોજન પ્રસાદનો લહાવો લીધેલો હતો આ શુભ પ્રસંગે મોટી પાનેલીના વતની કે જે બહાર વસવાટ કરે છે તેઓ એ આ પ્રસંગે હાજરી આપેલ હતી

## બ્રહ્મક્ષત્રિય જ્ઞાતી સમાજ દ્વારા શોકસભાનું આયોજન

રાજકોટ,તા.૨૭

રાજકોટ ખાતે TRP GAMEZONEમાં સર્જાયેલ અગ્નિકાન્ડમા ભોગ બનેલા હતભાગી દિવંગતોને શ્રદ્ધાંજલિ અર્પણ કરવા બ્રહ્મક્ષત્રિય જ્ઞાતી સમાજ શોકસભા નું આયોજન કરેલ છે જેમાં દિવંગતના પરિવારોને સંવેદના વ્યક્ત કરવા તથા ભોગ બનેલા હતભાગી દિવંગતોને શ્રદ્ધાંજલિ આપવા આજે સાંજે ૫ થી ૬ કલાકે બ્રહ્મક્ષત્રિય જ્ઞાતિની વાડી, પેડક રોડ, રાજકોટ ખાતે રાખેલ છે.

### KKRનું શાનદાર પરફોર્મન્સ, ૧૦ વર્ષ બાદ ખિતાબ જીત્યું

# KKR ચેમ્પિયન્સ : IPL ફાઈનલમાં કોલકાતાએ SRHને ૮ વિકેટે હરાવી ત્રીજી વખત IPL જીત્યું

**કોલકત્તા નાઈટ રાઈડર્સને આઈપીએલની જીત પર રૂા.૨૦ કરોડ અને ટ્રોફી એનાયત કરતા બોર્ડના સચિવ જય શાહ અને પ્રમુખ રોજર બિન્ની**

**હૈદરાબાદનો ફાઈનલમાં સૌથી ઓછો સ્કોર, KKRના બેટરોએ સૌથી ઝડપી રન ચેઝ કર્યું**

**કોલકતા આ પહેલા ૨૦૧૨, ૨૦૧૪ અને હવે ૨૦૨૪માં આઈપીએલ જીત્યું છે : આ વર્ષે કોચ ગૌતમ ગંભીર, ચંદ્રકાંત પંડિત અને ભરત અરૂણને ક્રેડિટ જાય છે**





## એવોર્ડ

**જીતનાર ટીમ :** કોલકતા નાઈટ રાઈડર્સ : રૂ.૨૦ કરોડ
**રનર્સ અપ ટીમ :** સન રાઈઝર્સ હૈદરાબાદ - રૂ.૧૩ કરોડ
**પ્લેયર ઓફ ધી મેચ :** મિચેલ સ્ટાર્ક
**પ્લેયર ઓફ ધી સીઝન :** સુનીલ નરાયાન
**પરપલ કેપ :** હર્શલ પટેલ - ૧૪ મેચમાં ૨૪ વિકેટ - રૂ.૧૦ લાખ
**ઓરેન્જ કેપ :** ૧૫ મેચમાં ૭૪૧ રન કરનાર વિરાટ કોહલી - રૂ.૧૦ લાખ
**ઇમર્જીગ પ્લેયર :** નીતીશ કુમાર રેડ્ડી (સન રાઈઝર્સ હૈદરાબાદ) - રૂ.૧૦ લાખ
**બેસ્ટ સ્ટ્રાઈકર :** જેક ફ્રેઝર - મેકગર્ક જેને મળી ટાટા પંચ ઈવી કાર
**સુપર સિક્સિસ ઓફ ધી સીઝન :** અભિષેક શર્મા - રૂ.૧૦ લાખ અને ટ્રોફી
**ઓન ધી ગો ફોર ઓફ ધી સીઝન :** ટ્રેવિસ હેડ રૂ.૧૦ લાખ
**સીઝનનો સર્વ શ્રેષ્ઠ કેચ:** રમનદીપ સિંહ - રૂ ૧૦ લાખ
**ફેર પ્લે એવોર્ડ :** સન રાઈઝર્સ હૈદરાબાદ
**સૌથી વેલ્યુએબલ પ્લેયર :** સુનીલ નારાયણ - રૂ.૧૦ લાખ
શ્રેષ્ઠ પીચ અને ગ્રાઉન્ડ : રાજીવ ગાંધી સ્ટેડિયમ, હૈદરાબાદ : રૂ.૫૦ લાખ

## રસપ્રદ હકીકત

૧. સતત ૭મી સિઝનમાં ક્વોલિફાયર-૧ જીતનારી ટીમે ટાઈટલ જીત્યું છે.
૨. હૈદરાબાદ ફાઈનલમાં સૌથી ઓછો સ્કોર બનાવનારી ટીમ બની ગઈ છે. ટીમ ૧૧૩ રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી.
૩. કોલકાતાએ ફાઈનલમાં સૌથી ઝડપી રનનો પીછો કર્યો હતો. ટીમે ૧૦.૩ ઓવરમાં ૧૧૪ રનના લક્ષ્યનો પીછો કર્યો હતો.











## ખેલાડીઓનું પ્રદર્શનઃ વેંકટેશની ફિફ્ટી, રસલએ ૩ વિકેટ ઝડપી

ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરનાર સન રાઈઝર્સ તરફથી કેપ્ટન પેટ કમિન્સ સૌથી વધુ ૨૪ રન બનાવ્યા હતા, જ્યારે એડન માર્કરામે ૨૦ રનની ઈનિંગ રમી હતી. અભિષેક શર્મા ૨, ટ્રેવિસ હેડ ૦ અને રાહુલ ત્રિપાઠી ૯ રને આઉટ થયા હતા. નીતીશ રેડ્ડી ૧૩ અને હેનરિક ક્લાસેન ૧૬ રન બનાવીને પેવેલિયન પરત ફર્યા હતા. આન્દ્રે રસેલે ૩ વિકેટ લીધી હતી. મિચેલ સ્ટાર્ક અને હર્ષિત રાણાને ૨-૨ વિકેટ મળી હતી.

જવાબી ઈનિંગ્સમાં કોલકાતા તરફથી વેંકટેશ અય્યરે ૨૬ બોલમાં ૫૨ રનની અણનમ અડધી સદી ફટકારી હતી. રહેમાનુલ્લા ગુરબાઝે ૩૨ બોલમાં ૩૯ રન બનાવ્યા હતા. પેટ કમિન્સ અને શાહબાઝ અહેમદે એક-એક વિકેટ લીધી હતી.

**વેંકટેશ ઐયરના 26 બોલમાં શાનદાર 52 રન, સ્ટાર્કએ ઝડપી બે વિકેટ- પ્લેયર ઓફ ધી મેચ : સુનીલ નારાયણ પ્લેયર ઓફ ધી સિઝન : વિરાટ કોહલીને સૌથી વધુ રન કરવા પર ઓરેન્જ કેપ અને હર્શલ પટેલને મળી પર્પલ કેપ**

ચેન્નાઈ : કોલકાતા નાઈટ રાઈડર્સ (KKR) એ IPL-2024નું ટાઈટલ જીતી લીધું છે. ચેન્નાઈના ચેપોક સ્ટેડિયમમાં ટીમે ફાઈનલ મેચમાં સનરાઈઝર્સ હૈદરાબાદ (SRH)ને ૮ વિકેટે હરાવ્યું હતું. કોલકાતા આ લીગમાં ત્રીજી વખત ચેમ્પિયન બન્યું છે. ટીમે ૧૦ વર્ષ બાદ આ ખિતાબ જીત્યો છે. છેલ્લે કોલકાતા ૨૦૧૪માં ચેમ્પિયન બન્યું હતું. રવિવારે ચેપોક મેદાન પર હૈદરાબાદે ટોસ જીતીને બેટિંગ કરવાનું પસંદ કર્યું અને ૧૮.૩ ઓવરમાં ૧૧૩ રનમાં ઓલઆઉટ થઈ ગઈ. આઈપીએલ ફાઈનલનો આ સૌથી ઓછો સ્કોર છે. કોલકાતાએ ૧૦.૩ ઓવરમાં ૨ વિકેટે લક્ષ્ય હાંસલ કરી લીધું હતું. આઈપીએલ ફાઈનલમાં આ સૌથી ઝડપી રન ચેઝ છે. મિચેલ સ્ટાર્ક પ્લેયર ઓફ ધ મેચ રહ્યો હતો. તેણે ૨ વિકેટ લીધી અને ૨ કેચ પણ પકડ્યા.

# પુણે પોર્શ અકસ્માતમાં નવો ઘટસ્ફોટ, સગીરના લોહીના નમૂના સાથે ચેડા કરવા બદલ બે ડોક્ટરની ધરપકડ




પુણે : આ દિવસોમાં પુણેમાં થયેલા માર્ગ અકસ્માતની સમગ્ર દેશમાં ચર્ચા થઈ રહી છે. અહીં એક વેગવાન લક્ઝરી કારે મોટરસાઈકલને ટક્કર મારતાં બે લોકોના મોત થયા હતા. કાર એક ૧૭ વર્ષનો સગીર ચલાવી રહ્યો હતો, જે દારૂના નશામાં હતો. આ મામલે રોજ નવા ખુલાસા થઈ રહ્યા છે. હવે પુણે પોલીસે સગીરના બ્લડ સેમ્પલ સાથે ચેડા કરવા બદલ બે ડોક્ટરોની ધરપકડ કરી છે.

પુણેના પોલીસ કમિશનર અમિતેશ કુમારે જણાવ્યું હતું કે સસૂન જનરલ હોસ્પિટલના બે ડોકટરોની સગીરના લોહીના નમૂના સાથે ચેડા કરવા બદલ ધરપકડ કરવામાં આવી છે. અગાઉ શનિવારે, સગીરના દાદાની ડ્રાઈવરનું અપહરણ કરવા, તેને ધમકી આપવા અને ડ્રાઈવરને ગુનો કબૂલ કરવા દબાણ કરવા બદલ ધરપકડ કરવામાં આવી હતી. સાથે જ આ મામલામાં બે અધિકારીઓને પણ સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. પુણે શહેરમાં, ૧૮-૧૯ મેની વચ્ચેની રાત્રે, એક ૧૭ વર્ષનો છોકરો, ૩ કરોડ રૂપિયાની પોર્શ કાર ઝડપી ગતિએ ચલાવતો હતો, ત્યારે તેણે બાઈકને ટક્કર મારી. વાહન સાથેની ટક્કર એટલી જોરદાર હતી કે બાઇક તેનું સંતુલન ગુમાવી દીધુ અને રોડ પર ઘણા દૂર સુધી ઘસડી ગયું, જેના કારણે તેના પર સવાર બે લોકોના ઘટનાસ્થળે જ મોત થયા. ઘટનાસ્થળે હાજર લોકોએ પોલીસને અકસ્માતની જાણ કરી, ત્યારબાદ આરોપી સગીરની ધરપકડ કરવામાં આવી. આ ઘટનાના ૧૪ કલાક બાદ આરોપી સગીરને કેટલીક શરતો સાથે કોર્ટમાંથી જામીન મળી ગયા હતા. કોર્ટે તેમને ટ્રાફિક પોલીસ સાથે ૧૫ દિવસ કામ કરવા અને માર્ગ અકસ્માતોની અસરો અને ઉકેલો પર ૩૦૦ શબ્દોનો નિબંધ લખવાનો નિર્દેશ આપ્યો હતો. બાદમાં વિવાદ વધતાં કોર્ટે તેના જામીન રદ કર્યા હતા.

### જામનગર બાદ હવે યુરોપમાં થશે વિશ્વની હસ્તીઓનો મેળાવડો

# અનંત-રાધિકાનાં બીજા પ્રી-વેડિંગ સમારોહ માટે ક્રિકેટ-ફિલ્મ જગતની હસ્તીઓ ફ્રાન્સ જવા રવાના

**સલમાન ખાન, રણવીર સિંહ, ધોની સહિતની સેલિબ્રિટી મુંબઈના કલીના એરપોર્ટ પર દેખાયા : પ્રાઈવેટ પ્લેન મારફત નીકળ્યા**











મુંબઈ : મુકેશ અંબાણી અને નીતા અંબાણીના નાના પુત્ર અનંત અંબાણી અને રાધિકા મર્ચન્ટ આ વર્ષે જુલાઈમાં લગ્ન કરશે. આ વર્ષે માર્ચમાં, ગુજરાતના જામનગરમાં ત્રણ દિવસીય પ્રિ-વેડિંગ ફેસ્ટિવલનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં દેશ-વિદેશની અનેક ફિલ્મ અને બિઝનેસ હસ્તીઓએ ભાગ લીધો હતો. હવે અહેવાલો અનુસાર, મુકેશ અંબાણી અને નીતા અંબાણી તેમના પુત્ર અનંત અને રાધિકા મર્ચન્ટની બીજી પ્રી-વેડિંગ પાર્ટી હોસ્ટ કરવાની તૈયારી કરી રહ્યા છે. આ માટે મહેમાનોના આગમનની પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે.

મીડિયા રિપોર્ટ્સમાં દાવો કરવામાં આવ્યો છે કે ૨૮ થી ૩૦મેની વચ્ચે બીજી પ્રી-વેડિંગ પાર્ટીનું આયોજન કરવામાં આવશે. એવું કહેવામાં આવી રહ્યું છે કે બીજા પ્રી-વેડિંગ ઈવેન્ટના ગેસ્ટ લિસ્ટમાં સલમાન ખાન, શાહરૂખ ખાન, આમિર ખાન, રણબીર કપૂર અને આલિયા ભટ્ટ સામેલ થઈ શકે છે. આ ભવ્ય કાર્યક્રમમાં ભાગ લેવા માટે સલમાન ખાન સ્પેન જવા રવાના થયો છે. આજે તે મુંબઈના કલીના એરપોર્ટ પર જોવા મળ્યો હતો. અભિનેતા કડક સુરક્ષા સાથે જોવા મળ્યો હતો.

સલમાન ખાનની સાથે તેનો ભત્રીજો નિરવાન ખાન પણ એરપોર્ટ પર જોવા મળ્યો હતો, તે પણ કાકા સાથે ભવ્ય કાર્યક્રમમાં હાજરી આપશે. અહેવાલ છે કે અંબાણી પરિવાર લગભગ ૮૦૦ મહેમાનોને લક્ઝરી ક્રૂઝ પર હોસ્ટ કરશે. આ ક્રૂઝ ત્રણ દિવસમાં ૪૩૮૦ કિમીનું અંતર કાપશે અને ઇટાલીથી દક્ષિણ ફ્રાન્સ જશે. ૮૦૦ મહેમાનો ઉપરાંત ૬૦૦ હોસ્પિટાલિટી સ્ટાફ પણ ક્રુઝ પર હાજર રહેશે.


સલમાન ખાન ઉપરાંત મહેન્દ્ર સિંહ ધોની પણ પત્ની સાક્ષી સાથે સ્પેન જવા રવાના થઈ ગયા છે. મહેન્દ્ર સિંહ ધોનીએ માર્ચમાં જામનગરમાં આયોજિત પ્રી-વેડિંગ ફંક્શનમાં પણ પોતાના લુક અને સ્ટાઈલથી ઘણી લાઈમલાઈટ મેળવી હતી. હવે તે આ બીજા પ્રી-વેડિંગ સેરેમનીનો પણ ભાગ બનવા જઈ રહ્યો છે.

આ સિવાય રણબીર કપૂર પણ આલિયા ભટ્ટ અને પુત્રી રાહા સાથે બીજા પ્રી-વેડિંગ સેરેમનીમાં હાજરી આપવા માટે રવાના થઈ ગયો છે. અનંત અંબાણી જુલાઈમાં તેમની લાંબા સમયની મિત્ર રાધિકા મર્ચન્ટ સાથે લગ્ન કરવાના છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે લગ્ન લંડનમાં થઈ શકે છે. આ કપલની સગાઈ ૧૯ જાન્યુઆરી ૨૦૨૩ના રોજ મુંબઈમાં થઈ હતી. રાધિકા મર્ચન્ટ એન્કોર હેલ્થકેર પ્રાઈવેટ લિમિટેડના સીઈઓ વિરેન મર્ચન્ટ અને ઉદ્યોગસાહસિક શૈલા મર્ચન્ટની પુત્રી છે.

### ભારે ભીડના કારણે બરફનો ભાગ તૂટી પડતા ૬ પર્વતારોહીઓ લટકી ગયા

# ચારધામ બાદ હવે દુનિયાના સૌથી ઉંચા શિખર એવરેસ્ટ પર પર્વતારોહકોની ભીડ જામી!

**સેંકડોથી વધુ પર્વતારોહીઓ એવરેસ્ટ પર પહોંચ્યા**



કાઠમંડુ (નેપાળ) તા.૨૭

ચારધામની યાત્રાએ ભીડ જામ્યા બાદ હવે દુનિયાના સૌથી ઉંચા શિખર માઉન્ટ એવરેસ્ટ પર્વત પર પણ પર્વતારોહીઓની ભીડ જામી છે. આ ભીડના કારણે અનેક સમસ્યાઓ પણ પેદા થઈ છે. બરફનો એક ભાગ તૂટી જવાથી બે પર્વતારોહીઓ નીચે પડી ગયા હતા, અનેક પર્વતારોહીઓ ફસાઈ ગયા છે.

સોશ્યલ મીડીયા પર જાહેર એક વિડીયોમાં એક બેઝ કેમ્પ પર સેંકડો પર્યટકો જોવા મળે છે.

૨૧ મેના રોજ આ વિડીયો ઈન્સ્ટાગ્રામ પર જાહેર કરવામાં આવ્યો છે. વિડીયોમાં જોવા મળે છે કે સાઉથ સમીટ અને હિલેરી સ્ટેપ બેઝ પાસે અચાનક પર્વતારોહીઓની ભીડ વધવાથી બરફનો એક ભાગ તૂટી ગયો હતો. આ ઘટનામાં બે લોકો નીચે પડી ગયા હતા અને બન્ને લાપતા બન્યા છે. વિડીયોમાં દુ:ખદ ઘટના બાદ ફસાયેલા સેંકડો પર્વતારોહીઓને દેખાડવામાં આવ્યા છે. અચાનક બરફનો ભાગ તૂટી પડવાથી ૬ પર્વતારોહીઓ નીચે લટકી ગયા હતા, જેમાં ચારને દોરડાથી ઉપર ખેંચવામાં આવ્યા હતા.

વિડીયોમાં બ્રિટીશ પર્વતારોહી ડેનિયલ પેટરસન અને નેપાલી ગાઈડ તેનજી શેરપાને પહાડ પર લટકવા દરમિયાન ખેંચતા જોવા મળી રહ્યા છે.

શિખર પર પહોંચ્યા બાદ પર્વતારોહકોને ધીમી ગતિએ ચાલવું પડી રહ્યું છે. મોટી માત્રામાં પર્વતારોહકો પહોંચવાના કારણે સાંકડા રસ્તા પર પસાર થવા દરમિયાન બરફનો ભાગ દબાવાથી ખતરો વધી ગયો છે. અનેક યાત્રીઓ બેઝ કેમ્પ પર સુરક્ષિત પાછા ફરવા માટે નવો રસ્તો બનાવી રહ્યા છે. સામાન્ય રીતે પર્વતારોહકોને શિખર પર રોકાવવા માટે લગભગ ૧૦ મિનિટનો સમય મળે છે.

## Google Photosમાં હવે સિનેમેટિક મોમેન્ટ સુવિધા

Google Photosનું નવું Android વર્ઝન ટૂંક સમયમાં આવી રહ્યું છે. ગૂગલ ફોટોઝમાં હવે સિનેમેટિક મોમેન્ટ ફીચર આવી રહ્યું છે, જેના પછી તમે કોઈપણ વીડિયોને સિનેમેટિક વીડિયોમાં કન્વર્ટ કરી શકશો. સૌથી મહત્વની વાત એ છે કે તમે કોઈપણ ફોટોને 3D સિનેમેટિકમાં કન્વર્ટ કરી શકશો. Google Photosની APK ફાઇલમાં G સિનેમેટિક મોડ જોવા મળ્યો છે.

## AIની મદદથી પ્રોફાઈલ ફોટો બનાવી શકશે




વોટ્સએપ પર પ્રોફાઈલ ફોટોને આકર્ષક બનાવવા માટે આર્ટીફિશિયલ ઇન્ટેલિજન્સ (AI)ની મદદ લઈ શકાય છે. WhatsApp એક એવું ફીચર લાવવા જઈ રહ્યું છે જેના દ્વારા યુઝર્સ AIની મદદથી પોતાનો પ્રોફાઈલ ફોટો બનાવી શકશે. આ ફીચર પહેલા એન્ડ્રોઇડ યુઝર્સ માટે આવશે અને પછી iOS યુઝર્સ માટે રિલીઝ કરવામાં આવશે. એન્ડ્રોઇડ બીટા વર્ઝન ૨.૨૪.૧૧.૧૭ પર ટેસ્ટિંગ કરવામાં આવી રહ્યું છે.

## X માં પોસ્ટની લાઈક્સ દેખાશે નહીં

X ની કોઈપણ પોસ્ટ પર લાઈક્સ અને વ્યુઝની સંખ્યા જોવા મળે છે પરંતુ તે હવે ટૂંક સમયમાં બંધ થવા જઈ રહી છે. કંપની દ્વારા આ વાતની પુષ્ટિ કરવામાં આવી છે. વાસ્તવમાં X લાઈક્સને ખાનગી બનાવવા જઈ રહી છે. Xમાં આ ફેરફાર ક્યારે થશે તે અંગે હાલમાં કોઈ માહિતી નથી. લાઈક્સ દૂર કરવાનો અર્થ એ છે કે તે વપરાશકર્તા સિવાય અન્ય કોઈને ખબર નહીં પડે કે પોસ્ટને X નંબરની લાઈક્સ મળી છે.

# પશ્ચિમ બંગાળમાં ખતરનાક રેમલ વાવાઝોડાથી ભારે તારાજી

## મધરાત્રે દરિયાકાંઠે ત્રાટકયુઃ મકાનોના છાપરા ઉડયા, વિજથાંભલા-વૃક્ષો ધરાશાયીઃ મુશળધાર વરસાદથી જળબંબાકારઃ સવારથી રાહત-બચાવ કામગીરી





કોલકતા તા.૨૭

પશ્ચિમ બંગાળમાં મધરાત્રે ત્રાટકેલા અને ખતરનાક બની ગયેલા વાવાઝોડા 'રેમલે' વ્યાપક તારાજી સર્જી છે. કાચા-પાકા મકાનોની છતો જમીનદોસ્ત થવા ઉપરાંત સેંકડો વૃક્ષો ધરાશાયી થયા હતા. કલાકો સુધી એરપોર્ટ બંધ કરી દેવાયા હતા. વિજ પુરવઠો ઠપ્પ થયો હતો. સવારથી મોટાપાયે રાહત-બચાવ કામગીરી હાથ ધરવામાં આવી છે.

વાવાઝોડુ રેમલ પશ્ચિમ બંગાળના સાગર દ્રીપ તથા બાંગ્લાદેશના ખેપુપારા વચ્ચે ત્રાટકયુ હતું. ૧૨૦ કી.મી.ની ઝડપના પવન સાથે રાજયના અનેક ભાગોમાં મુશળધાર વરસાદ ખાબકતા ભારે તારાજી સર્જાઈ હતી.

માલમિલકતને ભારે નુકશાન થયુ હતું. કાચા મકાનોના છાપરા ઉડયા હતા. ઠેકઠેકાણે હોર્ડિંગ બોર્ડ તથા ઈલેકટ્રીક થાંભલા અને વૃક્ષો ધરાશાયી થયા હતા. રાજયના સાગરકાંઠાના ભાગોમાંથી ૧ લાખથી વધુ લોકોનું સ્થળાંતર કરાયુ હતું. સુંદરવન તથા સાગર આઈલેન્ડમાંથી મોટાપાયે સ્થળાંતર કરાયુ હતુ અને તેઓને સુરક્ષિત સ્થળોએ આશરો આપવામાં આવ્યો હતો.

વાવાઝોડાથી અનેક અસરગ્રસ્ત ભાગોમાં ખંઢેર જેવી સ્થિતિ સર્જાઈ હતી. સવારથી કાટમાળ ખસોડવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. સ્થળાંતરિત લોકોને ભોજન, પાણી તથા તબીબી સહાયની વ્યવસ્થા કરવામાં આવી હતી.

કોલકતા એરપોર્ટ ૨૧ કલાક સુધી બંધ રાખવાની અગાઉ જ જાહેરાત કરવામાં આવી હતી. કોલકતાનું શ્યામાપ્રસાદ મુખર્જી બંદર પણ ૧૨ કલાક માટે બંધ કરી દેવાયુ હતું. બંદર વિસ્તારની રેલસેવા પણ રોકી દેવામાં આવી હતી.

પશ્ચિમ બંગાળમાં વાવાઝોડુ ત્રાટકયા પુર્વે વાદળોનો જમાવડો થયો હતો અને પછી મુશળધાર વરસાદની શરૂઆત થઈ હતી. ઝંઝાવાતી પવન પણ ફુંકાયો હતો. સરકાર દ્વારા કંટ્રોલરૂમ ખોલવામાં આવ્યો હતો. માછીમારોને દરિયામાંથી પાછા બોલાવી જ લેવાયા હતા. એનડીઆરએફની ૧૨ ટીમો તૈનાત રાખવા સાથે નૌસેના તથા કોસ્ટગાર્ડને સ્ટેન્ડ-ટુ ની સૂચના સાથે એલર્ટ પર રાખવામાં આવ્યા હતા.

# ઉત્તર ભારતમાં ગરમીનો કહેર યથાવતઃ દિલ્હી-યુપીમાં હાલ બેહાલઃ રાજસ્થાનના ફલોદીમાં ૫૧ ડિગ્રી

## પશ્ચિમ બંગાળમાં 'રેમલ' વાવાઝોડાને પગલે અનેક ભાગોમાં ભારે વરસાદ અને તેજ પવન

નવી દિલ્હી તા.૨૭

ઉતર ભારતમાં ગરમીનો દોર યથાવત રહેશે. હવામાન વિભાગે આગાહી કરી છે કે આગામી કેટલાક દિવસો સુધીમાં રાજસ્થાન, દિલ્હી, હરિયાણા, પંજાબ, ઉતરપ્રદેશ સહિત દેશના ઉતરી ભાગોમાં ભીષણ ગરમી યથાવત રહી શકે છે. આ દરમિયાન રાજસ્થાનના ફલોદીમાં અધધધ ૫૧ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. બીજી બાજુ ભીષણ વાવાઝોડુ 'રમલ' આવ્યા બાદ પશ્ચિમ બંગાળના અનેક ભાગો અને બાંગ્લાદેશના કિનારા પર ભારે વરસાદ અને તેજ હવાઓ ચાલી રહી છે.

અધિક ગરમીના કારણે રાજસ્થાન અને હરિયાણામાં રેડ એલર્ટ જાહેર કરાયું છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર આજે પંજાબ, રાજસ્થાન, હરિયાણા, ચંદીગઢ, દિલ્હી, પશ્ચિમી ઉત્તરપ્રદેશના અનેક ભાગોમાં લૂનો કહેર મચશે. જયારે રાજસ્થાન, હરિયાણા, પંજાબ, ચંદીગઢ, દિલ્હી, પશ્ચિમી ઉત્તરપ્રદેશ અને ગુજરાત માટે રેડ એલર્ટ જાહેર કરાયું છે.



ઉત્તરપ્રદેશમાં મે ના આખરમાં તાપમાન અધિક રહ્યું હતું. રવિવારે લખનૌનું તાપમાન ૪૩.૫ ડીગ્રી હતું.

દૂન સહિત મોટાભાગના મેદાની ક્ષેત્રોમાં ગરમીનો દોર ચાલુ છે. જયારે પહાડી વિસ્તારોમાં સવાર-સાંજ હવામાન સુંદર રહ્યું હતું.

બીજી બાજુ હવામાન વિભાગે પશ્ચિમ બંગાળ, ઓરિસ્સા, પુર્વોતર રાજયોમાં ભારે વરસાદ અને ભારે હવાની ચેતવણી અપાઈ છે. વાવાઝોડુ 'રેમલ'ના કારણે આજે પશ્ચિમ બંગાળ, ઓરિસ્સા, પુર્વોતર રાજયોમાં ભારે વરસાદ અને તેજ હવાઓની ચેતવણી જાહેર કરાઈ છે. ૨૭થી૨૮ આસામ, મેઘાલય, અરુણાચલ પ્રદેશ, નાગાલેન્ડ, મિઝોરમ, મણીપુર, ત્રિપુરામાં ભારે વરસાદની આગાહી છે.

# સ્વાસ્થ્યનું કારણ બતાવી કેજરીવાલની જામીન અરજી લંબાવવા સુપ્રીમમાં અરજી



નવી દિલ્હી તા.૨૮

દિલ્હીના મુખ્યમંત્રી કેજરીવાલના વચગાળાના જામીન ૧ જૂને પુરા થાય છે ત્યારે કેજરીવાલે સ્વાસ્થ્યના કારણો ઘટીને પોતાના જામીન ૭ દિવસ વધારવાની સુપ્રીમ કોર્ટમાં અરજી કરી છે.

કેજરીવાલે અરજીમાં જણાવ્યું હતું કે તેણે પીઈટી-સીટી સ્કેન અને અન્ય ટેસ્ટ કરાવવાના છે એટલા માટે ટેસ્ટ કરાવવા માટે તેમણે ૭ દિવસના વધુ જામીન માંગ્યા છે. અરજીમાં તેમણે જણાવ્યું છે કે ધરપકડ બાદ તેમનું વજન ૭ કિલો ઘટી ગયું છે તેનું કિટોન લેવલ ખૂબ જ હાઈ છે તેમાં કોઈ ગંભીર બીમારીના લક્ષણ હોઈ શકે છે.

# તાઈવાન સીમાએ ચીને ૨૧ ફાઈટર વિમાન, ૧૧ યુદ્ધ જહાજો તૈનાત કરતા તનાવ વધ્યો

## તાઈવાને પણ તટીય મિસાઈલ પ્રણાલીઓ તૈનાત કરી

તાઈપેઈ (તાઈવાન) તા.૨૭

તાઈવાનની સીમામાં ચીની ફાઈટર ૨૧ વિમાન, ૧૧ નૌસેનિક જહાજ અને ૪ ચીની તટરક્ષક જહાજોએ ચકકર લગાવતા તનાવ વધ્યો છે.

તાઈવાનના રાષ્ટ્રીય રક્ષા મંત્રાલયે આજે દાવો કર્યો હતો કે તેણે પોતાના ક્ષેત્રની પાસે ૨૧ ચીની સૈન્ય વિમાન, ૧૧ ચીની નૌસેનિક જહાજ અને ૪ ચીની તટરક્ષક જહાજોને ટ્રેક કર્યા હતા. ચીનની આ ગતિવિધિ જોઈને તાઈવાનના સશસ્ત્ર દળોએ નૌસેનાના જહાજો અને તટીય મિસાઈલોને તૈનાત કરી દેવાયા છે.

# વન્યજીવ પરના અભ્યાસક્રમ માટે જુનાગઢમાં રાજયનુ પ્રથમ 'સેન્ટર ફોર એકસેલેન્સ' સ્થપાશે

## પાંચ કાયમી જગ્યા મંજુરઃ અમેરિકી યુનિવર્સિટી સહિતની શૈક્ષણિક સંસ્થાઓ સાથે કરાર



અમદાવાદ તા.૨૭

વન્યપ્રાણીઓ પર સંશોધન માટે જુનાગઢની ભકત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીમાં શૈક્ષણિક અભ્યાસક્રમ સાથે સેન્ટર કોર એકસલન્સ શરૂ કરવાની દિશામાં રાજય સરકારે ચક્રો ગતિમાન કર્યા છે. દહેરાદૂન સ્થિત વાઈલ્ડલાઈફ ઈન્સ્ટીટયુટ ઓફ ઈન્ડીયાના ધોરણે આ સેન્ટર સ્થાપવામાં આવશે.

સેન્ટર ફોર એકસેલેન્સના ડાયરેકટર નિશિત ધારૈયાએ કહ્યું કે જુન ૨૦૨૪થી વન્યજીવને લગતા કોર્ષ શરૂ કરી દેવામાં આવશે. અત્યાર સુધી વન્યજીવ પર શિક્ષણ માટે વિદ્યાર્થીઓએ અન્ય રાજયોમાં જવુ પડતુ નથી. હવે ગુજરાતમાં સેન્ટર સ્થાપવાના સંજોગોમાં અભ્યાસની સાથોસાથ સંશોધન શણ બનશે. નવા સેન્ટરમાં વન્યજીવ પર સંશોધન તથા સંરક્ષણ વિશેનો અભ્યાસ ઉપલબ્ધ બનશે. રાજયમાં આ પ્રકારનું પ્રથમ સેન્ટર હશે. આ ક્ષેત્રમાં રિસર્ચ કરવા માંગતા વનવિભાગના અધિકારીઓ સહિતના વર્ગોને સરળતા રહેશે.

ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર ડો. ચેતન ત્રિવેદીએ કહ્યું કે વાઈલ્ડલાઈફ હેલ્થ એન્ડ રેસ્કયુ નામક ડીપ્લોમા અભ્યાસક્રમ શરૂ કરવાની દરખાસ્ત છે. વન્યજીવોના આરોગ્યની સંભાળ આવતા તથા રેસ્કયુ ઓપરેશનમાં સામેલ થતા કર્મચારીઓ તાલીમ મેળવી શકશે.

અમેરિકાની કોલેરાડો યુનિવર્સિટી સાથે શૈક્ષણિક અને ટેકનીકલ કરાર કરાયા છે. આ સિવાય પણ રાષ્ટ્રીય આંતરરાષ્ટ્રીય શૈક્ષણિક સંસ્થાને સાથે પણ કરાર કરવામાં આવ્યા છે.

વનવિભાગના એક સીનીયર અધિકારીએ જણાવ્યું હતું કે અત્યાર સુધી રિઝર્વ મામલે કોઈ સંકલન ન હતું. રેસ્કયુ ઓપરેશનમાં સામેલ લોકોને તાલીમ મળતી ન હતી તે હવે નવા સેન્ટરની સ્થાપનાથી શકય બનશે. બીટગાર્ડ તથા રેન્જ ફોરેસ્ટ અધિકારીઓ પ્રોત્સાહીત થશે.

સેન્ટર ફોર એકસેલેન્સ માટે સરકારે સીનીયર-જુનીયર સાયન્ટીસ્ટ, ડાયરેકટર સહિત પાંચ કાયમી પોસ્ટ મંજુર કરી છે. સેન્ટર ફોર ડોકટરલ પ્રોગ્રામ એન્ડ રીસર્ચ સાથે તુર્તમાં કરાર પણ કરવામાં આવશે. સંરક્ષિત ક્ષેત્ર માટેની યોજના તૈયાર કરવાનુ તથા સંચાલન કરવાનુ વધુ સરળ બની શકશે.

## દેશમાં આગના બનાવોનો સિલસિલો યથાવત

# બાગપતની આસ્થા હોસ્પિટલમાં આગ ભભૂકતા અફડાતફડીઃ જાનહાની નહીં

## દાખલ ૧૨ દર્દીઓને બચાવી લેવાયા



બાગપત તા.૨૭

દિલ્હી-સહારનપુર હાઈવે પર આવેલી આસ્થા હોસ્પિટલના ઉપરના માળે આજે વહેલી સવારે આગ લાગતા અફડાતફડી મચી ગઈ હતી. સદભાગ્યે આગના આ બનાવમાં જાનહાની નહોતી થઈ. ઘાયલોને અન્યત્ર શિફટ કરાયા હતા. ઘણી જહેમત બાદ ફાયરબ્રિગેડે આગને કાબુમાં લીધી હતી.

દેશમાં છેલ્લા કેટલાય દિવસોથી આગની ઘટનાઓ બની રહી છે. રાજકોટ, દિલ્હી બાદ આજે વહેલી સવારે દિલ્હી-સહારનપુર હાઈવે પર બાગપતની આસ્થા હોસ્પિટલમાં આગ ભભુકી ઉઠી હતી. જેના કારણે દાખલ દર્દીઓમાં ભાગદોડ મચી ગઈ હતી. આગના બનાવની જાણ થતા ફાયરબ્રિગેડની ૪ ગાડીઓ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. ઘણી જહેમત બાદ આગ કાબુમાં આવી હતી. હોસ્પિટલમાં ૧૨ દર્દીઓ આગની ઘટના સમયે દાખલ થયા હતા તે બધાને બચાવી લેવાયા હતા. હાલ જાનહાનીના સમાચાર નથી. આગ લાગવાનું કારણ હજુ બહાર નથી. આગ વહેલી સવારે ૪.૩૦ વાગ્યે લાગી હતી. આગ શોર્ટ સર્કીટથી લાગ્યાનું અનુમાન છે.

# બાબા રામદેવ અને બાલકૃષ્ણનો કેડો નથી છોડતી મુશીબતઃ હવે ક્રિમીનલ કેસ ચાલશે

## કેરળના કોઝીકોડની કોર્ટમાં સુનાવણી થશે



નવી દિલ્હી, તા.૨૭

ભ્રામક જાહેરાતો મુદ્દે પતંજલિ આયુર્વેદના કો-ફાઉન્ડર બાબા રામદેવ અને આચાર્ય બાલકૃષ્ણ સામે હવે ક્રિમિનલ કેસ ચાલશે. એક કોર્ટે તેની મંજૂરી આપી દીધી છે. આ કેસ કંપની દ્વારા કથિત રીતે ભ્રામક જાહેરાત પ્રકાશિત કરવા સબંધે દાખલ કરવામાં આવ્યો હતો. ૩ જૂનના રોજ આ મામલે આગામી સુનાવણી થશે. આ કેસમાં રામદેવ અને બાલકૃષ્ણના વ્યક્તિગત રીતે હાજર થવાની પણ શકયતા છે. તમને જણાવી દઈએ કે, આ પહેલા બંને જ સુપ્રીમ કોર્ટની અવમાનનાને લઈને કાર્યવાહીનો સામનો કરી રહ્યા છે. દેશની સુપ્રીમ કોર્ટે તેમને વ્યક્તિગત રીતે હાજર રહેવાનો આદેશ આપ્યો હતો.

એપ્રિલ ૨૦૨૪માં ડ્રગ્સ ઈન્સ્પેક્ટર દ્વારા દાખલ કરવામાં આવેલ મામલે કેરળના કોઝિકોડમાં ફર્સ્ટ કલાસ મજિસ્ટ્રેટની કોર્ટમાં સુનાવણી થશે. ડ્રગ્સ એન્ડ મેઝિક રેમેડીઝ એક્ટ ૧૯૫૪ની કલમ ૩ (બી) અને ૩ (ડી) હેઠળ કેસ નોંધવામાં આવ્યો હતો. સુપ્રીમ કોર્ટ તાજેતરમાં જ આદેશ આપ્યો હતો કે, પતંજલિની ભ્રામક જાહેરાત સાથે સબંધિત અવમાનના મામલે તેમની ઉપસ્થિતિ અનિવાર્ય છે. પતંજલિ આયુર્વેદ અને તેના સ્થાપકોએ પોતાની જાહેરાતમાં કરવામાં આવેલા દાવા માટે અનેક કોર્ટમાં તપાસનો સામનો કરવો પડી રહ્યો છે. ઈન્ડિયન મેડિકલ એસોસિએશ (IMA)એ પહેલા સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરી હતી. જેના કારણે પતંજલિની કેટલીક જાહેરાતો પર અસ્થાયી પ્રતિબંધ લગાવી દેવામાં આવ્યો હતો. બીમારીઓની સારવારમાં તેના ઉત્પાદનોના પ્રભાવ અંગે ખોટા દાવા માટે અવમાનના નોટિસ જારી કરવામાં આવી હતી.

# બિહારમાં નીતિશકુમારના હેલિકોપ્ટરમાં ઈંધણ ખતમ થઈ ગયું, મોટર માર્ગે જવું પડયું

## ઈંધણ ખતમ થવાથી નીતિશ નારાજઃ એસડીઓ કહે છે, હેલિકોપ્ટરમાં ઈંધણ હતું



પટણા તા.૨૭

બિહારના મુખ્યમંત્રી નીતીશકુમાર હાલમાં ચુંટણી સભાઓમાં વ્યસ્ત છે. દરમિયાન મસૌઢી ખાતે ચુંટણી સભા પુરી થયા બાદ પોતાના હેલિકોપ્ટર પાસે પહોંચ્યા તો હેલિકોપ્ટરમાં ઈંધણ ખતમ થઈ ગયું હતું. જેના કારણે સડક માર્ગે ધનરુઆ થઈને સંપતચકના ચેનપુર પહોંચવું પડયું હતું.

હેલિકોપ્ટરમાં અચાનક ઈંધણ ખુટી પડતા નીતીશ નારાજ થઈ ગયા હતા.

આ મામલે એવુ કારણ બતાવવામાં આવે છે કે મસૌઢીથી ઉડાન ભરતા પહેલા પાયલોટ હેલિકોપ્ટરમાં ઈંધણ ભરાવવાનું ભુલી ગયો હતો. જો કે તેની અધિકૃત પુષ્ટિ નથી થઈ. બાદમાં મોટર માર્ગે નીતીશ ચેનપુર પહોંચ્યા હતા. આ ઘટનાથી નારાજ થઈ ગયા હતા. આ મામલે એસડીઓ અમીતકુમાર પટેલે હેલિકોપ્ટરમાં ઈંધણ ખતમ થઈ ગયાનો ઈન્કાર કર્યો હતો. તેમણે કહ્યું હતું કે કયા કારણે તેઓ મસૌઢીથી સડક માર્ગે ચેનપુર પહોંચ્યા તેની ખબર નથી.



# ટેસ્લાએ ૬ વર્ષ પહેલા અંતરિક્ષમાં મોકલેલી કાર વર્ષ ૨૦૪૭માં ધરતી પર પાછી ફરશે

## ૬ વર્ષથી અંતરિક્ષમાં ઘુમી રહી છે ટેસ્લાની કાર

વોશિંગ્ટન (અમેરિકા) તા.૨૭

છ વર્ષ પહેલા અંતરિક્ષમાં મોકલાયેલી ટેસ્લા કાર વર્ષ ૨૦૪૭માં ધરતીની વધુ નજીક આવી શકે છે. એલન મસ્કના સ્પેસ એકસે ફાલ્કન હેવી રોકેટથી ટેસ્ટા રોડસ્ટરને ૨૦૧૮માં લોન્ચ કરી હતી. તેમાં એક સ્ટારમેન (પુતળુ)ને પણ બેસાડાયો છે.

સૂર્યનુ ચકકર લગાવે છે મસ્કની કારઃ અંતરિક્ષમાં ૬ વર્ષ ૩ મહિના અને ૧૭ દિવસ પ્રદક્ષિણા દરમિયાન ટેસ્લા કારે અનેક રસપ્રદ જાણકારી મેળવી છે. અંતરિક્ષમાં મોકલાયેલી આ ગાડીનું નામ ટેસ્લા રોડસ્ટર છે. રિપોર્ટ અનુસાર જયારથી આ ગાડી રોકેટથી અલગ થઈ છે ત્યારથી સુર્યની પ્રદક્ષિણા કરી રહી છે. વૈજ્ઞાનિકોનું અનુમાન છે કે જો બધું બરાબર રહ્યું તો ૨૨ ટકા સુધી એ બાબતની સંભાવના છે કે આવનારા સમયમાં આ કાર ધરતી પર ટકરાશે. જયાં સુધી આ કારને ધરતી પર પરત લાવવાની વાત છે તો હાલ તો મસ્કની આવી કોઈ યોજના નથી. કારણ તેમાં ઘણા ખર્ચની સંભાવના છે. હાલમાં આ ટેસ્લા કાર ધરતીથી ૬૨,૩૩૬,૮૩૪ માઈલ દૂર છે અને ૧૬૦૩૪ માઈલ દર કલાકની ઝડપે પ્રદક્ષિણા કરી રહી છે.

# પાક.ના પીએમનું સેના સામે મ્યાઉં! સરકારમાં દખલીગીરી નહીં ,કહી દીધું!

## સેના અને આઈએસઆઈની સરકારમાં હસ્તક્ષેપને રોકવા તંત્ર બનાવવા તૈયારી

ઈસ્લામાબાદ (પાકિસ્તાન), તા.૨૭

પાકિસ્તાનના બારામાં એવું કહેવામાં આવે છે કે ત્યાં સેના અને સત્તા એક સિક્કાની બે બાજુ જેવા છે. જો કે હવે શાહબાજ સરકાર સેના અને આઈએસઆઈની સરકારમાં દખલને રોકવાની તૈયારીમાં લાગી ગઈ છે. વડાપ્રધાનના રાજનીતિક અને સાર્વજનિક મામલાના સલાહકાર રાણા સવાઉલ્લાએ એવું એક તંત્ર બનાવવાનું આહવાન કર્યું છે જેથી સંસ્થાન એકબીજાના અધિકાર ક્ષેત્રમાં દખલગીરી ન કરી શકે. ખરેખર તો તેનું આ નિવેદન ન્યાયાધિશો દ્વારા પત્ર લખાયા બાદ આવ્યું છે જેમાં ન્યાયિક કાર્યોમાં ગુપ્તચર એજન્સીઓ દ્વારા કથિત હસ્તક્ષેપની વાત કહેવામાં આવી હતી.



સનાઉલ્લાએ એક ટીવી ચેનલને આપેલા ઈન્ટરવ્યુમાં કહ્યું હતું કે ન્યાયાધિશ દ્વારા પત્ર લખવો એક તંત્રના વિકાસ માટે પર્યાપ્ત છે જેથી સંસ્થાએ એક બીજાના ક્ષેત્રમાં હસ્તક્ષેપ ન કરે.

# દેશના પ્રથમ વડાપ્રધાન નહેરુની ૬૦મી પુણ્યતિથિએ કોંગ્રેસની શ્રદ્ધાંજલિ

## ખડગે અને સોનિયા ગાંધીએ શાંતિવન પહોંચી નહેરુના સ્મારકે પુષ્પાંજલિ કરી



નવી દિલ્હી તા.૨૭

ભારતના પ્રથમ વડાપ્રધાન જવાહરલાલ નહેરુની આજે ૬૦મી પુણ્યતિથિએ કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે, કોંગ્રેસ સંસદીય દળના અધ્યક્ષ સોનિયા ગાંધીએ દિલ્હીમાં નેહરુના સ્મારક શાંતિવન ખાતે જઈને પુષ્પાંજલી અર્પણ કરી હતી.

કોંગ્રેસે વિડીયો શેર કરી લખ્યું- પોતાની દૂરદર્શિતા અને કુશલ નેતૃત્વથી ભારતને સામાજીક, વૈજ્ઞાનિક, આર્થિક, ઔદ્યોગીક અને વિભિન્ન ક્ષેત્રોમાં આગળ લઈ જનાર 'હિન્દના જવાહર'ને નમન. કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ પણ દેશના પ્રથમ વડાપ્રધાન નેહરુને તેમની પુણ્યતિથિએ યાદ કરીને લખ્યું- આધુનિક ભારતના શિલ્પકાર પંડિત જવાહરલાલ નહેરુજીની પુણ્યતિથિએ તેમને સાદર નમન. એક દૂરદર્શી વ્યક્તિ તરીકે તેમણે પોતાનું સંપૂર્ણ જીવન સ્વતંત્રતા આંદોલન, લોકતંત્ર સ્થાપના, ધર્મ નિરપેક્ષતા અને બંધારણના પાયો મુકીને ભારતના નિર્માણમાં સમર્પિત કર્યું. તેમના મુલ્યો સદા અમારું માર્ગદર્શન કરતા રહેશે.

## હમાસના રોકેટ મારાના જવાબમાં...

# ઇઝરાયેલની રાફામાં મોટી એર સ્ટ્રાઈકઃ હમાસના બે કમાન્ડર ઠાર

## હવાઇ હુમલામાં ૩૫ ફિલીસ્તીનીઓના મોત

તેલઅવીવ (ઇઝરાયેલ), તા.૨૭

હમાસના રોકેટ હુમલા બાદ ઇઝરાયેલે રાફા પર એક મોટી એરસ્ટ્રાઇક કરી છે. જેમાં હમાસના બે કમાન્ડટ માર્યા ગયા હતા. તેમાં વેસ્ટ બેન્કના પ્રમુખ પણ સામેલ છે.

રવિવાર અને સોમવારની રાત્રે ઇઝરાયેલી એરફોર્સે આતંકી સંગઠન હમાસના રાફા સ્થિત પરિસરને નિશાન બનાવ્યા હતા. જયાં મોટા મોટા આતંકીઓ મોજૂદ હતા. ઇઝરાયેલીની એર સ્ટ્રાઇકમાં વેસ્ટ બેંકના પ્રમુખ યાસીન રાબિયા અને બીજા આતંકી કમાન્ડર ખાલીદ નજ્જર માર્યા ગયા છે. જ્યારે હમાસના સ્વાસ્થ્ય મંત્રાલયે જણાવ્યું હતું કે ઇઝરાયેલી બોમ્બમારામાં ૩૫ ફિલીસ્તીની નાગરિકો માર્યા ગયા છે. હુમલા અને બોમ્બ વર્ષામાં અનેક નાગરિકો પણ ઘાયલ થયા છે.

ઇઝરાયેલીની એરસ્ટ્રાઇકથી ભડકેલા હમાસે ફિલીસ્તીનીઓને અપીલ કરી હતી કે તેમણે ઇઝરાયેલી સેનાના નરસંહાર વિરુધ્ધ માર્ચ કરવી જોઇએ.

# પશ્ચિમ બંગાળમાં રેમલ વાવાઝોડાની સાથે વરસાદથી માર્ગો પર પાણી ભરાતા લોકોએ માછલીઓ પકડી!



રેમલ વાવાઝોડાને કારણે અનેક વૃક્ષો ઉખડી ગયા હતા. વાવાઝોડાને પગલે ભારે વરસાદથી અનેક જિલ્લામાં પાણી ભરાઇ ગયા હતા. જેના કારણે વાહન વ્યવહાર ઠપ્પ થઇ ગયા હતા. રેમલ વાવાઝોડાના કારણે અનેક ઘરોની છત પણ ઉડી ગઇ હતી. અનેક વિસ્તારોમાં ભારે વરસાદના કારણે પાણી ભરાતા લોકો પાણી ભરાયેલા વિસ્તારમાં માછલી પકડવાની મોજ લૂંટી હતી. એનડીઆરએફની ટીમ રાહત-બચાવ અને ઉખડેલા વૃક્ષોની મરામતના કામમાં લાગી હતી.

# ૨૮ મે ની ઓખા-રામેશ્વરમ એક્સપ્રેસ આંશિક રીતે ડાઈવર્ટ કરાયેલા રૂટ પર દોડશે

દક્ષિણ મધ્ય રેલવેના તિરુપતિ-કાટપાડી સેક્શન માં નવી લૂપ લાઈનના નિર્માણને કારણે, ૨૮ મે, ૨૦૨૪ ના રોજ ઓખાથી ઉપડનારી ટ્રેન નંબર ૧૬૭૩૪ ઓખા-રામેશ્વરમ એક્સપ્રેસ આંશિક રીતે ડાઈવર્ટ કરાયેલા રૂટ વાયા રેનીગુંટા-મેલપક્કમ-કાટપાડી થઈને દોડશે. જે સ્ટેશનો પર આ ટ્રેન નહીં જાય તેમાં તિરુપતિ સ્ટેશનનો સમાવેશ થાય છે. ટ્રેન ના સંચાલન સમય, સ્ટોપેજ અને સંરચના સંબંધિત વિગતવાર માહિતી માટે, મુસાફરો www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

## અગ્નિકાંડના સીસીટીવી કેમેરાના દ્રશ્યો વાયરલ



વેલ્ડીંગના તિખારા કોરૂગેટેડ કાર્ડબોર્ડ પર પડ્યા



કાર્ડબોર્ડ શીટ સળગવા લાગી





કર્મચારીઓ દ્વારા આગ બુઝાવવાના પ્રયાસ

# TRP ગેમઝોન કાંડઃ આગ લાગતાંની સાથે જ સ્ટાફે ઓલવવાનો પ્રયાસ કર્યો'તો

## ગેમઝોનની અંદરનો વિડીયો વાયરલ થયોઃ લોકો પોતાના પરિવારજનોને બચાવવા મરણીયો પ્રયાસ કરતાં નજરે પડ્યાં

રાજકોટ. તા.૨૭

ગઈ તા.૨૫ ના રાજકોટના મોકાજી સર્કલ પાસે આવેલ ટીઆરપી આગ કાંડે સમગ્ર શહેરને હચમચાવી નાંખ્યું હતું. એક સાથે ૨૮ લોકો જીવતાં ભૂંજાઈ ગયાં હતાં. જે બાદ મોડેથી ગેમઝોનની અંદરના બે અલગ અલગ વિડીયો વાયરલ થયાં હતાં. જેમાં આગ લાગ્યાં બાદ ત્યાં કામ કરતાં સ્ટાફે આગ ઓલાવવા માટે મરણીયો પ્રયાસ કર્યો હતો. પરંતુ આગ એટલી હદે પ્રસરી ગઈ હતી કે ક્ષણ ભરમાંતો આખો ગેમઝોન સળગીને ખાખ થઈ ગયો હતો. પરિવારજનો પણ પોતાના સ્નેહીજનોને બચાવવા મરણીયા બન્યા હતાં. પરંતુ ભીષણ આગ સામે લાચાર બન્યાં હોવાનું વિડીયોમાં જોવા મળ્યું હતું.

ગઈકાલે ટીઆરપી ગેમ આગ કાંડ બાદ એક બાદ એક વિડીયો વાયરલ થયાં હતાં. જેમાં ખૌફનાક દ્રશ્યો સામે આવ્યાં હતાં. આશરે ૪.૩૦ વાગ્યાની આસપાસ આગની ઘટના ઘટી હતી. જે બાદ ટીઆરપી ગેમઝોન કાટમાળમાં ફેરવાઈ ગયું હતું. આગની ઘટનાની શરૂઆત થઈ ત્યારનો વિડીયો સામે આવ્યો હતો. જેમાં શરૂઆતમાં ત્યાં નીચેના ફલોર પર વેલ્ડીંગ કામ ચાલું હતુ ત્યારે તણખો ઉડતાં આગ લાગી હતી. જે આગ વધું પ્રશરે નહીં તે માટે ત્યાં કામ કરી રહેલા સ્ટાફે આગ બુજાવવા માટે પ્રયાસ કર્યો હતો. પણ આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લેતાં આખા ગેમઝોનમાં પ્રશરી ગઈ હતી. દરમિયાન ત્યાં હાજર લોકોએ પણ પોતાના સ્નેહીજનોને બચાવવા માટે મરણીયા પ્રયાસ કર્યાનું વીડિયોમાં સામે આવ્યું હતું.

ઉપરાંત વિડીયો સામે આવ્યા બાદ મૃતકોના સબંધીઓ તેમજ શહેરીજનો પણ સ્તબ્ધ થઈ ગયા હતા. ટીઆરપી ગેમઝોનમાં ખેલાયેલા આગકાંડનો હચમચાવી નાખતા વિડીયોમાં સ્ટાફે આગ બુઝવવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ સફળતા ન મળતા અને સ્ટાફને આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધુ છે તેવો ભાસ આવી જતા તેઓ પણ દોડતા થયા હતા. અને જેટલા લોકોને બચાવી શકાય તે માટે પ્રયત્ન હાથ ધર્યા હતા. પરંતુ આગની ભયાનકતા જ એટલી હતી કે જેમાં કોઈપણ પ્રકારના મદદના પ્રયાસો કામ આવ્યા ન હતા.

ફસાયેલા લોકોના પરિવારજનોએ પણ મરણીયા પ્રયાસ કરી સબંધીઓને બચાવવાના પ્રયત્ન કર્યા હતા. પણ ઓળખ ન પામે તેવા મૃતદેહો જ હાથ લાગ્યા હતા. ઉલ્લેખનીય છે કે ગેમઝોનની અંદર હજારો લીટર પેટ્રોલ અને ડીઝલ હોવાનું પણ સામે આવ્યું હતું. જેથી આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધુ હોવાનું પ્રાથમિક તારણ સામે આવ્યું હતું.

### આગનું વિકરાળ સ્વરૂપ જ એવું હતું કે ગેમઝોનની અંદર રહેલ લોકોને બચાવવા મુશ્કેલ બન્યાઃ ફકત ન ઓળખાય તેવા મૃતદેહો જ હાથ લાગ્યા

## અગ્નિકાંડ બાદ ૩૨ લાપત્તાનું લીસ્ટ હતું તેમાંથી ૫ સુરક્ષિત મળી આવ્યા

# TRP અગ્નિકાંડઃ ૨૭ના મોત; કલેકટરનો રાજય સરકારને રીપોર્ટ

### નાનામવાના સર્વે નં.૪૯, ટીપી સ્કીમ ૨૦, ફાઈનલ પ્લોટ નં.૨ની ત્રણ હજાર ચો.મીટર જમીન પર બે પાર્ટીપ્લોટની જગ્યામાં ગેમઝોન ધમધમતો હતો, ૫૦ ટકામાં ગો-કાર્ટ ચલાવાતો'તોઃ ઘટનામાં ૯ ઈજાગ્રસ્તો સારવાર હેઠળઃ મૃતકોના ડીએનએ, એમ્બ્યુલન્સ મારફતે ગાંધીનગર મોકલાયાઃ ૬ વ્યકિતઓની ઓળખ હજુ બાકી



રાજકોટ તા.૨૭

શહેરના નાનામવા રોડ પર મોકાજી સર્કલ પાસે ટીઆરપી ગેમ ઝોનના અગ્નિકાંડના પગલે રાજકોટ સહિત ગુજરાતભરમાં હાહાકાર મચી જવા પામેલ છે. આ દુર્ઘટનામાં ૨૭ વ્યકિતઓના મોત થતા ભારે અરેરાટી સાથે કરૂણાંતિકા સર્જાઈ જવા પામી છે. આ દુર્ઘટનાનો સર્વગ્રાહી રીપોર્ટ જીલ્લા કલેકટર પ્રભવ જોશી દ્વારા રાજય સરકારના ગૃહ વિભાગના ઉપ સચિવને મોકલી દેવામાં આવેલ છે.

ટીઆરપી ગેમ ઝોનના આ અગ્નિકાંડ બાદ લાપત્તા ૨૭ વ્યકિતઓનું લીસ્ટ તૈયાર કરવામાં આવેલ છે. જેમાંથી ૫ વ્યકિતઓ સુરક્ષિત મળી આવેલ હતા. આ ઘટનામાં ૨૭ વ્યકિતઓના મોત નિપજયું છે. જેમાં ૨૪ પુરૂષો છે. જયારે ૧૨ વર્ષથી નાની વયના ત્રણ બાળકો છે. જયારે ૧૨ વર્ષથી વધુ વયના ૨૧ વ્યકિતઓ છે. જે પૈકીની ૬ મહિલાઓ છે. જયારે ૧૨ વર્ષથી નાની વયની બે અને તેનાથી મોટી વયની ચાર વ્યકિતઓ છે.

આ અગ્નિકાંડમાં જે ૨૭ વ્યકિતઓના મોત નિપજેલ છે તેમાં ૬ સ્ત્રીઓ અને ૧૫ પુરૂષોનો સમાવેશ થાય છે. જયારે ૬ વ્યકિતઓને હજુ ઓળખ થઈ શકી નથી. આ ઘટનામાં ૯ વ્યકિતઓને ઈજા થવા પામી છે. જેઓને સારવાર હેઠળ હોસ્પિટલમાં ખસેડવામાં આવેલ છે. જે પૈકીની ત્રણ વ્યકિતઓ ગીરીરાજ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે.

કલેકટર દ્વારા રાજયના ગૃહ વિભાગના ઉપ સચિવને કરાયેલા આ રીપોર્ટમાં ફાયર સેફટી, સ્ટ્રકચરની સેફટી સહિતની બાબતો પર પ્રકાશ ફેંકવામાં આવેલ હોવાનું જાણવા મળેલ છે. આ દુર્ઘટનામાં મૃતકોના ડીએનએ ખાસ એમ્બ્યુલન્સ મારફત ગાંધીનગર મોકલવામાં આવેલ છે.

આ દુર્ઘટના ગત તા.૨૫ને શનિવારના સાંજના ૫-૩૦ કલાકે ઘટી હતી. ત્યારબાદ ૫-૪૪ કલાકે ઈમરજન્સી ૧૦૮ને જાણ કરવામાં આવતા ૧૦ જેટલી એમ્બ્યુલન્સ ઘટના સ્થળ પર પહોંચી હતી. તેમજ ૪૦થી ૫૦ ફાયર ફાઈટરો દ્વારા આગ બુઝવવાની કામગીરી કરવામાં આવી હતી. આ ઘટના અંગે પાંચને છેતાલીસ કલાકે ફાયરબ્રિગેડને જાણ કરવામાં આવી હતી. તેમજ આ અગ્નિકાંડ બાદ ત્રણ હિટાચી મશીન, ૧૦ જેસીબી, અને ચાર ડમ્પરો મારફત કાટમાળ ખસેડવાની કામગીરી કરવામાં આવી છે.

જીલ્લા કલેકટર પ્રભવ જોશી દ્વારા આ અગ્નિકાંડ અંગેના રાજયના ગૃહ વિભાગના ઉપ સચિવને મોકલાયેલ રીપોર્ટમાં અગ્નિકાંડની તમામ વિગતો પર પ્રકાશ ફેંકવામાં આવેલ છે. અહીં એ પણ ઉલ્લેખનીય છે કે આ અગ્નિકાંડમાં રાજય સરકાર દ્વારા પગલા લેવાનો દોર શરૂ કરવામાં આવેલ છે જેમાં વધુ એક નગરપાલિકાના ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીસના સ્ટેશન ઓફીસર રોહિત વિગોરાને પણ સસ્પેન્ડ કરી દેવામાં આવેલ છે.

# નાલાયક ઈરાદા! TRPના માલિકોએ ઈમ્પેકટ યોજનામાં ફાઈલ મૂકી દીધી હતી

રાજકોટ, તા. ૨૭

શહેરના નાના મવા રોડ પર આવેલા ટીઆરપી ગેમ ઝોનમાં શનિવારે સાંજે સર્જાયેલા અગ્નિકાંડે સરકારી સિસ્ટમ, નિયમો, અધિકારીઓની ફરજ નિષ્ઠા સામે અનેક સવાલો ઉભા કરી દીધા છે ત્યારે ગેમ ઝોન સહિતના જોખમી સ્થળે કાયદાની કઇ રીતે મજાક બનાવવામાં આવે છે તે દેખાઇ આવ્યું છે. ફાયર એનઓસી, બાંધકામ મંજૂરીના પ્રમાણપત્રો, મામલતદાર, પોલીસ, માર્ગ મકાન વિભાગની મંજૂરી જેવી પ્રક્રિયા જાણે નિયમનું પાલન કરતા પ્રમાણિક નાગરિકો માટે જ હોય તેવી છાપ ઉપસી છે કારણ કે જયાં નિયમનો અમલ થતો નથી તેઓને તો આવી કોઇ ઝંઝટમાં પડવાનું થતું નથી.




ગેરકાયદે બાંધકામ ખડકીને આ ટીઆરપી ગેમ ઝોનના ગમે તે રીતના વગદાર લોકોએ આ માળખુ ઈમ્પેકટ ફીના કાયદા હેઠળ કાયદેસર કરાવી લેવા પણ પ્રયાસ કર્યાનું બહાર આવ્યું છે તો અહીં કેન્ટીન જેવી ખાણીપીણીની વ્યવસ્થા હોવા છતાં આરોગ્ય વિભાગમાં ફૂડ લાયસન્સ માટે પણ કોઇ કાર્યવાહી કરી ન હતી. એટલે કે મનપાના ફાયર એનઓસી, ટીપી અને ફૂડ વિભાગના નિયમોનો ઉલાળીયો કર્યો છે. આ જગ્યાએ તમામ સરકારી વિભાગના અધિકારીઓ મહેમાન બની ચૂકયા હોય, સંચાલકો પોતાને ઉપર માનવા લાગ્યાની છાપ છે.

### ફાયર એનઓસી ન હોવાના કારણે ટીપી શાખાએ અરજી ઈન્વર્ડ જ ન લીધી : ડોમ સહિતનું બાંધકામ કાયદેસર કરાવવું હતું : કેન્ટીન હોવા છતાં ફૂડ લાયસન્સ સહિતના નિયમોનો પણ ખુલ્લો ભંગ

જાણકાર સુત્રોમાંથી મળેલી વિગત મુજબ નાના મવા રોડ પર સયાજી હોટલ પાસે મોટી જગ્યામાં આ ગેમ ઝોન આવેલો છે. આ ઝોનને પોલીસ વિભાગમાંથી પર્ફોમન્સ લાયસન્સ ગત વર્ષે જ ઈસ્યુ કરવામાં આવ્યું હતું. પરંતુ અહીં ફાયરના નિયમોનું કોઇ પાલન કરાતું ન હતું. સામાન્ય રીતે માત્ર ફ્રેમ સ્ટ્રકચર હોય તો બાંધકામ પરવાનગી લેવાની ન હોય તેઓ તંત્ર જવાબ આપે છે પરંતુ અહીં તો સ્ટ્રકચરને સંપૂર્ણ ડોમ બનાવીને કવર કરી લેવામાં આવ્યો હતો. વિશાળ જગ્યાને વાતાકૂલીત બનાવવામાં આવી હતી. આ સંજોગોમાં બાંધકામને કાયદેસર રૂપ મળી જાય તેવો ખતરનાક વિચાર પણ માલિકોને આવ્યો હતો. તેના ભાગરૂપે ગત મહિને આ સંચાલકોએ મનપાની ટીપી શાખામાં બાંધકામ રેગ્યુલર કરાવવા ઈમ્પેકટ ફી યોજના હેઠળ પ્લાન રજૂ કર્યો હતો. પરંતુ આ પ્લાન સાથે ફાયર એનઓસી ન હોય, ટીપી અને બાંધકામ શાખાના અધિકારીઓએ અરજી ઈન્વર્ડ જ લીધી ન હતી.

આમ ઈજનેરોએ આ ફાઇલ ઈન્વર્ડ કરવાને પાત્ર ગણી ન હતી. બાકી માલિકોનો પ્લાન બાંધકામને કાયદેસરનો કરાવી લેવાનો હતો. જે જગ્યાએ હજારો લીટર ઇંધણ પડયુ રહેતુ હોય, આગ પકડે તેવું સ્ટ્રકચર હોય, મોટા પ્રમાણમાં જવલનશીલ ફોમશીટ પડી હોય તે જગ્યાને કાયદેસર બનાવવા કોણે પ્લાન આપ્યો તે પણ મહત્વની વાત બની ગઇ

(અનુસંધાન ૧૨ મા પાને)

# ગેમઝોનમાં પડેલા પેટ્રોલ-ડીઝલના જથ્થા અંગે પૂરવઠા તંત્ર જ અજાણ!

રાજકોટ, તા.૨૭

ગત શનિવારના રોજ રાજકોટ શહેરના ટીઆરપી ગેમઝોનમાં આગની ભયંકર દુર્ઘટના સર્જાઇ અને તેમાં ૩૦ જેટલા લોકોના અરેરાટીભર્યા મોત નિપજ્યા. ઉલ્લેખનીય છે કે આ ઘટના ખાસ કરીને ઘટના સ્થળે પડેલા પેટ્રોલ-ડીઝલના ૧૫૦૦ લીટર પેટ્રોલ જ્વલશીલ પદાર્થના કારણે ઘટી હોવાનું પણ બહાર આવ્યું છે. જો કે ઘટના સ્થળે આટલું પેટ્રોલનો જંગી જથ્થો કઇ રીતે આવ્યો? કોની મંજુરીથી આવ્યો? અને ક્યાં પેટ્રોલ પંપમાંથી આટલો જથ્થો ગેમઝોનના સંચાલકોને આપ્યો? આ તમામ બાબતો અંગે આશ્ચર્યની વાત એ છે કે રાજકોટના જિલ્લા પુરવઠા અધિકારી અંધારા અને અજાણ હોવાનું બહાર આવેલ છે.


પેટ્રોલ-ડીઝલનો આટલો જંગી જથ્થો ગેમઝોનમાં કંઇ રીતે? ક્યાંથી? અને ક્યાં પેટ્રોલ પંપમાંથી આવ્યો તે અંગે જિલ્લા પુરવઠા અધિકારી રાજેશ્રીબેન વંગવાણીને 'સાંજ સમાચાર'ને પૂછતા તેઓએ સામે સવાલ કર્યો હતો કે ઘટના સ્થળે પેટ્રોલ-ડીઝલનો જથ્થો હતો? આ બાબતની જાણ તમોને કોણે કરી પુરવઠા અધિકારીએ આવા સવાલ પૂછતાં તેઓને માહિતગાર કરાયા હતા કે પેટ્રોલ-ડીઝલના આ જથ્થા અંગેની વિગતો અનેક અખબારો અને ટીવી ચેનલોમાં આવી રહી છે.

ત્યારે જિલ્લા પુરવઠા અધિકારીએ જણાવેલ હતું કે અમે આ પેટ્રોલ-ડીઝલના જથ્થા અંગે તુર્ત જ તપાસ કરાવીશું અને જરૂરી પગલા લેવડાવીશું. દરમ્યાન પેટ્રોલ-ડીઝલના આ જથ્થા બાબતે રાજકોટના કોંગ્રેસી આગેવાન ગાયત્રીબા વાઘેલા અને અશોકસિંહ વાઘેલાએ પણ જિલ્લા પુરવઠા અધિકારીને રૂબરૂ મળીને રજુઆત કરી હોવાનું જાણવા મળી રહ્યું છે.

**જિલ્લા પુરવઠા અધિકારીને પેટ્રોલ-ડીઝલના જથ્થા અંગે જાણ જ ન હતીઃ 'સાંજ સમાચારે' ધ્યાન દોરતા પુરવઠા અધિકારી રાજેશ્રીબેન વંગવાણીએ તાત્કાલીક તપાસ કરાવીશું તેવો જવાબ આપ્યો!**

## 52એ એન્ટ્રી લીધી : ૩૦ કર્મીઓ હતા, બનાવ વખતે અંદાજે ૮૨ જેટલા લોકો ગેમઝોનમાં હતા

**પોલીસે એક પછી એક વિગતો મેળવવા પ્રયાસ કર્યો : લોકોની કુલ સંખ્યા, મળેલા મૃતદેહો, બચી ગયેલા લોકો અને સારવારમાં રહેલા લોકોની સંખ્યાનો મેળ કરવા પ્રયત્ન**




રાજકોટ, તા.૨૭

ટીઆરપી ગેમ ઝોન ઘટના મામલે પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. ત્યારે પોલીસને ટીઆરપી ગેમ ઝોનના કર્મચારીઓ પાસેથી વિગત મળી છે કે, શનિ-રવિ બે દિવસ રૂા.૯૯માં એન્ટ્રી હોય

(અનુસંધાન ૧૨ મા પાને)

લોન... લોન...
રીટર્ન વગર
૧૦ લાખ થી ૩ કરોડ
▶ હોમ લોન
▶ મોર્ગેજ લોન
M. 99253 20202

દરેક કારની
ચીપ (સેન્સર)વાળી
ચાવી
રાજુ ડીઝીટલ ભુતખાના ચોક, રાજકોટ મો.: ૯૮૨૫૨ ૭૭૧૬૯

પ્રવેશ પ્રક્રિયા શરૂ છે
સમય : સવારે ૯:૦૦ થી બપોરે ૧૨:૦૦ કલાકે
પટેલ પાર્ક, શેરી નં. ૧, રામધણ બંગ્લોઝની પાછળ, રાજકોટ
Mo. 95100 99686, 82000 07672
લિટલ હેવન પ્રી સ્કુલ
શિવમ વિદ્યાલય
ગુજરાતી માધ્યમ
Play House Nursery L.K.G. H.K.G.
મવડી પ્લોટ વિસ્તારની મોટામાં મોટી પ્રી સ્કુલ કે જ્યાં બાળકોને જ્ઞાન સાથે ગમત અને બેસ્ટ એજયુકેશન આપતી પ્રિ-સ્કુલ
અમારી ખાસીયતો
- આપના બાળકોના પાયાનું સર્વશ્રેષ્ઠ ઘડતર એટલે લીટલ હેવન પ્રી સ્કુલ.
- આનંદપૂર્ણ હવા ઉજાસવાળુ પાંચ માળનું વિશાળ બિલ્ડીંગ.
- બાળકોના સર્વાંગી વિકાસ માટે રમત-ગમતનું વિશાળ ગ્રાઉન્ડ.
- સ્કુલનો પ્રાઈવેટ સ્વીમીંગ પુલ.
- બાળકોને રમત-ગમત સાથે જ્ઞાન મળે તેવી વ્યવસ્થા.
-સમયાંતરે વાલી મીટીંગ.
- દર અઠવાડિયે વિકલી ટેસ્ટ.
- દર છ માસના અંતે બાળકોને અપાતો પ્રોગ્રેસ રીપોર્ટ.
-અનુભવી નિષ્ણાંત શિક્ષકો દ્વારા અપાતુ શિક્ષણ.
- શનિવારના દિવસે બાલસભા, કસરત, અવનવી પ્રવૃતિઓનું આયોજન.
- દરેક વર્ગમાં વહેલા તે પહેલાના ધોરણે પ્રવેશ આપવાનો હોવાથી વહેલાસર પ્રવેશ મેળવી લેવો.

Kaneriya Oil Industries
www.ranioil.com
Since 1979
રેસિપી હોય દાદીની... કે નાનીની... કે મમ્મીની...
સિંગતેલ તો રાણીનું જ!
બારેમાસ બેમિસાલ અસ્સલ અથાણાં
બનાવવાં આજે જ તમારા ઘરે લઈ આવો.
RANI®
GOLD સિંગતેલ



કંપની રીટેલ આઉટલેટ • રાજકોટ સીટી :- ગોકુલ ધામ : 0281-2333499, 2360201 જવાહર રોડ : 0281-2222700/800
રૈયા રોડ : 97125 72000, 97125 73000 • શાપર : 97273 83000/84000/85000
• અમદાવાદ સીટી :- ચોખા બજારની સામે, કાલુપુર. 72111 51781/82
SMART BAZAAR | big basket પર પણ ઉપલબ્ધ

